| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | ધ્રોલ | ૪ | જાયવા | ૫ | ૮ | સામાન્ય સ્ત્રી |
| | | ૫ | ખાખરા | ૧૨ | ૯ | સામાન્ય સ્ત્રી |
| | | ૬ | ખારવા | ૩ | ૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | ખેંગારકા | ૧ | ૪ | અનુસૂચિત જાતિ |
| | | ૮ | લૈયાળા | ૯ | ૧૦ | બિન અનામત સામાન્ય |
| | | ૯ | લતીપુર–૧ | ૭ | ૫ | બિન અનામત સામાન્ય |
| | | ૧૦ | લતીપુર–૨ | ૧૪ | ૧૧ | બિન અનામત સામાન્ય |
| | | ૧૧ | લતીપુર–૩ | ૧૫ | ૧૨ | બિન અનામત સામાન્ય |
| | | ૧૨ | મોડપર | ૨ | ૧૩ | બિન અનામત સામાન્ય |
| | | ૧૩ | મોટા વાગુદડ | ૧૩ | ૨ | બિન અનામત સામાન્ય |
| | | ૧૪ | નથુવડલા | ૧૧ | ૧૪ | બિન અનામત સામાન્ય |
| | | ૧૫ | વાંકીયા | ૬ | ૧૫ | બિન અનામત સામાન્ય |

પી. એસ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 89

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] THURSDAY, MARCH 4, 2010/PHALGUNA 13, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.**

### રાજય ચૂંટણી પંચ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૦

ક્રમાંક: રાચપ–સમક– વાંકાનેર –તા.પં.–૨૦૧૦.

### આદેશ

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ–૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકાર રાજય સરકારને છે. રાજય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી–૧૯૧–૧૯૯૪– ડીઈએલ–૧૦૯૪ –૧૨૪૬–જ તા. ૨૬–૭–૯૪ તથા ક્રમાંક:કેપી–૨૩૦–૧૯૯૪ –ડીઈએલ– ૧૦૯૪–૧૯૬૮–જ, તા. ૨૫–૧૦–૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: કેપીવી–૧૯–ડીસી–ઈએલસી–એલ–૪(૧૯)ટીપી–૧૯–૨૦૦૯ તા. ૩–૨–૨૦૦૯ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે અન્વયે નીચે મુજબ બેઠકો નકકી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નકકી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષિણક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| રાજકોટ | વાંકાનેર | ૧૯ | ૦ | ૧ | – | – | ૧ | ૧ | ૫ | ૧૧ |

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજય ચૂંટણી પંચ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસ્તી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.



INDEX

૩. અધિનિયમની કલમ–૧૬(૨) હેઠળ વિકાસ કમિશનરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસ્તી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી પંચે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી પંચે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જીલ્લા પંચાયતોની ચૂંટણી ( અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો–૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારુ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ– ૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી પંચ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી પંચે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસ્તી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતા વધુ મતદાર મંડળ રચવામાં આવ્યા હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૫ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં. ૬થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી , રાજ્ય ચુંટણી પંચે મતદાર વિભાગના નામને અંગ્રેજી કકકાવારી પ્રમાણે ગોઠવવા તેવુ નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કકકાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો " **સામાન્ય ક્રમાંક** " કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી પંચે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસ્તી અને તે વસ્તી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંકઃ ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારીત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે. અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની મહિલા સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસ્તી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં " શકય હોય ત્યાં સુધી " તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાયતો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર

મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી પંચે કરવી જોઈએ તેમ પંચ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસ્તી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસ્તી એકસરખી જ નહિ રાખતા થોડી છૂટછાટ પંચે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસ્તી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી પંચે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો , અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા ( વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી ) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ( શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી ) અંગેના નિયમો–૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યુ છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસ્તી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસ્તીને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસ્તી રહેશે તેમ જોગવાઈ છે. અને દરેક વોર્ડમાં તેટલી વસ્તી રાખવી પરંતુ આ રીતે આવતી સરેરાશ વસ્તીના ૧૦% વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં પંચે મોકળાશ આપી છે.

પંચ એ બાબતે સભાન છે કે, તાલુકા–જીલ્લા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ પંચે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી પંચ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારીત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી પંચે કલેકટરશ્રી પાસેથી માહીતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા પંચના અભિગમના સંદર્ભમાં કલેકટરઓ પાસેથી મળેલી માહિતીનું પંચે મૂલ્યાંકન કરેલુ છે.

રાજકોટ જિલ્લાના **વાંકાનેર** તાલુકાની વસ્તી **૧,૪૫,૮૨૨** છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસ્તી **૭૬૭૪** હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ **૮૮૨૫** તથા મહત્તમ ઘટ **૬૫૨૩** હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરુરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો પંચે નોધ્યા છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસ્તી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છૂટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| ૧ | ૧૧ | મેસરીયા | ૮૮૯૮ | (+)૦.૯ |

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ૨૪૩(વ) (ક) તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રુઈએ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર **રાજકોટ** જિલ્લાની **વાંકાનેર** તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | ચંદ્રપુર | ૧ | ચંદ્રપુર | ૬૦૩૮ | | | | | | |
| | | ૨ | કેરાળા | ૧૭૧૭ | | | | | | |
| | | | કુલ :– | ૭૭૫૫ | ૨૭૨ | ૩.૫૦ | ૧૩ | ૪ | ૦.૦૫ | ૧૨ |
| ૨ | દલડી | ૧ | દલડી | ૧૩૯૫ | | | | | | |
| | | ૨ | ગાંગીયાવદર | ૧૨૬૫ | | | | | | |
| | | ૩ | કાછીયાગાળા | ૧૧૯૨ | | | | | | |
| | | ૪ | દીઘલીયા | ૧૧૩૦ | | | | | | |
| | | ૫ | કાશીપર | ૮૨૧ | | | | | | |
| | | ૬ | શેખરડી | ૮૧૮ | | | | | | |
| | | ૭ | રાજસ્થળી | ૬૨૯ | | | | | | |
| | | ૮ | ચાંચડીયા | ૩૭૨ | | | | | | |
| | | | કુલ :– | ૭૬૨૨ | ૩૦૯ | ૪.૦૫ | ૮ | ૧૭ | ૦.૨૨ | ૪ |
| ૩ | ઢુવા | ૧ | ઢુવા | ૩૫૭૧ | | | | | | |
| | | ૨ | રાતાવીરડા | ૧૦૨૪ | | | | | | |
| | | ૩ | લાકડધાર | ૯૫૧ | | | | | | |
| | | ૪ | સરતાનપર | ૮૨૫ | | | | | | |
| | | ૫ | ભા.જાંબુડીયા | ૫૩૯ | | | | | | |
| | | | કુલ :– | ૬૯૧૦ | ૪૩૪ | ૬.૨૮ | ૪ | ૩૪૯ | ૫.૦૫ | ૧ |
| ૪ | હશનપર | ૧ | હશનપર | ૩૦૩૦ | | | | | | |
| | | ૨ | સરધારકા | ૧૯૦૨ | | | | | | |
| | | ૩ | પલાંસડી | ૬૫૭ | | | | | | |
| | | ૪ | લુણસરીયા | ૧૧૨૨ | | | | | | |
| | | ૫ | બોકડથંભા | ૪૨૨ | | | | | | |
| | | | કુલ :– | ૭૧૩૩ | ૩૫૨ | ૪.૯૩ | ૭ | ૯ | ૦.૧૨ | ૭ |
| ૫ | જોધપર | ૧ | જોધપર | ૨૨૭૭ | | | | | | |
| | | ૨ | લીબાળા | ૧૭૨૯ | | | | | | |
| | | ૩ | ગારીયા | ૧૬૮૧ | | | | | | |
| | | ૪ | પાજ | ૮૩૩ | | | | | | |
| | | ૫ | લાલપર | ૬૧૪ | | | | | | |
| | | ૬ | કાનપર | ૫૨૪ | | | | | | |
| | | ૭ | રસીકગઢ | ૪૪૬ | | | | | | |
| | | | કુલ :– | ૮૧૦૪ | ૨૯૪ | ૩.૬૨ | ૧૨ | ૫ | ૦.૦૬ | ૧૦ |
| ૬ | ખીજડીયા | ૧ | ખીજડીયા | ૨૪૪૯ | | | | | | |
| | | ૨ | ખખાણા | ૧૩૯૨ | | | | | | |
| | | ૩ | ઘીયાવડ | ૧૩૬૨ | | | | | | |
| | | ૪ | ખેરવા | ૧૩૩૦ | | | | | | |
| | | ૫ | વણઝારા | ૪૨૭ | | | | | | |
| | | ૬ | પીપરડી | ૪૨૪ | | | | | | |
| | | | કુલ :– | ૭૩૮૪ | ૧૬૦ | ૨.૧૬ | ૧૭ | ૨ | ૦.૦૨ | ૧૪ |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૭ | કોઠી | ૧ | કોઠી | ૨૪૯૦ | | | | | | |
| | | ૨ | રૂપાવટી | ૧૨૦૫ | | | | | | |
| | | ૩ | જેપુર | ૧૧૩૫ | | | | | | |
| | | ૪ | જાલસીકા | ૯૦૦ | | | | | | |
| | | ૫ | હોલમઢ | ૮૧૦ | | | | | | |
| | | ૬ | વસુન્ધ્રા | ૪૧૨ | | | | | | |
| | | | કુલ :- | ૬૯૫૨ | ૧૪૯ | ૨.૧૪ | ૧૮ | ૧૧ | ૦.૧૫ | ૫ |
| ૮ | લુણસર | ૧ | લુણસર | ૩૬૭૧ | | | | | | |
| | | ૨ | ચીત્રાખડા | ૧૫૬૭ | | | | | | |
| | | ૩ | ભેરડા | ૧૧૮૫ | | | | | | |
| | | ૪ | દેરાળા | ૧૦૨૨ | | | | | | |
| | | | કુલ :- | ૭૪૪૫ | ૨૮૧ | ૩.૭૭ | ૧૧ | ૪ | ૦.૦૫ | ૧૩ |
| ૯ | મહીકા | ૧ | મહીકા | ૨૯૧૩ | | | | | | |
| | | ૨ | ઠીકરીયાળા | ૧૫૩૧ | | | | | | |
| | | ૩ | ભલગામ | ૧૨૫૯ | | | | | | |
| | | ૪ | ગારીડા | ૮૫૮ | | | | | | |
| | | ૫ | રંગપર | ૭૯૫ | | | | | | |
| | | ૬ | જાલીડા | ૭૮૨ | | | | | | |
| | | | કુલ :- | ૮૧૩૮ | ૮૨૮ | ૧૦.૧૭ | ૨ | ૬ | ૦.૦૭ | ૯ |
| ૧૦ | માટેલ | ૧ | માટેલ | ૨૧૭૦ | | | | | | |
| | | ૨ | વરડુસર | ૧૨૩૩ | | | | | | |
| | | ૩ | મકતાનપર | ૭૩૯ | | | | | | |
| | | ૪ | જામસર | ૭૨૯ | | | | | | |
| | | ૫ | વીરપર | ૬૯૫ | | | | | | |
| | | ૬ | પાડધરા | ૬૨૨ | | | | | | |
| | | ૭ | વિઠ્ઠલપર | ૫૩૮ | | | | | | |
| | | ૮ | આણંદપર | ૪૫૧ | | | | | | |
| | | ૯ | નાગલપર | ૩૯૩ | | | | | | |
| | | | કુલ :- | ૭૫૭૦ | ૨૧૨ | ૨.૮ | ૧૫ | ૦ | ૦ | |
| ૧૧ | મેસરીયા | ૧ | મેસરીયા | ૨૪૦૭ | | | | | | |
| | | ૨ | સમઢીયાળા | ૧૩૦૦ | | | | | | |
| | | ૩ | રાતડીયા | ૧૦૩૬ | | | | | | |
| | | ૪ | અદેપર | ૯૩૨ | | | | | | |
| | | ૫ | તરકીયા | ૮૬૬ | | | | | | |
| | | ૬ | ગુંદાખડા | ૮૬૧ | | | | | | |
| | | ૭ | સતાપર | ૮૩૮ | | | | | | |
| | | ૮ | વીનયગઢ | ૪૬૨ | | | | | | |
| | | ૯ | વિઠ્ઠલગઢ | ૧૯૬ | | | | | | |
| | | | કુલ :- | ૮૮૯૮ | ૩૪૩ | ૩.૮૫ | ૧૦ | ૪ | ૦.૦૨ | ૧૫ |
| ૧૨ | ઓળ | ૧ | ઓળ | ૧૫૨૪ | | | | | | |
| | | ૨ | ભીમગુડા | ૧૩૦૦ | | | | | | |
| | | ૩ | સમથેરવા | ૧૦૧૨ | | | | | | |
| | | ૪ | પલાંસ | ૯૯૧ | | | | | | |



INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| | ઓળ | ૫ | વીડીજાંબુડીયા | ૮૮૬ | | | | | | |
| | | ૬ | ખાનપર | ૭૦૩ | | | | | | |
| | | ૭ | રાજગઢ | ૪૨૨ | | | | | | |
| | | | કુલ :– | ૬૮૩૮ | ૧૪૦ | ૨.૦૪ | ૧૯ | ૧ | ૦.૦૧ | ૧૬ |
| ૧૩ | પાંચાસર | ૧ | પાંચાસર | ૨૦૮૩ | | | | | | |
| | | ૨ | ભોજપરા | ૧૨૫૦ | | | | | | |
| | | ૩ | જાલી | ૧૧૮૩ | | | | | | |
| | | ૪ | જેતપરડા | ૧૦૮૫ | | | | | | |
| | | ૫ | ધમલપર | ૧૭૨૩ | | | | | | |
| | | | કુલ :– | ૭૩૩૪ | ૨૪૨ | ૩.૨૯ | ૧૪ | ૭ | ૦.૦૯ | ૮ |
| ૧૪ | પંચાસીયા | ૧ | પંચાસીયા | ૩૫૪૩ | | | | | | |
| | | ૨ | વઘાસીયા | ૧૯૩૭ | | | | | | |
| | | ૩ | રાણેકપર | ૧૫૬૪ | | | | | | |
| | | | કુલ :– | ૭૦૪૪ | ૩૯૯ | ૫.૬૬ | ૫ | ૮૯ | ૧.૨૬ | ૨ |
| ૧૫ | પાંચધ્વારકા | ૧ | પાંચધ્વારકા | ૨૩૬૪ | | | | | | |
| | | ૨ | કણકોટ | ૧૯૩૮ | | | | | | |
| | | ૩ | અમરસર | ૧૪૦૧ | | | | | | |
| | | ૪ | અ.પીપળીયા | ૧૧૩૮ | | | | | | |
| | | ૫ | નવીકલાવડી | ૮૨૦ | | | | | | |
| | | ૬ | જુનીકલાવડી | ૫૦૨ | | | | | | |
| | | | કુલ :– | ૮૧૬૩ | ૪૧૧ | ૫.૦૩ | ૬ | ૧૨ | ૦.૨૪ | ૬ |
| ૧૬ | પીપળીયા રાજ | ૧ | પીપળીયા રાજ | ૩૮૪૩ | | | | | | |
| | | ૨ | વાલાસણ | ૨૨૮૦ | | | | | | |
| | | ૩ | કોટડાનાયાણી | ૧૯૨૬ | | | | | | |
| | | | કુલ :– | ૮૦૪૯ | ૨૧૭ | ૨.૬૯ | ૧૬ | ૫ | ૦.૦૬ | ૧૧ |
| ૧૭ | રાતીદેવળી | ૧ | રાતીદેવળી | ૩૯૫૬ | | | | | | |
| | | ૨ | કોઠારીયા | ૨૬૪૫ | | | | | | |
| | | ૩ | વાંકીયા | ૧૩૧૬ | | | | | | |
| | | | કુલ :– | ૭૯૧૭ | ૧૦૯૧ | ૧૩.૭૮ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | સીંધાવદર | ૧ | સીંધાવદર | ૩૮૪૬ | | | | | | |
| | | ૨ | રાજાવડલા | ૩૬૧૦ | | | | | | |
| | | ૩ | પ્રતાપગઢ | ૭૨૧ | | | | | | |
| | | ૪ | વીડીભોજપરા | ૨૮૪ | | | | | | |
| | | | કુલ :– | ૮૪૬૧ | ૫૭૦ | ૬.૭૩ | ૩ | ૦ | ૦ | |
| ૧૯ | તીથવા | ૧ | તીથવા | ૫૮૫૭ | | | | | | |
| | | ૨ | અરણીટીંબા | ૨૨૪૮ | | | | | | |
| | | | કુલ :– | ૮૧૦૫ | ૩૧૭ | ૩.૯૧ | ૯ | ૧૯ | ૦.૦૩ | |

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો ( આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહીત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

INDEX

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૭ | રાતીદેવળી | ૧ | અનુસૂચિત જાતિ |
| **અનુસૂચિત આદિજાતિ** | | | |
| **જાહેરનામા અન્વયે આ પ્રકારની બેઠક નિયત થયેલ નથી.** | | | |

નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ( આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ચંદ્રપુર | સા.શૈ.પ.સ્ત્રી |
| ૨ | દલડી | સા.શૈ.પ. |

૧૬. નિયમોના નિયમ–૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૩ | ઢુવા | સામાન્ય સ્ત્રી |
| ૪ | હસનપર | સામાન્ય સ્ત્રી |
| ૫ | જોધપર | સામાન્ય સ્ત્રી |
| ૬ | ખીજડીયા | સામાન્ય સ્ત્રી |
| ૭ | કોઠી | સામાન્ય સ્ત્રી |
| ૮ | લુણસર | બીન અનામત સામાન્ય |
| ૯ | મહીકા | બીન અનામત સામાન્ય |
| ૧૦ | માટેલ | બીન અનામત સામાન્ય |
| ૧૧ | મેસરીયા | બીન અનામત સામાન્ય |
| ૧૨ | ઓળ | બીન અનામત સામાન્ય |
| ૧૩ | પાંચાસર | બીન અનામત સામાન્ય |
| ૧૪ | પંચાસીયા | બીન અનામત સામાન્ય |
| ૧૫ | પાંચ દ્વારકા | બીન અનામત સામાન્ય |
| ૧૬ | પીપળીયા રાજ | બીન અનામત સામાન્ય |
| ૧૮ | સીંધાવદર | બીન અનામત સામાન્ય |
| ૧૯ | તીથવા | બીન અનામત સામાન્ય |

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે .

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો ( આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત ) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી તે મતદાર મંડળોમાં નકકી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭,૮ , ૯,૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪,૧૫,અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસૂચિમાં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા પંચ આદેશ કરે છે.

**આદેશથી,**

**પી. એસ. શાહ,**
**સચિવ,**
**રાજય ચૂંટણી પંચ,**
**ગાંધીનગર.**

INDEX

## અનુસૂચિ

જિલ્લાનું નામ – રાજકોટ

તાલુકા પંચાયતનું નામ – વાંકાનેર

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | વાંકાનેર | ૧ | ચંદ્રપુર | ૧૩ | ૧૨ | સા.શૈ.પ.સ્ત્રી |
| | | ૨ | દલડી | ૮ | ૪ | સા.શૈ.પ. |
| | | ૩ | ઢુવા | ૪ | ૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૪ | હસનપર | ૭ | ૭ | સામાન્ય સ્ત્રી |
| | | ૫ | જોધપર | ૧૨ | ૧૦ | સામાન્ય સ્ત્રી |
| | | ૬ | ખીજડીયા | ૧૭ | ૧૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | કોઠી | ૧૮ | ૫ | સામાન્ય સ્ત્રી |
| | | ૮ | લુણસર | ૧૧ | ૧૩ | બીન અનામત સામાન્ય |
| | | ૯ | મહીકા | ૨ | ૯ | બીન અનામત સામાન્ય |
| | | ૧૦ | માટેલ | ૧૫ | - | બીન અનામત સામાન્ય |
| | | ૧૧ | મેસરીયા | ૧૦ | ૧૫ | બીન અનામત સામાન્ય |
| | | ૧૨ | ઓળ | ૧૯ | ૧૬ | બીન અનામત સામાન્ય |
| | | ૧૩ | પાંચાસર | ૧૪ | ૮ | બીન અનામત સામાન્ય |
| | | ૧૪ | પંચાસીયા | ૫ | ૨ | બીન અનામત સામાન્ય |
| | | ૧૫ | પાંચ દ્વારકા | ૬ | ૬ | બીન અનામત સામાન્ય |
| | | ૧૬ | પીપળીયા રાજ | ૧૬ | ૧૧ | બીન અનામત સામાન્ય |
| | | ૧૭ | રાતીદેવળી | ૧ | - | અનુસૂચિત જાતિ |
| | | ૧૮ | સીંધાવદર | ૩ | - | બીન અનામત સામાન્ય |
| | | ૧૯ | તીથવા | ૯ | ૩ | બીન અનામત સામાન્ય |

પી. એસ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

---

## રાજ્ય ચૂંટણી પંચ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૦.

ક્રમાંકઃ રાચપ–સમક–ઉપલેટા–તા.પં.–૨૦૧૦.

## આદેશ

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ–૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંકઃ કેપી–૧૯૧–૧૯૯૪– ડીઈએલ–૧૦૯૪ –૧૨૪૬–જ તા. ૨૬–૭–૯૪ તથા ક્રમાંકઃકેપી–૨૩૦–૧૯૯૪ –ડીઈએલ– ૧૦૯૪–૧૯૬૮–જ, તા. ૨૫–૧૦–૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંકઃ કેપીવી–૧૯–ડીસી–ઈએલસી–એલ–૪(૧૯)ટીપી–૧૯–૨૦૦૯ તા. ૩–૨–૨૦૦૯ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે અન્વયે નીચે મુજબ બેઠકો નકકી કરેલ છે.

INDEX

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નકકી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષિણક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| રાજકોટ | ઉપલેટા | ૧૫ | ૦ | ૨ | – | – | ૧ | ૧ | ૪ | ૭ |

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજય ચૂંટણી પંચ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસ્તી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ–૧૬(૨) હેઠળ વિકાસ કમિશ્નરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસ્તી એકસરખી રહે તે રીતે રાજય ચૂંટણી પંચે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજય ચૂંટણી પંચે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજય ચૂંટણી પંચને વૈધાનિક રીતે મળેલા છે. રાજય સરકારે ગુજરાત તાલુકા અને જીલ્લા પંચાયતોની ચૂંટણી ( અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો–૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારુ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ– ૧૬(૨) અન્વયે રાજય ચૂંટણી પંચ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજય ચૂંટણી પંચે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસ્તી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતા વધુ મતદાર મંડળ રચવામાં આવ્યા હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરુ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૫ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં. ૬થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી , રાજય ચુંટણી પંચે મતદાર વિભાગના નામને અંગ્રેજી કકકાવારી પ્રમાણે ગોઠવવા તેવુ નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કકકાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો " **સામાન્ય ક્રમાંક** " કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજય ચૂંટણી પંચે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસ્તી અને તે વસ્તી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંકઃ ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારીત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહીત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે. અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહીત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ( તે વર્ગની મહિલા સહિત ) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહીત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસ્તી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં " શકય હોય ત્યાં સુધી " તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાયતો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી પંચે કરવી જોઈએ તેમ પંચ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસ્તી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસ્તી એકસરખી જ નહિ રાખતા થોડી છૂટછાટ પંચે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસ્તી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી પંચે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો , અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા ( વોર્ડોનું સીમાકંન અને અનામત બેઠકોની ફાળવણી ) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ( શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી ) અંગેના નિયમો–૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યુ છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસ્તી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસ્તીને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસ્તી રહેશે તેમ જોગવાઈ છે. અને દરેક વોર્ડમાં તેટલી વસ્તી રાખવી પરંતુ આ રીતે આવતી સરેરાશ વસ્તીના ૧૦% વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં પંચે મોકળાશ આપી છે.

પંચ એ બાબતે સભાન છે કે, તાલુકા–જીલ્લા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ પંચે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી પંચ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારીત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી પંચે કલેકટરશ્રી પાસેથી માહીતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા પંચના અભિગમના સંદર્ભમાં કલેકટરશ્રીઓ પાસેથી મળેલી માહિતીનું પંચે મૂલ્યાંકન કરેલુ છે.

**રાજકોટ** જિલ્લાના **ઉપલેટા** તાલુકાની વસ્તી ૯૬૫૮૩ છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસ્તી **૬૪૩૯** હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ **૭૪૦૫** તથા મહત્તમ ઘટ **૫૪૭૩** હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવાં જરુરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો

INDEX

કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો પંચે નોંધ્યા છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસ્તી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| પ્રકાર નથી | | | | |

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ૨૪૩(વ) (ક) તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રુઈએ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર **રાજકોટ** જિલ્લાની **ઉપલેટા** તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | અરણી | ૧ | અરણી | ૨૩૭૨ | | | | | | |
| | | ૨ | જામટીંબડી | ૨૦૦૪ | | | | | | |
| | | ૩ | કલારીયા | ૧૩૭૧ | | | | | | |
| | | ૪ | સાજડીયાળી | ૯૭૦ | | | | | | |
| | | | કુલ | ૬૭૧૭ | ૧૨૧૨ | ૧૮.૦૪ | ૪ | ૧૪ | ૦.૨ | - |
| ૨ | ઢાંક | ૧ | ઢાંક | ૭૦૧૪ | | | | | | |
| | | | કુલ | ૭૦૧૪ | ૧૦૨૧ | ૧૪.૫૫ | ૭ | - | - | - |
| ૩ | ડુમીયાણી | ૧ | ડુમીયાણી | ૩૦૯૨ | | | | | | |
| | | ૨ | ગઢાળા | ૧૦૪૨ | | | | | | |
| | | ૩ | કેરાળા | ૩૩૯ | | | | | | |
| | | ૪ | નવાપરા | ૧૮૧ | | | | | | |
| | | ૫ | સેવંત્રા | ૧૨૮૫ | | | | | | |
| | | ૬ | વાડલા | ૮૭૪ | | | | | | |
| | | | કુલ | ૬૮૧૩ | ૧૧૮૮ | ૧૭.૪૩ | ૬ | ૧૦૦ | ૧.૫ | - |
| ૪ | ગણોદ | ૧ | ગણોદ | ૩૦૯૪ | | | | | | |
| | | ૨ | કુંઢેચ | ૧૧૦૬ | | | | | | |
| | | ૩ | તલગણા | ૨૦૧૮ | | | | | | |
| | | | કુલ | ૬૨૧૮ | ૬૩૪ | ૧૦.૧૯ | ૧૨ | - | - | - |
| ૫ | ઈસરા | ૨ | ગાધા | ૧૦૩ | | | | | | |
| | | ૧ | ઈસરા | ૨૨૧૩ | | | | | | |
| | | ૩ | મેખાટીંબી | ૧૬૦૫ | | | | | | |
| | | ૪ | મુરખડા | ૫૯૨ | | | | | | |
| | | ૫ | નિલાખા | ૨૧૬૩ | | | | | | |
| | | | કુલ | ૬૬૭૬ | ૧૧૮૫ | ૧૭.૭૫ | ૫ | - | - | - |
| ૬ | ખાખી જાળીયા | ૧ | ખાખી જાળીયા | ૪૫૨૯ | | | | | | |
| | | ૨ | ભાંખ | ૯૧૩ | | | | | | |
| | | ૩ | મોજીરા | ૧૧૯૯ | | | | | | |
| | | | કુલ | ૬૬૪૧ | ૬૪૩ | ૯.૬૮ | ૧૩ | - | - | - |
| ૭ | ખારચીયા | ૧ | ખારચીયા | ૨૩૩૭ | | | | | | |
| | | ૨ | ચરેલીયા | ૫૬૯ | | | | | | |
| | | ૩ | જાળ | ૧૦૪૧ | | | | | | |
| | | ૪ | રબારીકા | ૧૨૨૨ | | | | | | |
| | | ૫ | રાજપરા | ૯૮૯ | | | | | | |
| | | | કુલ | ૬૧૫૮ | ૧૩૧૭ | ૨૧.૩૮ | ૧ | ૦૭ | ૦.૨૯ | - |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસ્તી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૮ | ખીરસરા | ૧ | ખીરસરા | ૨૨૭૮ | | | | | | |
| | | ૨ | માખીયાળા | ૪૮૩ | | | | | | |
| | | ૩ | પડવલા | ૧૫૨૬ | | | | | | |
| | | ૪ | વડાળી | ૧૮૦૦ | | | | | | |
| | | | કુલ | ૬૦૮૭ | ૭૬૬ | ૧૨.૫૩ | ૧૦ | - | - | - |
| ૯ | કોલકી | ૧ | કોલકી | ૬૫૦૯ | | | | | | |
| | | | કુલ | ૬૫૦૯ | ૬૧૩ | ૯.૪૧ | ૧૪ | - | - | - |
| ૧૦ | મેલી મજેઠી | ૧ | મેલી મજેઠી | ૨૦૧૭ | | | | | | |
| | | ૨ | ભીમોરા | ૧૭૩૭ | | | | | | |
| | | ૩ | લાઠ | ૨૦૦૨ | | | | | | |
| | | | કુલ | ૫૭૫૬ | ૮૨૯ | ૧૪.૪ | ૮ | - | - | - |
| ૧૧ | મેરવદર | ૧ | મેરવદર | ૨૦૦૫ | | | | | | |
| | | ૨ | પ્રાંસલા | ૧૩૩૧ | | | | | | |
| | | ૩ | તણસવા | ૧૮૦૦ | | | | | | |
| | | ૪ | વડેખણ | ૫૮૮ | | | | | | |
| | | | કુલ | ૫૭૨૪ | ૬૦૭ | ૧૦.૬ | ૧૧ | ૧૪ | ૦.૨ | - |
| ૧૨ | નાગવદર | ૧ | નાગવદર | ૩૧૧૨ | | | | | | |
| | | ૨ | ગધેથડ | ૬૧૬ | | | | | | |
| | | ૩ | વરજાંગજાળીયા | ૨૮૧૬ | | | | | | |
| | | | કુલ | ૬૫૪૪ | ૮૨૩ | ૧૨.૫૭ | ૯ | - | - | - |
| ૧૩ | પાનેલીમોટી–૧ વોર્ડ નં.૧ થી ૧૪ | ૧ | પાનેલી મોટી | ૬૫૦૩ | | | | | | |
| | | | કુલ | ૬૫૦૩ | ૩૨૫૪ | ૪.૯૯ | ૧૫ | - | - | |
| ૧૪ | પાનેલી મોટી–૨ વોર્ડ નં.૧૫થી૨૫ | ૧ | પાનેલી મોટી–૨ | ૫૧૨૩ | | | | | | |
| | | ૨ | સાતવડી | ૫૧૯ | | | | | | |
| | | ૩ | હરીયાસણ | ૭૩૬ | | | | | | |
| | | | કુલ | ૬૩૭૮ | ૧૧૬૮ | ૧૮.૩૧ | ૨ | ૯ | ૦.૧૪ | |
| ૧૫ | સમઢીયાળા | ૧ | સમઢીયાળા | ૨૨૮૧ | | | | | | |
| | | ૨ | ચીખલીયા | ૧૪૮૩ | | | | | | |
| | | ૩ | હાડફોડી | ૧૨૭૨ | | | | | | |
| | | ૪ | કાથરોટા | ૧૮૦૯ | | | | | | |
| | | | કુલ | ૬૮૪૫ | ૧૨૩૯ | ૧૮.૧ | ૩ | | | |

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો ( આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહીત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૭ | ખારચીયા | ૧ | અનુસૂચિત જાતિ |
| ૧૪ | પાનેલીમોટી–૨ | ૨ | અનુસૂચિત જાતિ |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| જાહેરનામા અન્વયે આ પ્રકારની બેઠક નિયત થયેલ નથી. | | | |

નિયમોના નિયમ—૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ( આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૧ | અરણી | સા.શૈ.પ.સ્ત્રી |
| ૨ | ઢાંક | સા.શૈ.પ. |

૧૬. નિયમોના નિયમ—૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૩ | ડુમીયાણા | સામાન્ય સ્ત્રી |
| ૪ | ગણોદ | સામાન્ય સ્ત્રી |
| ૫ | ઈસરા | સામાન્ય સ્ત્રી |
| ૬ | ખાખી જાળીયા | સામાન્ય સ્ત્રી |
| ૮ | ખીરસરા | બીન અનામત સામાન્ય |
| ૯ | કોલકી | બીન અનામત સામાન્ય |
| ૧૦ | મેલી મજેઠી | બીન અનામત સામાન્ય |
| ૧૧ | મેરવદર | બીન અનામત સામાન્ય |
| ૧૨ | નાગવદર | બીન અનામત સામાન્ય |
| ૧૩ | પાનેલીમોટી—૧ | બીન અનામત સામાન્ય |
| ૧૫ | સમઢીયાળા | બીન અનામત સામાન્ય |

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે .

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો ( આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત ) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી તે મતદાર મંડળોમાં નકકી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭,૮ , ૯,૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪,૧૫,અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસૂચિમાં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા પંચ આદેશ કરે છે.

આદેશથી,

પી. એસ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

## અનુસૂચિ

જિલ્લાનું નામ – રાજકોટ

તાલુકા પંચાયતનું નામ – ઉપલેટા

| અ. નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | ઉપલેટા | ૧ | અરણી | ૪ | - | સા. શૈ. પ. વર્ગ સ્ત્રી |
| | | ૨ | ઢાંક | ૭ | - | સા. શૈ. પ. વર્ગ |
| | | ૩ | ડુમીયાણી | ૬ | - | સામાન્ય સ્ત્રી |



INDEX

| અ. નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | | ૪ | ગણોદ | ૧૨ | - | સામાન્ય સ્ત્રી |
| | | ૫ | ઈસરા | ૫ | - | સામાન્ય સ્ત્રી |
| | | ૬ | ખાખીજાળીયા | ૧૩ | - | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | ખારચીયા | ૧ | - | અનુસૂચિત જાતિ |
| | | ૮ | ખીરસરા | ૧૦ | - | બી.અ. સામાન્ય |
| | | ૯ | કોલકી | ૧૪ | - | બી. અ. સામાન્ય |
| | | ૧૦ | મેલી મજેઠી | ૮ | - | બી. અ. સામાન્ય |
| | | ૧૧ | મેરવદર | ૧૧ | - | બી. અ. સામાન્ય |
| | | ૧૨ | નાગવદર | ૯ | - | બી. અ. સામાન્ય |
| | | ૧૩ | પાનેલીમોટી–૧ | ૧૫ | - | બી. અ. સામાન્ય |
| | | ૧૪ | પાનેલીમોટી–૨ | ૨ | - | અનુસૂચિત જાતિ |
| | | ૧૫ | સમઢીયાળા | ૩ | - | બી. અ.સામાન્ય |

પી. એસ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

---

## રાજય ચૂંટણી પંચ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૦.

ક્રમાંકઃ રાચપ–સમક–જામકંડોરણા–તા.પં.–૨૦૧૦.

### આદેશ

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ–૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજય સરકારને છે. રાજય સરકારના જાહેરનામા ક્રમાંકઃ કેપી–૧૯૧– ૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪–૧૨૪૬–જ, તા.૨૬–૭–૯૪ તથા ક્રમાંકઃ કેપી–૨૩૦–૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪ –૧૯૬૮–જ, તા.૨૫–૧૦–૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંકઃ કેપીવી–૧૯–ડીસી–ઈએલસી–એલ–૪(૧૯)ટીપી–૧૯–૨૦૦૯, તા.૩–૨–૨૦૦૯ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે અન્વયે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| રાજકોટ | જામકંડોરણા | ૧૫ | – | ૨ | – | – | ૧ | ૧ | ૪ | ૭ |

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજય ચૂંટણી પંચ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ–૧૬(૨) હેઠળ વિકાસ કમિશ્નરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૦૧ ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજય ચૂંટણી પંચે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજય ચૂંટણી પંચે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજય ચૂંટણી પંચને વૈધાનિક રીતે મળેલા છે. રાજય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી ( અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો–૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારુ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ– ૧૬(૨) અન્વયે રાજય ચૂંટણી પંચ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજય ચૂંટણી પંચે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતા વધુ મતદાર મંડળ રચવામાં આવ્યા હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૫ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં.૬ થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજય ચુંટણી પંચે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો " **સામાન્ય ક્રમાંક** " કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજય ચૂંટણી પંચે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ઘ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક : ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારીત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહીત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહીત થયું છે.

INDEX

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ( તે વર્ગની મહિલા સહિત ) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહીત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં " શકય હોય ત્યાં સુધી " તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાયતો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી પંચે કરવી જોઈએ તેમ પંચ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતા થોડી છૂટછાટ પંચે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી પંચે રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો–૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યુ છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી, પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં પંચે મોકળાશ આપી છે.

પંચ એ બાબતે સભાન છે કે, તાલુકા–જીલ્લા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ પંચે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી પંચ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારીત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી પંચે કલેકટરશ્રી પાસેથી માહીતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા પંચના અભિગમના સંદર્ભમાં કલેકટરઓ પાસેથી મળેલી માહિતીનું પંચે મૂલ્યાંકન કરેલુ છે.

**રાજકોટ** જિલ્લાના **જામકંડોરણા** તાલુકાની વસતી **૭૫૭૨૯** છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી **૫૦૪૯** હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ **૫૮૦૬** તથા મહત્તમ ઘટ **૪૨૯૧** હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરુરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો પંચે નોધ્યા છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસતી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| — | — | — | — | — |

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ૨૪૩(વ) (ક) તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઈએ રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર **રાજકોટ** જિલ્લાની **જામકંડોરણા** તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | બરડીયા | | બરડીયા | ૨૦૦૦ | | | | | | |
| | | | ચરેલ | ૧૫૮૪ | | | | | | |
| | | | થોરાળા | ૪૭૨ | | | | | | |
| | | | નવા માત્રાવડ | ૩૨૧ | | | | | | |
| | | | કુલ | ૪૩૭૭ | ૪૪૭ | ૧૦.૨૧ | ૭ | ૦ | ૦ | -- |
| ૨ | ભાદરા | | ભાદરા (નાના-મોટા) | ૨૬૬૩ | | | | | | |
| | | | દુધીવદર (નાના-મોટા) | ૨૧૨૩ | | | | | | |
| | | | ઈશ્વરીયા | ૭૫૫ | | | | | | |
| | | | કુલ | ૫૫૪૧ | ૩૭૨ | ૬.૭૧ | ૧૩ | ૧૨ | ૦.૧૨ | ૪ |
| ૩ | ચિત્રાવડ | | ચિત્રાવડ | ૨૪૮૮ | | | | | | |
| | | | ચિત્રાવડ પાટી | ૭૧૨ | | | | | | |
| | | | જુના માત્રાવડ | ૬૧૪ | | | | | | |
| | | | મોજખીજડીયા | ૭૨૧ | | | | | | |
| | | | કુલ | ૪૫૩૫ | ૭૫૯ | ૧૬.૭૩ | ૪ | ૪ | ૦.૦૮ | ૭ |
| ૪ | દડવી | | દડવી | ૨૯૬૬ | | | | | | |
| | | | કાનાવડાળા | ૧૨૬૯ | | | | | | |
| | | | પીપળીયા એજન્સી | ૩૩૦ | | | | | | |
| | | | કુલ | ૪૫૬૫ | ૪૬૬ | ૧૦.૨૦ | ૮ | ૩ | ૦.૦૬ | ૮ |
| ૫ | ધોળીધાર | | ધોળીધાર | ૨૩૪૭ | | | | | | |
| | | | સાજડીયાળી | ૨૧૫૦ | | | | | | |
| | | | રંગપર | ૪૯૪ | | | | | | |
| | | | કુલ | ૪૯૯૧ | ૪૭૮ | ૯.૫૭ | ૯ | ૪૮ | ૦.૯૬ | ૧ |
| ૬ | જામ દાદર | | જામ દાદર | ૧૬૩૪ | | | | | | |
| | | | ચાવંડી | ૧૬૦૮ | | | | | | |
| | | | ગુંદાસરી | ૧૩૪૭ | | | | | | |
| | | | કુલ | ૪૫૮૯ | ૫૭૮ | ૧૨.૫૯ | ૫ | ૦ | ૦ | -- |
| ૭ | જામકંડોરણા-૧ | | જામકંડોરણા વોર્ડ નં.૧ થી ૧૫ | ૫૭૮૪ | | | | | | |
| | | | કુલ | ૫૭૮૪ | ૨૯૧ | ૫.૦૩ | ૧૫ | ૦ | ૦ | -- |
| ૮ | જામકંડોરણા-૨ | | જામકંડોરણા વોર્ડ નં.-૧૬ થી ૨૭ | ૫૭૮૨ | | | | | | |
| | | | કુલ | ૫૭૮૨ | ૧૧૫૯ | ૨૦.૦૪ | ૨ | ૨૬ | ૦.૪૪ | ૩ |
| ૯ | જામકંડોરણા-૩ | | જામકંડોરણા વોર્ડ નં.-૨૮ થી ૩૧ | ૩૧૭૦ | | | | | | |
| | | | બોરીયા | ૨૬૩૪ | | | | | | |
| | | | કુલ | ૫૮૦૪ | ૫૯૭ | ૧૦.૨૮ | ૬ | ૦ | ૦ | -- |
| ૧૦ | જશાપર | | જશાપર | ૨૩૨૦ | | | | | | |
| | | | આંચવડ | ૭૬૬ | | | | | | |
| | | | પાદરીયા | ૬૮૧ | | | | | | |
| | | | હરીયાસણ | ૬૨૯ | | | | | | |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| | જશાપર | | બંધીયા | ૭૦૭ | | | | | | |
| | | | ઉજળા | ૩૮૬ | | | | | | |
| | | | કુલ | ૫૪૮૯ | ૩૭૭ | ૬.૮૬ | ૧૨ | ૧૦ | ૦.૧૮ | ૫ |
| ૧૧ | ખજુરડા | | ખજુરડા | ૨૨૫૧ | | | | | | |
| | | | ખાટલી | ૧૨૦૮ | | | | | | |
| | | | બાલાપર | ૯૩૮ | | | | | | |
| | | | કુલ | ૪૩૯૭ | ૧૦૮૧ | ૨૪.૫૮ | ૧ | ૦ | ૦ | -- |
| ૧૨ | રાજપરા | | રાજપરા | ૧૧૬૪ | | | | | | |
| | | | તરકાસર | ૬૮૯ | | | | | | |
| | | | પીપળીયા માલજીભી | ૩૪૯ | | | | | | |
| | | | થોરડી | ૩૩૨ | | | | | | |
| | | | રામપર | ૯૬૪ | | | | | | |
| | | | મેઘાવડ | ૧૧૦૫ | | | | | | |
| | | | બેલડા | ૪૦૮ | | | | | | |
| | | | કુલ | ૫૦૧૧ | ૩૫૪ | ૭.૦૬ | ૧૧ | ૦ | ૦ | -- |
| ૧૩ | રાયડી | | રાયડી | ૩૬૧૮ | | | | | | |
| | | | તરવડા | ૯૬૭ | | | | | | |
| | | | અડવાળ | ૮૫૨ | | | | | | |
| | | | કુલ | ૫૪૩૭ | ૩૨૯ | ૬.૦૫ | ૧૪ | ૮ | ૦.૧૪ | ૬ |
| ૧૪ | સાતોદડ | | સાતોદડ | ૨૧૬૨ | | | | | | |
| | | | વાવડી (વિમલનગર) | ૨૧૦૪ | | | | | | |
| | | | પીપરડી | ૪૯૫ | | | | | | |
| | | | કુલ | ૪૭૬૧ | ૪૩૪ | ૯.૧૧ | ૧૦ | ૩૩ | ૦.૬૯ | ૨ |
| ૧૫ | સોડવદર | | સોડવદર | ૨૧૫૩ | | | | | | |
| | | | સનાળા | ૧૦૦૫ | | | | | | |
| | | | રોઘેલ | ૧૫૦૮ | | | | | | |
| | | | કુલ | ૪૬૬૬ | ૮૯૪ | ૧૯.૧૫ | ૩ | ૦ | ૦ | -- |

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહીત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અનુસૂચિત જાતિ | | | |
| ૧૧ | ખજુરડા | ૧ | અનુસૂચિત જાતિ |
| ૮ | જામકંડોરણા–૨ | ૨ | અનુસૂચિત જાતિ |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| જાહેરનામા અન્વયે આ પ્રકાર નથી. | | | |

INDEX

૧૫. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૧ | બરડીયા | સા.શૈ.પ.વર્ગ સ્ત્રી |
| ૨ | ભાદરા | સા.શૈ.પ. વર્ગ |

૧૬. નિયમોના નિયમ–૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૩ | ચિત્રાવડ | સામાન્ય સ્ત્રી |
| ૪ | દડવી | સામાન્ય સ્ત્રી |
| ૫ | ધોળીધાર | સામાન્ય સ્ત્રી |
| ૬ | જાંમ દાદર | સામાન્ય સ્ત્રી |
| ૭ | જામકંડોરણા–૧ | બિન અનામત સામાન્ય |
| ૯ | જામકંડોરણા–૩ | બિન અનામત સામાન્ય |
| ૧૦ | જશાપર | બિન અનામત સામાન્ય |
| ૧૨ | રાજપરા | બિન અનામત સામાન્ય |
| ૧૩ | રાયડી | બિન અનામત સામાન્ય |
| ૧૪ | સાતોદડ | બિન અનામત સામાન્ય |
| ૧૫ | સોડવદર | બિન અનામત સામાન્ય |

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી તે મતદાર મંડળોમાં નક્કી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪, ૧૫ અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસૂચિમાં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા પંચ આદેશ કરે છે.

આદેશથી,

પી. એસ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

## અનુસૂચિ

જિલ્લાનું નામ – રાજકોટ

તાલુકા પંચાયતનું નામ – જામકંડોરણા

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | જામકંડોરણા | ૧. | બરડીયા | ૭ | ૦ | સા. શૈ. પ. વર્ગ સ્ત્રી |
| | | ૨. | ભાદરા | ૧૩ | ૪ | સા. શૈ. પ. વર્ગ |
| | | ૩. | ચિત્રાવડ | ૪ | ૭ | સામાન્ય સ્ત્રી |

INDEX

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | | ૪. | દડવી | ૮ | ૮ | સામાન્ય સ્ત્રી |
| | | ૫. | ઘોળીઘાર | ૯ | ૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૬. | જામ દાદર | ૫ | ૦ | સામાન્ય સ્ત્રી |
| | | ૭. | જામકંડોરણા–૧ | ૧૫ | ૦ | બિન અનામત સામાન્ય |
| | | ૮. | જામકંડોરણા–૨ | ૨ | ૩ | અનુસૂચિત જાતિ |
| | | ૯. | જામકંડોરણા–૩ | ૬ | ૦ | બિન અનામત સામાન્ય |
| | | ૧૦. | જશાપર | ૧૨ | ૫ | બિન અનામત સામાન્ય |
| | | ૧૧. | ખજુરડા | ૧ | ૦ | અનુસૂચિત જાતિ |
| | | ૧૨. | રાજપરા | ૧૧ | ૦ | બિન અનામત સામાન્ય |
| | | ૧૩. | રાયડી | ૧૪ | ૬ | બિન અનામત સામાન્ય |
| | | ૧૪. | સાતોદ્દડ | ૧૦ | ૨ | બિન અનામત સામાન્ય |
| | | ૧૫. | સોડવદર | ૩ | ૦ | બિન અનામત સામાન્ય |

પી. એસ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 90

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LI] THURSDAY, MARCH 4, 2010/PHALGUNA 13, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

### PART IV-C

**StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી પંચ**

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૦

**ક્રમાંકઃ રાચપ–સમક–ભિલોડા–તા.પં.–૨૦૦૯.**

**આદેશ**

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ–૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંકઃ કેપી–૧૯૧– ૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪–૧૨૪૬–જ, તા.૨૬–૭–૯૪ તથા ક્રમાંકઃ કેપી–૨૩૦–૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪ –૧૯૬૮–જ, તા.૨૫–૧૦–૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંકઃ કેપીવી–૨૦–ડીસી–ઈએલસી–એલ–૪(૨૦)–ટીપી–૨૦–૨૦૦૯ તા.૩–૨–૨૦૦૯ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે અન્વયે નીચે મુજબ બેઠકો નકકી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નકકી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| સાબરકાંઠા | ભિલોડા | ૨૫ | — | ૧ | ૫ | ૯ | ૧ | ૨ | ૨ | ૦૫ |

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજ્ય ચૂંટણી પંચ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ-૧૬(૨) હેઠળ વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૦૧ ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી પંચે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી પંચે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ-૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી ( અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારુ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ- ૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી પંચ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી પંચે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતા વધુ મતદાર મંડળ રચવામાં આવ્યા હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૫ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર-૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર-૧, ગામના વોર્ડ નં.૬ થી ૯ ના મતદાર મંડળને લખતર-૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર-૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચુંટણી પંચે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "**સામાન્ય ક્રમાંક**" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪,૫,૬,૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી પંચે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંકઃ ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારીત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહીત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહીત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની મહિલા સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહીત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં " શકય હોય ત્યાં સુધી " તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાયતો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી પંચે કરવી જોઈએ તેમ પંચ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતા થોડી છૂટછાટ પંચે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી પંચે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો–૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યુ છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી, પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં પંચે મોકળાશ આપી છે.

પંચ એ બાબતે સભાન છે કે, તાલુકા–જીલ્લા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ પંચે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી પંચ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારીત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી પંચે કલેકટરશ્રી પાસેથી માહીતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા પંચના અભિગમના સંદર્ભમાં કલેકટરઓ પાસેથી મળેલી માહિતીનું પંચે મૂલ્યાંકન કરેલુ છે.

**સાબરકાંઠા** જિલ્લાના **ભિલોડા** તાલુકાની વસતી **૨૦૬૧૬૮** છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૮૨૪૭ હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ ૯૪૮૪ તથા મહત્તમ ઘટ ૭૦૧૦ હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરુરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો પંચે નોધ્યા છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસતી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| ૧ | ૧૫ | લીલછા | ૯૫૨૯ | ૦.૫૫ વધ |

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ૨૪૩(વ) (ક) તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઈએ રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર **સાબરકાંઠા** જિલ્લાની **ભિલોડા** તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | ભાણમેર | ૧ | ભાણમેર | ૨૬૬૯ | | | | | | |
| | | ૨ | ધનસોર | ૧૯૧૬ | | | | | | |
| | | ૩ | ટોરડા | ૨૪૨૧ | | | | | | |
| | | ૪ | બાવળીયા(ટો) | ૧૩૫૧ | | | | | | |
| | | | કુલ | ૮૩૫૭ | ૧૮૫ | ૨.૨૧ | ૧૯ | ૭૪૫૨ | ૮૯.૧૭ | ૪ |
| ૨ | ભિલોડા –૧ | ૧ | ભિલોડા–૧ બ્લોક નં.૯૮ થી ૧૦૭ અને ૧૧૫,૧૧૯ અને ૧૨૦. | ૮૧૩૪ | ૯૩૨ | ૧૧.૪૬ | ૪ | ૧૩૧૮ | ૧૬.૨૦ | ૨૨ |
| ૩ | ભિલોડા–૨ | ૧ | ભિલોડા બ્લોક નં.૧૦૮ થી ૧૧૪ અને ૧૧૬,૧૧૭, ૧૧૮, ૧૨૧ અને ૧૨૨ | ૬૦૧૭ | | | | | | |
| | | ૨ | માંકરોડા | ૧૧૭૮ | | | | | | |
| | | | કુલ | ૭૧૯૫ | ૪૩૨ | ૬.૦૦ | ૧૦ | ૨૬૭૭ | ૩૭.૨૧ | ૧૭ |
| ૪ | બુધરાસણ | ૧ | બુધરાસણ | ૧૭૭૪ | | | | | | |
| | | ૨ | રામપુરી | ૧૬૪૩ | | | | | | |
| | | ૩ | આંબાબાર | ૧૫૪૫ | | | | | | |
| | | ૪ | પાટીયાકુવા | ૬૯૩ | | | | | | |
| | | ૫ | પહાડા | ૯૬૫ | | | | | | |
| | | ૬ | બુઢેલી | ૧૧૪૩ | | | | | | |
| | | ૭ | અજીતપુરા | ૪૭૩ | | | | | | |
| | | ૮ | ધરાસણ | ૩૦૫ | | | | | | |
| | | | કુલ | ૮૫૪૧ | ૨૯૭ | ૩.૪૮ | ૧૫ | ૬૬૧૮ | ૭૭.૪૯ | ૮ |
| ૫ | ચિતરીયા (જાબ) | ૧ | ચિતરીયા (જાબ) | ૨૦૬૫ | | | | | | |
| | | ૨ | નવા વેણપુર | ૧૦૭૬ | | | | | | |
| | | ૩ | વકતાપુર | ૧૪૧ | | | | | | |
| | | ૪ | કારછા | ૫૭૨ | | | | | | |
| | | ૫ | રંગપુર | ૬૬૮ | | | | | | |
| | | ૬ | પાંચ મહુડી | ૧૦૧૨ | | | | | | |
| | | ૭ | વસાયા | ૬૧૫ | | | | | | |
| | | ૮ | જાંબુડી | ૧૨૩૯ | | | | | | |
| | | ૯ | સોનાસણ | ૫૮૫ | | | | | | |
| | | | કુલ | ૭૯૭૩ | ૧૯૪ | ૨.૪૩ | ૧૮ | ૫૧૬૫ | ૬૪.૭૮ | ૧૧ |
| ૬ | દહેગામડા | ૧ | દહેગામડા | ૩૦૬૬ | | | | | | |
| | | ૨ | પહાડીયા | ૪૩૮ | | | | | | |
| | | ૩ | ઓઢા પહાડીયા | ૪૭૩ | | | | | | |
| | | ૪ | કડવઠ | ૫૦૯ | | | | | | |
| | | ૫ | અણસોલ | ૧૦૨૫ | | | | | | |
| | | ૬ | મોટા સામેરા | ૯૮૭ | | | | | | |
| | | ૭ | નાના સામેરા | ૩૪૧ | | | | | | |
| | | ૮ | લુસડીયા | ૧૩૭૯ | | | | | | |
| | | | કુલ | ૮૨૧૮ | ૩૩૬ | ૪.૦૯ | ૧૪ | ૪૧૭૭ | ૫૦.૮૩ | ૧૩ |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૭ | હાથરોલ | ૧ | હાથરોલ | ૧૯૮૫ | | | | | | |
| | | ૨ | માંકડી | ૭૮૧ | | | | | | |
| | | ૩ | સિંહોલી | ૩૪૩ | | | | | | |
| | | ૪ | પુનાસણ | ૧૧૭૭ | | | | | | |
| | | ૫ | ધુલેટા(બા) | ૩૩૮ | | | | | | |
| | | ૬ | બામણા | ૧૦૨૪ | | | | | | |
| | | ૭ | વાંટડી | ૪૫૮ | | | | | | |
| | | ૮ | રાજેન્દ્રનગર | ૧૨૩૦ | | | | | | |
| | | ૯ | શણગાલ | ૩૨૩ | | | | | | |
| | | | કુલ | ૭૬૫૯ | ૮૫૬ | ૧૧.૧૮ | ૫ | ૭૩૪ | ૯.૫૮ | ૨૫ |
| ૮ | જનાલી | ૧ | જનાલી | ૧૯૦૮ | | | | | | |
| | | ૨ | નાની બેબાર | ૮૬૬ | | | | | | |
| | | ૩ | મોટી બેબાર | ૮૨૨ | | | | | | |
| | | ૪ | શોભાથડા | ૮૫૫ | | | | | | |
| | | ૫ | વાંસેરા | ૭૩૬ | | | | | | |
| | | ૬ | સુનોખ | ૧૬૧૦ | | | | | | |
| | | ૭ | વાઘોદર | ૪૩૯ | | | | | | |
| | | ૮ | જાલીયા | ૫૭૧ | | | | | | |
| | | | કુલ | ૭૮૦૭ | ૬૬૨ | ૮.૪૮ | ૬ | ૧૭૮૮ | ૨૨.૯૦ | ૨૧ |
| ૯ | જેસીંગપુર | ૧ | જેસીંગપુર | ૨૬૧૦ | | | | | | |
| | | ૨ | ઘંબોલીયા | ૧૪૯૪ | | | | | | |
| | | ૩ | રૂદાલ | ૨૩૪ | | | | | | |
| | | ૪ | ગઢીયા | ૪૪૩ | | | | | | |
| | | ૬ | ડોડીસરા મોટા | ૯૪૨ | | | | | | |
| | | ૭ | ડોડીસરા નાના | ૭૬૪ | | | | | | |
| | | ૮ | રાયપુર | ૮૭૧ | | | | | | |
| | | ૯ | હાથીયા | ૧૨૯૪ | | | | | | |
| | | ૧૦ | અભાપુર | ૬૨૩ | | | | | | |
| | | | કુલ | ૯૨૭૫ | ૫૭ | ૦.૬૧ | ૨૪ | ૭૯૨૯ | ૮૫.૪૯ | ૭ |
| ૧૦ | ખેરાડી | ૧ | ખેરાડી | ૨૩૬૫ | | | | | | |
| | | ૨ | વણજર | ૧૮૬૬ | | | | | | |
| | | ૩ | કરણપુર | ૮૯૦ | | | | | | |
| | | ૪ | હરદાસપુર | ૩૮૦ | | | | | | |
| | | ૬ | વસાઈ | ૪૩૦ | | | | | | |
| | | ૭ | ભેટાલી | ૧૩૭૫ | | | | | | |
| | | ૮ | નવા ભેટાલી | ૫૩૬ | | | | | | |
| | | | કુલ | ૭૮૪૨ | ૧૨૯૧ | ૧૬.૪૬ | ૧ | ૧૧૫૫ | ૧૪.૨૨ | ૨૩ |
| ૧૧ | ખિલોડા | ૧ | ખિલોડા | ૨૦૬૨ | | | | | | |
| | | ૨ | ગડાદર | ૫૪૧ | | | | | | |
| | | ૩ | અસાલ | ૪૮૨ | | | | | | |
| | | ૪ | નાપડા (ખાલસા) | ૧૫૭૫ | | | | | | |
| | | ૫ | નાપડા(જા) | ૯૭૭ | | | | | | |
| | | ૬ | સોડપુર | ૩૪૫ | | | | | | |
| | | ૭ | ખારી | ૧૧૧૩ | | | | | | |
| | | ૮ | મેરાવાડા | ૯૧૧ | | | | | | |
| | | | કુલ | ૮૦૦૬ | ૯૬ | ૧.૨૦ | ૨૧ | ૩૮૯૪ | ૪૮.૬૪ | ૧૪ |



INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧૨ | કિશનગઢ | ૧ | કિશનગઢ | ૪૦૮૮ | | | | | | |
| | | ૨ | વાઘેશ્વરી | ૯૮૦ | | | | | | |
| | | ૩ | ઈન્દ્રપુરા | ૮૨૨ | | | | | | |
| | | ૪ | બેડાસણ | ૪૯૧ | | | | | | |
| | | ૫ | મલાસા | ૨૦૪૧ | | | | | | |
| | | | કુલ | ૮૪૨૨ | ૫૪૮ | ૬.૫૧ | ૯ | ૫૯૫૦ | ૭૦.૬૫ | ૯ |
| ૧૩ | કુડોલપાલ | ૧ | કુડોલપાલ | ૩૦૭૭ | | | | | | |
| | | ૨ | રાયસીંગપુર | ૧૬૭૬ | | | | | | |
| | | ૩ | વીરપુર | ૧૭૯૩ | | | | | | |
| | | ૪ | ચોરીમાલા | ૧૬૫૭ | | | | | | |
| | | | કુલ | ૮૨૦૩ | ૨૦૧ | ૨.૪૫ | ૧૭ | ૭૯૭૯ | ૯૭.૨૭ | ૨ |
| ૧૪ | કુશ્કી | ૧ | કુશ્કી | ૨૩૧૨ | | | | | | |
| | | ૨ | વજાપુર | ૭૩૫ | | | | | | |
| | | ૩ | ખેરંચા | ૯૩૯ | | | | | | |
| | | ૪ | ખોડંબા | ૧૦૨૦ | | | | | | |
| | | ૫ | વાંદીયોલ | ૧૨૧૦ | | | | | | |
| | | ૬ | બ્રહ્મપુરી | ૮૩૬ | | | | | | |
| | | ૭ | લાલપુર | ૪૨૯ | | | | | | |
| | | ૮ | અઢેરા | ૬૮૮ | | | | | | |
| | | ૯ | છાપરા(કુશ્કી) | ૭૩૪ | | | | | | |
| | | | કુલ | ૮૯૦૩ | ૧૧૦૯ | ૧૨.૪૬ | ૩ | ૨૨૫૬ | ૨૫.૩૪ | ૨૦ |
| ૧૫ | લીલછા | ૧ | લીલછા | ૨૮૯૮ | | | | | | |
| | | ૨ | મલેકપુર | ૯૮૦ | | | | | | |
| | | ૩ | વેજપુર | ૨૪૨૯ | | | | | | |
| | | ૪ | ઘાંટી | ૧૭૯૯ | | | | | | |
| | | ૫ | ખલવાડ | ૧૪૨૩ | | | | | | |
| | | | કુલ | ૯૫૨૯ | ૫૦૯ | ૫.૩૪ | ૧૨ | ૫૯૩૫ | ૬૨.૨૮ | ૧૨ |
| ૧૬ | મંઉ | ૧ | મંઉ | ૩૬૭૩ | | | | | | |
| | | ૨ | દેસણ | ૩ | | | | | | |
| | | ૩ | નારણપુર | ૮૨૮ | | | | | | |
| | | ૪ | નારસોલી | ૧૧૫૧ | | | | | | |
| | | ૫ | થુરાવાસ | ૨૩૬ | | | | | | |
| | | ૬ | ખાપરેટા | ૧૩૧૭ | | | | | | |
| | | ૭ | મેડીટીંબા | ૫૯૬ | | | | | | |
| | | ૮ | ફતેપુર | ૯૦૯ | | | | | | |
| | | ૯ | નરોડા | ૬૭૦ | | | | | | |
| | | ૧૦ | લોખણ | ૫૦ | | | | | | |
| | | ૧૧ | આકોડીયા | - | | | | | | |
| | | | કુલ | ૯૪૩૩ | ૫૫૦ | ૫.૮૩ | ૧૧ | ૧૨૮૨ | ૧૩.૫૯ | ૨૪ |
| ૧૭ | મોટા કંથારીયા | ૧ | મોટા કંથારીયા | ૩૨૧૩ | | | | | | |
| | | ૨ | રાવતાવાડા | ૭૧૭ | | | | | | |
| | | ૩ | ગલીસેમરો | ૧૬૯૪ | | | | | | |
| | | ૪ | વાંકાટીંબા | ૧૦૮૮ | | | | | | |
| | | ૫ | રામેરા | ૧૦૧૨ | | | | | | |
| | | ૬ | લક્ષ્મણપુરા | ૭૩૪ | | | | | | |
| | | | કુલ | ૮૪૫૮ | ૯૭ | ૧.૧૫ | ૨૨ | ૭૬૨૭ | ૯૦.૧૭ | ૩ |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧૮ | મુનાઈ | ૧ | મુનાઈ | ૨૭૮૪ | | | | | | |
| | | ૨ | જુમસર | ૧૫૧૭ | | | | | | |
| | | ૩ | જુમસર (છા) | ૧૦૪૧ | | | | | | |
| | | ૪ | સુનસર | ૧૪૭૮ | | | | | | |
| | | ૫ | નાંખી | ૪૮૧ | | | | | | |
| | | | કુલ | ૭૩૦૧ | ૧૦૯૪ | ૧૪.૯૮ | ૨ | ૨૬૨૬ | ૩૫.૯૭ | ૧૮ |
| ૧૯ | નાંદોજ | ૧ | નાંદોજ | ૨૪૧૧ | | | | | | |
| | | ૨ | ખુમાપુર | ૧૩૭૫ | | | | | | |
| | | ૩ | ચીબોડા | ૧૪ | | | | | | |
| | | ૪ | કલ્લેકા | ૨૫ | | | | | | |
| | | ૫ | ભટેળા | ૧૫૩૦ | | | | | | |
| | | ૬ | માંધરી | ૧૪૦૬ | | | | | | |
| | | ૭ | ચીભડીયાટા | ૩૪૧ | | | | | | |
| | | | કુલ | ૭૧૦૨ | ૫૮૦ | ૮.૧૭ | ૭ | ૨૧૦૩ | ૨૯.૬૧ | ૧૯ |
| ૨૦ | ઓડ | ૧ | ઓડ | ૩૦૧૬ | | | | | | |
| | | ૨ | ધુળેટા(પા) | ૧૩૫૭ | | | | | | |
| | | ૩ | બોરનાલા | ૧૨૨૫ | | | | | | |
| | | ૪ | ધંધાસણ | ૨૪૧૧ | | | | | | |
| | | | કુલ | ૮૦૦૯ | - | - | ૨૫ | ૭૮૩૭ | ૯૭.૮૫ | ૧ |
| ૨૧ | પાલ્લા | ૧ | પાલ્લા | ૨૦૧૮ | | | | | | |
| | | ૨ | શામળપુર | ૧૫૨૨ | | | | | | |
| | | ૩ | ભવાનપુર | ૧૨૮૦ | | | | | | |
| | | ૪ | રૂદરડી | ૧૮૪ | | | | | | |
| | | ૫ | શામળાજી | ૧૦૯૮ | | | | | | |
| | | ૬ | બેચરપુરા | ૩૦૨ | | | | | | |
| | | ૭ | દોલતપુરા | ૮૯ | | | | | | |
| | | ૮ | વેણપુરા | ૧૧૨૦ | | | | | | |
| | | | કુલ | ૭૬૧૩ | ૩૭૦ | ૪.૮૬ | ૧૩ | ૩૨૪૧ | ૪૨.૫૭ | ૧૫ |
| ૨૨ | ઉબસલ | ૧ | ઉબસબ | ૨૬૯૪ | | | | | | |
| | | ૨ | ઝીઝુડી | ૧૫૧૦ | | | | | | |
| | | ૩ | જાયલા | ૧૧૫૬ | | | | | | |
| | | ૪ | બાવળીયા(પાલ) | ૧૧૮૨ | | | | | | |
| | | ૫ | કલ્યાણપુર | ૯૮૫ | | | | | | |
| | | ૬ | વજાપુર | ૪૨૨ | | | | | | |
| | | ૭ | અંધારીયા | ૩૦૭ | | | | | | |
| | | | કુલ | ૮૨૫૬ | ૧૧૬ | ૧.૪૧ | ૨૦ | ૭૨૧૪ | ૮૭.૨૮ | ૫ |
| ૨૩ | વાઘપુર | ૧ | વાઘપુર | ૨૦૮૭ | | | | | | |
| | | ૨ | નાનાકંથારીયા | ૮૩૩ | | | | | | |
| | | ૩ | સામરણ | ૪૪૫ | | | | | | |
| | | ૪ | પાદરડી | ૬૩ | | | | | | |
| | | ૫ | રામપુર(મોરી) | ૧૦૯ | | | | | | |
| | | ૬ | સરકીલીમડી | ૬૭૩ | | | | | | |
| | | ૭ | કાગડામહુડા | ૬૩૭ | | | | | | |
| | | ૮ | કુંડોલ (દહે) | ૧૦૬૯ | | | | | | |
| | | ૯ | દેવનીમોરી | ૭૭૦ | | | | | | |
| | | ૧૦ | હિંમતપુર | ૭૧૨ | | | | | | |
| | | ૧૧ | ગોઢકુશકી | ૧૧૨૯ | | | | | | |
| | | | કુલ | ૮૫૨૭ | ૬૬ | ૦.૭૭ | ૨૩ | ૭૪૩૮ | ૮૭.૨૩ | ૬ |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૨૪ | વાંકાનેર | ૧ | વાંકાનેર | ૨૫૭૬ | | | | | | |
| | | ૨ | મહેરૂ | ૧૭૫૫ | | | | | | |
| | | ૩ | ભૂતાવડ | ૨૧૪૨ | | | | | | |
| | | ૪ | રીટોડા | ૧૩૩૬ | | | | | | |
| | | ૫ | જશવંતપુરા | ૪૨૨ | | | | | | |
| | | | કુલ | ૮૨૩૧ | ૨૮૬ | ૩.૪૭ | ૧૬ | ૫૮૧૦ | ૭૦.૫૯ | ૧૦ |
| ૨૫ | વાંસળી | ૧ | વાંસળી | ૨૯૭૦ | | | | | | |
| | | ૨ | સીલાદ્રી | ૭૬૪ | | | | | | |
| | | ૩ | ટાકાટુકા | ૧૮૧૦ | | | | | | |
| | | ૪ | સીલાસણ | ૪૭૦ | | | | | | |
| | | ૫ | બોલુન્દ્રા | ૧૨૩૧ | | | | | | |
| | | ૬ | મઠ બોલુન્દ્રા | ૩૩૯ | | | | | | |
| | | ૭ | ધોલવાણી | ૧૫૩૦ | | | | | | |
| | | | કુલ | ૯૧૭૪ | ૬૭૪ | ૭.૩૫ | ૮ | ૩૮૪૨ | ૪૧.૮૮ | ૧૬ |

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહીત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | **અનુસૂચિત જાતિ** | |
| ૧૦ | ખેરાડી | ૧ | અનુસૂચિત જાતિ |
| | | | |
| | | **અનુસૂચિત આદિજાતિ** | |
| ૨૦ | ઓડ | ૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૩ | કુંડોલપાલ | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૭ | મોટા કંથારીઆ | ૩ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧ | ભાણમેર | ૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૨૨ | ઉબસલ | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૨૩ | વાઘપુર | ૬ | અનુસૂચિત આદિજાતિ |
| ૯ | જેસીંગપુર | ૭ | અનુસૂચિત આદિજાતિ |
| ૪ | બુધરાસણ | ૮ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૨ | કિશનગઢ | ૯ | અનુસૂચિત આદિજાતિ |
| ૨૪ | વાંકાનેર | ૧૦ | અનુસૂચિત આદિજાતિ |
| ૫ | ચિતરીયા (જાબ) | ૧૧ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૫ | લીલછા | ૧૨ | અનુસૂચિત આદિજાતિ |
| ૬ | દહેગામડા | ૧૩ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૧ | ખિલોડા | ૧૪ | અનુસૂચિત આદિજાતિ |

૧૫. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૨ | ભિલોડા–૧ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી |
| ૩ | ભિલોડા–૨ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ |
| ૭ | હાથરોલ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ |

૧૬. નિયમોના નિયમ–૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૮ | જનાલી | સામાન્ય સ્ત્રી |
| ૧૪ | કુશ્કી | સામાન્ય સ્ત્રી |
| ૧૬ | મંઉ | બિન અનામત સામાન્ય |
| ૧૮ | મુનાઈ | બિન અનામત સામાન્ય |
| ૧૯ | નાંદોજ | બિન અનામત સામાન્ય |
| ૨૧ | પાલ્લા | બિન અનામત સામાન્ય |
| ૨૫ | વાંસળી | બિન અનામત સામાન્ય |

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી તે મતદાર મંડળોમાં નક્કી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪, ૧૫ અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસૂચિમાં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા પંચ આદેશ કરે છે.

**આદેશથી,**

**પી. એસ. શાહ,**
**સચિવ,**
**રાજ્ય ચૂંટણી પંચ,**
**ગાંધીનગર.**

**અનુસૂચિ**

**જિલ્લાનું નામ – સાબરકાંઠા** **તાલુકા પંચાયતનું નામ – ભિલોડા**

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | ભિલોડા | ૧ | ભાણમેર | ૧૯ | ૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૨ | ભિલોડા–૧ | ૪ | ૨૨ | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| | | ૩ | ભિલોડા–૨ | ૧૦ | ૧૭ | સા.શૈ.પછાતવર્ગ |
| | | ૪ | બુધરાસણ | ૧૫ | ૮ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૫ | ચિતરીઆ(જાબ) | ૧૮ | ૧૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૬ | દહેગામડા | ૧૪ | ૧૩ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૭ | હાથરોલ | ૫ | ૨૫ | સા.શૈ.પછાતવર્ગ |
| | | ૮ | જનાલી | ૬ | ૨૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૯ | જેસીંગપુર | ૨૪ | ૭ | અનુસૂચિત આદિજાતિ |



INDEX

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | ભિલોડા | ૧૦ | એરાડી | ૧ | ૨૩ | અનુસૂચિત જાતિ |
| | | ૧૧ | ભિલોડા | ૨૧ | ૧૪ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૨ | કિશનગઢ | ૯ | ૯ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૩ | કુડોલપાલ | ૧૭ | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૧૪ | કુશ્કી | ૩ | ૨૦ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૫ | લીલછા | ૧૨ | ૧૨ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૬ | મઉ | ૧૧ | ૨૪ | બિન અનામત સામાન્ય |
| | | ૧૭ | મોટા કંથારીઆ | ૨૨ | ૩ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૧૮ | મુનાઈ | ૨ | ૧૮ | બિન અનામત સામાન્ય |
| | | ૧૯ | નાંદોજ | ૭ | ૧૯ | બિન અનામત સામાન્ય |
| | | ૨૦ | ઓડ | ૨૫ | ૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૨૧ | પાલ્લા | ૧૩ | ૧૫ | બિન અનામત સામાન્ય |
| | | ૨૨ | ઉબસલ | ૨૦ | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૨૩ | વાઘપુર | ૨૩ | ૬ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૨૪ | વાંકાનેર | ૧૬ | ૧૦ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૨૫ | વાંસળી | ૮ | ૧૬ | બિન અનામત સામાન્ય |

**પી. એસ. શાહ,**
**સચિવ,**
**રાજ્ય ચૂંટણી પંચ,**
**ગાંધીનગર.**

---

## રાજ્ય ચૂંટણી પંચ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૦

ક્રમાંક: રાચપ–સમક–ધનસુરા–તા.પં.–૨૦૦૯.

### આદેશ

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ–૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી–૧૯૧– ૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪–૧૨૪૬–જ, તા.૨૬–૭–૯૪ તથા ક્રમાંક: કેપી–૨૩૦–૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪ –૧૯૬૮–જ, તા:૨૫–૧૦–૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: કેપીવી–૨૦–ડીસી–ઈએલસી–એલ–૪(૨૦)ટીપી–૨૦–૨૦૦૯, તા.૩–૨–૨૦૦૯ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે અન્વયે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| સાબરકાંઠા | ધનસુરા | ૧૫ | — | ૧ | — | — | ૧ | ૧ | ૪ | ૮ |

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે કલમ-૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજ્ય ચૂંટણી પંચ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ-૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ-૧૬(૨) હેઠળ વિકાસ કમિશ્નરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૦૧ ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી પંચે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી પંચે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ-૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી ( અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારૂ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ- ૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી પંચ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી પંચે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતા વધુ મતદાર મંડળ રચવામાં આવ્યા હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૫ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર-૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર-૧, ગામના વોર્ડ નં.૬ થી ૯ ના મતદાર મંડળને લખતર-૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર-૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચુંટણી પંચે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો **" સામાન્ય ક્રમાંક "** કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪,૫,૬,૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી પંચે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારીત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહીત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહીત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ( તે વર્ગની મહિલા સહિત ) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહીત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં " શકય હોય ત્યાં સુધી " તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાયતો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી પંચે કરવી જોઈએ તેમ પંચ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતા થોડી છૂટછાટ પંચે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી પંચે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો–૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યુ છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી, પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં પંચે મોકળાશ આપી છે.

પંચ એ બાબતે સભાન છે કે, તાલુકા–જીલ્લા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ પંચે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી પંચ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારીત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી પંચે કલેકટરશ્રી પાસેથી માહીતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા પંચના અભિગમના સંદર્ભમાં કલેકટરઓ પાસેથી મળેલી માહિતીનું પંચે મૂલ્યાંકન કરેલુ છે.

**સાબરકાંઠા** જિલ્લાના ધનસુરા તાલુકાની વસતી ૯૬૩૮૯ છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૬૪૨૬ હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ ૭૩૯૦ તથા મહત્તમ ઘટ **૫૪૬૨** હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરુરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો પંચે નોધ્યા છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસતી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| ૧ | ૩ | અંબાસર | ૭૪૩૧ | ૦.૬૪ વધ |

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ૨૪૩(વ) (ક) તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઈએ રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર **સાબરકાંઠા** જિલ્લાની **ધનસુરા** તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–ર માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | આકરૂન્દ–૧ | ૧ | આકરૂન્દ ભાગ નં.૨૧૭,૨૧૯,૨૨૦ | ૩૫૬૧ | | | | | | |
| | | ૨ | હરીપુરા કંયા | ૧૭૨ | | | | | | |
| | | ૩ | કેશરપુરા | ૬૧૨ | | | | | | |
| | | ૪ | ગલાલની મુવાડી | ૨૮૪ | | | | | | |
| | | ૫ | નાણાં | ૬૯૬ | | | | | | |
| | | ૬ | ખાનપુરની મુવાડી | ૪૬૪ | | | | | | |
| | | ૭ | જાલમપુર | ૩૫૯ | | | | | | |
| | | | કુલ | ૬૧૪૮ | ૧૭૧ | ૨.૭૮ | ૧૩ | ૩૦૦ | ૪.૮૮ | ૨ |
| ૨ | આકરૂન્દ–૨ | ૧ | આકરૂન્દ–૨,૫ ભાગ નં.૨૧૮,૨૨૧ | ૨૪૬૦ | | | | | | |
| | | ૨ | ઉદેપુર | ૫૫૬ | | | | | | |
| | | ૩ | પાટયો | ૨૩૯ | | | | | | |
| | | ૪ | લાલુગામ | ૨૬૬ | | | | | | |
| | | ૫ | રામપુરાકંપા | ૪૩૨ | | | | | | |
| | | ૬ | રામપુરાગામ | ૫૫૨ | | | | | | |
| | | ૭ | અમરપુરા | ૫૧૮ | | | | | | |
| | | ૮ | હીરાપુરકંપા | ૪૯૫ | | | | | | |
| | | ૯ | પોયડા | ૩૭૪ | | | | | | |
| | | ૧૦ | ખેડા | ૭૬૬ | | | | | | |
| | | | કુલ | ૬૬૫૮ | ૪૧૧ | ૬.૧૭ | ૮ | ૧૦૮ | ૧.૬૨ | ૫ |
| ૩ | અંબાસર | ૧ | અંબાસર | ૨૨૨૦ | | | | | | |
| | | ૨ | લાલીનો મઠ | ૮૪૨ | | | | | | |
| | | ૩ | નવલપુર | ૧૦૯૭ | | | | | | |
| | | ૪ | વખતપુર | ૨૮૬ | | | | | | |
| | | ૫ | રામપુર(વડા) | ૮૦૮ | | | | | | |
| | | ૬ | ખીલોડીયા | ૧૩૮૨ | | | | | | |
| | | ૭ | અલવા | ૭૯૬ | | | | | | |
| | | | કુલ | ૭૪૩૧ | ૫૮૧ | ૭.૮૨ | ૧૩ | - | - | - |
| ૪ | બારનોલી | ૧ | બારનોલી | ૩૩૩૭ | | | | | | |
| | | ૨ | વાંટડાસુકા | ૧૯૧૧ | | | | | | |
| | | ૩ | કરણપુર | ૯૫૧ | | | | | | |
| | | | કુલ | ૬૧૯૯ | ૧૬૬ | ૨.૬૮ | ૧૪ | ૪૦ | ૦.૬૫ | ૯ |
| ૫ | બીલવણીયા | ૧ | બીલવણીયા | ૧૭૪૪ | | | | | | |
| | | ૨ | સરડીસરખંડી | ૮૬૦ | | | | | | |
| | | ૩ | કેશરપુરા | ૧૪૬ | | | | | | |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| | બીલવણીયા | ૪ | જશવંતપુરા | ૮૮૨ | | | | | | |
| | | ૫ | ધામણીયા | ૧૨૮૪ | | | | | | |
| | | ૬ | ગઢડાકોટ | ૩૧૦ | | | | | | |
| | | ૭ | ભોટુદેવનો મઠ | ૩૬૧ | | | | | | |
| | | | કુલ | ૫૫૮૭ | ૪૭૪ | ૮.૪૮ | ૨ | ૧ | ૦.૦૨ | ૧૪ |
| ૬ | બુટાલ | ૧ | બુટાલ | ૩૫૦૮ | | | | | | |
| | | ૨ | હીરાપુર | ૧૫૦૮ | | | | | | |
| | | ૩ | પાંચકુહાડા | ૭૪૩ | | | | | | |
| | | | કુલ | ૫૭૫૯ | ૩૯૯ | ૬.૯૩ | ૭ | ૬૬ | ૧.૧૫ | ૭ |
| ૭ | ધનસુરા–૧ | ૧ | ધનસુરા–૧, ૨,૩,૪,૫૬ | | | | | | | |
| | | | ભાગ–૨૩૩, ૨૩૪,૨૩૫, ૨૩૬,૨૩૭, ૨૩૮ | | | | | | | |
| | | | કુલ | ૬૬૬૦ | ૫૧૮ | ૭.૭૮ | ૪ | ૧૩૨ | ૧.૯૮ | ૪ |
| ૮ | ધનસુરા–૨ | ૧ | ધનસુરા–૭, ૮, ૯,૧૦,૧૧ ભાગ–૨૩૯, ૨૪૦,૨૪૧, ૨૪૨,૨૪૩ | | | | | | | |
| | | | કુલ | ૬૨૪૬ | ૪૭૯ | ૭.૬૭ | ૫ | ૫૧૮ | ૮.૨૯ | ૧ |
| ૯ | જામઠા | ૧ | જામઠા | ૧૭૩૪ | | | | | | |
| | | ૨ | મોટીવાવ | ૭૧૯ | | | | | | |
| | | ૩ | નાનીવાવ | ૫૧૨ | | | | | | |
| | | ૪ | રાજપુર | ૧૬૮૮ | | | | | | |
| | | ૫ | કનાલ | ૫૧૦ | | | | | | |
| | | ૬ | કંજોડીયા | ૨૬૬ | | | | | | |
| | | ૭ | બોરવાઈ | ૧૧૬૦ | | | | | | |
| | | ૮ | જામલપુર | ૩૬૧ | | | | | | |
| | | | કુલ | ૬૯૫૦ | ૧૩૮ | ૧.૯૯ | ૧૫ | ૧૪૭ | ૨.૧૨ | ૩ |
| ૧૦ | ખડોલ | ૧ | ખડોલ | ૨૩૧૩ | | | | | | |
| | | ૨ | સીમલી | ૧૦૮૨ | | | | | | |
| | | ૩ | કામલી | ૫૮૯ | | | | | | |
| | | ૪ | કરોલી | ૬૩૫ | | | | | | |
| | | ૫ | ચોગામડા | ૪૪૮ | | | | | | |
| | | ૬ | મોતીપુરા | ૧૧૪ | | | | | | |
| | | ૭ | સેંગીયાની રાયણ | ૩૯૪ | | | | | | |
| | | ૮ | ગોપાલપુરા | ૪૧૯ | | | | | | |
| | | ૯ | છેવાડીયા | ૩૬૫ | | | | | | |
| | | | કુલ | ૬૩૫૯ | ૫૯૨ | ૯.૩૧ | ૧ | ૨ | ૦.૦૩ | ૧૩ |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫(૩) | ૬(૧) | ૬(૨) | ૬(૩) |
| ૧૧ | રમાણા | ૧ | રમાણા | ૨૨૫૫ | | | | | | |
| | | ૨ | મલેકપુર | ૧૨૧૬ | | | | | | |
| | | ૩ | રૂપણ | ૬૮૩ | | | | | | |
| | | ૪ | કોલવડા | ૧૭૧૮ | | | | | | |
| | | | કુલ | ૫૮૭૨ | ૩૩૮ | ૫.૭૬ | ૯ | ૩ | ૦.૦૫ | ૧૨ |
| ૧૨ | રમોસ | ૧ | રમોસ | ૨૪૮૩ | | | | | | |
| | | ૨ | કીડી | ૯૪૪ | | | | | | |
| | | ૩ | કાશીપુરા | ૬૧૭ | | | | | | |
| | | ૪ | લાલપુર (શિણોલ) | ૧૧૯૪ | | | | | | |
| | | ૫ | અમોદરા | ૧૮૭૫ | | | | | | |
| | | ૬ | જશવંતપુરા | ૧૬૫ | | | | | | |
| | | | કુલ | ૭૨૭૮ | ૩૬૦ | ૪.૯૫ | ૧૧ | ૯૪ | ૧.૨૯ | ૬ |
| ૧૩ | શીકા | ૧ | શીકા | ૩૯૩૦ | | | | | | |
| | | ૨ | અંતીસરા | ૭૭૭ | | | | | | |
| | | ૩ | રહીયોલ | ૧૦૮૮ | | | | | | |
| | | | કુલ | ૫૭૯૫ | ૪૦૭ | ૭.૦૨ | ૬ | ૨૫ | ૦.૪૩ | ૧૦ |
| ૧૪ | શિણોલ | ૧ | શિણોલ | ૪૨૧૨ | | | | | | |
| | | ૨ | ભેંસાવાડા | ૧૩૪૭ | | | | | | |
| | | ૩ | દોલપુર(વડા) | ૧૪૮૧ | | | | | | |
| | | | કુલ | ૭૦૪૦ | ૩૩૭ | ૪.૭૯ | ૧૨ | ૨૩ | ૦.૩૩ | ૧૧ |
| ૧૫ | વડાગામ | ૧ | વડાગામ | ૬૨૮૯ | | | | | | |
| | | ૨ | જીતપુર(વડો) | ૧૧૮ | | | | | | |
| | | | કુલ | ૬૪૦૭ | ૩૫૭ | ૫.૫૭ | ૧૦ | ૪૪ | ૦.૬૯ | ૮ |

જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો
સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહીત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા
૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **અનુસૂચિત જાતિ** | | | |
| ૧૦ | ખડોલ | ૧ | અનુસૂચિત જાતિ |
| **અનુસૂચિત આદિજાતિ** | | | |
| **જાહેરનામામાં આ વર્ગ માટે કોઈ બેઠક ફાળવવામાં આવેલ નથી.** | | | |

નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે
Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

### રાજય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૨૯ – ૦૩ –૨૦૧૦

ક્રમાંક:રાચપ–ચટણ–સમક–નપા–લીંબડી–૨૦૧૦

લીંબડી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી– ૧૯૬/૨૦૦૪/એનપીબી–૧૩૨૦૦૪/૩૪૧૧(૪૮)આર, તા.૧૯/૦૪/૨૦૦૪ થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, લીંબડી શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે લીંબડી નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી.– ૨૫૬ ઓફ ૨૦૦૭ / એનપીએલ ૪૫૦૫–૨૦૮૭(૩૦) એમ તા. ૧૭/૦૯/૦૭ થી લીંબડી નગરપાલિકામાં અમુક વિસ્તારો ઉમેરવામાં આવેલ છે. આ રીતે લીંબડી નગરપાલિકામાં વિસ્તારો ઉમેરાતા તેના વોર્ડની સંખ્યામાં અને અનામત બેઠકોમાં કોઈ ફેરફાર થતો નથી.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩:૩૬૫૫: એમ. તા.૧૬-૩-૯૪ થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૪૦૦૭૧ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૪૫૨ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોડીનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૫ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૫ બેઠકો પૈકી ૨ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | અનુ.જાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૪૫૦૨ | ૧૩૭૯ | ૩૦.૬૩ |
| ૨ | ૧ | ૪૨૭૬ | ૧૦૯૬ | ૨૫.૬૩ |
| ૩ | ૨ | ૪૮૭૭ | ૧૨૩૩ | ૨૫.૨૮ |
| ૪ | ૯ | ૪૮૩૭ | ૮૮૮ | ૧૮.૩૬ |
| ૫ | ૪ | ૪૭૧૫ | ૮૩૫ | ૧૭.૭૧ |
| ૬ | ૫ | ૪૩૪૬ | ૭૨૦ | ૧૫.૫૭ |
| ૭ | ૬ | ૪૦૮૯ | ૬૫૫ | ૧૬.૦૨ |
| ૮ | ૭ | ૪૩૭૨ | ૧૮ | ૦.૪૧ |
| ૯ | ૮ | ૪૦૫૭ | ૧૩ | ૦.૩૨ |
| | કુલ | ૪૦૦૭૧ | ૬૮૩૭ | |

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૩, ૧, ૨, ૯ તથા ૪ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૩, ૧, ૯ અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૨ અને ૪ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩,૧,૨,૯ તથા ૪ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| વોર્ડ નંબર | બેઠક. |
|---|---|
| ૩ | અનુસૂચિત જાતિ |
| ૧ | અનુસૂચિત જાતિ. |
| ૨ | અનુસૂચિત જાતિ સ્ત્રી. |
| ૯ | અનુસૂચિત જાતિ |
| ૪ | અનુસૂચિત જાતિ સ્ત્રી. |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકામાં અનુસુચિત આદીજાતિ માટે અનામત બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

લીંબડી નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની કુલ વસ્તી | પછાતવર્ગની વસ્તી (અંદાજીત) | પછાતવર્ગની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪૫૦૨ | ૨૫૯૮ | ૫૭.૪૯ |
| ૨ | ૬ | ૪૦૮૯ | ૨૦૨૦ | ૪૯.૪૦ |
| ૩ | ૫ | ૪૩૪૬ | ૧૮૪૦ | ૪૨.૩૪ |
| ૪ | ૭ | ૪૩૭૨ | ૧૧૯૩ | ૨૭.૨૯ |
| ૫ | ૪ | ૪૭૧૫ | ૧૨૬૬ | ૨૬.૮૫ |
| ૬ | ૮ | ૪૦૫૭ | ૯૯૨ | ૨૪.૪૫ |
| ૭ | ૨ | ૪૮૭૭ | ૧૧૫૫ | ૨૩.૬૮ |
| ૮ | ૯ | ૪૮૩૭ | ૮૯૦ | ૧૮.૪૦ |
| ૯ | ૧ | ૪૨૭૬ | ૪૪૦ | ૧૦.૨૯ |
| | કુલ... | ૪૦૦૭૧ | ૧૨૩૮૪ | |

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૩, ૬ અને ૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે.જે પૈકી ત્રીજા ક્રમે વોર્ડ નં. ૫ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં. ૩ માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ વોર્ડ નં. ૬ અને ૫ માં પછાતવર્ગ ની બેઠક તથા વોર્ડ નં. ૩ માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવણી જરૂરી જણાય છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે

INDEX

| વોર્ડ નંબર | બેઠક |
|---|---|
| ૩ | પછાતવર્ગ સ્ત્રી |
| ૬ | પછાતવર્ગ |
| ૫ | પછાતવર્ગ |
| | |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ ( તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને લીંબડી નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજ્ય ચૂંટણી પંચ લીંબડી નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

( પી. એસ. શાહ ),
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

## અનુસુચિ – ૧

વોર્ડ નં. ૧ લીંબડી નગરપાલિકા સુરેન્દ્રનગર જિલ્લો

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિ ની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | (૪) | (૫) |
| ૧ | ૬ | ૬૭૦ | ૪૧ | ૦ | ૧ થી ૧૨૬ | મીની સ્ટીલ પ્લાન્ટ, રામકૃષ્ણવાલા ઈન્ડસ્ટ્રીઝ, શીવાંગી હાઈસ્કુલ |
| ૧ | ૫ | ૭૪૨ | ૦ | ૦ | ૧ થી ૨૧૨ | મુનીરાજેશ્રી નગર, રામકૃષ્ણનગર |
| ૧ | ૨ | ૫૯૯ | ૪૩૨ | ૬ | ૧ થી ૧૦૯ | ક્રિષ્ન નગર સોસાયટી, નવયુગ સોસાયટી |
| ૧ | ૧ | ૪૩૫ | ૦ | ૦ | ૧ થી ૧૦૪ | પ્રોફેસર સો., યોગી નગર |
| ૧ | ૪ | ૪૬૧ | ૧૨૧ | ૨૬ | ૧ થી ૬૦ | નર્મદા કવાર્ટસ, સરકારી વસાહત |
| ૧ | ૩ | ૬૪૪ | ૪૭૪ | ૪ | ૧ થી ૧૨૧ | નંદીગ્રામ સોસાયટી, કૃષ્ણનગર સોસાયટી |
| ૧ | ૧૦ | ૭૨૫ | ૨૮ | ૦ | ૧ થી ૧૨૯ | સ્વામીનારાયણ મંદિર, ગાયત્રી સો. પારસ નગર<br>હદ બહારનો છેલાભાઈ ની હોટલ પાછળ ની વસતી નેશનલ હાઈવે |
| | કુલ | ૪૨૭૬ | ૧૦૯૬ | ૩૬ | | |

- **હદનું વર્ણન :**
  **વોર્ડ નં. ૧**

લીંબડી શહેરી વિસ્તારના નેશનલ હાઈવે ૮/એ અમદાવાદ – રાજકોટ હાઈવેની દક્ષિણ તરફ આવેલ લીંબડી નગરપાલીકાની હદના રે.સ. નં. ૭૮૫/૧ થી શરૂ કરી ૮૮૫/૧ ના વાયવ્ય ખુણે થી ઉત્તર તરફે વોર્ડ નં. ૧ માં નવા ભળેલ સર્વે નંબર ૬૩૮, ૬૩૪/૨, ૪૦૦, ૫૧૩, ૫૧૩ ના ઈશાન ખુણેથી પુર્વ તરફ ૫૧૨, ૫૧૧, ૫૧૦, ૫૦૯, ૫૦૮, ૫૦૭, ૫૦૬, ૪૭૨, ૪૭૦, ૪૬૯, ૪૬૩, ૪૬૨, ૪૫૮, ૪૪૩, ૪૪૪, ૪૪૪ના ઈશાન ખુણે થી દક્ષિણ તરફ ૪૩૭, ૪૩૬, ૪૩૫, ૪૩૫ ના પુર્વ તરફના ૩૬૪, ૩૬૩, ૩૬૨, ૩૬૧, ૩૬૦/૧, ૩૫૯, ૩૫૮/૧, ૩૫૭, ૩૫૦, ૩૪૯, ૩૪૯ ના દક્ષિણ તરફ ૩૪૮, ૩૪૦ ૩૪૬ ના અગ્નિ ખૂણા સુધી થઈ ૩૪૬ ની પૂર્વ હદે દક્ષિણ તરફ જતાં રે.સ. નં. ૩૨૩, ૩૨૨, ૩૨૧, ૩૨૦, ૩૧૯ ભાઠીના હનુમાન અગ્નિ ખૂણે થઈ દક્ષિણ તરફની હદે પશ્ચિમ તરફની હદે જતાં રે.સ. નં. ૩૨૫, ૩૨૬, ૩૨૭, ૩૨૯, ૩૩૦ સુધી થઈ ૩૩૦ ના નૈઋત્ય ખૂણે થઈ પૂર્વ ની હદે દક્ષિણ દિશા તરફ જતાં કોલેજ, પી.ડબલ્યુ.ડી. સ્ટોર દિગ્વીજય બાગના અગ્નિ ખૂણે થઈ દક્ષિણની હદે પશ્ચિમ તરફ જતાં રે.સ. નં. ૧૪૧૦, દક્ષિણની હદે હદે ગેસ્ટહાઉસ તેની હદે હદે રે.સ. નં. ૭૯૧, ૭૯૦/૨, ૭૮૯, ૭૮૮, ૭૮૭, ૭૮૬, ૭૮૫/૧ હદ સુધી અને તેની અંદર આવતો નવી હદ સહિતનો તમામ વિસ્તાર.



INDEX

વોર્ડ નં. ૨

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિની વસતિ | અનુ. આદિ. જાતિની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | (૪) | (૫) |
| ૨ | ૬૮ | ૭૪૩ | ૫ | ૧ | ૧ થી ૧૪૮ | રાણી તળાવ, નવું બસ સ્ટેન્ડ, હરી દર્શન સોસાયટી |
| ૨ | ૯૨ | ૭૮૫ | ૦ | ૦ | ૨૯૦ થી ૫૧૨ | ચામુંડા પાર્ક, શિવ આશીષ સોસાયટી |
| ૨ | ૬૯ | ૭૯૨ | ૦ | ૦ | ૧ થી ૧૩૩ | ચરમાળીયા મંદિર, ઉમૈયા સોસાયટી, ભીમનાથ સોસાયટી, હાડકાવેણ મંદિર |
| ૨ | ૯૩ | ૫૫૯ | ૦ | ૦ | ૧૩૪ થી ૨૯૫ | ઉમૈયા સોસાયટી, સાંઈનાથ મંદિર, ઉમૈયા એસ.ટી.ડી., રાધાકૃષ્ણ હોટેલ, વિશ્વકર્મા સો. જી.ઈ.બી સબ સ્ટેશન કવાર્ટસ, સંજીવની હોટેલ |
| ૨ | ૭૦ | ૬૩૨ | ૨૫૭ | ૦ | ૧ થી ૧૪૮ | પ્રજાપતિ મંદિર, ભંગી વાસ, ચરમાળીયા મંદિર, રોનક બેકરી, જાજરૂ અને કુંભારપરા |
| ૨ | ૭૩ | ૬૭૮ | ૨૮૩ | ૦ | ૧ થી ૧૬૨ | ભંગી વાસ, રહેમત ભાગ, ફીદાઈ બાગ, સકીના બાગ, સંજીવની હોટેલ |
| ૨ | ૭૪ | ૬૮૮ | ૬૮૮ | ૦ | ૧ થી ૧૪૯ | વસાહત ખારો વાસ, મટન માર્કેટ, નાગભાઈ પાર્ક, |
| | કુલ | ૪૮૭૭ | ૧૨૩૩ | ૧ | | |

- **હદનું વર્ણન :**

**વોર્ડ નં. ૨**

લીંબડી શહેરી વિસ્તારના નેશનલ હાઈવે નં. ૮/એ, અમદાવાદ – રાજકોટ હાઈવેને ક્રોસ કરી લીંબડી નગર પાલીકાની હદના ઉતર તરફ આવેલ રે.સ.નં. ૨૭૮ ના ખુણેથી શરૂ કરી નવી હદના સર્વે નંબર ૨૮૪/૧, ૨૮૩, ૨૮૨, ૨૮૧/૧, ૨૮૦/૧, ૨૭૯, ૨૭૮ થઈ ૨૭૫, ૨૭૪, ૨૬૯, ૨૬૮, ૨૬૭, ૨૬૬, ૨૬૫, ૨૬૪, ૨૬૩, ૨૬૨/૧, ૨૬૦, ૨૬૦ના ઈશાન ખુણેથી દક્ષિણ તરફની હદે હદે ૨૫૯ જુની હદના ૨૫૮ થી ૨૫૮ની પૂર્વ ની હદે દક્ષિણ તરફ જતાં રે.સ. નં. ૨૧૮, ૨૧૬, ૨૧૫ ના અગ્નિ ખૂણે થઈ રે.સ. નં. ૨૧૫ ના દક્ષિણ ની હદે પશ્ચિમ તરફ જતાં રે.સ. નં. ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫ ની પશ્ચિમ તરફે જતાં હદે હદે ચમન બાગ, પોલીસ પરેડ ગ્રાઉન્ડ થઈ પશ્ચિમ તરફે રે.સ. નં. ૨૯૫, ૩૦૩, ૩૦૪/૧ ગાયત્રિ મંદિરના નૈઋત્ય ખૂણે થઈ પશ્ચિમ તરફની હદે હદે ઉતર તરફ જતાં રાણી તળાવ, રે.સ. નં. ૩૧૮, ૩૧૪, ૩૧૩, ૩૧૨, ૩૧૧, ૩૧૦, ૩૦૯, ૨૭૮ ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૩

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસ ના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિ ની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | (૪) | (૫) |
| ૩ | ૭૬ | ૪૬૯ | ૦ | ૦ | ૧ થી ૯૮ | ખાડીયા પરા, વચલા પરા, શંકરભાઈ રામજીભાઈનું મકાન |
| ૩ | ૭૭ | ૪૬૧ | ૦ | ૦ | ૧ થી ૧૧૯ | વાલજી મિસ્ત્રીનો ડેલો, ગાંડા લાલજીનું મકાન, લાતી પરા |
| ૩ | ૭૮ | ૪૧૦ | ૦ | ૦ | ૧ થી ૧૧૬ | સતવારાની ભોજન શાળા, મંદિર પરા, રતનશી ગંગારામનું મકાન |
| ૩ | ૮૦ | ૩૦૪ | ૦ | ૦ | ૧ થી ૮૨ | વચલા પરા, રાવળ વાડો |
| ૩ | ૮૨ | ૪૯૧ | ૪૯૧ | ૦ | ૧ થી ૮૯ | ખાખ ચોક સોસાયટી, પાનખાડ વિસ્તાર, ચમાર વાસ |
| ૩ | ૮૩ | ૭૦૭ | ૮૯ | ૦ | ૧ થી ૧૩૭ | સ્મશાન, ખાખ ચોક સોસાયટી, ખાટકી વાડ, ચમાર વાસ |
| ૩ | ૮૪ | ૬૮૬ | ૩૭૧ | ૦ | ૧ થી ૪૯ | પગી વાડ, ખાખ ચોક સોસાયટી, ખાટકી વાડ, ચમાર વાસ |
| ૩ | ૮૫ | ૯૭૪ | ૪૨૮ | ૦ | ૧ થી ૨૦૨ | વિવેકાનંદ સોસાયટી, બૈરાના વાડા, મોટા વણકર વાસ, ખાનભાઈનું મકાન |
| | કુલ | ૪૫૦૨ | ૧૩૭૯ | ૦ | | |

• હદનું વર્ણન :

લીબડી શહેરી વિસ્તારના નગરપાલીકા હદના રે.સ. નં. ૧૫૦/૨ ની વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં રે.સ. નં. ૧૫૨, ૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨/૨, ૧૮૪/૧, ૧૮૫/૧, ૫ ડી. ૬, ૪ ડી. ૭, ૨૦, ૧૮૮ના ઈશાન ખુણે થઈ પુર્વ તરફ ૧૮૯/૬, ૧૮૯/૫, ૧૮૯/૪, ૧૮૯/૨, ૧૮૯/૧ ના અગ્નિ ખુણે થઈ પુર્વ તરફ ૨૦૧, ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૧૪, ૨૧૩ ના ઈશાન ખૂણા થઈ રે.સ. નં. ૨૧૩ ની પૂર્વ તરફેની હદે હદે જતાં દક્ષિણ તરફે રે.સ. નં. ૨૧૨, ૨૧૧, ૨૧૦, નૈઋત્વ ખૂણા થઈ પશ્ચિમ તરફ ૨૦૯, ૨૦૫/૧, ૨૦૪/૧, ૨૦૪/૨, ૨૦૪/૩, ૨૦૪/૩ના નૈઋત્વ ખુણે થઈ નવી હદના ૧૩૯/૧, ૧૪૦/૨, ૧૩૯/૧, ૧૩૭/૦૧, નૈઋત્વ ખુણે થઈ દક્ષિણની હદે હદે રે.સ. નં. ૨,૩,૪,૬,૭, ૧૧,૧૨, ૬, ૧૫, ૧૬/૧, ૧૩૭/૪, ૧૪૫/૨, ૧૪૫/૩ , ૧૪૨૭/૪, ૧૪૨૭/૭, ૧૪૨૭/૮, ૧૪૨૭/૨૦, ૧૪,૧૩ પશ્ચિમ તરફ જતાં નાના હરીજન વાસના નૈઋત્ય ખૂણે થઈ પશ્ચિમ દિશાની હદે હદે ઉત્તર તરફ જતાં રાવળવાડો થઈ સથવારાની ભોજનશાળા થઈ જાંબુવાળાના મકાનના વાયવ્ય ખૂણા થઈ ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં પગીવાડ, રે.સ. નં. ૩, ૪, ૫, ના ઈશાન ખૂણે થઈ રે.સ. નં. ૪ની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં રે.સ. નં. ૧૫૬ ના વાયવ્ય ખૂણા થઈ રે.સ. નં. ૧૫૪ ની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં રે.સ. નં. ૬, ૫, ૪ ના નૈઋત્ય ખૂણે થઈ રે.સ. નં. ૪ ની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં રે.સ. નં. ૩, ૧૫૦/૨ ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૪

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિ ની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | (૪) | (૫) |
| ૪ | ૬૬ | ૫૮૧ | ૦ | ૦ | ૧ થી ૧૪૮ | ગણપત શંભુનો ખાંચો, ભીખા અલીનો ખાંચો |
| ૪ | ૬૩ | ૨૭૩ | ૦ | ૦ | ૧ થી ૯૯ | ખોજા શેરી, રાધેશ્યામ મંદિર, મદ્રેસા, સૈયદ મહોલ્લા |
| ૪ | ૬૧ | ૫૩૩ | ૦ | ૦ | ૧ થી ૧૮૬ | ખોજાખાના શેરી, ખારા કુવા રોડનું ઉતરનો ભાગ |
| ૪ | ૬૨ | ૩૧૧ | ૬ | ૦ | ૧ થી ૨૨૬ | માતમ ચોક, બળેવીયા કોઠા, ઝવેરીયા કુવો |
| ૪ | ૬૪ | ૩૯૬ | ૦ | ૦ | ૧ થી ૧૧૨ | પુરુષ સ્વામીનારાયણ મંદિર, દાવલશા શેરી, કણબી વાડ, હરસિધ્ધ માતાનું મંદિર |
| ૪ | ૬૫ | ૨૬૦ | ૦ | ૨ | ૧ થી ૮૦ | કણબી શેરી, ડૉ. બુચનું જુનુ દવાખાનું |
| ૪ | ૬૭ | ૨૯૧ | ૦ | ૦ | ૧ થી ૮૪ | ભીમનાથ મંદિર, શાળા નં. ૭, રાજ સ્મશાન |
| ૪ | ૭૫ | ૩૩૭ | ૪૯ | ૮ | ૧ થી ૧૧૨ | જેવાકેપોલીસ લાઈન, મોટા વાસ |
| ૪ | ૮૬ | ૪૧૧ | ૪૧૦ | ૧ | ૧ થી ૯૯ | ખાડીયા પરા, મોટો વાસ, |
| ૪ | ૮૭ | ૩૬૬ | ૨૭૯ | ૦ | ૧ થી ૧૦૦ | ગીગાદીન મહંમદનું મકાન, રામજી ટાભાનું મકાન |
| ૪ | ૮૮ | ૨૦૯ | ૯૧ | ૨૩ | ૧ થી ૯૬ | ટી.બી. કલીનીક તાલીમ કેન્દ્ર, આંખની હોસ્પીટલ, સરકારી હોસ્પીટલ |
| ૪ | ૭૧ | ૧૮૮ | ૦ | ૦ | ૧ થી ૫૪ | ભીમનાથ પરા, મગન મિસ્ત્રીનું ઘર |
| ૪ | ૭૨ | ૫૫૯ | ૦ | ૦ | ૧ થી ૧૩૫ | કણબી શેરી, ચમન બાગ, |
| | કુલ | ૪૭૧૫ | ૮૩૫ | ૩૪ | | |

**હદનું વર્ણન :**

લીંબડી શહેરી વિસ્તારના નગરપાલીકા હદના ધંધુકા – ધ્રાંગધ્રા સ્ટેટ હાઈવેને અડીને આવેલ નગરપાલીકાની માલીકીનું જુનું વલીસ નાકાની વાયવ્ય ખૂણે થઈ સ્ટેટ હાઈવે ક્રોસ કરી દોલત સાગર તળાવની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં બળેવીયા કોઠા થઈ તાલુકા શાળા નં. ૭ ખૂણે થઈ તેની ઉતર તરફ જતાં પોપટભાઈ ચીકુવાળાના મકાનની વાયવ્ય ખૂણે થઈ તેઓની મકાનની ઉતર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં વાઘરી વાડના ઈશાન ખૂણે થઈ વાઘરી વાડની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ પોલીસ પરેડ ગ્રાઉન્ડ બહાર રાખી તેના દક્ષિણ તરફના નૈઋત્ય ખૂણે થઈ ઉત્તર તરફની હદે હદે મગનભાઈ મિસ્ત્રીની દુકાન તેમજ મકાનની પૂર્વ તરફ જતાં પોલીસ પરેડ ગ્રાઉન્ડની બહાર રાખી તેના કંપાઉન્ડ વોલની એટલે કે, મગન મિસ્ત્રી ના મકાનની કમ્પાઉન્ડ વોલના અગ્નિ ખૂણે થઈ આર.આર. હોસ્પીટલની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં આર.આર. હોસ્પીટલની કમ્પાઉન્ડ વોલની ઈશાન ખૂણે થઈ આર.આર. હોસ્પીટલની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં આર.આર.હોસ્પીટલની અગ્નિ ખૂણે થઈ રે.સ. નં. ૧૪૯ ની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં રે.સ. નં. ૧૫૫ ની ઈશાન ખૂણે થઈ રે.સ. નં. ૧૫૫ ની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં રે.સ. નં. ૬ ની અગ્નિ ખૂણે થઈ રે.સ. નં. ૬ ની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં રે.સ. નં. ૭, ૨ સી.પી.આઈ. ના ઘરના નૈઋત્ય ખૂણે થઈ પશ્ચિમ ની હદે હદે ઉતર તરફે પોલીસ લાઈન ના જુના ગેઈટ સુધી રોડ ક્રોસ કરી ધરમશીભાઈના પાનના કેબીન થઈ દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં ચુડાવાળા કંદોઈની દુકાનના ખૂણે થઈ રોડ ક્રોસ કરી લક્ષ્મી સ્ટુડીયોના અગ્નિ ખૂણે થઈ લક્ષ્મી સ્ટુડીયોની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં સરોવરીયા ચોક, ભાડીયો કુવો નગરપાલીકા તરફથી ભાડે અપાયેલ દુકાનો તેમજ દોલતસાગર તળાવની દક્ષિણ તરફે નૈઋત્ય ખૂણે આવેલ બેઠક વાળી જગ્યા થઈ બેઠક ની પશ્ચિમ તરફ હદે હદે ઉત્તર તરફ જતાં નગરપાલીકા તરફથી નવી બંધાયેલ દુકાનો, આર. એન્ડ બી. તરફથી નવું બાંધવામાં આવેલ નાળુ અને જુના વલીસનાકાની વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર ૫

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિ ની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | (૪) | (૫) |
| ૫ | ૧૧ | ૪૬૪ | ૮ | ૦ | ૧ થી ૯૨ | જશેશ્વર મંદિર,કેદાર ભુવન |
| ૫ | ૧૨ | ૬૯૦ | ૦ | ૦ | ૧ થી ૧૧૭ | જુની તા.પંચાયત,ભરવાડ વાસ |
| ૫ | ૧૪ | ૫૮૬ | ૦ | ૮ | ૧ થી ૯૭ | સર.જે.મીડલ સ્કુલ,જગદીશ સોસાયટી |
| ૫ | ૭ | ૫૭૭ | ૦ | ૦ | ૧ થી ૧૨૯ | સૌ.કો.ઓ.મીલ, યશેશ્વર સોસાયટી, બી.આર. ભવન |
| ૫ | ૮ | ૫૧૨ | ૪૦૧ | ૧ | ૧ થી ૧૭૦ | મીલ કવાર્ટર |
| ૫ | ૯ | ૭૫૪ | ૩૩ | ૪ | ૧ થી ૧૬૮ | ફતેહસિંહજી જીન, પ્રકાશ જીન |
| ૫ | ૮૯ | ૭૬૩ | ૨૭૮ | ૮ | ૧ થી ૩૫૯ | ભાઠીના હનુમાન.મફતીયા પરા |
| | કુલ | ૪૩૪૬ | ૭૨૦ | ૨૧ | | |

• **હદનું વર્ણન :**

વોર્ડ નં. ૫

લીબડી શહેરી વિસ્તારના નગરપાલીકા હદના સૌરાષ્ટ્ર સ્પીનીંગ મીલની કમ્પાઉન્ડ વોલની વાયવ્ય ખૂણાથી સૌરાષ્ટ્ર સ્પીનીંગ મીલની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં સ્પીનીંગ મીલની કમ્પાઉન્ડ વોલ ના ઈશાન ખૂણા થઈ પૂર્વ તરફ મફતીયા પરાની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં જુના વલીસ નાકા થઈ ફતેહસીહજી જીનીંગ ની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં સ્વસ્તિક સોસાયટી, જી.કે. મંડળ, રમા નિવાસ, ડો. પરમાર નું દવાખાનું થઈ સર. જે. મીડલ સ્કૂલના અગ્નિ ખૂણે થઈ સર.જે. મીડલ સ્કૂલની દક્ષિણ તરફ ની હદે હદે પશ્ચિમ તરફ જતાં એસ.બી.એસ. રમત ગમતનું મેદાન અને અધ્યાપન મંદિરના નૈઋત્ય ખૂણા થઈ અઘાપન મંદિરની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં સૌરાષ્ટ્ર સ્પીનીગ મીલની વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.



INDEX

વોર્ડ નંબર ૬

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | | (૪) |
| ૬ | ૧૭ | ૬૬૮ | ૨૮ | ૦ | ૧ થી ૩૯ | તળાવ તથા નેશનલ હાઈવે ચુનારા વાઠ, રેલ્વે ક્વાર્ટસ |
| ૬ | ૯૦ | ૪૮૫ | ૪૩૫ | ૦ | ૧૪૦ થી ૨૨૮ | ઈંગ્લીશ સ્કુલ પાસે, ઈંગલીશ સ્કુલ સામેની હરીજન વસાહત |
| | | | | | | **શાંતિ નગર** |
| ૬ | ૧૮ | ૧૦૭૮ | ૧૮૬ | ૦ | ૧ થી ૧૯૧ | વિધાનગર સો. નશાબંધી ઓફીસ વાળો વિસ્તાર |
| ૬ | ૧૯ | ૫૦૯ | ૩ | ૦ | ૧ થી ૧૦૪ | શાંતિનગર |
| ૬ | ૨૦ | ૮૭૦ | ૦ | ૪ | ૧ થી ૧૯૦ | દિગ્ભુવન પેલેસ, મીહીર ટોકીઝ, બાલકૃષ્ણ નગર, ગીરીરાજ રો. હાઉસ, અવધપુરી, મેલડી મંદિર |
| ૬ | ૨૪ | ૪૭૯ | ૩ | ૪ | ૧ થી ૧૦૫ | જગદીશ આશ્રમ, કબીર આશ્રમ, ન.પા. વોટર વર્કસ |
| | કુલ | ૪૦૮૯ | ૬૫૫ | ૮ | | |

- **હદનું વર્ણન :**

**વોર્ડ નં. ૬**

લીંબડી શહેરી વિસ્તારના લીંબડી નગરપાલીકાની હદના રે.સ. નં. ૭૮૪ ના વાયવ્ય ખૂણાથી રે.સ. નં. ૭૮૪ ની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં રે.સ. નં. ૮૦૧, ૮૦૦, ૭૯૯, ૭૯૭, ૭૯૬, ૭૯૨ રેલવે સ્ટેશન ૮૫૬, ૮૫૫, ૮૫૭ વિપુલ કો.ઓ. સોસાયટી ના ઈશાન ખુણા થઈ વિપુલ સોસાયટી પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં રે.સ. નં. ૮૬૯ ના વાયવ્ય ખૂણે થઈ ૮૬૯ ની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં રે.સ. નં. ૮૭૦, ૮૭૧, ૮૭૨, ૮૭૮, ૮૭૯, ૮૮૦, ૮૮૩, ૮૮૫ થઈ કબીર આશ્રમના ઈશાન ખૂણે થઈ કબીર આશ્રમની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં જગદીશ આશ્રમના અગ્નિ ખૂણા સામે બહુચરાજીના મંદીર થઈ નદીના સામા કાંઠે સર્વે નંબર નવી હદના ૩, ૪૦૫,૨, ૧૩૮૪, ૧૩૮૬, ૧૩૮૫, ૧૩૭૮/૪, ૧૩૭૮/૫, ૧૩૭૮/૧, ૧૩૭૭, ૧૩૭૬, ૧૩૭૦, ૧૩૬૯, ૧૩૬૬, ૧૩૬૫, ૧૩૬૪/૫, ૧૩૬૧, ૧૩૬૦, ૧૩૬૦ ના દક્ષિણ તરફ ૧૩૫૦, ૧૩૫૨, ૧૩૫૧, ૧૩૫૧ ના દક્ષિણ તરફ ૯૩૪, ૯૩૪ ના પશ્ચિમ તરફના ઉત્તર દિશા તરફ ૯૩૩, ૯૩૨/૧, ૯૩૧, ૯૨૯, ૯૨૮ નદીના સામા કાંઠે, ૯૨૭, ૯૨૬; ૯૪૪ના પશ્ચિમ તરફ ૮૨૮, ૮૨૬, ૮૨૫, ૮૧૮, ૮૧૬, ૮૧૫, ૮૦૭, ૮૦૭ ના ઉત્તર તરફ હદે હદે ૮૦૯, ૮૦૯ના વાયવ્ય ખુણા થઈ ૮૦૧ ની દક્ષિણ તરફ થઈ ૭૮૪ સુધી અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૭

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસ ના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિ ની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | | (૪) |
| ૭ | ૨૧ | ૫૯૨ | ૬ | ૦ | ૧ થી ૧૧૦ | વિપુલ સલસાયટી, ગીરીરાજ રો. હાઉસ |
| ૭ | ૯૧ | ૬૦૨ | ૦ | ૦ | ૧૧૧ થી ૨૩૯ | અવધપુરી – ૧ |
| ૭ | ૨૨ | ૧૨૩ | ૦ | ૦ | ૧ થી ૬૦ | દેરાવાસી જૈન બોર્ડીંગ, પોસ્ટ ઓફીસ, બ્રાહમણ બોર્ડીંગ |
| ૭ | ૨૩ | ૩૨૮ | ૦ | ૦ | ૧ થી ૯૦ | જુનો ભરવાડ વાસ, ગઢની રાંગ |
| ૭ | ૨૫ | ૩૮૦ | ૪ | ૦ | ૧ થી ૮૯ | નરશી ટેકરી રામ ટેકરી |
| ૭ | ૨૬ | ૩૩૩ | ૮ | ૦ | ૧ થી ૭૫ | ગોવાળ મંદિર, માળી વાડ શેરી |
| ૭ | ૨૭ | ૪૬૩ | ૦ | ૦ | ૧ થી ૧૬૪ | જગન્નાથ મંદિર, બચુભાઈ પીંજારાનું ઘર, કણબી વાડ |
| ૭ | ૩૨ | ૪૩૩ | ૦ | ૦ | ૧ થી ૧૮૮ | મટુમાનો ખાંચો, રૂતુરાજ,માધવાનંદ આશ્રમ, રામનાથમંદિર,મોટા મંદિર,બોરડી વાળો ખાંચો |
| ૭ | ૩૪ | ૨૮૨ | ૦ | ૦ | ૧ થી ૧૩૨ | ગ્રીન ચોક, ખત્રીની વાડી, ગાંજાવાડ, ખત્રી વાડ |
| ૭ | ૩૩ | ૧૨૪ | ૦ | ૦ | ૧ થી ૪૫ | પલાણીયાપા, ગાંજાવાડ, ગ્રીનચોક |
| ૭ | ૩૫ | ૧૭૩ | ૦ | ૦ | ૧ થી ૧૯૧ | મોટા મંદિર રોડ, ઠાકુભાઈની ગલી, પ્રવિણભાઈ ચાંપાનેરીનું મકાન ,રોકડીયા હનુમાન મંદિર |
| ૭ | ૪૬ | ૩૬૮ | ૦ | ૦ | ૧ થી ૧૪૬ | સુ.ડી.કો.બેંક, મહેન્દ્ર જાદવનું મકાન, હવેલી મંદિર, હવેલી શેરી, સોનેજી ચા ઘર |
| ૭ | ૪૫ | ૧૭૧ | ૦ | ૦ | ૧ થી ૯૫ | સી.ટી. શાહનું મકાન, જી.ઈબી. વાળા કુમારનું મકાન, બાબુભાઈ પટેલનું મકાન |
| | કુલ | ૪૩૭૨ | ૧૮ | ૦ | | |

• હદનું વર્ણન :

વોર્ડ નં. ૭

લીબડી શહેરી વિસ્તારના નગરપાલીકા હદના દિગ્વીજય પેલેસના વાયવ્ય ખૂણાથી દિગ્વીજય પેલેસની ઉત્તર તરફની.હદે હદે પૂર્વ તરફ જતાં ગેસ એજન્સી, મીહીર ટોકીઝ, ગરાસીયા બોર્ડીંગ, હેડ પોસ્ટ ઓફીસ, હાઈસ્કૂલ, ગ્રીન ચોક થઈ રામનાથ સોનેજી ચા–ઘર થઈ ડીસ્ટ્રીકટ બેન્કના ઈશાન ખૂણે થઈ ડીસ્ટ્રીકટ બેન્કની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં ભરવાડ મેરાઈના મકાન થઈ ભોગાવો ક્રોસ કરી રે.સ. નં. ૨, ૧૩૯૮/૧ સરકારી ખરાબાના અગ્નિ ખૂણે થઈ સરકારી ખરાબાની દક્ષિણ તરફની હદે હદે સર્વે નં. ૭,૬,૩ ના અગ્નિ ખુણે થઈ પુર્વ તરફ નવી હદના સર્વે નં. ૧૨૫૦, ૧૨૪૯, ૧૨૩૭, ૧૨૩૯, ૧૨૩૮ , ૧૨૪૩, ૧૨૪૪, ૧૨૫૨, ૧૩૮૭, ૧૩૮૮ ના વાયવ્ય ખુણાથી ઉત્તર તરફ જતા ભોગાવો બહુચરાજી મંદિર, ગોપાળ માલધારી ટ્રસ્ટની ભોજનશાળા થઈ રોડ ક્રોસ કરી આઈસર ટ્રેકટરના અગ્નિ ખૂણે થઈ તેની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ રે.સ. નં. ૮૮૨, ૮૮૧, ૮૮૭, ૮૭૬, ૮૭૫, ૮૭૩ અને દિગ્વીજય પેલેસની કમ્પાઉન્ડ વોલના નૈઋત્ય ખૂણે થઈ દિગ્વીજય પેલેસ ની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં દિગ્વીજય પેલેસની કમ્પાઉન્ડ વોલના વાયવ્ય ખુણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૮

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિ ની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધ | બ્લોકના વિસ્તારની વિગત |
| (૧) | (૨) | (૩) | | | (૪) | (૫) |
| ૮ | ૨૮ | ૧૧૨ | ૦ | ૦ | ૧ થી ૨૦૫ | લુહાર સુતારની ભોજન શાળા, ભારાજ કોમ્પલેક્ષ, ડો. દિનેશનું દવાખાનું , અરિહંત કોમ્પ્લેક્ષ |
| ૮ | ૨૯ | ૩૫૩ | ૦ | ૦ | ૧ થી ૧૩૫ | શુકલપા, ગણેશનાથ મંદિર, રાજપુત સમાજની વાડી |
| ૮ | ૩૦ | ૨૯૧ | ૦ | ૦ | ૧ થી ૧૨૫ | જુની સોસાયટી વિસ્તાર |
| ૮ | ૩૧ | ૪૩૭ | ૦ | ૦ | ૧ થી ૧૪૪ | ગ્રીનચોક, જીવન વિકાસ બાલમંદિર, ચિત્રવાળો ખાંચો, જનકસિંહ ઉઘલનું ઘર, બહેનોનું સ્વામીનારાયણ મંદિર |
| ૮ | ૩૬ | ૩૦૧ | ૦ | ૦ | ૧ થી ૧૨૭ | જવાહર રેસ્ટોરનટ, મહાકાલી મંદિર, નકટીપા, આંબલીપા |
| ૮ | ૩૭ | ૩૮૨ | ૦ | ૦ | ૧ થી ૧૦૦ | નકટીપા, દેસાઈ વાડ, તળાવ મહોલ્લા, ડો. ચંદ્રશેખરનો ખાંચો |
| ૮ | ૩૯ | ૭૯ | ૪ | ૦ | ૧ થી ૩૨ | સરોવરીયા હનુમાન,ભાડીયો કુવો માધુભાનું ગેરેજ, જુનુ બસ સ્ટેનડ મહાવીર માર્કેટની દુકાનો, સેનટ્રલ ટોકીઝ સામેની દુકાનો, રાહદારી એચ. કે. કુમાર શાળા |
| ૮ | ૩૮ | ૩૪૫ | ૦ | ૦ | ૧ થી ૧૩૧ | અપસરા નોવેલ્ટી, ચંપાબેનનો ખાંચો, નકટીપા, ફતેલી દર્ગા, જુનુ બાલ મંદિર |
| ૮ | ૪૦ | ૧૧૩ | ૦ | ૦ | ૧ થી ૨૦૬ | વોરા વાડ, વોરા મસ્જીદ, |
| ૮ | ૪૧ | ૯૩ | ૦ | ૦ | ૧ થી ૮૯ | ભટ શેરી, |
| ૮ | ૪૨ | ૨૧૫ | ૦ | ૦ | ૧ થી ૧૨૯ | પીપળાપા, મહાલક્ષ્મી ચોક, ધનજીભાઈનો ચોક, મુળચંદ જીવરાજ શાળા |
| ૮ | ૫૭ | ૧૫૬ | ૦ | ૦ | ૧ થી ૧૧૪ | સોનીપા, મેલડીમાંનુ મંદિર, નાગબાઈના ઓરડા |
| ૮ | ૫૮ | ૧૦૦ | ૦ | ૦ | ૧ થી ૧૧૬ | શાક માર્કેટ રોડ, વૈદ શેરી, પાળીયા શેરી, મહાલક્ષ્મી ફર્ટી, પ્રાણભાઈનો ડેલો, છબીલ ગાંધીની ગલી, સોનીની વાડી, પંચનાથ મહાદેવ. |
| ૮ | ૫૯ | ૨૪ | ૦ | ૦ | ૧ થી ૧૪૨ | ગોપાલ રેસ્ટોરન્ટ, સરોવરીયા હનુમાન, મુર્હુત પોળ, અબ્બાસ એન્ડ કું ની દુકાન |

INDEX

| (૧) | (૨) | (૩) | | | (૪) | (૫) |
|---|---|---|---|---|---|---|
| ૮ | ૬૦ | ૧૨૨ | ૯ | ૦ | ૧ થી ૧૭૫ | સેન્ટ્રલ ટોકીઝ, શાક માર્કેટ, વોરા બ્રધર્સ, દેનાબેંક |
| ૮ | ૧૫ | ૨૧૭ | ૦ | ૨ | ૧ થી ૮૮ | વ્હાઈટ હાઉસ કોર્ટ બીલ્ડીગ, આંબેડકર પ્રતિમા, પેટ્રોલ પંપ |
| ૮ | ૧૬ | ૫૨૯ | ૦ | ૩ | ૧ થી ૧૨૬ | મનુભાઈ રાજ સ્ટુડીયા વાળાનું મકાન, શીવા માળીનું મકાન, સુંદર એપાટમેન્ટ, ડો. દોશીનું મકાન |
| ૮ | ૧૩ | ૧૮૮ | ૦ | ૩ | ૧ થી ૮૫ | હનુમાન પરા |
| | કુલ | ૪૦૫૭ | ૧૩ | ૮ | | |

**હદનું વર્ણન :**

**વોર્ડ નં. ૮**

લીબડી શહેરી વિસ્તારના નગરપાલીકા હદના ડો. આમ્બેડકર સાહેબના સ્ટેચ્યુની કમ્પાઉન્ડ વોલની વાયવ્ય ખૂણે થઈ સ્ટેચ્યુની કમ્પાઉન્ડ વોલની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં નવું કોર્ટ બીલ્ડીગ, વ્હાઈટ હાઉસ, રોડ ક્રોસ કરી શીવ મેડીકલ સ્ટોર ની દુકાનના વાયવ્ય ખૂણાથી દુકાનની ઉતર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં મહેન્દ્રસિંહની દુકાન, અરીહંત કોમ્પલેક્સ, લેકવ્યુ પ્લોટ, રાજપૂત સમાજની વાડી, એસ.ટી.નો જુનો પ્લોટ વોરા બ્રધર્સની દુકાન થઈ પટેલ ટ્રેડીગની દુકાનની ઈશાન ખૂણે થઈ પટેલ ટ્રેડીગની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં ગુણુભાઈ ભોયકાવાળાની દુકાન, જે.ટી. સ્કૂલ મેલડી માં નું મંદિર, ખંધારપા ચોક અગ્નિ ખૂણા થઈ ખંધારપા ચોકની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં મેલડી ઈલેક્ટ્રોનીક્સ શાળા નં. ૪ દરજીની દુકાન થઈ યાજ્ઞિક વકીલની મેડી થઈ ભાગ્યોદય પ્રેસ યોગી ઓટી પાટર્સ દુર્ગાદેવી ગેસ્ટ હાઉસ શંકર મહાદેવની દુકાન લીબડીયા હનુમાન થઈ હેમુભાઈની દુકાનના નૈઋત્ય ખૂણે થઈ આ દુકાનની પશ્ચિમ તરફની હદે હદે ઉતર તરફ જતાં જી.ઈ.બી. સ્ટોર, સફીક બીલ્ડીગ, પેટ્રોલ પમ્પ, નવી તાલુકા પંચાયત, ર્ડા. બાબા સાહેબ આંબેડકર સ્ટેચ્યુના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.



INDEX

વોર્ડ નં. ૯

| સુચિત નવીન વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબર | કુલ વસતિ | અનુ. જાતિ ની વસતિ | અનુ. આદિ. જાતિ ની વસતિ | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘરનંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | | | | | | (૪) |
| (૧) | (૨) | (૩) | | | | |
| ૯ | ૪૪ | ૪૧૮ | ૧૪ | ૦ | ૧ થી ૧૧૬ | કોઠા વાળા હનુમાન, અન્ન ગોડાઉન, ટાવર બંગલો, આઝાદ ચોક, અકલેશ્વર મહાદેવ, ડી.જી. ડીસ્પેનસરી, મારૂતિ નગર, જૈન ભોજનાલય, મહિલા મંડળ<br>નદી ના સામાં કાંઠે ખોડીયાર નગર, ચામુંડા નગર, કુબેર નગર |
| ૯ | ૪૩ | ૩૮૭ | ૨૪ | ૦ | ૧ થી ૧૩૧ | કંસારાની દુકાન ઉટડી જકાત નાકા, પાંજળા પોળ, દેવચંદ્રજી લાઈબ્રેરી |
| ૯ | ૫૬ | ૧૩૨ | ૦ | ૦ | ૧ થી ૧૨૬ | કંસારા બજાર, ગીધા કંદોઈનું ઘર, પાણીની ટાંકી |
| ૯ | ૪૭ | ૩૭૪ | ૧૫૦ | ૦ | ૧ થી ૮૮ | પુરી બાઈની ધર્મ શાળા, મોચી શાળ રોડ, |
| ૯ | ૫૫ | ૨૩૯ | ૦ | ૦ | ૧ થી ૧૩૪ | અજરાઅમર માર્ગ, ખંધારપા, ભરતભાઈ ડેલીવાળનું મકાન, મોટા ઉપાશ્રય, મોરભાઈનો ડેલો |
| ૯ | ૪૯ | ૫૪૦ | ૪૮ | ૦ | ૧ થી ૧૩૬ | ગોલારાણાની શેરી, ચોરાપા શેરી, લાધાજી પુસ્તકાલય |
| ૯ | ૫૪ | ૫૧૯ | ૪૦ | ૦ | ૧ થી ૧૬૭ | કડીયા મંદિર, બુટ માનું મંદિર, કાળાપા શેરી, મોચી વાડી |
| ૯ | ૪૮ | ૩૬૧ | ૦ | ૦ | ૧ થી ૬૧ | રૂવા વાળો ખાંચો, ચોરાપા મસ્જીદ, મોચી શાળા રોડ |
| ૯ | ૫૦ | ૨૫૯ | ૦ | ૦ | ૧ થી ૭૧ | બોરડી વાળો ખાંચો, આચાર્યપા, રૂવા વાળો ખાંચો, કડીયા મંદિર રોડ |
| ૯ | ૫૩ | ૧૬ | ૦ | ૦ | ૧ થી ૪૧ | જૈન ગેસ્ટ હાઉસ, શાક માર્કેટ પાછળનો રોડ, શીવાબા પૌષધ શાળા, |
| ૯ | ૫૨ | ૩૮૬ | ૩૪ | ૦ | ૧ થી ૧૪૦ | શાક માર્કેટ રોડ, કામદાર શેરી, જાફરની દુકાન, બહુચરાજી મદિર, આચાર્ય પા |
| ૯ | ૫૧ | ૧૬૦ | ૦ | ૦ | ૧ થી ૭૭ | ગાજાવાળી શેરી, ખારા કુવા રોડ, રામદેવ પીરની ગલી |
| ૯ | ૭૯ | ૪૭૦ | ૭૬ | ૦ | ૧ થી ૧૨૨ | સતવારાની ભોજન શાળછી, મંદિર પરુ |
| ૯ | ૮૧ | ૫૭૬ | ૫૦૨ | ૦ | ૧ થી ૧૪૦ | રાવળ વાડો, નાનો વાસ, જુના સ્મશાન રોડ, ચમાર વાસ |
| | કુલ | ૪૮૩૭ | ૮૮૮ | ૦ | | |

INDEX

• હદનું વર્ણન :

વોર્ડ નં. ૯

લીંબડી શહેરી વિસ્તારના નગરપાલીકા હદના બહુચરાજી મંદિરના વાયવ્ય ખૂણાથી મંદિરની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં ખારા કુવા થઈ ગુજરાત મોટર ડ્રાઈવીંગ સ્કૂલ ઓફીસના ઈશાન થઈ આ ઓફીસની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં બબનભાઈ ની ઘંટી થઈ કર્મા વુડ વર્કસ થઈ રોડ ક્રોસ કરી દયારામભાઈ મિસ્ત્રીના મકાનની નૈઋત્ય ખૂણે થઈ આ મકાનની ઉત્તર તરફની હદે હદે જતાં પગી વાડના ખૂણા થઈ પગી વાડની પર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં ખાખ'ચોક મંદિરના અગ્નિ ખૂણે થઈ ભોગાવો નદીના કાંઠે કાંઠે પૂર્વ તરફ ભોગાવો ક્રોસ કરી નવા હદના સર્વે નં. ૧૨૫/૩, ૧૨૩૫/૨, ૧૨૯, ૧૩૦/૨, ૧૩૦/૧, ૧૩૩, ૧૩૩, ૧૩૪/૨, ૧૩૬/૨ના ઈશાન ખુણા થઈ દક્ષિણ તરફ ૧૩૬/૧, ૧૧૦, ૧૦૮, ૯૮, ૯૭, ૯૫, ૯૪, ૯૨, ૯૧, ૯૦, ૮૯/૨, ૮૯/૧, ૨૬, ૨૫, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૨૧ ના નૈઋત્વ ખુણે થઈ ઉત્તર તરફ ૨૦, ૧૯, ૧૭, ૧૪, ભોગાવો ક્રોસ કરી મારૂતી નગર થઈ ડો. ધીરુભાઈના દવાખાના થઈ કોઠાવાળા હનુમાનના વાયવ્ય ખૂણે થઈ ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ દરબારગઢની દિવાલ ની ઈશાન ખૂણે થઈ પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં રતીલાલ છગનલાલ નું ઘર થઈ મનસુખલાલ માધવલાલની દુકાન થઈ બહુચરાજી મંદિરના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

**અનુસુચિ–૨**

**રાજ્ય ચૂંટણી પંચ**

**ગુજરાત રાજ્ય**

**સચિવાલય, ગાંધીનગર**

| | | |
|---|---|---|
| લીબડી નગરપાલિકાની કુલ વસ્તી | ૪૦૦૭૧ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૯ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસ્તી. | ૪૪૫૨ | સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૪૮૯૭<br>સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૪૦૦૭ |
| કુલ બેઠકોની સંખ્યા. | ૨૭ | |
| સ્ત્રી બેઠકો | ૯ | ૨ બેઠક અનુસૂચિત જાતિ<br>૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત. |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા. | ૫ | તે પૈકી ૨ સ્ત્રી. |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | - | તે પૈકી – સ્ત્રી |
| પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ સ્ત્રી. |
| કુલ અનામત બેઠકો. | ૧૪ | |
| સામાન્ય બેઠકો. | ૧૩ | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧ | ૪૨૭૬ | સામાન્ય | અનુસુચિત જાતિ | સામાન્ય |
| ૨ | ૨ | ૪૮૭૭ | અનુસુચિત જાતિ | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૩ | ૪૫૦૨ | પછાત વર્ગ | અનુસુચિત જાતિ | સામાન્ય |
| ૪ | ૪ | ૪૭૧૫ | અનુસુચિત જાતિ | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૪૩૪૬ | સામાન્ય | પછાત વર્ગ | સામાન્ય |
| ૬ | ૬ | ૪૦૮૯ | સામાન્ય | પછાત વર્ગ | સામાન્ય |
| ૭ | ૭ | ૪૩૭૨ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૮ | ૮ | ૪૦૫૭ | સામાનય | સામાન્ય | સામાન્ય |
| ૯ | ૯ | ૪૮૩૭ | સામાન્ય | અનુસુચિત જાતિ | સામાન્ય |
| કુલ. | | ૪૦૦૭૧ | | | |

**( પી. એસ. શાહ )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી પંચ**
**ગાંધીનગર**

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 162

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] THURSDAY, APRIL 1, 2010/ CAITRA 11, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

## રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯ છટ્ઠો માળ, સરદાર પટેલ ભવન

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૨૦૧૦.

ક્રમાંક: રાચપ–સમક–મોરબી–તા.પં.–૨૦૧૦.

### આદેશ

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ–૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી–૧૯૧– ૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪–૧૨૪૬–જ, તા.૨૬–૭–૯૪ તથા ક્રમાંક: કેપી–૨૩૦–૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪ –૧૯૬૮–જ, તા.૨૫–૧૦–૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: કેપીવી–૧૯–ડીસી–ઈએલસી–એલ–૫(૧૯) ટીપી–૨૦૧૦, તા.૨૫–૩–૨૦૧૦ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે અન્વયે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| રાજકોટ | મોરબી | ૨૩ | – | ૨ | – | – | ૧ | ૧ | ૭ | ૧૨ |

૨. વિકાસ કમિશનરશ્રીએ તાલુકા પંચાયત માટે કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજય ચૂંટણી પંચ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ–૧૬(૨) હેઠળ વિકાસ કમિશનરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૦૧ ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજય ચૂંટણી પંચે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજય ચૂંટણી પંચે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજય ચૂંટણી પંચને વૈધાનિક રીતે મળેલા છે. રાજય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી ( અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો–૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારુ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ– ૧૬(૨) અન્વયે રાજય ચૂંટણી પંચ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજય ચૂંટણી પંચે નામ આપવાનું રહે છે.
૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.
૩) જો કોઈ ગામ માટે એક કરતા વધુ મતદાર મંડળ રચવામાં આવ્યા હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૫ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં.૬ થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજય ચુંટણી પંચે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો " **સામાન્ય ક્રમાંક** " કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજય ચૂંટણી પંચે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ઘ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારીત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

INDEX

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ( તે વર્ગની મહિલા સહિત ) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં " શકય હોય ત્યાં સુધી " તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાયતો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી પંચે કરવી જોઈએ તેમ પંચ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતા થોડી છૂટછાટ પંચે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી પંચે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો–૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યુ છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી, પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં પંચે મોકળાશ આપી છે.

પંચ એ બાબતે સભાન છે કે, તાલુકા–જિલ્લા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ પંચે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી પંચ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારીત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી પંચે કલેકટરશ્રી પાસેથી માહીતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા પંચના અભિગમના સંદર્ભમાં કલેકટરશ્રીઓ પાસેથી મળેલી માહિતીનું પંચે મૂલ્યાંકન કરેલુ છે.

**રાજકોટ** જિલ્લાના **મોરબી** તાલુકાની વસતી ૧,૭૯,૪૪૨ છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૭૮૦૧ હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ ૮૯૭૧ તથા મહત્તમ ઘટ ૬૬૩૧ હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરુરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો પંચે નોધ્યા છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસતી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫ % છૂટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| ૧ | ૨ | ગાળા | ૬૫૭૦ | ૧.૫૩ ઘટ |

INDEX

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ૨૪૩(વ) (ક) તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઈએ રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર **રાજકોટ** જિલ્લાની **મોરબી** તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | બગથળા | | બગથળા | ૪૩૨૩ | | | | | | |
| | | | ખાખરાળા | ૨૪૪૪ | | | | | | |
| | | | બરવાળા | ૧૬૯૮ | | | | | | |
| | | | કુલ :– | ૮૪૬૫ | ૯૨૭ | ૧૦.૯૫ | ૭ | ૦ | ૦.૦૦ | ૧૪ |
| ૨ | ગાળા | | ગાળા | ૧૯૫૫ | | | | | | |
| | | | વાઘપર | ૧૭૭૨ | | | | | | |
| | | | પીલુડી | ૬૫૮ | | | | | | |
| | | | જસમતગઢ | ૬૪૧ | | | | | | |
| | | | સાપર | ૭૦૮ | | | | | | |
| | | | રાપર | ૮૩૬ | | | | | | |
| | | | કુલ :– | ૬૫૭૦ | ૪૩૦ | ૬.૫૪ | ૧૯ | ૦ | ૦.૦૦ | ૧૫ |
| ૩ | ઘુટું | | ઘુટું | ૬૪૯૮ | | | | | | |
| | | | ઉંચી માંડલ | ૧૦૪૭ | | | | | | |
| | | | શનાળા(ત) | ૬૬૫ | | | | | | |
| | | | કુલ :– | ૮૨૧૦ | ૯૧૮ | ૧૧.૮૮ | ૬ | ૩૩ | ૦.૪૩ | ૩ |
| ૪ | જાંબુડીયા | | જાંબુડીયા | ૪૨૦૯ | | | | | | |
| | | | લખધીરપુર | ૮૪૯ | | | | | | |
| | | | લાલપર | ૩૭૧૨ | | | | | | |
| | | | કુલ :– | ૮૭૭૦ | ૧૩૬૩ | ૧૫.૫૪ | ૨ | ૬૧ | ૦.૬૯ | ૨ |
| ૫ | જેતપર | | જેતપર | ૪૭૮૫ | | | | | | |
| | | | અણીયારી | ૧૧૪૫ | | | | | | |
| | | | ચકમપર | ૧૯૧૪ | | | | | | |
| | | | કુલ :– | ૭૮૪૪ | ૭૧૯ | ૯.૧૬ | ૧૦ | ૨૬ | ૦.૩૩ | ૪ |
| ૬ | જુના નાગડાવાસ | | જુના નાગડાવાસ | ૨૦૯૮ | | | | | | |
| | | | નવા નાગડાવાસ | ૯૦૩ | | | | | | |
| | | | બહાદુરગઢ | ૧૧૧૯ | | | | | | |
| | | | સોખડા | ૧૦૬૫ | | | | | | |
| | | | ગુંગણ | ૧૨૭૫ | | | | | | |
| | | | રવાપર (નદી) | ૧૩૭૦ | | | | | | |
| | | | કુલ :– | ૭૮૩૦ | ૪૮૬ | ૬.૨૦ | ૨૦ | ૪ | ૦.૦૫ | ૧૧ |
| ૭ | ખાનપર | | ખાનપર | ૩૬૮૮ | | | | | | |
| | | | ચાંચાપર | ૨૧૮૨ | | | | | | |
| | | | થોરાળા | ૧૭૬૯ | | | | | | |
| | | | કુલ :– | ૭૬૩૯ | ૫૯૦ | ૭.૭૨ | ૧૪ | ૦ | ૦.૦૦ | ૧૭ |
| ૮ | ખરેડા | | ખરેડા | ૩૦૯૬ | | | | | | |
| | | | વાંકડા | ૧૨૮૧ | | | | | | |
| | | | આંદરણા | ૧૯૫૮ | | | | | | |
| | | | જીકીયારી | ૨૨૯૮ | | | | | | |
| | | | કુલ :– | ૮૬૩૩ | ૬૫૪ | ૭.૫૭ | ૧૬ | ૨૫ | ૦.૨૮ | ૬ |
| ૯ | ખેવાળીયા | | ખેવાળીયા | ૧૮૭૧ | | | | | | |
| | | | માનસર | ૧૨૮૪ | | | | | | |
| | | | પીપળીયા | ૧૦૦૪ | | | | | | |
| | | | વનાળીયા | ૧૮૬૦ | | | | | | |
| | | | નારણકા | ૧૨૬૦ | | | | | | |
| | | | કુલ :– | ૭૨૭૯ | ૪૭૯ | ૬.૫૮ | ૧૮ | ૪ | ૦.૦૫ | ૧૨ |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧૦ | લીલાપર | | લીલાપર | ૨૮૮૬ | | | | | | |
| | | | લખધીરનગર | ૧૭૯૫ | | | | | | |
| | | | અદેપર | ૬૫૯ | | | | | | |
| | | | ઘુનડા(સ) | ૨૫૮૦ | | | | | | |
| | | | કુલ :— | ૭૯૨૦ | ૧૦૧૭ | ૧૨.૮૪ | ૪ | ૧૬ | ૦.૨૦ | ૮ |
| ૧૧ | લુંટાવદર | | લુંટાવદર | ૧૪૮૭ | | | | | | |
| | | | મોડપર | ૧૨૮૫ | | | | | | |
| | | | હજનાળી | ૧૦૮૯ | | | | | | |
| | | | વીરપરડા | ૧૧૪૨ | | | | | | |
| | | | બીલીયા | ૧૪૧૦ | | | | | | |
| | | | કાંતીપુર | ૬૨૦ | | | | | | |
| | | | કુલ :— | ૭૦૩૩ | ૪૭૫ | ૬.૭૫ | ૧૭ | ૩ | ૦.૦૪ | ૧૩ |
| ૧૨ | માધાપર (ઓ) | | માધાપર | ૪૯૪૭ | | | | | | |
| | | | અમરેલી ઓજી સાથે | ૩૬૨૧ | | | | | | |
| | | | કુલ :— | ૮૫૬૮ | ૬૫૨ | ૭.૬૧ | ૧૫ | ૦ | ૦.૦૦ | ૧૮ |
| ૧૩ | મહેન્દ્રનગર | | મહેન્દ્રનગર | ૩૭૯૩ | | | | | | |
| | | | મહેન્દ્રનગર (ઓજી) | ૨૬૦૪ | | | | | | |
| | | | ટીબડી | ૯૭૩ | | | | | | |
| | | | કુલ :— | ૭૩૭૦ | ૧૧૮૬ | ૧૨.૦૩ | ૫ | ૫૧ | ૦.૦૬ | ૧૦. |
| ૧૪ | મકનસર | | મકનસર | ૫૨૩૦ | | | | | | |
| | | | જોધપર નદી | ૨૦૦૦ | | | | | | |
| | | | કુલ :— | ૭૨૩૦ | ૭૫૭ | ૧૦.૪૭ | ૮ | ૨૪ | ૦.૩૩ | ૫ |
| ૧૫ | નાનીવાવડી | | નાનીવાવડી | ૩૬૩૮ | | | | | | |
| | | | જેપુર | ૯૫૯ | | | | | | |
| | | | ગોરખીજડીયા | ૧૧૨૩ | | | | | | |
| | | | ધરમપુર | ૧૨૭૪ | | | | | | |
| | | | કુલ :— | ૬૯૯૪ | ૬૩૬ | ૯.૦૯ | ૧૧ | ૧૬ | ૦.૨૨ | ૭ |
| ૧૬ | નવા સાદુરકા | | નવા સાદુરકા | ૪૩૨૩ | | | | | | |
| | | | જુના સાદુરકા | ૧૦૩૭ | | | | | | |
| | | | કેરાળા | ૧૦૦૭ | | | | | | |
| | | | હરીપર | ૭૬૬ | | | | | | |
| | | | કુલ :— | ૭૧૩૩ | ૬૦૪ | ૮.૪૬ | ૧૨ | ૦ | ૦.૦૦ | ૧૯ |
| ૧૭ | પંચાસર | | પંચાસર | ૩૦૯૧ | | | | | | |
| | | | માણેકવાડા | ૧૮૧૭ | | | | | | |
| | | | અમરાપર | ૭૨૨ | | | | | | |
| | | | નાગલપર | ૨૦૭ | | | | | | |
| | | | મોટી વાવડી | ૧૭૩૯ | | | | | | |
| | | | કુલ :— | ૭૫૭૬ | ૧૧૫૧ | ૧૫.૧૯ | ૩ | ૦ | ૦.૦૦ | ૨૦ |
| ૧૮ | પાનેલી | | પાનેલી | ૩૫૫૪ | | | | | | |
| | | | કાલીકાનગર | ૬૮૪ | | | | | | |
| | | | ગીડચ | ૪૦૮ | | | | | | |
| | | | નીચી માંડલ | ૨૨૪૨ | | | | | | |
| | | | કુલ :— | ૬૮૮૮ | ૫૭૧ | ૮.૨૮ | ૧૩ | ૦ | ૦.૦૦ | ૨૧ |
| ૧૯ | પીપળી | | પીપળી | ૨૭૦૨ | | | | | | |
| | | | રંગપર | ૨૦૨૨ | | | | | | |
| | | | બેલા | ૨૦૩૧ | | | | | | |
| | | | જીવાપર(ચ) | ૨૧૫૬ | | | | | | |
| | | | કુલ :— | ૮૯૧૧ | ૮૫૯ | ૫.૯૬ | ૨૧ | ૦ | ૦.૦૦ | ૧૬ |



INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૨૦ | રવાપરા | | રવાપરા | ૮૩૫૧ | | | | | | |
| | | | કુલ :– | ૮૩૫૧ | ૮૪ | ૧.૦૦ | ૨૩ | ૦ | ૦.૦૦ | ૨૨ |
| ૨૧ | શકત શનાળા | | શકત શનાળા | ૫૬૪૮ | | | | | | |
| | | | રાજપર | ૩૦૬૪ | | | | | | |
| | | | કુલ :– | ૮૭૧૨ | ૮૮૫ | ૧૦.૧૫ | ૯ | ૦ | ૦.૦૦ | ૨૩ |
| ૨૨ | ત્રાજપર–૧ | | ત્રાજપર વોર્ડ ૧ થી ૧૮ | ૮૩૦૧ | | | | | | |
| | | | કુલ :– | ૮૩૦૧ | ૮૬ | ૧.૦૩ | ૨૨ | ૯૨ | ૧.૧૦ | ૧ |
| ૨૩ | ત્રાજપર–૨ | | ત્રાજપર વોર્ડ ૧૯ થી ૨૩ | ૩૧૩૭ | | | | | | |
| | | | ભડીયાદ ઓજી સાથે | ૪૦૭૮ | | | | | | |
| | | | કુલ :– | ૭૨૧૫ | ૩૮૨૨ | ૫૪.૦૧ | ૧ | ૧૦ | ૦.૧૨ | ૯ |

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોકત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | **અનુસૂચિત જાતિ** | |
| ૨૩ | ત્રાજપર–૨ | ૧ | અનુસૂચિત જાતિ |
| ૪ | જાંબુડીયા | ૨ | અનુસૂચિત જાતિ |
| | | **અનુસૂચિત આદિજાતિ** | |
| | | પ્રકાર નથી. | |

GUJARAT LEGISLATIVE ASSEMBLY.



INDEX

ગુજરાત વિધાનસભા સચિવાલય

**અધિસૂચના**

વિઠ્ઠલભાઈ પટેલ ભવન,

ગાંધીનગર, તા. ૨૧,મી મે, ૨૦૧૦.

**નં.ગવસ/૭૯૦/સ-૧/૪૮(૫)/૭૮૮૪ :- ૧૨૮-કઠલાલ** મત વિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી **ગૌતમભાઈ જેસંગભાઈ ઝાલાનું તા.૧૭મી મે, ૨૦૧૦** ના રોજ અવસાન થયેલ છે. જેથી તા. ૧૭મી મે, ૨૦૧૦ ના રોજથી તે બેઠક ખાલી પડી છે.

**ડી.એમ. પટેલ**
સચિવ,
ગુજરાત વિધાનસભા.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 271 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] TUESDAY, MAY 25, 2010/JYAISTHA 4, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

રાજ્ય ચૂંટણી પંચ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી મે, ૨૦૧૦.

### સુધારા આદેશ

ક્રમાંક: રાચપ-ચટણ-મન-મમન-અ-નપ-નિમણૂંક-(૪)-પ૨૦૧૦-ક.- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (વ) (ક) સાથે વાંચતા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ ૮(૨) તથા (૩) તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો-૧૯૯૪ના નિયમ-૩(૨)થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી તરફથી તારીખ : ૯-૧-૧૯૯૫ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મન-મમન-અ-નિમણૂંક-૯૫ તથા તારીખ : ૧૪-૨-૧૯૯૫ના સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મન-મમન-અ-નિમણૂંક-૯૫ તથા તારીખ :૧૧-૯-૧૯૯૮ના સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મન-મમન-અ-નિમણૂંક-૯૮ થી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની મતદાર યાંદીઓ તૈયાર કરવા મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે નિયુક્તિ કરેલ છે.

નાયબ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, રાજકોટના તા. ૧૪-૫-૨૦૧૦ના પત્રથી રાજ્ય ચૂંટણી પંચના તા. ૯-૧-૯૫, તા. ૧૪-૨-૯૫, તથા તા. ૧૧-૯-૯૮ના આદેશથી જે મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવેલ તે પૈકીની કેટલીક જગ્યાઓ સેટઅપમાંથી નાબુદ થતાં તેમજ શહેરની હદ વધતાં કામગીરીના ભારણને ધ્યાનમાં રાખી નાયબ કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપલિકાના પત્રમાં સૂચવ્યા પ્રમાણે રાજકોટ મહાનગરપલિકાના વોર્ડોની વોર્ડવાર મતદાર યાદીઓ તૈયાર કરવા, સુધારવા, ફેરફાર કરવા, અદ્યતન બનાવવા, પ્રસિધ્ધ કરવા અને રાખવા માટે મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા નીચે મુજબના મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની નિયુકિત કરવા આદેશ કરવામાં આવે છે.



INDEX

| અ. નં | મહાનગરપાલિકાનું નામ | શહેરનું નામ | મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે નિયુકિત કરેલ અધિકારીનો હોદ્દો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રાજકોટ | રાજકોટ | નાયબ કાર્યપાલક ઈજનેર |
| ૨ | રાજકોટ | રાજકોટ | નાયબ ઈજનેર (પર્યાવરણ) |
| ૩ | રાજકોટ | રાજકોટ | લેબર ઓફિસર |
| ૪ | રાજકોટ | રાજકોટ | લો-ઓફિસર |
| ૫ | રાજકોટ | રાજકોટ | આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર |
| ૬ | રાજકોટ | રાજકોટ | ગ્રંથપાલ |
| ૭ | રાજકોટ | રાજકોટ | આસિસ્ટન્ટ મેનેજર |
| ૮ | રાજકોટ | રાજકોટ | ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ |
| ૯ | રાજકોટ | રાજકોટ | શોપ -ઈન્સ્પેકટર |

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

**પી. એસ. શાહ,**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 272

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] TUESDAY, MAY 25, 2010/JYAISTHA 4, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

### રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી મે, ૨૦૧૦.

### સુધારા આદેશ

વંચાણે લીધું :- (૧) રાજ્ય ચૂંટણી પંચના પરિપત્ર ક્રમાંક : ચટણ-મનપા-પીડીઇ-મતય-૧-૪૨૦૧૦-ક, તા. ૭-૪-૨૦૧૦.

(૨) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : ચટણ-મનપા-મતય-૧-૫૨૦૧૦-ક, તા. ૬-૫-૨૦૧૦.

ક્રમાંક : ચટણ-મ.ન.પા.-મતય-૧-૫૨૦૧૦-ક :- મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૮ તથા મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો-૧૯૯૪ના નિયમ ૪ થી ૭ હેઠળ રાજકોટ, ભાવનગર અને જુનાગઢ મહાનગરપાલિકાની સને ૨૦૦૯ની મૂળ ફોટાવાળી મતદારયાદી અને રાજ્ય ચૂંટણી પંચના તા. ૯-૨-૨૦૧૦ના આદેશ મુજબ તા. ૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા વંચાણ-૧ વાળા તા. ૭-૪-૨૦૧૦ના પરિપત્રથી સૂચનાઓ આપવામાં આવી હતી. એટલે વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ પ્રસિધ્ધ થયેલ ફોટાવાળી મતદારયાદીઓ ઉપરથી તથા તા. ૧-૧-૨૦૧૦ની પુરવણી મતદારયાદીઓ ઉપરથી રાજકોટ, ભાવનગર અને જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારના તમામ વોર્ડોની વોર્ડવાર/વિભાગવાર તા. ૧-૧-૨૦૦૯ની સ્થિતિએ ફોટા વાળી મતદારયાદીઓ તથા તા. ૧-૧-૨૦૧૦ની પુરવણી મતદારયાદીની પ્રસિધ્ધિ કરવા માટે રાજ્ય ચૂંટણી પંચના વંચાણ-૨ વાળા તા. ૬-૫-૨૦૧૦ના આદેશથી મતદારયાદી પ્રસિધ્ધ કરવા કાર્યક્રમ જારી કરવામાં આવેલ છે.

પરંતુ ભાવનગર મહાનગરપાલિકાની મતદાર નોંધ અધિકારીશ્રીની થયેલ રજુઆત તથા વહીવટી કારણોસર સમય મર્યાદામાં મહાનગરપાલિકાની મતદારયાદી તૈયાર થઇ શકેલ નથી. જે અંગેની રજુઆત ધ્યાને લઇ રાજકોટ, ભાવનગર અને જુનાગઢ મહાનગરપાલિકાની ૧-૧-૨૦૧૦ની સ્થિતિએ મતદારયાદી પ્રસિધ્ધ કરવા રાજ્ય ચૂંટણી પંચ નીચે મુજબ સુધારા કાર્યક્રમ નક્કી કરે છે.

| અ.નં. | વિગત | કાર્યક્રમ |
|---|---|---|
| ૧. | નિયમ-૪ અન્વયે કોમ્પ્યુટરાઇઝડ વોર્ડવાર/વિભાગવાર ૨૦૦૯ની મૂળ ફોટાવાળી મતદાર યાદી તથા ૨૦૧૦ની પુરવણી મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ | ૩૧-૦૫-૨૦૧૦ |
| ૨. | નિયમ-૬ અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ | ૨૩-૦૬-૨૦૧૦ |
| ૩. | નિયમ-૬ અન્વયે દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે આખરી નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ | ૦૨-૦૭-૨૦૧૦ |
| ૪. | કોમ્પ્યુટરાઇઝડ વોર્ડવાર/વિભાગવાર ૨૦૦૯ની તથા ૨૦૧૦ની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની તારીખ | ૦૭-૦૭-૨૦૧૦ |
| ૫. | નિયમ-૭(૧) અન્વયે કોમ્પ્યુટરાઇઝડ વોર્ડવાર/વિભાગવાર ૨૦૦૯ની મૂળ ફોટાવાળી મતદાર યાદી તથા ૨૦૧૦ની પુરવણી મતદારયાદીની આખરી પ્રસિધ્ધિની તારીખ. | ૧૫-૦૭-૨૦૧૦ |

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

**પી. એસ. શાહ,**
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 273

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] WEDNESDAY, MAY 26, 2010/JYAISTHA 5, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

### GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION (GERC)

**Procurement of Energy from Renewable Sources**

Notification No. 3 of 2010

In exercise of the powers conferred under sections 61, 66, 86 (1)(e) and 181 of the Electricity Act 2003 (36 of 2003) and all powers enabling it in that behalf, Gujarat Electricity Regulatory Commission hereby makes the following Regulations for promoting the sale of power from renewable energy sources to any person and for procurement of energy from renewable sources by distribution licensee within the State of Gujarat.

**1. Short Title, Extent and Commencement**

i. These Regulations shall be called the Gujarat Electricity Regulatory Commission (Procurement of Energy from Renewable Sources) Regulations, 2010.

ii. These Regulations extend to the whole of the State of Gujarat.

iii. These Regulations, excluding clause 8 shall come into force on the date of their publication in the Gazette.

iv. Clause 8 of these Regulations shall come into force from a date to be notified by the Commission separately.

**2. Definitions and Interpretation**

2.1 In these Regulations, unless the context otherwise requires –

(a) 'Act' means the Electricity Act, 2003 (Act 36 of 2003);

(b) 'Area of Supply' means the area within which a distribution licensee is authorized to supply electricity;

(c) 'Central Agency' means the agency operating the National Load Dispatch Centre or such other agency as the Central Commission may designate from time to time;

(d) 'Central Commission' means the Central Electricity Regulatory Commission referred to in sub-section (1) of section 76 of the Act;

(e) 'Certificate' means the renewable energy certificate issued by the Central Agency in accordance with the procedures laid down by it and under the provisions specified in the Central Electricity Regulatory Commission (Terms and Conditions for recognition and issuance of Renewable Energy Certificate for Renewable Energy Generation) Regulations, 2010;

(f) 'Commission' means Gujarat Electricity Regulatory Commission;

(g) 'Distribution Licensee' means a licensee authorized to operate and maintain a distribution system for supplying electricity to the consumers in his area of supply;

(h) 'Floor price' means the minimum price as determined by the Central Electricity Regulatory Commission in accordance with its (Terms and Conditions for recognition and issuance of Renewable Energy Certificate for Renewable Energy Generation) Regulations, 2010 at and above which the certificate can be dealt in the power exchange;

(i) 'Forbearance price' means the ceiling price as determined by the Central Electricity Regulatory Commission in accordance with it's (Terms and Conditions for recognition and issuance of Renewable Energy Certificate for Renewable Energy Generation) Regulations,2010 within which only the certificates can be dealt in the power exchange;

(j) 'MNRE' means the Ministry of New and Renewable Energy;

(k) 'Obligated entity' means the entity mandated under clause (e) of subsection (1) of section 86 of the Act to fulfil the renewable purchase obligation and identified under clause 3 of these Regulations;

(l) 'Person' shall include any company or body corporate or association or body of individuals, whether incorporated or not, or artificial juridical person;

(m) 'Power Exchange' means any exchange operating as the power exchange for electricity in terms of the orders issued by the Central Commission;

(n) 'Preferential tariff' means the tariff fixed by the Commission for sale of energy from a generating station based on renewable energy sources to a distribution licensee;

(o) 'Quantum of purchase' means percentage share of total purchase of electricity from renewable energy sources as specified in these Regulations. The quantum would be the sum of all direct purchases from generating stations based on renewable energy sources and purchase from any other licensee, which would arise from renewable energy sources;

(p) 'Renewable energy sources' in this context means nonconventional, renewable electricity generating sources such as mini/ micro hydel, wind, solar, biomass and bagasse based cogeneration, urban/municipal waste, or such other sources, (which are generally inexhaustible and can be replenished in a short period of time) as approved by the Ministry of New and Renewable Energy, Government of India or by the State of Gujarat;

(q) 'State' means the state of Gujarat;

(r) 'State agency' means the agency in the State of Gujarat to be designated by the Commission to act as the agency for accreditation and recommending the renewable energy projects for registration and to undertake functions under these Regulations;

(s) 'Supply', in relation to electricity, means the sale of electricity to a licensee or consumer;

(t) 'Year' means a financial year.

Words and expressions used and not defined in these Regulations but defined in the Act shall have the meanings assigned to them in the Act. Expressions used herein but not specifically defined in these Regulations or in the Act but defined under any law passed by a competent legislature and applicable to the electricity industry in the state shall have the meaning assigned to them by such law. Expressions used herein but not specifically defined in the Regulations or in the Acts or any law passed by a competent legislature shall have the meaning as is generally assigned in the electricity industry.

**2.2 Interpretation**

For the interpretation of these Regulations, unless the context otherwise requires:

a. words in the singular or plural term, as the case may be, shall also be deemed to include the plural or the singular term, respectively;

b. the terms "include" or "including" shall be deemed to be followed by "without limitation" or "but not limited to" regardless of whether such terms are followed by such phrases or words of like import;

c. references herein to the "Regulations" shall be construed as a reference to these Regulations as amended or modified by the Commission from time to time in accordance with the applicable laws in force;

d. the headings are inserted for convenience and may not be taken into account for the purpose of interpretation of these Regulations;

e. references to the statutes, Regulations or guidelines shall be construed as including all statutory provisions consolidating, amending or replacing such statutes, Regulations or guidelines, as the case may be, referred to.

**3. Applicability of Renewable Purchase Obligation**

These Regulations shall apply to:

(1) Distribution licensee

(2) Any other person consuming electricity (i) generated from conventional Captive Generating Plant having capacity of 5 MW and above for his own use and / or (ii) procured from conventional generation through open access and third party sale.

**4. Quantum of Renewable Purchase Obligation (RPO)**

4.1 Each distribution licensee shall purchase electricity (in kWh) from renewable energy sources, at a defined minimum percentage of the total consumption of its consumers including T&D losses during a year.Similarly, Captive and Open Access user(s) / consumer(s) shall purchase electricity (in kWh) from renewable energy sources, at a defined minimum percentage of his/her total consumption during a year.

The defined minimum percentages are given below in the Table 1.

Table 1

| Year | Minimum Quantum of purchase (in %) from renewable energy sources (in terms of energy in kWh) | | | |
|---|---|---|---|---|
| (1) | Total (2) | Wind (3) | Solar (4) | Biomass, bagasse and others (5) |
| 2010-11 | 5% | 4.5% | 0.25% | 0.25% |
| 2011-12 | 6% | 5.0% | 0.5% | 0.5% |
| 2012-13 | 7% | 5.5% | 1.0% | 0.5% |

If the above mentioned minimum quantum of power purchase from solar and other renewable energy sources is not available in a particular year, then in such cases, additional wind or other energy, over and above that shown in column 3 and 5, shall be utilized for fulfillment of the RPO in accordance with column 2.

Provided further that such obligation to purchase renewable energy shall be inclusive of the purchases, if any, from renewable energy sources already being made by the obligated entity concerned:

Provided also that the power purchases under the power purchase agreements for the purchase of renewable energy sources already entered into by the distribution licensees shall continue to be made till their present validity, even if the total purchases under such agreements exceed the percentage as specified hereinabove.

INDEX

4.2 The Commission may, *suo-motu* or at the request of a licensee, revise the percentage targets for a year as per clause 4.1 of these Regulations keeping in view supply constraints or other factors beyond the control of the licensee.

4.3 For the FY 2009-10, the RPO specified for the years 2008-09, vide Commission's Notification No.15 of 2005 shall be applicable.

4.4 The RPO specified for the Financial Year 2012-13 shall be continued beyond 2012-13 till any revision is effected by the Commission in this regard.

**5. Certificates under the Regulations of the Central Commission**

5.1 Subject to the terms and conditions contained in these Regulations, the Certificates issued under the Central Electricity Regulatory Commission's (Terms and Conditions for recognition and issuance of Renewable Energy Certificate for Renewable Energy Generation) Regulations, 2010 shall be the valid instruments for the discharge of the mandatory obligations set out in these Regulations for the obligated entities to purchase electricity from renewable energy sources.

Provided that in the event of the obligated entity fulfilling the renewable purchase obligation by purchase of certificates, the obligation to purchase electricity from generation based on renewable energy other than solar can be fulfilled by purchase of non-solar certificates and the obligation to purchase electricity from generation based on solar as renewable energy source can be fulfilled by purchase of solar certificates only. If solar certificates are not available in a particular year, then in such cases, additional non-solar certificates shall be purchased for fulfillment of the RPO in accordance with Table 1.

5.2 Subject to such direction as the Commission may give from time to time, the obligated entity shall act consistent with the Central Electricity Regulatory Commission's (Terms and Conditions for recognition and issuance of Renewable Energy Certificate for Renewable Energy Generation) Regulations, 2010 notified by the Central Electricity Regulatory Commission with regards to the procurement of the certificates for fulfillment of the Renewable Purchase Obligation under these Regulations.

5.3 The Certificates purchased by the obligated entities from the power exchange in terms of the regulation of the Central Commission mentioned in clause 5.1 of these Regulations shall be deposited by the obligated entities with the Commission within 15 days of the purchase.

**6. State Agency**

a) The Commission shall designate an agency as the State Agency for accreditation and recommending the renewable energy projects for registration and to undertake functions under these Regulations.

b) The State Agency shall function in accordance with the directions issued by the Commission and shall act in accordance with the provisions of the Central Electricity Regulatory Commission (Terms and Conditions for recognition and issuance of Renewable Energy Certificate for Renewable Energy Generation) Regulations, 2010.

c) The State Agency shall submit quarterly status to the Commission in respect of compliance of renewable purchase obligation by the obligated entities in the format as stipulated by the Commission and may suggest appropriate action to the Commission, if required, for compliance of the renewable purchase obligation.

d) The Commission may from time to time fix the remuneration and charges payable to the State Agency for discharge of its functions under these Regulations.

**7. Distribution Licensee**

7.1 Each distribution licensee shall indicate, along with sufficient proof thereof, the estimated quantum of purchase from renewable energy sources for the ensuing year in tariff/ annual performance review petition in accordance with Regulations notified by the Commission. The estimated quantum of purchase shall be in accordance with clause 4.1 of these Regulations of the approved power purchase quantity for the ensuing year(s). In the event of the actual consumption in the license area being different from that approved by the Commission, the RPO shall be deemed to have been modified in

accordance with clause 4.1. If the distribution licensee is unable to fulfil the obligation, the shortfall of the specified quantum of that year would be added to the specified quantum for the next year. However, credit for excess purchase from renewable energy sources would not be adjusted in the ensuing year.

7.2 Despite availability of renewable energy sources, if the distribution licensee fails to fulfil the minimum quantum of purchase from renewable energy sources, it shall be liable to pay compensation as per clause 9 of these Regulations.

**8. Captive and Open Access User(s)/ Consumer(s)**

8.1 The quantum of RPO mentioned in clause 4.1 shall be applicable to captive and open access user(s)/ consumer(s) from the date as would be notified in the Official Gazette.

8.2 Every Captive and Open access consumer(s)/ user(s) shall have to submit necessary details regarding total consumption of electricity and purchase of energy from renewable sources for fulfillment of RPO on yearly basis on or before 30th April to the State Agency.

8.3 Captive and Open Access Consumer(s)/ User(s) shall purchase renewable energy as stated in Table 1 of these Regulations. If the Captive user(s) and Open Access consumer(s) are unable to fulfil the criteria, the shortfall of the targeted quantum would attract payment of regulatory charge as per clause 9.

8.4 Captive/ Open Access consumer(s)/ User(s) may fulfil its RPO through the renewable energy certificate as provided in clause 5 above.

**9. Consequences of default**

9.1 If an obligated entity does not fulfil the renewable purchase obligation as provided in these Regulations during any year and also does not purchase the certificates, the Commission may direct the obligated entity to deposit into a separate fund, to be created and maintained by such obligated entity, such amount as the Commission may determine on the basis of the shortfall in units of RPO and the forbearance price decided by the Central Commission:

Provided that the fund so created shall be utilised, as may be directed by the Commission, partly for purchase of the certificates and partly for development of transmission infrastructure for evacuation of power from generating stations based on renewable energy sources.

Provided that the obligated entities shall not be authorized to use the fund created in pursuance of the above, without prior approval of the Commission;

Provided further that the Commission may empower an officer of the State Agency to procure from the Power Exchange the required number of certificates to the extent of the shortfall in the fulfillment of the obligations, out of the amount in the fund:

Provided also that the distribution licensee shall be in breach of its license condition if it fails to deposit the amount directed by the Commission within 15 days of the communication of the direction.

Provided that in case of any genuine difficulty in complying with the renewable purchase obligation because of non-availability of power from renewable energy sources or the RECs, the obligated entity can approach the Commission to carry forward the compliance requirement to the next year:

Provided further that where the Commission has consented to carry forward of compliance requirement, the provision regarding payment of regulatory charges as specified above shall not be applicable.

**10. Grid Connectivity**

10.1 Any person generating electricity from renewable energy sources, irrespective of installed capacity, shall have open access to any Licensee's transmission system and/or distribution system or grid as the case may be. On an application from such person, the transmission licensee or distribution licensee shall provide appropriate interconnection facilities, as far as feasible, before Commercial Operation Date of the renewable energy project. Such interconnection shall follow the grid connectivity Standards as specified in the Indian Standard Grid Code, State Grid Code and/or the manner prescribed by the Central Electricity Authority.

The STU/SLDC/Licensee shall make best efforts to strengthen the system to provide timely open access to transmit power from renewable energy sources.

**11. Cross-Subsidy**

Third Party Sale from renewable energy sources shall be exempted from the cross-subsidy surcharge determined by the Commission from time to time. However, no banking facility shall be provided for supply (third party sale) from renewable energy sources through open access. Further, ABT compatible interface metering system capable of energy accounting for each block of 15 minutes shall be provided at both supply as well and drawal point.

For third party sale, energy generation from renewable energy sources in each 15 minute time block shall be set off against the captive/ open access user(s) consumption in the same 15 minute time block.

**12. Power to remove difficulties**

**12.1** The Commission shall *suo motu* or on an application from any person generating electricity from renewable energy sources or a distribution licensee or captive user or open access consumer may review, add, amend or alter these Regulations and pass appropriate orders to remove any difficulty in exercising the provisions of these Regulations.

**13. Repeal**

13.1 The previous Regulation No.15 of 2005 dt. 29th October, 2005 is hereby repealed.

Sd/-
**SANJAY NANDAN AGRAWAL**
**SECRETARY**
Gujarat Electricity Regulatory Commission.

Place : Ahmedabad
Date : 17 April, 2010.

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

### નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળીની પ્રાપ્તિ ૨૦૧૦ના જાહેરનામા નં. ૩/૨૦૧૦

૨૦૦૩ ના વીજળી અધિનિયમ ૨૦૦૩નો અધિનિયમ ૩૬) ની કલમ ૬૧, ૬૬, ૮૬, (૧) (ઈ) અને ૧૮૧ અન્વયે મળેલી સત્તાઓ અને તે અંગે તેને શકિતમાન બતાવતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, નવીનકરણપાત્ર વીજળી સાધનોમાંથી પ્રાપ્ત વીજળીનું કોઈપણ વ્યકિત વેચાણ કરવા પ્રોત્સાહન આપવા અને ગુજરાત રાજ્યની અંદર વિતરણ પરવાનેદાર દ્વારા નવીનકરણપાત્ર સાધનોમાંથી વીજળી પ્રાપ્ત કરવા અંગેના નીચેના વિનિયમો અહીં કરે છે.

**૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ :**

(૧) આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનકરણપાત્ર) સાધનોમાંથી વીજળી પ્રાપ્તિ), વિનિયમો ૨૦૧૦ કહેવાશે.

(૨) આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્ય સુધી વ્યાપ્ત છે.

(૩) આ વિનિયમો ખંડ ૩ ને બાદ કરતાં રાજપત્રમાં તેથી પ્રસિધ્ધ થાય તે તારીખથી અમલમાં આવશે.

(૪) આ વિનિયમોનો ખંડ-૮ આયોગ અલગ રીતે જાહેર કરે તે તારીખથી અમલમાં આવશે.

**૨. વ્યાખ્યા અને અર્થઘટન :**

૨.૧ આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય : -

(ક) ''અધિનિયમ'' એટલે ૨૦૦૩ નો વીજળી અધિનિયમ (૨૦૦૩ નો ૩૬ મો અધિનિયમ)

(ખ) ''પુરવઠા વિસ્તાર'' એટલે વિતરણ પરવાનેદાર જ્યાં વીજળી પૂરી પાડવા અધિકૃત હોય તે વિસ્તાર

(ગ) ''કેન્દ્રીય સંસ્થા'' એટલે રાષ્ટ્રીય વીજભાર રવાનગી કેન્દ્રનું સંચાલન કરતી સંસ્થા અથવા કેન્દ્રીય આયોગ વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી અન્ય સંસ્થા.

(ઘ) ''કેન્દ્રિય આયોગ'' એટલે અધિનિયમની કલમ-૭૬ની પેટા કલમ (૧) માં ઉલ્લેખ કરેલ કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગ

(ચ) ''પ્રમાણપત્ર'' એટલે કેન્દ્રીય સંસ્થા દ્વારા ઠરાવેલ કાર્યપધ્ધતિ અનુસાર અને કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગ (નવીકરણપાત્ર વીજળી ઉત્પાદન માટે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર માન્ય કરીને આપવા અંગેની શરતો) વિનિયમો, ૨૦૧૦ માં નિર્દિષ્ટ જોગવાઇઓ અન્વયે સંસ્થાએ આપેલ નવીકરણપાત્ર વીજળી પ્રમાણ પત્ર

(છ) ''આયોગ'' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

(જ) ''વિતરણ પરવાનેદાર'' એટલે તેના પુરવઠાના વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવાની વિતરણ વ્યવસ્થાના સંચાલન અને જાળવણી કરવા અધિકૃત પરવાનેદાર

(ઝ) ''તળિયાના ભાવ'' એટલે કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગ દ્વારા તેના (નવીકરણપાત્ર વીજળી ઉત્પાદન માટે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર વીજળી ઉત્પાદન માટે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્રની માન્યતાને તે આપવા અંગેની શરતો) ૨૦૧૦ના વિનિયમો અનુસાર નક્કી કરાવેલ ન્યૂનતમ ભાવ, જે અન્વયે પ્રમાણપત્ર વીજળી વિનિયમોમાં હાથ ધરી શકાશે.

(છ) ''ફોરબેરન્સ પ્રાઇઝ'' એટલે કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગ, તેના ૨૦૧૦ના વિનિયમો અનુસાર (નવીકરણપાત્ર વીજળી ઉત્પાદન માટે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્રથી માન્યતા અને તે આપવા અંગેની શરતો) જે અન્વયે વીજળી વિનિયમો અનુસાર નક્કી કરવામાં આવે તે ટોચના ભાવ. જે અંતર્ગત માત્ર પ્રમાણપત્રો વીજળી વિનિયમ અંગે હાથ ધરી શકાશે.

(ઠ) MNRE એટલે નવીન અને નવીકરણપાત્ર ઉર્જા મંત્રાલય

(ડ) ''જવાબદાર હસ્તિ'' એટલે અધિનિયમની કલમ-૮૬ની પેટા કલમ(૧) ના ખંડ (ઇ) અન્વયે નવીકરણપાત્ર વીજળી ખરીદીની જવાબદારી પરિપૂર્ણ કરવા આદેશ અપાયેલ અને આ વિનિયમોના ખંડ-૩ અન્વયે મુકરર કરેલ હસ્તિ

(ઢ) ''વ્યકિત'' માં સંસ્થાપિત હોય ન હોય, તેવી કોઇપણ કંપની, કોર્પોરેટ સંસ્થા કે એસોસીએશન કે વ્યકિતઓની સંસ્થા અથવા કૃત્રિમ અદાવતી વ્યકિત

(ણ) ''વીજળી વિનિયમ'' એટલે કેન્દ્રીય આયોગે ઇશ્યૂ કરેલા આદેશોના સંદર્ભમાં વીજળી માટે વીજળી વિનિયમ તરીકે સંચાલિત કોઇપણ વિનિયમ (એક્સચેન્જ),

(ત) ''અગ્રાધિકાર પ્રશુલ્ક'' એટલે નવીકરણપાત્ર વીજળી પર આધારિત વીજ મથકમાંથી વીજળીનું વિતરણ પરવાનેદારો વેચાણ કરવા આયોગે નક્કી કરેલ પ્રશુલ્ક,

(થ) ''ખરીદીનો જથ્થો'' એટલે આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી વીજળીની કુલ ખરીદીનો ટકાવારી હિસ્સો જથ્થો એટલે નવીકરણપાત્ર વીજળી સાધનો પર આધારિત વીજ-મથકોમાંથી તમામ સીધી ખરીદી અને નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી ઉત્પન્ન અન્ય કોઇપણ પરવાનેદાર પાસેથી કરેલી ખરીદીનો સરવાળો થશે.

(દ) આ સંદર્ભમાં '' નવીકરણપાત્ર વીજળી સાધનો'' એટલે બિનપરંપરાગત, નવીકરણપાત્ર વીજળી ઉત્પાદન સાધનો, જેમકે મીની માઇક્રો હાઇડલ, પવન, સૌર્ય, બાયોમાસ અને બાયોગેસ આધારિત સહ-ઉત્પાદન, શહેરી/મ્યુનિસિપલ કચરો અથવા આ બીજાં સાધનો (જે સામાન્ય રીતે) જે વપરાઇ જતાં નથી અને ટૂંકા સમયમાં ફરીથી ભરાઇ જાય છે તેવાં નવીન અને નવીકરણપાત્ર ઉર્જા મંત્રાલય, ભારત સરકાર અથવા ગુજરાત રાજ્ય દ્વારા મંજૂર કર્યા મુજબનાં સાધનો :

(ધ) ''રાજ્ય'' એટલે ગુજરાત રાજ્ય

(ભ) ''રાજ્ય સંસ્થા'' એટલે નવીકરણપાત્ર વીજળી પરિયોજનાઓમાંથી નોંધણી માટે માન્યતા આપવા અને ભલામણ કરવા અને વિનિયમો હેઠળ કાર્યો હાથ ધરવાં સંસ્થા તરીકે કામ કરવા આયોગ દ્વારા નામ નિર્દિષ્ટ ગુજરાત રાજ્યની સંસ્થા,

(પ) વીજળીના સંબંધમાં ''પુરવઠા'' એટલે પરવાનેદાર કે ગ્રાહકને વીજળીનું વેચાણ

(ફ) ''વર્ષ'' એટલે નાણાંકીય વર્ષ.

આ વિનિયમોમાં વપરાયેલ અને વ્યાખ્યા ન અપાયેલ, પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દપ્રયોગોને અર્થ અધિનિયમોમાં તેને માટે નિર્દિષ્ટ કરાયેલ અર્થ રહેશે. અહીં વપરાયેલ પરંતુ વિનિયમો કે અધિનિયમોમાં વ્યાખ્યાની ન અપાયેલ પરંતુ સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ કોઇપણ કાયદા હેઠળ વ્યાખ્યા કરાયેલ અને રાજ્યમાં વીજળી ઉદ્યોગને લાગુ પડતા શબ્દપ્રયોગોનો અર્થ આવા કાયદામાં નિર્દિષ્ટ કરાયા મુજબનો અર્થ રહેશે. અહીં વપરાયેલ પરંતુ

વિનિયમો કે અધિનિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલ કાયદામાં ખાસ વ્યાખ્યા ન અપાઇ હોય તેવા શબ્દપ્રયોગોનો અર્થ, વીજળી ઉદ્યોગના સામાન્ય તથા નિર્દિષ્ટ હોય તે મુજબનો રહેશે.

**૨.૨ અર્થઘટન :**

સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય આ વિનિયમોનું અર્થઘટન નીચે પ્રમાણે થશે.

ક યથાપ્રસંગ એકવચન કે બહુવચન શબ્દોમાં, અનુક્રમે બહુવચન કે એકવચન શબ્દોનો સમાવેશ થતો હોવાનું ગણવામાં આવશે.

ખ "સમાવિષ્ટ" અથવા "સહિત" શબ્દો, આવા શબ્દો પછી આયાત જેવા શબ્દો કે વાકયાંશો આવે કે કેમ તે લક્ષમાં લીધા વિના "મર્યાદા રહિત" અથવા "તેટલા પૂરતું મર્યાદિત નથી" એમ આવતા હોવાનું ગણવામાં આવશે.

ગ "વિનિયમો" ને લગતા અહીં આપેલા સંદર્ભોના અર્થ, અમલમાં હોય તે કાયદા અનુસાર આયોગ દ્વારા વખતોવખત ફેરફાર કે સુધારો કરાય તે પ્રમાણે આ વિનિયમોને લગતા સંદર્ભ તરીકે કરવામાં આવશે.

ઘ શીર્ષકો અનુકૂળતા માટે આપ્યા છે અને તેને આ વિનિયમોના અર્થઘટનના હેતુ માટે વિચારણામાં લઇ શકાશે નહીં.

ચ કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને લગતા સંદર્ભો, યથાપ્રસંગ આવા કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને એકત્રિત કરતી, સુધારણા કરતી કે ફેરબદલી કરવી વૈધાનિક જોગવાઇઓનો સમાવેશ કરતા હોવાનું ગણાશે.

**૩. નવીકરણપાત્ર ખરીદી જવાબદારીની પ્રયોજ્યતા :**

આ વિનિયમો લાગુ પડશે.

(૧) વિતરણ પરવાનેદાર

(૨) (૧) ૫ મે.વો. અને તેથી વધુ ક્ષમતા ધરાવતા પરંપરાગત કેપ્ટિવ વીજ ઉત્પાદન પ્લાન્ટમાંથી તેના પોતાના ઉપયોગ માટે ઉત્પાદિત અને/અથવા (૨) ખુલ્લા પ્રવેશથી અને ત્રીજા પક્ષકારના વેચાણ મારફત પરંપરાગત વીજ ઉત્પાદનમાંથી મેળવેલ વીજળીનો વપરાશ કરનાર બીજી કોઇપણ વ્યકિત

**૪. નવીકરણપાત્ર વીજળી ખરીદીના જથ્થાની જવાબદારી :**

૪.૧ દરેક વિતરણ પરવાનેદાર, વર્ષ દરમ્યાન પ્રવાહન અને વિતરણ ઘટ સહિત તેના વપરાશકારોના કુલ વપરાશથી નિયત ન્યૂનતમ ટકાવારીએ, નવીકરણપાત્ર ઉર્જા સાધનોમાંથી વીજળી (કિ. વો. કલાકમાં) ની ખરીદી કરશે.

તે જ પ્રમાણે, કેપ્ટિવ અને ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા(ઓ)/ગ્રાહકો વર્ષ દરમ્યાન તેની/તેણીની નિયત ન્યૂનતમ ટકાવારીએ નવીકરણપાત્ર ઉર્જા સાધનોમાંથી વીજળીની (કિ. વો. કલાકમાં) ખરીદી કરશે.

નિયત ન્યૂનતમ ટકાવારી કોઠા -૧ માં નીચે દર્શાવી છે.

કોઠો-૧

| વર્ષ | નવીકરણપાત્ર ઉર્જા સાધનોમાંથી ખરીદીને (૦ % માં) ન્યૂનતમ જથ્થો (કિ. વો. કલાકમાં) વીજળીના સંદર્ભમાં | | | |
|---|---|---|---|---|
| | કુલ | પવન | સૌર્ય | બાયોમાસ, બાયોગેસ અને અન્ય |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૨૦૧૦-૧૧ | ૫ % | ૪.૫ % | ૦.૨૫ % | ૦.૨૫ % |
| ૨૦૧૧-૧૨ | ૬ % | ૫.૦ % | ૦.૫ % | ૦.૫ % |
| ૨૦૧૨-૧૩ | ૭ % | ૫.૫ % | ૧.૦ % | ૦.૫ % |

ચોક્કસ વર્ષમાં સૌર્ય અને અન્ય નવીકરણપાત્ર ઉર્જા સાધનોમાંથી ખરીદીનો ઉપર્યુકત ન્યૂનતમ જથ્થો ન મળી શકે તો પછી આવા કેસોમાં ખાના ૩ અને ૫ માં દર્શાવ્યા ઉપરાંત વધારાની પવન કે અન્ય ઉર્જાનો ખાના-૨ અનુસાર નવીકરણપાત્ર ખરીદીની જવાબદારી પરિપૂર્ણ કરવા ઉપયોગમાં લેવાશે.

પરંતુ આવી નવીકરણપાત્ર વીજળી ખરીદવાની જવાબદારીમાં સંબંધિત જવાબદારીવાળી હસ્તિ દ્વારા નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી કોઇ ખરીદી કરાય તો તેનો સમાવેશ થશે.

પરંતુ, વિતરણ પરવાનેદારોએ, નવીનીકરણપાત્ર વીજળી સાધનોથી ખરીદી માટે કરેલ વીજ ખરીદી સમજૂતિઓ અન્વયે વીજળીની ખરીદી, તેની વર્તમાન કાયદેસરતા રહે ત્યાં સુધી, આવી સમજૂતિઓ હેઠળની કુલ ખરીદી અહીં ઉપર નિર્દિષ્ટ કર્યા મુજબની ટકાવારી કરતાં વધી જાય તો પણ ચાલુ રહેશે.

૪.૨ આયોગ પરવાનેદારની વિનંતીથી આયોગ, સ્વયં, પુરવઠા અવરોધો તથા પરવાનેદારના કાબૂ બહારના અન્ય પરિબળો ધ્યાનમાં રાખીને આ વિનિયમોના ખંડ ૪.૧ અનુસાર વર્ષ માટે ટકાવારીના લક્ષ્યાંકમાં ફેરફાર કરી શકશે.

૪.૩ ૨૦૦૯-૧૦ ના નાણાકીય વર્ષ માટે આયોગના ૨૦૦૫ના જાહેરનામા નં. ૧૫ અન્વયે ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે નિર્દિષ્ટ RPO લાગુ પડશે.

૪.૪ ૨૦૧૨-૧૩ના નાણાકીય વર્ષ માટે નિર્દિષ્ટ નવીકરણપાત્ર વીજ-ખરીદી જવાબદારી, આ અંગે આયોગ દ્વારા કોઇ ફેરફાર અમલમાં ન મૂકાય ત્યાં સુધી ૨૦૧૨-૧૩ પછી પણ ચાલુ રહેશે.

**૫. કેન્દ્રીય આયોગ વિનિયમો અન્વયે પ્રમાણપત્ર :**

૫.૧ આ વિનિયમોમાં સમાવિષ્ટ શરતોને અધીન રહીને, કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગના (નવીકરણપાત્ર વીજળી ઉત્પાદન માટે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્રની માન્યતા અને તે આપવા અંગેની શરતો) વિનિયમો ૨૦૧૦, નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી વીજળી ખરીદવાની જવાબદાર હસ્તિઓ માટે આ વિનિયમોમાં ઠરાવેલ આદેશાત્મક જવાબદારીઓ બજાવતા, કાયદેસર દસ્તાવેજ તરીકે ગણાશે.

પરંતુ જવાબદારી ધરાવનાર હસ્તિઓ પ્રમાણપત્રોથી ખરીદી દ્વારા નવીકરણપાત્ર ખરીદીની જવાબદારી પરિપૂર્ણ કરે તેવા કેસમાં, સૌર્ય સિવાય અન્ય નવીકરણપાત્ર વીજળી પર આધારિત ઉત્પાદનમાંથી વીજળી ખરીદવાની જવાબદારી, બિન-સૌર્ય, પ્રમાણપત્રમાંથી ખરીદી દ્વારા પરિપૂર્ણ કરી શકાશે અને નવીકરણપાત્ર વીજળી સાધન તરીકે સૌર્ય પર આધારિત ઉત્પાદનમાંથી વીજળીની ખરીદી માત્ર સૌર્ય પ્રમાણપત્ર ખરીદીને જ પરિપૂર્ણ કરી શકાશે. ચોક્કસ વર્ષમાં સૌર્ય પ્રમાણપત્રો ઉપલબ્ધ ન હોય તો આવા કેસોમાં, કોઠાના-૧ અનુસાર RPO ની પરિપૂર્ણતા માટે વધારાના બિન-સૌર્ય પ્રમાણપત્રો ખરીદવામાં આવશે.

૫.૨ આયોગ વખતોવખત આપે તેવા આદેશોને અધીન રહીને, જવાબદારીવાળી હસ્તિ, આ વિનિયમો અન્વયે નવીકરણપાત્ર ખરીદી જવાબદારી પરિપૂર્ણ કરવા પ્રમાણપત્રોની પ્રાપ્તિ કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગ દ્વારા જાહેર કરાયેલ કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગના (નવીકરણપાત્ર વીજળી ઉત્પાદન માટે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્રની માન્યતા અને તે આપવા અંગેની શરતો) વિનિયમો, ૨૦૧૦ સાથે સુસંગત રહીને કામ કરશે.

૫.૩ આ વિનિયમોના ખંડ ૫.૧ માં દર્શાવેલ કેન્દ્રિય આયોગના વિનિયમના સંદર્ભમાં જવાબદારીવાળી હસ્તિઓએ પાવર એક્ષ્ચેન્જમાંથી ખરીદેલ પ્રમાણપત્રો, જવાબદારીવાળી હસ્તિઓ ખરીદીના ૧૫ દિવસની અંદર આયોગ પાસે અનામત મૂકશે.

**૬. રાજ્ય સંસ્થા :**

(ક) નવીકરણપાત્ર વીજળી પરિયોજનાઓની માન્યતા અને તેની ભલામણ કરવા અને આ વિનિયમો હેઠળ કાર્યો હાથ ધરવાં આયોગ રાજ્ય સંસ્થા તરીકે એક સંસ્થા નામ નિર્દિષ્ટ કરશે.

(ખ) રાજ્ય સંસ્થા, આયોગે આપેલા આદેશો અનુસાર કામ કરશે અને કેન્દ્રીય વીજળી નિયંત્રણ આયોગ (નવીકરણપાત્ર વીજળી ઉત્પાદન માટે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્રની માન્યતાઓ તે આપવા અંગેની શરતો) વિનિયમો, ૨૦૧૦ ની જોગવાઇઓ અનુસાર કામ કરશે.

(ગ) રાજ્ય સંસ્થા, આયોગને, તેણે નિયત કરેલા ઢાંચામાં જવાબદારીવાળી હસ્તિ દ્વારા નવીકરણપાત્ર ખરીદી જવાબદારીના પાલન અંગેની સ્થિતિ દર ત્રણ મહિને રજૂ કરશે તથા નવીકરણપાત્ર ખરીદી જવાબદારીના પાલન માટે જરૂરી જણાય તો આયોગને યોગ્ય પગલાં સૂચવશે.

INDEX

(ઘ) આયોગ, આ વિનિયમો અન્વયે રાજ્ય સંસ્થાએ બજાવવાનાં કાર્યો માટે તેને ચૂકવવાપાત્ર વળતર અને ચાર્જ વખતો-વખત નક્કી કરશે.

**૭. વિતરણ પરવાનેદાર :-**

૭.૧ દરેક વિતરણ પરવાનેદાર, આયોગ જાહેર કરેલ વિનિયમો અનુસાર આગામી વર્ષ માટે, પ્રશુલ્ક/વાર્ષિક કામગીરી સમીક્ષા પીટિશનમાં નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી ખરીદીનો અંદાજી જથ્થો, તેની પૂરતી સાબિતી સાથે દર્શાવશે. ખરીદીનો અંદાજીત જથ્થો, આગામી વર્ષ (વર્ષો) માટે મંજૂર કરેલ વીજળી ખરીદી જથ્થાના આ વિનિયમોના ખંડ ૪.૧ અનુસાર રહેશે. લાઈસન્સના વિસ્તારમાં ખરેખરો વપરાશ, આયોગે મંજૂર કર્યો હોય તે કરતાં જુદો હોય તેવા પ્રસંગે, ખંડ ૪.૧ અનુસાર નવીકરણપાત્ર ખરીદી જવાબદારીમાં ફેરફાર કર્યો હોવાનું ગણવામાં આવશે. વિતરણ પરવાનેદાર જવાબદારી પરિપૂર્ણ કરી શકે તેમ ન હોય તો, તે વર્ષના નિર્દિષ્ટ જથ્થાની ઘટ, આગામી વર્ષના નિર્દિષ્ટ જથ્થામાં ઉમેરવામાં આવશે. આમ છતાં નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી અતિશય ખરીદીની જમા-નોંધ આગામી વર્ષમાં સમાયોજિત કરાશે નહીં.

૭.૨ નવીકરણપાત્ર વીજળી સાધનોની પ્રાપ્યતા છતાં, વિતરણ પરવાનેદાર નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી ન્યૂનતમ જથ્થાની ખરીદી પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જાય તો તે આ વિનિયમોના ખંડ-૧ અનુસાર વળતર ચૂકવવા જવાબદાર બનશે.

**૮. કેપ્ટિવ અને ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા(ઓ)/ ગ્રાહક (ગ્રાહકો) :-**

૮.૧ ખંડ ૪.૧ માં દર્શાવેલ RPO નો જથ્થો, સરકારી રાજ્યપત્રમાં જાહેર કરાય તે તારીખથી કેપ્ટિવ અને ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા(ઓ)/ગ્રાહકો(કો) ને લાગુ પડશે.

૮.૨ દરેક કેપ્ટિવ અને ખુલ્લા પ્રવેશના ગ્રાહક(કો)/ વપરાશકર્તા(ઓ) અને, રાજ્ય સંસ્થાને ૩૦મી એપ્રિલ કે તે પહેલાં વાર્ષિક ધોરણે, RPO ની પરિપૂર્ણતા માટે નવીકરણપાત્ર સાધનોમાંથી વીજળીની ખરીદી અને વીજળીના કુલ વપરાશની કુલ વપરાશની જરૂરી વિગતો રજૂ કરવાની રહેશે.

૮.૩ કેપ્ટિવ અને ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા(ઓ)/ગ્રાહક(ઓ), આ વિનિયમોના કોઠા-૧માં દર્શાવ્યા પ્રમાણે નવીકરણપાત્ર વીજળીની ખરીદી કરશે. કેપ્ટિવ વપરાશકર્તા(ઓ) અને ખુલ્લા પ્રવેશના ગ્રાહક(કો) માપદંડ પરિપૂર્ણ ન કરી શકે તો, લક્ષ્યાંકિત જથ્થાની ઘટ માટે ખંડ-૧ અનુસાર નિયંત્રક ચાર્જની ચુકવણી કરવાની રહેશે.

૮.૪ કેપ્ટિવ / ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા(ઓ)/ગ્રાહક(કો) ઉપરના ખંડ-૬ માં જોગવાઈ કર્યા પ્રમાણે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર મારફત તેના RPO પરિપૂર્ણ કરી શકશે.

**૯. કસૂરનાં પરિણામો :-**

૯.૧ જવાબદાર હસ્તિ કોઈપણ વર્ષ દરમ્યાન જોગવાઈ કર્યા પ્રમાણે નવીકરણપાત્ર ખરીદી જવાબદારી પરિપૂર્ણ ન કરે અને પ્રમાણપત્રો ન ખરીદે તો આયોગ જવાબદાર હસ્તિને ફરમાવી શકે કે તેણે ઉભા કરવાના જાળવવાના અલગ ફંડમાં, આયોગ RPO ના એકમોનાં ઘટને આધારે નક્કી કરે તેટલી રકમ અને કેન્દ્રીય આયોગ દ્વારા નક્કી કરાયેલ ફોરબેરેન્સ રકમ અનામત મૂકે.

પરંતુ આ રીતે ઉભા કરેલ ફંડનો ઉપયોગ, આંશિક પ્રમાણપત્રો ખરીદવા અને આંશિક નવીકરણપાત્ર વીજળી સાધનો પર આધારિત વીજ ઉત્પાદન મથકોમાંથી વીજળી ખાલી કરવા પ્રવાહન પૂર્વજરૂરી માળખું વિકસાવવા આયોગ ફરમાશે જે મુજબ કરશે.

પરંતુ જવાબદાર હસ્તિ, આયોગની પૂર્વમંજૂરી વિના ઉપરના અનુસંધાનમાં ઉભા કરેલ ફંડનો ઉપયોગ કરવાની સત્તા રહેશે નહીં.

પરંતુ આયોગ, ફંડની રકમમાંથી જવાબદારીને પરિપૂર્ણ કરવામાં પડેલી ઘટના પ્રમાણમાં પાવર એક્ષચેન્જમાંથી જોઈતી સંખ્યાનાં પ્રમાણપત્રો મેળવતા રાજ્ય સંસ્થાના અધિકારીને સત્તા આપી શકે.

પરંતુ વિતરણ પરવાનેદાર, આદેશ આપ્યાના ૧૫ દિવસની અંદર આયોગ ફરમાવેલ રકમ અનામત મૂકવામાં નિષ્ફળ જાય તો તે લાઈસન્સની શરતનો ભંગ ગણાશે.

પરંતુ નવીકરણપાત્ર વીજળી સાધનો કે REC પાસેથી વીજળી ન મળવાને કારણે નવીકરણપાત્ર ખરીદી જવાબદારીનું પાલન કરવાના કોઈ સાચી મુશ્કેલી હોય તો, જવાબદાર હસ્તિ, બીજા વર્ષની પાલન જવાબદારી આગળ ખેંચવા આયોગનો સંપર્ક કરી શકશે.

પંરતુ વધુમાં, આયોગ પાલનની આવશ્યકતા આગળ ખેંચવાની સંમતિ આપી હોય ત્યાં ઉપર નિર્દિષ્ટ કરેલ નિયંત્રક ચાર્જની ચુકવણી અંગેની જવાબદારી લાગુ પડશે નહીં.

**૧૦. ગ્રિડ જોડાણ :**

૧૦.૧ સ્થાપિત શકિતને લક્ષમાં લીધા વિના કોઈ વ્યકિત નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી વીજળી ઉત્પન્ન કરતી હોય તો તેને, યથાપ્રસંગ કોઈપણ પરવાનેદારની પ્રવાહન સિસ્ટમ અને/અથવા વિતરણ સિસ્ટમ અથવા ગ્રિડમાં ખુલ્લો પ્રવેશ મળી રહેશે. આવી વ્યકિત પાસેથી અરજી મળતાં, પ્રવાહન જે વિતરણ પરવાનેદાર, નવીકરણપાત્ર વીજળી પરિયોજનામાંથી વાણિજ્યત સંચાલનની તારીખ પહેલાં, શકય હોય તેટલા પ્રમાણમાં યોગ્ય આંતર-જોડાણ પૂરૂં પાડશે. આવું આંતર-જોડાણ કર્યા બાદ ભારતીય માનક ગ્રિડ સંહિતા, રાજય ગ્રિડ સંહિતા અને / અથવા કેન્દ્રીય વીજળી તંત્ર દ્વારા ઠરાવેલી રીતે પ્રમાણે ગ્રિડ જોડાણ ધોરણો અનુસરવાના રહેશે.

STU/SLDC/ પરવાનેદાર, નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી વીજળીનું વહન કરવા સમયસર ખુલ્લો પ્રવેશ પૂરો પાડવા સિસ્ટમને સંગીન કરવાના ઉત્તમ પ્રયત્નો કરશે.

**૧૧. ક્રોસ સબસીડી :-**

નવીનકરણપાત્ર વીજળી સાધનોમાંથી ત્રીજા પક્ષકારના વેચાણને, આયોગના વખતોવખત નક્કી કરે કે ક્રોસ સબસીડી સરચાર્જમાંથી મુક્ત રાખશે.

આમછતાં, ખુલ્લા પ્રવેશ મારફત નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી પુરવઠા માટે (ત્રીજા પક્ષકારને વેચાણ) કોઈ બેન્કિંગ સુવિધા અપાશે નહીં. ૧૫ મિનિટમાં દરેક બ્લોક માટે વીજળી હિસાબ કરવા સક્ષમ ABT સુસંગત ઈન્ટરફેઝ મીટરીંગ સિસ્ટમ પુરવઠો તેમજ ઉપાડના એમ બંને સ્થળોએ પૂરી પડાશે.

ત્રીજા પક્ષકારને વેચાણ માટે, ૧૫ મિનિટના દરેક સમય બ્લોકમાં નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી વીજળી ઉત્પાદનો, તે જ ૧૫ મિનિટના સમય બ્લોકમાં કેપ્ટિવ/ખુલ્લા પ્રવેશ વપરાશકર્તાના વપરાશ સામે મજરે આપવામાં આવશે.

**૧૨. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા :-**

૧૨.૧ આયોગ સ્વયં અથવા નવીકરણપાત્ર વીજળી સાધનોમાંથી વીજળી ઉત્પન્ન કરનાર કોઈ વ્યકિત પાસેથી અથવા પરવાનેદાર કે કેપ્ટિવ વપરાશકર્તા કે ખુલ્લા પ્રવેશના ગ્રાહક પાસેથી અરજી મળ્યેથી આ વિનિયમોની સમીક્ષા, ઉમેરો, સુધારો કે ફેરફાર કરશે અને આ વિનિયમોની જોગવાઈઓ અમલી બનાવવામાં પડતી કોઈપણ મુશ્કેલીઓ દૂર કરવા યોગ્ય ઉદેશો પસાર કરશે.

**૧૩. રદ કરવું :-**

૧૩.૧ તા. ૨૯ ઓકટોબર, ૨૦૦૮ નો અગાઉનો વિનિયમ નં. ૧૫ અહીં રદ કરવામાં આવે છે.

**સ્થળ : અમદાવાદ**

**તારીખ : ૧૭ એપ્રિલ, ૨૦૧૦**

**સહી/-**

**સંજય નંદન અગ્રવાલ,**

સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 274 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] WEDNESDAY, MAY 26, 2010/JYAISTHA 5, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**ELECTION COMMISSION OF INDIA**

Dated the 27th April, 2010
7 Vaisakha, 1932 (SAKA)

**Notification**

No. 429/GJ/2008-In pursuance of the provisions of sub-section (1) of section 13B of the Representation of the People Act, 1950 (43 of 1950), the Election Commission hereby directs that the following amendment shall be made in the Notification No. 429/GJ/2008 (1) dated 12th May, 2008 as amended from time to time relating to the appointments of Electoral Registration Officer for Assembly Constituencies in the State.

In column 2 of the Table appended to the said Notification for the existing entry in column 2 against items No. 45 the following entry shall be substituted:-

**Table**

| No. & Name of Assembly Constituency | Electoral Registration Officer |
|---|---|
| 1 | 2 |
| 45-Naranpura | Special Land Acquisition Officer, (ONGC), Ahmedabad. |

By Order

**BERNARD JOHN**
Secretary,
Election Commission of India



INDEX

## ELECTION COMMISSION OF INDIA

Dated the 27th April, 2010
7 Vaisakha, 1932 (SAKA)

## Notification

No. 429/GJ/2008-In exercise of the powers conferred by sub-section (1) of section 13C of the Representation of the People Act, 1950 (43 of 1950) the Election Commission hereby directs that the following amendment shall be made in the Notification No. 429/GJ/2008 (2) dated 12th May, 2008 as amended from time to time relating to the appointments of Assistant Electoral Registration Officer for Assembly Constituencies in the State.

2. In column 2 of the Table appended to the said Notification for the existing entry in column 2 against items No. 68 and 70 the following entries shall be substituted:-

**Table**

| No. & Name of Assembly Constituency | Assistant Electoral Registration Officer |
|---|---|
| 1 | 2 |
| 68-Rajkot East | City Survey Superintendent-1 City Survey Office, Rajkot. |
| 70-Rajkot South | Mamlatdar Entertainment, Collector Office, Rajkot. |

By Order

**BERNARD JOHN**
Secretary,
Election Commission of India

---

Government Central Press, Gandhinagar.

Extra No. 275

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] TUESDAY, JUNE 1, 2010/JYAISTHA 10, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

રાજય ચૂંટણી પંચ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૧૦.

**રાજકોટ જિલ્લાની કોટડા સાંગાણી તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની ફાળવણી સહિત) ની રચના અંગેનો સુધારાત્મક પ્રાથમિક આદેશ.**

**વંચાણમાં લીધાં :** રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક-રાચપ-સમક-કોટડા સાંગાણી-તાપં-૨૦૧૦ તા.૮-૩-૨૦૧૦

**ક્રમાંક: રાચપ-સમક-કોટડા સાંગાણી-તા.પં.-પ૨૦૧૦.**

૧. ભારતના બંધારણનાં અનુચ્છેદ ૨૪૩(ક) ની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ માર્ગદર્શન, નિયંત્રણ રાખવાનું તથા તેના સંચાલનની કામગીરી રાજય ચૂંટણી પંચમાં વિહીત થયેલ છે.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોની જોગવાઈ મુજબ રાજયની તાલુકા / જિલ્લા પંચાયતોના મતદાર મંડળોની રચના, મતદારયાદી તૈયાર કરાવવા તથા ચૂંટણી કરાવવા અંગેના અધિકાર રાજય ચૂંટણી પંચને વિહીત થયેલ છે.

૩. સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબના આંકડા પ્રસિધ્ધ થતા વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના અધિકાર પરત્વે રાજયની તાલુકા/જિલ્લા પંચાયતોના મતદાર મંડળોની (અનામત બેઠકો સહિત) સંખ્યા નકકી કરવામાં આવેલ છે. આ મતદાર મંડળોની સંખ્યા નિયત થયા મુજબ રાજય ચૂંટણી પંચે વંચાણ-૧ વાળા તા.૮-૩-૨૦૧૦ ના આદેશથી રાજકોટ જિલ્લાની કોટડા સાંગાણી તાલુકા પંચાયતના મતદાર મંડળોની અનામત બેઠક ફાળવણી સહિતનો આદેશ પ્રસિધ્ધ કરેલ છે.

૪. પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦- ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા.૧૦-૫-૨૦૧૦ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો-૨૦૧૦ પ્રસિધ્ધ કરેલ છે.આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોનો મતદાર મંડળો અનુસૂચિત

જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજય ચૂંટણી પંચ શકય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરી બેઠકો ફાળવણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.નિયમ-૫ ની જોગવાઈ મુજબ રાજય ચૂંટણી પંચે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકની ફાળવણી તે આખરી સ્વરૂપ આપતા પહેલા લોકો પાસેથી તે અંગેના સુચનો મંગાવશે અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૪૩ મા) ના હેતુઓ માટે માન્ય કરેલ રાજકીય પક્ષો સાથે વિચાર વિનિમય કરશે. તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. પંચાયત વિભાગના તા.૧૦-૫-૨૦૧૦ ના જાહેરનામાથી નિયમ-૪ અને નિયમ-૫ માં થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજય ચૂંટણી પંચ નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો નકકી કરે છે.

(ક) ૨૪ જિલ્લા પંચાયત, ૨૦૮ તાલુકા પંચાયતોની ઓકટોબર-૨૦૧૦ માં સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવનાર હોવાથી સમય મર્યાદાને ધ્યાને લઈ નિયમ તેમજ કાયદાની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણીમાં શકય હોય ત્યાં સુધી કરવામાં આવેલ છે.

(ખ) બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવેલ છે. (ગામના આંતરીક ફેરફારોને ધ્યાનમાં લેવામાં આવેલ નથી.)

(ગ) અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય તો ઉતરતા ખાસ ક્રમમાં ત્યાર પછીના ક્રમે આવતા અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિના મતદાર મંડળમાં સ્ત્રીને પ્રથમ પસંદગી આપી બેઠક ફાળવવામાં આવેલ છે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય તેના પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મતદાર મંડળમાં સ્ત્રીને પ્રથમ પસંદગી આપી બેઠક ફાળવવામાં આવેલ છે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી ચૂંટણી વખતે સ્ત્રી અનામત ન આવે તે રીતે ફાળવણી કરવામાં આવેલ છે.

(ચ) સને ૧૯૯૧ ની વસતી ગણતરી મુજબ થયેલ સીમાંકન પ્રમાણે સને ૨૦૦૫ ની સામાન્ય ચૂંટણીઓમાં રોટેશન કરવામાં આવ્યું છે. હવે સને-૨૦૦૧ ની વસતી ગણતરી પ્રમાણે સને-૨૦૧૦ માં નવું સીમાંકન કરવાનું થતાં ૨૦૦૫ ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શકય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવામાં આવેલ છે.

૬. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) નિયમો અન્વયે વિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશન) થી બેઠકો ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા./ અ.આ.જા.જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અનુસૂચિત જાતિ | | | |
| ૧૪ | વેરાવળ-૧ | ૧ | અનુસૂચિત જાતિ |
| ૧ | અનીડા વાછરા | ૩ | અનુસૂચિત જાતિ |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| પ્રકાર નથી. | | | |

૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશન) થી બેઠકો ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૨ | અરડોઈ | સા.શૈ.પ.વર્ગ સ્ત્રી |
| ૩ | કોટડા સાંગાણી-૧ | સા.શૈ.પ. વર્ગ |

૮. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશન) થી બેઠકો ફાળવવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૪ | કોટડા સાંગાણી-૨ | સામાન્ય (સ્ત્રી) |
| ૫ | માણેકવાડા | સામાન્ય (સ્ત્રી) |
| ૬ | મોટા માંડવા | સામાન્ય (સ્ત્રી) |
| ૭ | નવી મેંગણી | બિન અનામત સામાન્ય |
| ૮ | રાજપરા | બિન અનામત સામાન્ય |
| ૯ | રામોદ | બિન અનામત સામાન્ય |
| ૧૦ | સાંઢવાયા | સામાન્ય સ્ત્રી |
| ૧૧ | સતાપર | બિન અનામત સામાન્ય |
| ૧૨ | શાપર-૧ | બિન અનામત સામાન્ય |
| ૧૩ | શાપર-૨ | બિન અનામત સામાન્ય |
| ૧૫ | વેરાવળ-૨ | બિન અનામત સામાન્ય |

૯. રાજ્ય ચૂંટણી પંચને બંધારણના અનુચ્છેદ ૨૪૩(ક) અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા તે તળેના નિયમોથી મળેલ સત્તાની રૂઈએ વંચાણ વાળા તા. ૮-૩-૨૦૧૦ ના આદેશથી રાજકોટ જિલ્લાની કોટડા સાંગાણી તાલુકા પંચાયતના મતદાર મંડળોની બેઠક ફાળવણી સહિતના આદેશમાં પંચાયત વિભાગના તા.૧૦-૫-૨૦૧૦ ના જાહેરનામાથી નિયમ ૪ અને ૫ માં કરેલ જોગવાઈ મુજબ નીચે મુજબ સુધારાત્મક પ્રાથમિક આદેશ કરે છે.

રાજકોટ જિલ્લાની કોટડા સાંગાણી તાલુકા પંચાયતની સને ૨૦૦૫માં થયેલ ચૂંટણી મુજબ ફાળવવામાં આવેલ બેઠકોમાં વારાફરતી (રોટેશન)કરતા વંચાણ વાળા તા. ૮-૩-૨૦૧૦ ના આદેશમાંની અનુસૂચિમાં અંશતઃ ફેરફાર કરી આ સાથેની **"અનુસૂચિ"** પ્રમાણે બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

૯. જાહેરનામા અન્વયે સુરત મહાનગરપાલિકા માટે **૪ બેઠકો** અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને **૪ બેઠકો** પૈકી **૧ બેઠક** અનુસુચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત કરવાનું થાય.

૧૦. સને: ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૩૮ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડનું નામ | વોર્ડની વસ્તી | અનુ.જાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી. |
|---|---|---|---|---|---|
| ! | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૩ | મુગલીસરા | ૭૦૦૭૪ | ૫૮૧૨ | ૮.૨૯ |
| ૨ | ૧ | રાંદેર | ૭૧૨૯૧ | ૫૮૨૪ | ૮.૧૭ |
| ૩ | ૧૫ | સૈયદપરા | ૬૮૭૯૦ | ૫૪૫૪ | ૭.૯૩ |
| ૪ | ૩૬ | પાંડેસરા | ૭૪૪૪૦ | ૫૪૨૨ | ૭.૨૮ |
| ૫ | ૨૪ | સગરામપુરા | ૬૯૪૮૬ | ૪૯૮૭ | ૭.૧૮ |
| ૬ | ૨ | કોસાડ | ૮૨૧૧૦ | ૫૫૨૩ | ૬.૭૩ |

INDEX

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડનું નામ | વોર્ડની વસ્તી | અનુ.જાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૭ | કતારગામ | ૭૪૯૭૫ | ૫૦૧૮ | ૬.૬૯ |
| ૮ | ૩૦ | ઉધના (નોર્થ) | ૬૮૯૪૮ | ૪૫૯૭ | ૬.૬૭ |
| ૯ | ૧૧ | પાલનપુર રોડ | ૭૦૧૧૪ | ૩૮૯૧ | ૫.૫૫ |
| ૧૦ | ૯ | વેડરોડ | ૭૬૧૭૭ | ૩૬૨૫ | ૪.૭૬ |
| ૧૧ | ૩૩ | અલથાણ | ૭૩૪૦૯ | ૩૪૨૯ | ૪.૬૭ |
| ૧૨ | ૧૪ | કુબેરનગર | ૭૬૨૮૭ | ૩૧૭૪ | ૪.૧૬ |
| ૧૩ | ૧૦ | રાંદેરરોડ (ગોરાટ) | ૬૮૧૮૬ | ૨૮૨૨ | ૪.૧૪ |
| ૧૪ | ૮ | વાડીનાથ ચોક | ૭૫૩૨૮ | ૨૮૧૦ | ૩.૭૩ |
| ૧૫ | ૩૧ | મજૂરા – ખટોદરા | ૮૨૦૦૦ | ૨૮૯૨ | ૩.૫૩ |
| ૧૬ | ૨૩ | અઠવાગેટ | ૭૫૧૧૧ | ૨૫૩૦ | ૩.૩૭ |
| ૧૭ | ૪ | કાપદ્રા | ૮૧૨૧૮ | ૨૭૨૬ | ૩.૩૬ |
| ૧૮ | ૨૫ | સલાબતપુરા | ૬૮૮૭૮ | ૨૦૭૬ | ૩.૦૧ |
| ૧૯ | ૨૭ | ડુંભાલ | ૮૩૫૨૫ | ૨૪૦૯ | ૨.૮૮ |
| ૨૦ | ૩૨ | ડુમસ રોડ | ૭૫૧૭૩ | ૨૧૨૨ | ૨.૮૨ |
| ૨૧ | ૨૧ | નવાપુરા | ૬૮૭૬૯ | ૧૮૯૬ | ૨.૭૬ |
| ૨૨ | ૩૭ | ડીંડોલી | ૭૨૪૪૫ | ૧૯૩૦ | ૨.૬૬ |
| ૨૩ | ૩ | વરાછા | ૭૮૦૦૦ | ૧૯૪૪ | ૨.૪૯ |
| ૨૪ | ૧૨ | અડાજણ | ૭૭૫૫૩ | ૧૮૦૬ | ૨.૩૩ |
| ૨૫ | ૩૮ | ભેસ્તાન | ૭૯૧૫૨ | ૧૭૫૧ | ૨.૨૧ |
| ૨૬ | ૨૦ | મગોબ | ૮૨૮૨૮ | ૧૮૧૯ | ૨.૨૦ |
| ૨૭ | ૨૬ | આંજણા | ૭૦૭૯૭ | ૧૪૩૪ | ૨.૦૩ |
| ૨૮ | ૩૫ | ઉધના (સાઉથ) | ૭૨૫૪૨ | ૧૩૯૯ | ૧.૯૩ |
| ૨૯ | ૧૭ | લાભેશ્વરચોક | ૮૧૦૫૫ | ૧૩૩૬ | ૧.૬૫ |
| ૩૦ | ૧૮ | કરંજ | ૭૧૧૧૬ | ૧૧૫૫ | ૧.૬૨ |
| ૩૧ | ૨૯ | લીંબાયત | ૮૨૫૯૨ | ૧૩૦૪ | ૧.૫૮ |
| ૩૨ | ૨૨ | સોનીફળીયા | ૬૮૮૯૬ | ૧૦૦૧ | ૧.૪૫ |
| ૩૩ | ૨૮ | પરવટ – ગોદાડરા | ૮૨૧૧૭ | ૧૦૫૭ | ૧.૨૯ |
| ૩૪ | ૧૬ | ત્રિકમનગર | ૭૫૮૭૫ | ૭૪૯ | ૦.૯૯ |
| ૩૫ | ૧૯ | પૂણા | ૮૧૯૫૨ | ૮૧૫ | ૦.૯૯ |
| ૩૬ | ૩૪ | બમરોલી | ૭૯૯૪૬ | ૬૦૭ | ૦.૭૬ |
| ૩૭ | ૫ | ફૂલપાડા | ૮૨૯૮૦ | ૫૯૨ | ૦.૭૧ |
| ૩૮ | ૬ | અશ્વનિકુમાર | ૮૨૨૩૯ | ૫૩૪ | ૦.૬૫ |
| | | કુલ | ૨૮૭૬૩૭૪ | ૧૦૦૨૭૨ | |

૧૧. આમ, અનુસુચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૩, ૧, ૧૫, તથા ૩૬ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ અનુસુચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવણી કરવાની થાય.

૧૨. અનુસુચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૧૩, ૧, ૧૫ અને ૩૬ માં અનુસૂચિત જાતિની બેઠક ફાળવવાની થાય તે પૈકી વોર્ડ નં.૧૫ માં અનુસુચિત જાતિની સ્ત્રી બેઠક ફાળવવાની થાય.

૧૩. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૩, ૧, ૧૫ તથા ૩૬ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક. |
|---|---|---|
| ૧ | ૧૩ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૧ | અનુસૂચિત જાતિ |
| ૩ | ૧૫ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૪ | ૩૬ | અનુસૂચિત જાતિ |

૧૪. જાહેરનામા અન્વયે મહાનગરપાલિકા માટે ૪(ચાર) બેઠક અનુસૂચિત આદિજાતિ માટે તે પૈકી ૧(એક) બેઠક સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત કરવાની થાય.

૧૫. સનેઃ ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૩૮ સૂચિત વોર્ડોની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડનું નામ | વોર્ડની વસ્તી | અનુ.આદિજાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુ.આદિજાતિની વસ્તીની ટકાવારી. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૩૩ | અલથાણ | ૭૩૪૦૯ | ૯૯૬૯ | ૧૩.૫૮ |
| ૨ | ૧ | રાંદેર | ૭૧૨૯૧ | ૭૨૭૭ | ૧૦.૨૧ |
| ૩ | ૩૨ | ડુમસ રોડ | ૭૫૧૭૩ | ૭૦૫૩ | ૯.૩૮ |
| ૪ | ૨ | કોસાડ | ૮૨૧૧૦ | ૬૯૦૯ | ૮.૪૧ |
| ૫ | ૧૧ | પાલનપુર રોડ | ૭૦૧૧૪ | ૫૮૮૩ | ૮.૩૯ |
| ૬ | ૩ | વરાછા | ૭૮૦૦૦ | ૫૪૫૯ | ૭.૦૦ |
| ૭ | ૨૩ | અઠવાગેટ | ૭૫૧૧૧ | ૫૨૩૩ | ૬.૯૭ |
| ૮ | ૨૦ | મગોબ | ૮૨૮૨૮ | ૫૨૪૮ | ૬.૩૪ |
| ૯ | ૩૧ | મજૂરા – ખટોદરા | ૮૨૦૦૦ | ૪૭૭૪ | ૫.૮૨ |
| ૧૦ | ૩૭ | ડીંડોલી | ૭૨૪૪૫ | ૩૪૫૪ | ૪.૭૭ |
| ૧૧ | ૧૩ | મુગલીસરા | ૭૦૦૭૪ | ૨૯૮૭ | ૪.૨૬ |
| ૧૨ | ૯ | વેડરોડ | ૭૬૧૭૭ | ૩૦૭૭ | ૪.૦૪ |
| ૧૩ | ૧૨ | અડાજણ | ૭૭૫૫૩ | ૩૧૩૦ | ૪.૦૪ |
| ૧૪ | ૨૬ | આંજણા | ૭૦૭૯૭ | ૨૮૦૫ | ૩.૯૬ |
| ૧૫ | ૨૪ | સગરામપુરા | ૬૯૪૮૬ | ૨૭૧૪ | ૩.૯૧ |
| ૧૬ | ૩૫ | ઉધના (સાઉથ) | ૭૨૫૪૨ | ૨૬૬૫ | ૩.૬૭ |
| ૧૭ | ૭ | કતારગામ | ૭૪૯૭૫ | ૨૭૨૫ | ૩.૬૩ |
| ૧૮ | ૨૮ | પરવટ – ગોદાડરા | ૮૨૧૧૭ | ૨૭૮૬ | ૩.૩૯ |
| ૧૯ | ૨૭ | ડુંભાલ | ૮૩૫૨૫ | ૨૭૪૬ | ૩.૨૯ |
| ૨૦ | ૧૫ | સૈયદપરા | ૬૮૭૯૦ | ૨૨૧૬ | ૩.૨૨ |
| ૨૧ | ૩૮ | ભેસ્તાન | ૭૯૧૫૨ | ૨૪૮૭ | ૩.૧૪ |
| ૨૨ | ૩૦ | ઉધના (નોર્થ) | ૬૮૯૪૮ | ૨૦૮૭ | ૩.૦૩ |
| ૨૩ | ૬ | અશ્વનિકુમાર | ૮૨૨૩૯ | ૨૪૫૮ | ૨.૯૯ |
| ૨૪ | ૨૫ | સલાબતપુરા | ૬૮૮૭૮ | ૧૯૩૯ | ૨.૮૨ |
| ૨૫ | ૧૦ | રાંદેરરોડ (ગોરાટ) | ૬૮૧૮૬ | ૧૯૦૫ | ૨.૭૯ |
| ૨૬ | ૨૨ | સોનીફળીયા | ૬૮૮૯૬ | ૧૪૯૩ | ૨.૧૭ |
| ૨૭ | ૪ | કાપદ્રા | ૮૧૨૧૮ | ૧૭૧૯ | ૨.૧૨ |
| ૨૮ | ૩૬ | પાંડેસરા | ૭૪૪૪૦ | ૧૪૮૭ | ૨.૦૦ |

INDEX

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડનું નામ | વોર્ડની વસ્તી | અનુ.આદિજાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુ.આદિજાતિની વસ્તીની ટકાવારી. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૯ | ૨૧ | નવાપુરા | ૬૮૭૬૯ | ૧૧૫૮ | ૧.૬૮ |
| ૩૦ | ૨૯ | લીંબાયત | ૮૨૫૯૨ | ૧૩૧૮ | ૧.૬૦ |
| ૩૧ | ૧૯ | પૂણા | ૮૧૯૫૨ | ૧૨૭૭ | ૧.૫૬ |
| ૩૨ | ૩૪ | બમરોલી | ૭૯૯૪૬ | ૧૨૨૦ | ૧.૫૩ |
| ૩૩ | ૧૬ | ત્રિકમનગર | ૭૫૮૭૫ | ૧૧૩૦ | ૧.૪૯ |
| ૩૪ | ૧૪ | કુબેરનગર | ૭૬૨૮૭ | ૬૧૮ | ૦.૮૧ |
| ૩૫ | ૫ | ફૂલપાડા | ૮૨૯૮૦ | ૬૨૬ | ૦.૭૫ |
| ૩૬ | ૧૭ | લાભેશ્વરચોક | ૮૧૦૫૫ | ૫૬૪ | ૦.૭૦ |
| ૩૭ | ૮ | વાડીનાથ ચોક | ૭૫૩૨૮ | ૪૯૨ | ૦.૬૫ |
| ૩૮ | ૧૮ | કરંજ | ૭૧૧૧૬ | ૨૨૯ | ૦.૩૨ |
| | | કુલ | ૨૮૭૬૩૭૪ | ૧૧૩૩૧૭ | |

૧૬. આમ, અનુસુચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩૩, ૧, ૩૨, અને ૨ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસુચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૭. અનુસુચિત આદિજાતિની બેઠક વોર્ડ નં.૩૩, ૧, ૩૨ અને ૨ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે. જે અંતર્ગત વોર્ડ નં. ૩૨ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક. |
|---|---|---|
| ૧ | ૩૩ | અનુસૂચિત આદિ જાતિ |
| ૨ | ૧ | અનુસૂચિત આદિ જાતિ |
| ૩ | ૩૨ | અનુસૂચિત આદિ જાતિ સ્ત્રી |
| ૪ | ૨ | અનુસૂચિત આદિ જાતિ |

૧૮. જાહેરનામા અન્વયે **૧૧ બેઠકો** પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી **૪ બેઠક** આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત કરવાની થાય.

૧૯. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

સુરત મહાનગરપાલિકાના સૂચિત **૩૮** વોર્ડની વસ્તી તથા પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડનું નામ | વોર્ડની વસ્તી | પછાતવર્ગની વસ્તી (અંદાજીત) | વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૧ | નવાપુરા | ૬૮૭૬૯ | ૫૧૦૩૬ | ૭૪.૨૧ |
| ૨ | ૩૨ | ડુમસ રોડ | ૭૫૧૭૩ | ૩૭૦૩૮ | ૪૯.૨૭ |
| ૩ | ૨ | કોસાડ | ૮૨૧૧૦ | ૩૬૯૦૧ | ૪૪.૯૪ |
| ૪ | ૨૫ | સલાબતપુરા | ૬૮૮૭૮ | ૩૦૪૩૩ | ૪૪.૧૮ |
| ૫ | ૨૨ | સોનીફળીયા | ૬૮૮૯૬ | ૨૯૦૩૮ | ૪૨.૧૫ |
| ૬ | ૨૦ | મગોબ | ૮૨૮૨૮ | ૨૭૭૮૩ | ૩૩.૫૪ |

INDEX

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડનું નામ | વોર્ડની વસ્તી | પછાતવર્ગની વસ્તી (અંદાજીત) | વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૧૩ | મુગલીસરા | ૭૦૦૭૪ | ૨૨૩૧૩ | ૩૧.૮૪ |
| ૮ | ૨૮ | પરવટ – ગોદાડરા | ૮૨૧૧૭ | ૨૪૧૭૮ | ૨૯.૪૪ |
| ૯ | ૨૪ | સગરામપુરા | ૬૯૪૮૬ | ૨૦૦૦૦ | ૨૮.૭૮ |
| ૧૦ | ૧૪ | કુબેરનગર | ૭૬૨૮૭ | ૨૦૬૨૦ | ૨૭.૦૩ |
| ૧૧ | ૮ | વાડીનાથ ચોક | ૭૫૩૨૮ | ૧૯૩૮૨ | ૨૫.૭૩ |
| ૧૨ | ૩૩ | અલથાણ | ૭૩૪૦૯ | ૧૮૪૫૩ | ૨૫.૧૪ |
| ૧૩ | ૭ | કતારગામ | ૭૪૯૭૫ | ૧૮૬૭૭ | ૨૪.૯૧ |
| ૧૪ | ૩૧ | મજૂરા – ખટોદરા | ૮૨૦૭૦ | ૨૦૦૦૧ | ૨૪.૩૯ |
| ૧૫ | ૯ | વેડરોડ | ૭૬૧૭૭ | ૧૮૧૯૭ | ૨૩.૮૯ |
| ૧૬ | ૨૩ | અઠવાગેટ | ૭૫૧૬૧ | ૧૭૦૬૮ | ૨૨.૭૨ |
| ૧૭ | ૩૮ | ભેસ્તાન | ૭૯૧૫૨ | ૧૭૬૨૦ | ૨૨.૨૬ |
| ૧૮ | ૧૦ | રાંદેરરોડ (ગોરાટ) | ૬૮૧૬૬ | ૧૪૯૩૩ | ૨૧.૯૦ |
| ૧૯ | ૧ | રાંદેર | ૭૧૨૯૧ | ૧૪૦૭૮ | ૧૯.૭૫ |
| ૨૦ | ૪ | કાપદ્રા | ૮૧૨૧૮ | ૧૫૩૭૯ | ૧૮.૯૪ |
| ૨૧ | ૧૧ | પાલનપુર રોડ | ૭૦૧૪૪ | ૧૧૭૯૩ | ૧૬.૮૨ |
| ૨૨ | ૨૬ | આંજણા | ૭૦૭૯૭ | ૯૭૩૬ | ૧૩.૭૫ |
| ૨૩ | ૧૫ | સૈયદપરા | ૬૮૭૯૦ | ૮૦૩૨ | ૧૧.૬૮ |
| ૨૪ | ૩૦ | ઉધના (નોર્થ) | ૬૮૯૪૮ | ૭૬૦૦ | ૧૧.૦૨ |
| ૨૫ | ૧૯ | પૂણા | ૮૧૯૫૨ | ૮૪૫૫ | ૧૦.૩૨ |
| ૨૬ | ૩ | વરાછા | ૭૮૦૦૦ | ૭૮૫૪ | ૧૦.૦૭ |
| ૨૭ | ૬ | અશ્વનિકુમાર | ૮૨૨૩૯ | ૮૦૭૨ | ૯.૮૨ |
| ૨૮ | ૧૬ | ત્રિકમનગર | ૭૫૮૭૫ | ૬૪૫૨ | ૮.૫૦ |
| ૨૯ | ૧૭ | લાભેશ્વરચોક | ૮૧૦૫૫ | ૬૫૦૦ | ૮.૦૨ |
| ૩૦ | ૫ | ફૂલપાડા | ૮૨૯૮૦ | ૬૬૨૫ | ૭.૯૮ |
| ૩૧ | ૨૭ | ડુંભાલ | ૮૩૫૨૫ | ૫૭૪૩ | ૬.૮૮ |
| ૩૨ | ૧૨ | અડાજણ | ૭૭૫૫૩ | ૫૩૦૫ | ૬.૮૪ |
| ૩૩ | ૧૮ | કરંજ | ૭૧૧૧૬ | ૩૧૫૬ | ૪.૪૪ |
| ૩૪ | ૩૫ | ઉધના (સાઉથ) | ૭૨૫૪૨ | ૩૦૫૦ | ૪.૨૦ |
| ૩૫ | ૩૬ | પાંડેસરા | ૭૪૪૪૦ | ૨૭૨૬ | ૩.૬૬ |
| ૩૬ | ૩૭ | ડીંડોલી | ૭૨૪૪૫ | ૧૬૬૩ | ૨.૩૦ |
| ૩૭ | ૩૪ | બમરોલી | ૭૯૯૪૬ | ૯૫૫ | ૧.૧૯ |
| ૩૮ | ૨૯ | લીંબાયત | ૮૨૫૯૨ | ૧૫૯ | ૦.૧૯ |
| | | કુલ | ૨૮૭૬૩૭૪ | ૫૭૭૦૦૪ | |

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં.૨૧, ૩૨, ૨, ૨૫, ૨૨, ૨૦, ૧૩, ૨૮, ૨૪, ૧૪ તથા ૮ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે જે પૈકી શકય હોય ત્યાં સુધી દર ત્રીજા ક્રમે આવતાં વોર્ડ નં.૨, ૨૦, ૨૪ અને ૮ માં પછાતવર્ગ સ્ત્રી બેઠકોની ફાળવણી કરવાની થાય છે. પરંતુ વોર્ડ નં.૧૩માં અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોઈ પછાત વર્ગની સામાન્ય બેઠક ફાળવી શકાય તેમ ન હોય પછાત વર્ગની સ્ત્રી બેઠક વોર્ડ નં.૨૦ ના બદલે વોર્ડ નં.૧૩માં ફાળવવાની થાય. આથી પછાતવર્ગોની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાની થાય.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૨૧ | પછાત વર્ગ |
| ૨ | ૩૨ | પછાત વર્ગ |
| ૩ | ૨ | પછાત વર્ગ સ્ત્રી |
| ૪ | ૨૫ | પછાત વર્ગ |
| ૫ | ૨૨ | પછાત વર્ગ |
| ૬ | ૨૦ | પછાત વર્ગ |
| ૭ | ૧૩ | પછાત વર્ગ સ્ત્રી |

INDEX

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૮ | ૨૮ | પછાત વર્ગ |
| ૯ | ૨૪ | પછાત વર્ગ સ્ત્રી |
| ૧૦ | ૧૪ | પછાત વર્ગ |
| ૧૧ | ૮ | પછાત વર્ગ સ્ત્રી |

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવણી કરવાની થાય.

૨૦.(૧) ભારતના બંધારણના અનુચ્છેદ–૨૪૩–વ–ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯, તથા તે તળેના નિયમો અને શહેરી વિકાસ વિભાગના તા.૩૧–૫–૨૦૧૦ નોટીફીકેશનમાં કરેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજય ચૂંટણી પંચને મળેલ સત્તાની રૂઈએ મહાનગરપાલિકાના વોર્ડોમાં બેઠકોમાં વારાફરતી ફાળવણી કરવા નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો / માપદંડ નકકી કરવા રાજય ચૂંટણી પંચે તા.૧–૬–૨૦૧૦ થી આદેશ કરવામાં આવેલ છે.

(ક) જે મહાનગરપાલિકા / નગરપાલિકાઓમાં ૨૦૧૦ માં ઉમેરાયેલ વિસ્તાર સહિતનું વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે, તેવી મહાનગરપાલિકા / નગરપાલિકાઓમાં અગાઉ કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર / વોર્ડના નામ મહદઅંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, પુનરાવર્તીત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. નવા વોર્ડના આંતરીક ફેરફારો ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ મહાનગરપાલિકા / નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવામાં આવેલ છે.

(ખ) સને–૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ ધ્વારા મહાનગરપાલિકા / નગરપાલિકાના વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નકકી થયા મુજબ રાજય ચૂંટણી પંચે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ–અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ–અનુસૂચિત આદિજાતિના વોર્ડમાં સ્ત્રીને ત્રીજા ક્રમે આપી બેઠક ફાળવણી કરવામાં આવેલ છે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં આવતા ક્રમમાં અને રાજય ચૂંટણી પંચના તા.૧૭–૧–૨૦૦૫ના આદેશથી નકકી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને ત્રીજા ક્રમે આપી બેઠક ફાળવણી કરવામાં આવેલ છે.

શહેરી વિકાસ વિભાગના તા.૩૧–૬–૨૦૧૦ ના જાહેરનામાથી નિયમ–૭ માં થયેલ સુધારાની જોગવાઈ અને રાજય ચૂંટણી પંચના તા.૧–૫–૨૦૧૦ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ, સા.શૈ. પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકોમાં વારાફરતી બેઠકો ફાળવણી કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

વોર્ડ નં.૧૩, ૧ અને ૩૬ માં અનુસૂચિત જાતિની બેઠક અગાઉની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ હોય પુનરાવર્તિત થાય છે. જેથી હવે પછીના ખાસ ક્રમાંકના ઉપરતા ક્રમમાં બેઠક ફાળવવાનું પંચ માને છે. તે મુજબ વોર્ડ નં.૧૫, ૨૪, ૨ અને ૭ માં અનુસૂચિત જાતિ ની બેઠકની ફાળવણી કરવાની રહે. તે પૈકી વોર્ડ નં.૨ માં અનુસૂચિત જાતિ સ્ત્રી બેઠક ફાળવવાની થાય.

**અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો**

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|---|
| ૧ | ૩ | ૧૫ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૫ | ૨૪ | અનુસૂચિત જાતિ |
| ૩ | ૬ | ૨ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૪ | ૭ | ૭ | અનુસૂચિત જાતિ |

વોડ નં.૩૩, ૨ અને ૧૧ માં અનુસૂચિત આદિજાતિની બેઠક અગાઉની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ હોય પુનરાવર્તિત થાય છે. જેથી હવે પછીના ખાસ ક્રમાંકના ઉપરતા ક્રમમાં બેઠક ફાળવવાનું પંચ માને છે. તે મુજબ વોર્ડ નં.૧, ૩૨, ૩ અને ૨૩ માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવવાની થાય. તે પૈકી વોર્ડ નં.૩ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે બેઠક ફાળવવાની થાય.

**અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો**

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | અનુસૂચિત આદિ જાતિ |
| ૨ | ૩ | ૩૨ | અનુસૂચિત આદિ જાતિ |
| ૩ | ૬ | ૩ | અનુસૂચિત આદિ જાતિ સ્ત્રી |
| ૪ | ૭ | ૨૩ | અનુસૂચિત આદિ જાતિ |

વોર્ડ નં.૨૧, ૨૫, ૨૨, ૧૩, ૨૪, ૧૪, ૮, ૭, ૯, ૨૩ અને ૧ માં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ની બેઠક અગાઉની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ હોય પુનરાવર્તિત થાય છે. જેથી હવે પછીના ખાસ ક્રમાંકના ઉપરતા ક્રમમાં બેઠક ફાળવવાનું પંચ માને છે. તે મુજબ વોર્ડ નં. ૩૨, ૨, ૨૦, ૨૮, ૩૩, ૩૧, ૩૮, ૧૦, ૪, ૧૧ અને ૨૬ પછાત વર્ગ ની બેઠક ફાળવવાની થાય તે પૈકી વોર્ડ નં.૩૨, ૩૧, ૪ અને ૨૬માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય.

**સા.શૈ. પછાતવર્ગને ફાળવેલ બેઠકો**

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩૨ | પછાત વર્ગ સ્ત્રી |
| ૨ | ૩ | ૨ | પછાત વર્ગ |
| ૩ | ૬ | ૨૦ | પછાત વર્ગ |
| ૪ | ૮ | ૨૮ | પછાત વર્ગ |
| ૫ | ૧૨ | ૩૩ | પછાત વર્ગ |
| ૬ | ૧૪ | ૩૧ | પછાત વર્ગ સ્ત્રી |
| ૭ | ૧૭ | ૩૮ | પછાત વર્ગ |
| ૮ | ૧૮ | ૧૦ | પછાત વર્ગ |
| ૯ | ૨૦ | ૪ | પછાત વર્ગ સ્ત્રી |
| ૧૦ | ૨૧ | ૧૧ | પછાત વર્ગ |
| ૧૧ | ૨૨ | ૨૬ | પછાત વર્ગ સ્ત્રી |

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને સુરત મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની વારાફરતી ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠકની વારાફરતી ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન,બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. તેમજ તેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી સુરત ને પણ મોકલવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજ્ય ચૂંટણી પંચ મહાનગરપાલિકાના વોર્ડની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**આદેશથી,**

**પી.એસ. શાહ**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી પંચ,**
**ગાંધીનગર.**

અનુસૂચિ–૧

**સુરત મહાનગરપાલિકા, સુરત.**

**સને: ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલા આંકડા આધારે સુરત મહાનગરપાલિકાની વોર્ડરચના મુજબ વોર્ડોનું વર્ણન.**

**વોર્ડ નંબર ૧– રાંદેર**

બ્લોક નં.૯૧૩ ના નૈઋત્ય ખૂણે થઈ દક્ષિણ તરફ વળી રે. બ્લોક નં.૧૨૩૪/૨ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રે. બ્લોક નં.૧૨૩૪, ૧૨૩૬/૧, અને ૧૨૩૭ ની દક્ષિણેથી પસાર થઈ રે. બ્લોક નં. ૧૨૩૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી રે. બ્લોક નં.૧૨૩૪, ૧૨૪૦, ૧૨૫૬ થી ૧૨૫૮ ની પૂર્વ હદે હદે પસાર થઈ બ્લોક નં. ૧૨૫૮ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી બ્લોક નં.૧૨૫૮ ની દક્ષિણ તરફથી હદેથી પસાર થઈ બ્લોક નં.૧૨૫૮ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી બ્લોક નં.૧૩૧૬, ૧૩૧૭, ૧૩૧૮ ની પૂર્વ હદે હદે પસાર થઈ રે. બ્લોક નં. ૧૩૧૮ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રે. બ્લોક નં.૧૩૧૮, ૧૩૧૯ ની દક્ષિણેથી પસાર થઈ વરીયાવથી હાઉસીંગ બોર્ડ અને છાપરાભાઠા રોડના ત્રિભેટે સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રે. બ્લોક નં.૧૨૯૦, ૧૩૨૩ અને ૧૩૨૯ ની પૂર્વ હદે હદે થઈ તાપી નદી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૭૦ ની દક્ષિણેથી પસાર થઈ તાપી નદીના કિનારે કિનારે પસાર થતાં મોજે રાંદેરનાં રે. સર્વે નં. ૩૪૯ માં આવેલી (ઈકબાલનગર ઝુંપડપટ્ટી)નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ટી.પી. સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ) ની દક્ષિણેથી હદે હદે પસાર થઈ સુલતાનીયા – કોઝવે રોડના જંકશન (અલ્વી રો હાઉસ પાસેના જંકશન )સુધી. ત્યાંથી ટી. પી. રસ્તે રસ્તે (સુલતાનીયા – કોઝવે રોડ) ઉત્તર તરફ જઈ રાજીજનગર ઝુંપડપટ્ટીની દક્ષિણે આવેલ ટી. પી. રોડનાં જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રાજીવનગર, રહેમતનગર અને ભરૂચી ભાગળની દક્ષિણેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે થઈ રાંદેર ગામતળ તરફ જતાં મુખ્ય માર્ગ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રાંદેર મેઈનરોડ (રામનગર જંકશન) નેપસાર કરી રામનગર થતાં જહાંગીરાબાદની દક્ષિણ હદેથી પસાર થઈ મોજે જહાંગીરાબાદના રે. બ્લોક નં.૭૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર દિશામાં શહેરની હદે હદે જતાં ભેંસાણ રોડ પસાર કરી જહાંગીરાબાદના રે. બ્લોક નં.૯૦ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ દિશામાં શહેરની હદે હદે જતાં રે. બ્લોક નં.૧૦૦ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં સુરત – દાંડી રોડ સુધી. ત્યાંથી પૂર્વમાં રે. બ્લોક નં.૧૦૭ અને ૧૦૮ ની ઉત્તરે આવેલ શહેરની હદે હદે પસાર થઈ મોજે પીસાદના રે. બ્લોક નં.૩૩ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં જહાંગીરપુરાના રે. બ્લોક નં.૫૪ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ જહાંગીરપુરાનાં રે.બ્લોક નં.૮૩ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે અને મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૩, ૮૫/૨, ૮૮/૨, ૮૬ અને ૮૯ ની પશ્ચિમ હદે પસાર થઈ રે. બ્લોક નં.૮૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ વરીયાવનાં રે. બ્લોક નં.૧૪૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૧૬૨ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી રે. બ્લોક નં.૧૯૯ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૧૧ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૧૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૫૦૨ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨– કોસાડ**

આ વોર્ડના મોજે કોસાડના વાયવ્ય ખૂણે આવેલ રેવન્યુ બ્લોક નં.૫૯૮ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી મોજે કોસાડની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જતાં રે. બ્લોક નં.૫૩૧/૨ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ રે.બ્લોક નં.૫૩૦ ની પશ્ચિમ હદેથી પસાર થઈ બ્લોક નં. ૫૩૦ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ બ્લોક નં. ૫૩૦ અને ૫૨૯ ની ઉત્તરેથી પસાર થઈ મોજે કોસાડના રે. બ્લોક નં.૫૨૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ મોજે કોસાડની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ, મુંબઈ – અમદાવાદ રેલ્વે લાઈનને ક્રોસ કરી, રે. બ્લોક નં.૪૦૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે વરીયાવની

INDEX

પૂર્વ તરફની હદે હદે પસાર થઈ, રે. બ્લોક નં.૨૯૪ ના અગ્નિ ખૂણા સુધી. (કોસાડ – મોટાવરાછા રોડ સુધી.) ત્યાંથી પશ્ચિમ તરફ વળી બ્લોક નં.૨૯૪ ની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ બ્લોક નં.૨૯૧ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ મોજે કોસાડની પૂર્વ બાજુની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૧૪૫ ના અગ્નિ ખૂણા સુધી. (કોસાડ – જી.ઈ.બી. પાવર હાઉસ જતા રસ્તા સુધી.) ત્યાંથી પૂર્વ તરફ મોજે ઉત્રાણની ઉત્તર હદે હદે પસાર થઈ બ્લોક નં.૭૭ નાં (જી.ઈ.બી. પાવર હાઉસનાં) ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે ઉત્રાણના રે. બ્લોક નં.૭૭ ની પૂર્વ હદે હદે પસાર થઈ તાપી નદી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ તાપી નદીનાં કિનારે કિનારે જતાં રેલ્વે લાઈન તેમજ
અમરોલી બ્રીજને ક્રોસ કરી મોજે છાપરાભાઠાના રે. બ્લોક નં.૨૩૧ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે છાપરાભાઠાની પશ્ચિમ હદે હદે પસાર થઈ. વરીયાવ–છાપરાભાઠારોડ તથા વરીયાવ–કોસાડ રોડનાં ત્રિભેટે પસાર કરી કોસાડ રોડ પર કોસાડ જતાં રસ્તે મોજે છાપરાભાઠાનાં રસ્તે પસાર થઈ રે. બ્લોક નં.૬ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે કોસાડની પશ્ચિમ હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૮૧૯/૨ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી રે. બ્લોક નં.૮૧૯ ની ઉત્તરે આવેલ રસ્તે થઈ રે. બ્લોક નં.૮૧૯ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે કોસાડની પશ્ચિમ હદે હદે પસાર થઈ મોજે કોસાડનાં બ્લોક નં.૯૨૭ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી બ્લોક નં.૯૨૭ ની ઉત્તર હદે હદે પસાર થઈ વરીયાવ –વસવાડી અને કોસાડ હાઉસીંગ બોર્ડ– વસવાડી રોડનાં ત્રિભેટે ક્રોસ કરી રે. બ્લોક નં.૭૪૬, ૭૪૫ ની ઉત્તર હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૭૪૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રે. બ્લોક નં.૬૮૧/૨ અને ૬૮૦/૧ ની પશ્ચિમે થઈ રે. બ્લોક નં.૬૮૦/૧ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ૬૮૦/૧ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે કોસાડની પશ્ચિમ હદે હદે પસાર થઈ મોજે કોસાડના રેવન્યુ બ્લોક નં.૫૯૮ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૩ – વરાછા**

આ વોર્ડનાં વાયવ્ય ખૂણે આવેલ મોજે મોટા વરાછાનાં રે. બ્લોક નં.૪૪૨ નાં વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ દિશામાં શહેરની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૫૫૬ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી મોટાવરાછાની પૂર્વ હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ કઠોર જતાં રોડને ક્રોસ કરી રે. બ્લોક નં.૩૮ નાં અગ્નિ ખૂણા સુધી. (તાપી નદી સુધી.) ત્યાંથી તાપી નદીને ક્રોસ કરી મોજે સરથાણાનાં રે. બ્લોક નં.૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ દિશા તરફ સરથાણાની ઉત્તરે હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ સુરત કામરેજ રોડને ક્રોસ કરી મોજે સરથાણાનાં રે. બ્લોક નં.૭૬ નાં ઈશાન ખૂણા સુધી. (મોજે સરથાણા ઈશાન ખૂણા સુધી.) ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી મોજે સરથાણાની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ પાસોદરા ગામ જતાં રસ્તાને ક્રોસ કરી રે. બ્લોક નં.૮૬ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ મોજે સરથાણાની હદે હદે ( શહેરની હદે હદે ) ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે. બ્લોક નં.૧૦૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ખાડી ક્રોસ કરી મોજે સીમાડાનાં રે. સર્વે નં.૫૫ નાં ઈશાન ખૂણે થઈ દક્ષિણ તરફ મોજે સીમાડાની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ રે. સર્વે નં.૭૪નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રે. સર્વે નં.૧૧૨ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૨૧ નાં અગ્નિ ખૂણે આવેલ સણિયાહેમાદના સીમાડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૪૨ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી સણિયાહેમાદ તરફ જતાં રસ્તાને ક્રોસ કરી મોજે પૂણાનાં રે. બ્લોક નં.૧૬૧ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં શહેરની હદે હદે પસાર થઈ પૂણાનાં રેવન્યુ બ્લોક નં.૧૫૫ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે પૂણાની દક્ષિણ હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ મોજે પૂણાના રે. બ્લોક નં.૮૭ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી સારોલી–પૂણા રોડનાં રસ્તે રસ્તે થઈ કેનાલ ક્રોસ કરી રે. બ્લોક નં.૨૧, ૨૦, ૧૮, ૧૭ ની દક્ષિણે આવેલ રસ્તે થઈ રે. બ્લોક નં.૧૭ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પૂણાનાં રે. બ્લોક નં.૧૭, ૧૬, ૧૫, ૨૪, ૨૫, ૩૦, ૩૧, ૩૨ ની પશ્ચિમે (ગામતળની પૂર્વ) થઈ મોજે પૂણાનાં રે. બ્લોક નં.૪૯૮ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે રસ્તે થઈ મોજે પૂણાનાં રે. બ્લોક નં.૪૭૨ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રે. બ્લોક નં.૪૭૨ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે રસ્તે થઈ અને શિવનગર સોસાયટી, ખોડીયાર નગર સોસાયટી અને લક્ષ્મણનગર સોસાયટીની પશ્ચિમે પસાર થઈ ખાડી સુધી. (રે. બ્લોક નં.૪૫૪ નાં વાયવ્ય ખૂણા સુધી.) ત્યાંથી પૂર્વ તરફ ખાડીનાં કિનારે કિનારે જતાં રે. બ્લોક નં.૪૦૮ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં નાનાવરાછાની પશ્ચિમ હદે હદે પસાર થઈ સુરત કામરેજ રોડને તેમજ તાપી નદીને ક્રોસ કરી મોટાવરાછાનાં રે. બ્લોક નં.૨૧૮ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોટાવરાછાની પશ્ચિમ તરફની હદે હદે રે. બ્લોક નં.૨૨૮ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોટાવરાછાની દક્ષિણ હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૨૩૧ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મોટાવરાછાની પશ્ચિમ તરફની હદે હદે પસાર થઈ રેવન્યુ બ્લોક નં.૪૪૨ નાં વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૪– કાપદ્રા**

આ વોર્ડનાં વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૧૫ નાં ફા. પ્લોટ નં.૯૪ નાં (પંચમુખી હનુમાન મંદિર) નાં વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ( ધરતી નગરની દક્ષિણેથી ) રામકૃષ્ણ કોલોનીના ઈશાન ખૂણા

INDEX

સુધી– ત્યાંથી ઉત્તર તરફ જતાં તાપી નદી સુધી. ત્યાંથી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે જતાં મોજે કાપદ્રાનાં રે. સર્વે નં.૩૫ નાં ઈશાન ખૂણા (નાનાવરાછાનો સીમાડો) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે કાપદ્રાની પૂર્વ (નાનાવરાછાની પશ્ચિમ) હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૬૨ નાં અગ્નિ ખૂણા (ખાડી) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ખાડીનાં કિનારે કિનારે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૨૯ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ફા. પ્લોટ નં.૨૯ અને ૩૧ નાં દક્ષિણ હદે હદે પસાર થઈ ફા. પ્લોટ નં.૩૧ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ખાડીનાં કિનારે કિનારે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૪૧ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ફા. પ્લોટ નં.૪૧,૪૦ અને ૩૯ ની દક્ષિણેથી પસાર થઈ મોજે કાપદ્રાનાં પશ્ચિમ તરફનાં સીમાડા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મોજે કાપદ્રાની હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૩૬ નાં નૈઋત્ય ખૂણા (લંબેહનુમાન રોડ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૭ (ફુલપાડા) નાં ફા. પ્લોટ નં.૭૭ (તિરૂપતી સોસાયટી–૨) નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ફા. પ્લોટ નં.૭૭, ૬૮ અને ૬૭ ની પશ્ચિમે થઈ વરાછા મેઈનરોડ (હીરાબાગ સર્કલ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૫ નાં ફા. પ્લોટ નં.૧૧૭ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ ફા. પ્લોટ નં.૧૧૭, ૪૮ અને ૩૯ (પૂર્વી સોસાયટી) ની પશ્ચિમ તરફની હદે હદે હાઈ ટેન્શન રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં પૂર્વી સોસાયટીનાં ચાર રસ્તા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૫ નાં ફા. પ્લોટ નં.૯૪ (પંચમુખી હનુમાન મંદિર) નાં વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૫– ફુલપાડા**

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ તીનપત્તી વડ (ટી. પી. સ્કીમ નં.૧૫, ફા. પ્લોટ નં.૯૩) ના વાયવ્ય ખૂણેથી પૂર્વ દિશા તરફ જતા તાપી નદીના કિનારાની હદે હદે મોજે ફૂલપાડાના પૂર્વ સીમાડા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૫ ના ફા. પ્લોટ નં.૧૨૦ ( ધરતી નગર)ના ઈશાન ખૂણા (ટી.પી. રોડ સુધી). ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ધરતીનગર ઝુંપડપટ્ટીને દક્ષિણે આવેલ ટી. પી. રોડના રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ – ૧૫ ના ફા. પ્લોટ નં.૨૯ (ઈશ્વરનગર સોસાયટી) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. ના રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૫ ના ફા. પ્લોટ નં.૫૦ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ – ૧૫ ના ફા. પ્લોટ નં.૪૯ ના (હિંમતનગર) ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં હિંમતનગર, સંતલાલ સોસાયટીની પૂર્વ હદે હદે પસાર થઈ હિરાબાગ ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં વરાછા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ ખોડીયારનગર રોડ (ગણેશ કોલોનીના નૈઋત્ય ખૂણા) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ખોડીયારનગરના રસ્તે રસ્તે પસાર થઈ કેનાલ રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં કેનાલના રસ્તે રસ્તે પસાર થઈ રતનજીનગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રતનજીનગર, ક્ષમા સોસાયટી, જેરામનગર, સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટ અને સ્વામી નારાયણ મંદિરની પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ ત્રણ પાંદડાના વડના મંદિરના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૬– અશ્વનિકુમાર**

આ વોર્ડના વાયવ્ય ખણે આવેલ રેલ્વે બ્રીજ અને તાપી નદીના કિનારાના ખૂણેથી શરૂ કરી પૂર્વ દિશા તરફ તુલસીવાડીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સ્વામી નારાયણ મંદિરના પૂર્વે આવેલ ટી. પી. રસ્તે થઈ એચ. ટી. રોડ જંકશનને પસાર કરી કેનાલ રોડ સુધી. (ટી. પી. સ્કીમ નં.૧૫ , ફા. પ્લોટ નં.૮૯ ના અગ્નિ ખૂણા સુધી.) ત્યાંથી પશ્ચિમ તરફ કેનાલ રોડે રોડે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૫ ના ફા. પ્લોટ નં.૯૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ખોડીયારનગરના રસ્તે રસ્તે પસાર થઈ વરાછા મેઈનરોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં વરાછા મેઈનરોડના રસ્તે રસ્તે સૂર્યપૂર ગેટ રેલ્વે ગરનાળા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રેલ્વે લાઈને લાઈને પસાર થઈ તાપી નદી અને રેલ્વે બ્રીજના ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૭– કતારગામ**

આ વોર્ડના વાયાવ્ય ખૂણે આવેલ મોજે કતારગામના રે. સ. નં.૨૦૮ ના વાયવ્ય ખૂણે શરૂ કરી ૨૧૦, ૨૧૪ અને ૨૧૫ ની ઉત્તર હદે હદે (કતારગામ અને વેડ વચ્ચેનો સીમાડો) પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી અગ્નિ ખૂણા તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ રેલ્વે બ્રીજ (રેલ્વે લાઈન) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈને લાઈને પસાર થઈ સુમુલડેરીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સુમુલડેરીની દક્ષિણ હદથી પસાર થઈ દિપુના ટેકરાના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ દિપુનો ટેકરો અને શાંતિનિકેતન સોસાયટીના વચ્ચેની હદે હદે પસાર થઈ વિન્ટેક્ષ મીલના જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં કતારગામ ઝોન ઓફિસની દક્ષિણે થઈ કતારગામ મેઈનરોડ સુધી. ત્યાથં ઉત્તર તરફ જતાં કતારગામ મેઈનરોડ પસાર થઈ લક્ષ્મીનગર સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી કતારગામ – સીંગણપોર રોડ થઈ મોજે કતારગામના રે. સ. નં.૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં કતારેશ્વર મહાદેવ મંદિરની પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ લલીતા ચોકડી જંકશન તેમજ કેનાલ રોડ પસાર કરી મોજે કતારગામના રે. સ. નં.૨૦૮ ના વાયવ્ય ખૂણા સુધી. (વેડના સીમાડા સુધી) નો હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૮– વાડીનાથ ચોક**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે સીંગણપોરના રે. સ. નં.૫૬ ના વાયવ્ય ખૂણે (સીંગણપોર રોડ પારસીવાડી જંક્શન) થી શરૂ કરી પૂર્વ તરફ સીંગણપોર મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ સીંગણપોર ચાર રસ્તા જંક્શન પસાર કરી વેડ રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વાળીનાથ ચોક સુધી. ત્યાંથી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ધનમોરા ચાર રસ્તા પસાર કરી લક્ષ્મીનગર સોસાયટીના ઈશાન ખૂણા સુધી. (ટી. પી. સ્કીમ નં.૧૮ ના ફા. પ્લોટ નં.૧૨૭) ત્યાંથી દક્ષિણ તરફ જતાં કતારગામ મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ ગોધાણી સર્કલ પસાર કરી અનાથાશ્રમ (ટી. પી. સ્કીમ નં.૩ કતારગામ ના ફા. પ્લોટ નં.૪૫૭) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં અનાથાશ્રમની દક્ષિણેથી પસાર થઈ કતારગામ હેલ્થ સેન્ટરની ઉત્તરેથી પસાર થતા રોડે રોડે પસાર થઈ વિશાલનગર સોસાયટીના જંક્શનને પસાર કરી નિર્મલાપાર્ક તથાં શ્રી હરિકૃષ્ણ સોસાયટીના દક્ષિણેથી પસાર થતાં રસ્તે રસ્તે થઈ વેડ રોડ ટી. પી. ૧૮ ના ફા. પ્લોટ નં.૩૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં વેડ રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ટૂંકીના રે. સ. નં.૨૨ (ત્રિભોવન સોસાયટી) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ મોજે ટૂંકીના રે. સ. નં.૩૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સીંગણપોર રે. સ. નં.૫૬ ના વાયવ્ય ખૂણા (પારસીવાડી જંક્શન – સીંગણપોર રોડ) સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૯– વેડ રોડ**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ડભોલીના રે. સ. નં.૧૫૦ ના વાયવ્ય ખૂણા (તાપી નદીના કિનારો) થી શરૂ કરી ઉત્તર તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે વેડના રે. સ. નં.૪૭ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે વેડની દક્ષિણ હદે – હદે પસાર થઈ મોજે વેડના રે. સ. નં.૬૪ ના નૈઋત્ય ખૂણા સુધી. (કરાડા – વેડ રોડ સુધી) ત્યાંથી દક્ષિણ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ કેનાલ રોડને ક્રોસ કરી દક્ષિણ તરફ કંતારેશ્વર મંદિરની પશ્ચિમેથી પસાર થઈ કતારગામ – સીંગણપોર જતાં ટી. પી. રોડ સુધી. (મોજે કતારગામના રે. સં. નં.૯ ના અગ્નિ ખૂણા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ વળી કતારગામ – સીંગણપોર રોડને રસ્તે રસ્તે પસાર થઈ ધનમોરા ચાર રસ્તા પસાર કરી વેડ રોડ પર આવેલ વાળીનાથ ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં સીંગણપોર ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સીંગણપોર ગામ જવાના રસ્તે રસ્તે પસાર થઈ પારસીવાડી ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે સીંગણપોરના રે. સ. નં.૬૧ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી રે. સ. નં.૬૧ ની દક્ષિણની હદે હદે પસાર થઈ નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં કોઝવે રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં જમુના પાર્ક સોસાયટી, તાપી દર્શનની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ વિયર કમ કોઝવે (તાપી નદી) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે ડભોલીના રે. સ. ૧૫૦ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૦ રાંદેર રોડ**

આ વોર્ડના વાયવ્ય ખૂણે મોજે રાંદેરના રે. સ. નં. ૧૪૬ ના (આંબેડકર વસાહત) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ મોજે રાંદેર અને જહાંગીરાબાદની વચ્ચેની હદે હદે પસાર થઈ કેનાલ રોડને ક્રોસ કરી ગુજરાત હાઉસીંગ બોર્ડ તેમજ પંચવટીની હદે હદે પસાર થઈ રાંદેર મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી સાગર કોમ્પલેક્ષના વાયવ્ય ખૂણા સુધી. (રાંદેર ગામતળ જવાના મેઈનરોડ સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ વળી એમ.એમ.પી. સ્કુલ તરફ જતા રસ્તે રસ્તે ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ રહેમતનગર અને રાજીવનગરની દક્ષિણે આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ સુલતાનીયા ઝુપડપટ્ટીની દક્ષિણે કોઝવે રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ અલ્વી રો હાઉસના જંક્શન સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ટી. પી. ૧૪ ની હદે હદે પસાર થઈ તાપી નદી બ્લોક નં.૩૫૭ પી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ બ્લોક નં.૫૬૦, ૫૬૧ થી નહેરૂબ્રીજ (રાંદેર મેઈનરોડ સુધી) તાપી નદી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ રાંદેર મેઈનરોડ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સંસ્કાર કોલોનીની ઉત્તર હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ટી. પી. રસ્તે રસ્તે અને સાંઈ આશિષની ઉત્તરે થઈ ભૂલકા ભવન મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જઈ કેદારધામ સોસાયટી અને અયોધ્યા નગરીની ઉત્તરેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે થઈ અડાજણ ગામથી પાલનપુર રોડને જોડતા ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી પાલનપોર મેઈનરોડ વૈભવની ઉત્તર હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી પાલનપોરની પૂર્વ હદ પાલનપુર જૂના જકાતનાકા – મંગલદીપ એપાર્ટમેન્ટ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે રાંદેર અને પાલનપુરની વચ્ચેના સીમાડે સીમાડે પસાર થઈ મોજે રાંદેરના રે. સ. નં. ૧૪૬ (આંબેડકર વસાહત) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૧– પાલનપુર રોડ**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પાલનપુરના બ્લોક નં.૧૨૨ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં મોજે પાલનપુર અને જહાંગીરાબાદની વચ્ચેની હદે હદે પસાર થઈ બ્લોક નં.૭૬ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફવળી મોજે પાલનપુરની પૂર્વ તરફની હદે હદે પસાર થઈ પાલનપુર જુના જકાતનાકા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી વૈભવનગરના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી અડાજણગામ તરફ જતા ટી. પી. રસ્તે રસ્તે થઈ રંગીલા સર્કલ પસાર કરી અડાજણ માહયાવંશી મહોલ્લાની પૂર્વ બાજુએથી પસાર થઈ અડાજણ હજીરા રોડને ક્રોસ કરી તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ તાપી

નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે પાલની પશ્ચિમ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પાલ તેમજ પાલનપુર પશ્ચિમ હદે હદે પસાર થઈ મોજે પાલનપુરના બ્લોક નં.૧૨૨ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૨– અડાજણ**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ અયોધ્યા નગરીના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ગણેશકૃપાના ઈશાન ખૂણા (ન્યુ રાંદેર રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ દત્ત એપાર્ટમેન્ટના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી સાંઈ આશિષ સોસાયટીની ઉત્તરેથી પસાર થઈ સંસ્કાર કોલોનીના ઈશાન ખૂણે (રાંદેર મેઈન રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ રાંદેર મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ નહેરૂ પુલ સુધી. (તાપી નદીના કિનારા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ સ્વામી વિવેકાનંદ બ્રીજ, સરદાર બ્રીજ પસાર કરી બદરી નારાયણ મંદિર તરફ જતાં ટી. પી. રોડ (મેનાનગરના નૈઋત્ય ખૂણા) સુધી. ત્યાંથી ઉત્તર તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ગુજરાત ગેસ કું. થઈ અડાજણગામ માહયાવંશી મહોલ્લાની પૂર્વ બાજુથી પસાર થતા રસ્તે રસ્તે થઈ રંગીલા સર્કલ થઈ અયોધ્યા નગરીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૩ – મુગલીસરા**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ તાપી નદી પર આવેલ વિયર કમ કોઝવે રોડ (તાપી નદીનો કિનારો) થી શરૂ કરી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ નંદનવન સોસાયટીની ઉત્તરે આવેલ ટી. પી. રસ્તે રસ્તે (નવનાથના અખાડા) મોજે ટૂંકીના રે. સ. નં.૩૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રે. સ. નં.૩૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રે. સ. નં.૩૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ (તાપી ઈન્ડસ્ટ્રીઝ વિસાન ઈન્ડ. ની ઉત્તરે) વેડરોડ સુધી. (મોજે ટૂંકીના રે. સ. નં.૨૧ ના ઈશાન ખૂણા સુધી) ત્યાંથી દક્ષિણ તરફ વેડ રોડના રસ્તે રસ્તે વેડ દરવાજા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ કતારગામ દરવાજા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ડ્રેનેજ પમ્પીંગની પૂર્વે આવેલ રસ્તે થઈ ભાગળ જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મહાત્મા ગાંધી રોડ (રાજમાર્ગ) ના રસ્તે રસ્તે પસાર થઈ ચોકબજાર જંકશન (ગુજરાતમિત્ર સર્કલ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ગાંધીજીના પૂતળા પાસેના જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ડકકા ઓવારાના રસ્તે રસ્તે થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ વિયર કમ કોઝવે રોડ સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૪ – કુબેરનગર**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ કુબેરપાર્ક સોસાયટીના (ટી. પી. સ્કીમ નં.૧૮ ના ફા. પ્લોટ નં.૩૫) વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં ધ્રુવતારક સોસાયટી, ઉદયનગર વિ.૨, હરિઓમ સોસાયટી, અંબિકાપાર્ક, કતારગામ આરોગ્ય કેન્દ્રની ઉત્તરે આવેલ ટી. પી. રસ્તે રસ્તે થઈ કતારગામ મેઈનરોડ (ટી. પી. ૩ ના ફા. પ્લોટ નં.૪૫૬ ના ઈશાન ખૂણા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં કતારગામ મેઈનરોડના રસ્તે રસ્તે થઈ કતારગામ દરવાજા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સીટી વોલની હદે હદે પસાર થઈ વેડ દરવાજા સુધી. ત્યાંથી ઉત્તર (રીંગરોડ) તરફ વેડ જવાના રસ્તે રસ્તે પસાર થઈ કુબેરપાર્ક સોસાયટીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૫ – સૈયદપરા**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં.૪૨૫(રામજી મંદિર) ની ઉત્તરે આવેલ કતારગામ મેઈનરોડના ત્રિભેટેથી શરૂ કરી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ કતારગામ ઝોન ઓફિસની દક્ષિણેથી પસાર થતાં રસ્તે થઈ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૮૯/બી ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી દિપુના ટેકરાની અગ્નિ ખૂણા (લીલાબા સ્કુલનો નૈઋત્ય ખૂણે) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૩ ના ફા. પ્લોટ નં.પર – એ (શાંતિનિકેતન સોસાયટી) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં શાંતિનિકેતન સોસાયટીની ઉત્તર તરફની હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં.૫૦ ની ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સુમુલડેરી રોડ (ટી. પી. રસ્તે) ની પશ્ચિમ સાઈડની હદે હદે પસાર થઈ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી સુમુલડેરી રોડ ક્રોસ કરી રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈને લાઈને પસાર થઈ સૂર્યપૂર ગરનાળુ પસાર કરી લંબે હનુમાન ગરનાળા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં દિલ્હીગેટ જંકશન પસાર કરી પીરછડી રોડના રસ્તે રસ્તે પસાર થઈ મહિધરપુરા મોટીશેરીના દક્ષિણ છેડે આવેલ નોંધ નંબર : ૬ / ૫૨૯ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મોટીશેરીના રસ્તે રસ્તે પસાર થઈ વોર્ડ નં.૬ ના નોંધ નં.૭૦૫ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ઘોડીયાબાવા મંદિરની દક્ષિણે આવેલ કામનાથરોડના રસ્તે રસ્તે પસાર થઈ જદાખાડી રોડને પસાર કરી ઘી–કંટા રોડ પર આવેલ વોર્ડ નં.૬ ના નોંધ નં.૬/૨૦૬૬ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ચારખાના ચકલા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં શ્રી સ્વામી નારાયણ મંદિરની દક્ષિણેથી પસાર થતાં રસ્તે

INDEX

રસ્તે થઈ સૈયદપુરા મેઈનરોડ (વોર્ડ નં.૭ ના નોંધ નંબર :-૨૯૩૮ ના નૈઋત્ય ખૂણા સુધી.) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં સૈયદપુરા પંપીંગની પૂર્વ બાજુએથી પસાર થઈ કતારગામ દરવાજા પસાર કરી કતારગામ મેઈનરોડ પર આવેલ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં.૪૨૫ (રામજી મંદિર)ની ઉત્તરે કતારગામ મેઈનરોડના ત્રિભેટે સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૬ – ત્રીકમનગર**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સૂર્યપૂર ગરનાળા પાસે રેલ્વેની હદેથી શરૂ કરી વરાછા મેઈનરોડને રસ્તે રસ્તે પસાર થઈ સેન્ટ્રલ વેર હાઉસને વચ્ચેથી પસાર થતાં ટી. પી. રોડ (ટી. પી. સ્કીમ નં.૪ અશ્વનીકુમારના ફા. પ્લોટ નં.૨૦૯/બી ના ઈશાન ખૂણા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સેન્ટ્રલ વેર હાઉસની વચ્ચેથી પસાર થતાં રસ્તે રસ્તે લંબે હનુમાન રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં ચેતન ચેમ્બર્સના ઈશાન ખૂણા સુધી. ત્યાથી દક્ષિણ તરફ જતાં ચેતન ચેમ્બર્સ તથા વસંતભીખાની વાડીની પૂર્વ તરફના ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ સંત તુલસીદાસ ગાર્ડનની ઉત્તરેથી પસાર થતાં રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં હેમકુંજ સોસાયટી તથા સતાધાર સોસાયટીની ઉત્તરેથી પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૫૮ (મોતીનગર) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોતીનગર અને વર્ષા સોસાયટી વિભાગ–૨ ની વચ્ચેની હદે હદે પસાર થઈ અને કમલપાર્ક સોસાયટીની પૂર્વ હદે થઈ રન્નાદે ટેક્ષટાઈલની ઉત્તર હદ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં વર્ષા સોસાયટી મેઈનરોડ ( આઈ.સી.ગાંધી રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સ્વાગત એપાર્ટમેન્ટના અગ્નિ ખૂણા સુધી. (રોડ જંકશન) ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૪૭ ના ( ઈશ્વરકૃપાવાડી ) ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણે તરફ જતાં ફા. પ્લોટ નં.૪૭ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ઈશ્વરકૃપા વાડીની દક્ષિણે આવેલ ટી. પી. રોડ ક્રોસ કરી મન મોહનનગર અને ત્રિકમનગરની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે થઈ ટી. પી. સ્કીમ ૮ (ઉમરવાડા) ની હદ સુધી. (સ્વસ્તિકનગરની પશ્ચિમ બાજુની હદ) ત્યાંથી દક્ષિણ તરફ ટી. પી. સ્કીમ નં.૮ ની હદે હદે પસાર થઈ ટી. પી સ્કીમ નં.૮ ના ફા. પ્લોટ નં.૨૧ (નવજીવન સોસાયટી) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં વિક્રમનગરની દક્ષિણે આવેલ રસ્તે થઈ દિવ્ય વસુંધરા ફ્લેટ અને આંબાવાડીની દક્ષિણેથી પસાર થતાં ખાડી રોડે થઈ નરસિંહ મંદિરની ચાલની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે થઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈને લાઈને લંબે હનુમાન ગરનાળુ પસાર કરી સૂર્યપૂર ગરનાળા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૭ – લાભેશ્વર ચોક**

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૪ (અશ્વનિકુમાર – નવાગામ) ના ફા. પ્લોટ નં.૨૦૯ એ (સેન્ટ્રલ વેર હાઉસના જંકશન) ના વાયવ્યે ખૂણેથી (વરાછા મેઈન રોડ) થી શરૂ કરી પૂર્વ તરફ વરાછા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ હીરાબાગ ચાર રસ્તા પાસે આવેલ ટી. પી. સ્કીમ નં.૧૭ (ફૂલપાડા) ના ફા. પ્લોટ નં. ૮૧ એ (ચિત્રકુટ સોસાયટી) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ચિત્રકુટ સોસાયટી અને જય ગંગેશ્વર સોસાયટીની પૂર્વ બાજુની હદે હદે પસાર થઈ લંબે હનુમાન રોડ પસાર કરી ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૧૧૦ (ભરતનગર સોસાયટી) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ભરતનગરની દક્ષિણે આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ જગદીશનગર (ટી. પી. સ્કીમ નં.૩ – કરંજ ના ફા. પ્લોટ નં.૧૨૨) ના ઈશાન ખૂણા સુધી (સ્વામી દયાનંદ સરસ્વતી ઉદ્યાનનો વાયવ્ય ખૂણા સુધી.) ત્યાંથી દક્ષિણ તરફ જતાં જગદીશનગર સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં જગદીશનગર સોસાયટી દક્ષિણ બાજુની હદે હદે પસાર થઈ વર્ષા સોસાયટી તરફ જતા ૬૦' ના ટી. પી. રોડ (આઈ. સી. ગાંધી રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વર્ષા સોસાયટી વિભાગ–૧ ના (ટી. પી. સ્કીમ નં.૩ – કરંજ ફા.પ્લોટ નં.૬૦) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે (એચ.ટી.રોડ) પસાર થઈ ચંપકની ચાલ સુધી. ત્યાંથી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ કમલબાગ સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ રામકૃષ્ણ વિદ્યાલયના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી લંબે હનુમાન મેઈનરોડ પસાર કરી શ્યામનગર સોસાયટીની પશ્ચિમે આવેલી ટી.પી. રસ્તે પસર થઈ વરાછા મેઈનરોડ પર આવેલ ટી. પી. સ્કીમ નં.૪ (અશ્વનિકુમાર – નવાગામ) ના ફા. પ્લોટ નં.૨૦૯ એ (સેન્ટ્રલ વેર હાઉસના જંકશન) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૮ – કરંજ**

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૩ કરંજના ફા. પ્લોટ નં.૬૧ (વર્ષા સોસાયટી વિભાગ–૨) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં આઈ.સી.ગાંધી મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ ડાહયાભાઈ પાર્કના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ડાહયાભાઈ પાર્કની ઉત્તર હદે હદે પસાર થઈ સ્વામી દયાનંદ સરસ્વતી ઉધાનની પશ્ચિમે આવેલ ૬૦' ના ટી. પી.

રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ઉદ્યાનના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં ૪૦' ના ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ સંતોષીનગર સોસાયટીની પશ્ચિમ હદે આવેલ ૬૦' ના ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ લંબે હનુમાન રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં લંબે હનુમાન રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે કરંજના પૂર્વ બાજુના સીમાડા (રચના સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે કરંજની પૂર્વ બાજુની હદે હદે પસાર થઈ ટી. પી. ૩ કરંજના ફા. પ્લોટ નં.૧૦૩ ના અગ્નિ ખૂણા સુધી. (ખાડી સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ખાડીના કિનારે કિનારે તેમજ ડ્રેનેજ પંપીંગ અને ડ્રેનેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની દક્ષિણેથી પસાર થઈ આઈ. સી. ગાંધી મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. ૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૬૨ (વર્ષા સોસાયટી વિભાગ–૨) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ફા. પ્લોટ નં.૬૨ (વર્ષા સોસાયટી વિભાગ–૨) ની દક્ષિણ હદે હદે પસાર થઈ ફા. પ્લોટ નં.૬૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વર્ષા સોસાયટી વિભાગ–૨ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૩ કરંજના ફા. પ્લોટ નં.૬૧ ના વાયવ્ય ખૂણા (એચ.ટી. રોડ) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૯ – પૂણા**

આ વોર્ડના ઉત્તરે આવેલ મોજે પૂણાના રે. બ્લોક નં.૪૫૬ (સમ્રાટ સોસાયટી) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જઈ રે. બ્લોક નં.૪૫૬ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ રે. બ્લોક નં.૪૫૬ ની હદે હદે પસાર થઈ ખાડી પસાર કરી રે. બ્લોક નં.૪૫૫ અને ૪૬૮ (અશોકવાટિકા અને અંકિત સોસાયટી) ની પૂર્વ હદે હદે અને અમીપાર્ક સોસાયટીની પૂર્વ આવેલ રસ્તે રસ્તે પસાર થઈ બ્લોક નં.૪૭૧ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં પૂણા ગામતળ તરફ જતાં રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ બ્લોક નં.૫૦૨ ના અગ્નિ ખૂણાથી તેમજ ગામતળની પૂર્વ તરફની હદે હદે થઈ બ્લોક નં.૮૧૦ ના અગ્નિ ખૂણા સુધી. (સારોલી તરફ જતા રસ્તા સુધી) ત્યાંથી સારોલી રોડના રસ્તે રસ્તે પસાર થઈ કેનાલ પસાર કરી, રે. બ્લોક નં.૭૬૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ – પશ્ચિમ તરફ પસાર થતી ખાડીના કિનારે કિનારે થઈ, મોજે પૂણાના બ્લોક નં.૭૪૬ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ પૂણાની દક્ષિણ તરફની હદે હદે પસાર થઈ બ્લોક નં.૭૩૦ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં બ્લોક નં.૭૦૫ ના અગ્નિ ખૂણા સુધી. (મોજેપૂણા – મગોબનો સીમાડો). ત્યાંથી પશ્ચિમ તરફ મોજે પૂણા અને મગોબના વચ્ચેના સીમાડાની હદે હદે પસાર થઈ, કેનાલ અને પૂણા–મગોબ રોડને પસાર કરી બ્લોક નં.૬૫૩ ના નૈઋત્ય ખૂણા સુધી. (સીતાનગર જતાં ટી. પી. રોડ સુધી). ત્યાંથી ઉત્તર તરફ ટી. પી. રોડના રસ્તે રસ્તે પસાર થઈ સીતાનગર ચાર રસ્તા સુધી. (બ્લોક નં.૫૫૧/૨ ના વાયવ્ય ખૂણા સુધી). ત્યાંથી પશ્ચિમ તરફ વળી બોમ્બે માર્કેટ તરફ જતા ટી. પી. રોડના રસ્તે રસ્તે થઈ બ્લોક નં.૫૮૦ લક્ષ્મીપાર્ક ના નૈઋત્ય ખૂણા સુધી. (મગોબના સીમાડા સુધી). ત્યાંથી ઉત્તર તરફ જતાં બ્લોક નં.૫૮૦ ના વાયવ્ય ખૂણા સુધી. (ખાડી સુધી). ત્યાંથી ઉત્તર પૂર્વ દિશામાં જતી ખાડીના કિનારે પસાર થઈ, રે. બ્લોક નં.૫૨૭ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ખાડી પસાર કરી મોજે પૂણાના રે. બ્લોક નં.૪૫૮ (સત્યનારાયણ સોસાયટી) ની પશ્ચિમ હદે હદે થઈ પૂણાની ઉત્તર હદ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં પૂણા – કાપોદ્રાની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૪૫૬ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૦ – મગોબ**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રેલ્વે લાઈનને અડીને ટી. પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના ફા. પ્લોટ નં.૨૯ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ દિશા તરફ ઉધરસ ભૈયાની વાડી ટાંકલી ફળીયાની ઉત્તરે આવેલ ખાડીએ ખાડીએ પસાર થઈ ગુજરાત હાઉસીંગ બોર્ડની તેમજ ખાડી મહોલ્લાના ઉત્તરથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે ટી. પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ની પૂર્વ બાજુની હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. ની હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૧૪ (સ્વસ્તિક સોસાયટી) ના વાયવ્ય ખૂણા સુધી. (૬૦' ના ટી. પી. રોડ સુધી) ત્યાંથી પૂર્વ તરફ વળી ત્રિકમનગર, પરમહંસ સોસાયટી તથા લક્ષ્મીનગર ઉત્તરેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ ૩ કરંજના ફા. પ્લોટ નં.૪૧ ની પૂર્વ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ફા. પ્લોટ નં.૪૮ (કુબેરનગર) ના વાયવ્ય ખૂણા (૬૦' ના ટી. પી. રોડ) સુધી. ત્યાંથી પૂર્વ તરફ ૬૦' ના ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ આઈ.સી.ગાંધી રોડ પસાર કરી હરીધામ સોસાયટીની ઉત્તરે આવેલ (ડ્રેનેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની દક્ષિણે) ખાડી ખાડીએ પસાર થઈ મોજે મગોબની પૂર્વ સાઈડની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે મગોબની પૂર્વ હદે હદે પસાર થઈ અર્ચના વિદ્યાલયના ઉત્તરેથી પસાર થતાં બોમ્બે માર્કેટથી પૂણા જતાં મેઈનરોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં મોજે પૂણાના સીતાનગર ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ઈશ્વરપાર્ક સોસાયટી, ચામુંડાનગર, વિક્રમનગરની પૂર્વ બાજુએથી પસાર થતાં રસ્તે રસ્તે થઈ મોજે મગોબના ઉત્તર બાજુના સીમાડા (બ્લોક નં.૬૫૨ ના અગ્નિ ખૂણા) સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં મગોબના ઉત્તર તરફના સીમાડે સીમાડે પસાર થઈ સુરત શહેરની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સુરત શહેરની હદે હદે (મોજે મગોબની પૂર્વ બાજુની હદે હદે) પસાર થઈ મોજે મગોબના દક્ષિણ તરફના સીમાડે આવેલ ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે મગોબના દક્ષિણ તરફના સીમાડે સીમાડે પસાર થઈ રે. બ્લોક નં.૧૪૫ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રે. બ્લોક નં.૧૪૫, ૧૪૪, ૧૪૦ની પશ્ચિમ હદે હદે પસાર થઈ સુરત – બારડોલી મેઈનરોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં કેનાલ પાસર કરી સુરત – બારડોલી રસ્તે રસ્તે પસાર થઈ મોજે મગોબના પશ્ચિમ બાજુના સીમાડા સુધી. (ખાડી સુધી.) ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે ઉમરવાડાની દક્ષિણ તેમજ પશ્ચિમ હદે પસાર થઈ સુરત – બારડોલી રોડ સુધી.

INDEX

ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સહરા દરવાજા સુધી. (રેલ્વે લાઈન સુધી) ત્યાંથી ઉત્તર તરફ જતાં રેલ્વે લાઈને લાઈને ટી. પી. સ્કીમ નં.૮ ના ફા. પ્લોટ નં.૨૯ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૧ – નવાપુરા**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સૈયદપુરા મેઈનરોડ અને પારસીવાડ રોડના જંકશન પર આવેલ સીટી સર્વે વોર્ડ નં.૫ ના નોંધ નં. ૧૮૨૫ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ સીટી સર્વે વોર્ડ નં.૫ ની ઉત્તર તરફની હદે હદે (પારસીવાડ) રોડથી ગોલવાડ ચકલા થઈ સ્વામી નારાયણ મંદિર તરફ જતા રસ્તે રસ્તે નોંધ નં.૧૯૨૪ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વૈદભાઈની શેરીના રસ્તે રસ્તે પસાર થઈ હાટ ફળીયા મેઈનરોડ (નોંધ નં.૧૧૮૨) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં જદાખાડી મેઈનરોડ પસાર કરી મોટીશેરી તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૬ ના નોંધ નં.૭૦૬ ના ઈશાન ખૂણા સુધી. (મોટીશેરી) ત્યાંથી દક્ષિણ તરફ જતાં ગલેમંડી મેઈનરોડ, ત્યાંથી પૂર્વ તરફ ગલેમંડી મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ દિલ્હીગેટ જંકશન પસાર થઈ લંબેહનુમાન ગરનાળા સુધી. (રેલ્વે લાઈન સુધી) ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈને લાઈને સહરા દરવાજા ગરનાળા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રીંગરોડ પસાર કરી નવાબનીવાડી તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૪ ના નોંધ નં.૧૯૦૦ ના અગ્નિ ખૂણા સુધી.
ત્યાંથી પશ્ચિમ તરફ મુંબઈ વડથી ખરાદી શેરી જતાં રસ્તે રસ્તે વોર્ડ નં. ૪/૩૫૭૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ભુલામોદી ચકલાથી ઝાંપાબજાર તરફના રસ્તે રસ્તે થઈ સળીયાવાળી માર્કેટ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વોર્ડ નં.૩ અને ૪ ની હદે હદે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૩ ના નોંધ નં.૮૯૬ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી કસાઈખાડીના રસ્તે રસ્તે થઈ ડી. કે. એમ. હોસ્પીટલ (કોટસફીલ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં કોટસફીલ મેઈનરોડના રસ્તે રસ્તે થઈ ભાગળ ચાર રસ્તા પસાર કરી કાંસકીવાડ થઈ સૈયદપુરા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૫ ના નોંધ નં.૧૮૨૫ ના વાયવ્ય ખૂણા (પારસીવાડ રોડનું જંકશન) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૨ – સોનીફળીયા**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ડકકા ઓવારા (તાપી નદી) થી શરૂ કરી ગાંધીબાગની ઉત્તરે થઈ ગાંધીબાગ જંકશન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ચોકબજાર ચાર રસ્તા. ત્યાંથી પૂર્વ તરફ વળી રાજમાર્ગ (મહાત્મા ગાંધી રોડ) ના રસ્તે રસ્તે પસાર થઈ ભાગળ ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કોટસફીલ મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ નવસારી બજાર ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ખાડી પરના રસ્તે રસ્તે બડેખા પોલીસ ચોકીની દક્ષિણેથી પસાર થઈ વોર્ડ નં.૧ ના નોંધ નં.૨૩૨૬ ના દક્ષિણે આવેલ માછીવાડ ખાડી સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી યશ એપાર્ટમેન્ટ તથા દેના બેંક ની પૂર્વ બાજુએથી પસાર થતાં રસ્તે રસ્તે મકાઈપુલ જંકશન પસાર કરી વિવેકાનંદ બ્રિજ (તાપી નદીના કિનારે) સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી તાપી નદીના કિનારે કિનારે જતાં ગાંધીબાગના વાયવ્ય ખૂણે આવેલ ડકકા ઓવારા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૩ – અઠવાગેટ**

૧૧. અનુસૂચિતજાતિ, અનુસૂચિતઆદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે નિયત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે અનામત તથા બીન અનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશન) થી બેઠકોની ફાળવવા આખરી કરવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૪ | દેવડા | બિન અનામત સામાન્ય |
| ૫ | ફુદેડા | સામાન્ય સ્ત્રી |
| ૬ | ગવાડા | સામાન્ય સ્ત્રી |
| ૭ | ગેરીતા | સામાન્ય સ્ત્રી |
| ૮ | ગોવિંદપુરા-૧ | સામાન્ય સ્ત્રી |
| ૯ | ગોવિંદપુરા-૨ | સામાન્ય સ્ત્રી |
| ૧૧ | જંત્રાલ | સામાન્ય સ્ત્રી |
| ૧૨ | ખણુંસા | બિન અનામત સામાન્ય |
| ૧૩ | ખરોડ | બિન અનામત સામાન્ય |
| ૧૪ | કુકરવાડા-૧ | બિન અનામત સામાન્ય |
| ૧૫ | કુકરવાડા-૨ | બિન અનામત સામાન્ય |
| ૧૭ | લાડોલ-૨ | બિન અનામત સામાન્ય |
| ૧૮ | પામોલ | બિન અનામત સામાન્ય |
| ૧૯ | પિલવાઈ | બિન અનામત સામાન્ય |
| ૨૦ | રણાસણ | બિન અનામત સામાન્ય |
| ૨૧ | રણશીપુર | બિન અનામત સામાન્ય |
| ૨૨ | સંઘપુર | બિન અનામત સામાન્ય |
| ૨૩ | સરદારપુર | બિન અનામત સામાન્ય |
| ૨૪ | વસાઈ-૧ | બિન અનામત સામાન્ય |
| ૨૫ | વસાઈ-૨ | બિન અનામત સામાન્ય |

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી દરમ્યાન અગાઉની સામાન્ય ચૂંટણી સમયે નક્કી થયેલ અનામત બેઠકોની શકય હોય ત્યાં સુધી તે કેટેગરીમાં પુનરાવર્તન ન થાય તે ધ્યાને લઈ બેઠકો વારાફરતી (રોટેશન) ફાળવવામાં આવેલ છે.

૧૨. આથી રાજય ચૂંટણી પંચ ભારતના સંવિધાન ના અનુચ્છેદ-૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના નિયમો હેઠળ મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાની વિજાપુર તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના તથા અનામત બેઠકોમાં વારાફરતી (રોટેશન) ફાળવણી કરવાનું મુનાસીબ માને છે તે મુજબ મતદાર મંડળની રચના અને અનામત બેઠકોની વારાફરતી (રોટેશન) ફાળવણી આ સાથેની "અનુસૂચિ" પ્રમાણે આખરી આદેશ કરવામાં આવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

પી. એસ. શાહ,

સચિવ,

રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.

ક્રમાંક : રાચપ-સમક-વિજાપુર-તા.પં.-૬૨૦૧૦. તા. ૨૮-૦૬-૨૦૧૦

અનુસૂચિ

જિલ્લાનું નામ - મહેસાણા તાલુકા પંચાયતનું નામ - વિજાપુર

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિતઆ દિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | વિજાપુર | ૧ | આગલોડ | ૧૯ | ૫ | સા.શૈ.પ.વર્ગ |
| | | ૨ | બિલિયા | ૮ | ૧૫ | સા.શૈ.પ. વર્ગ સ્ત્રી |
| | | ૩ | ડાભલા | ૨૫ | ૨૦ | સા.શૈ.પ. વર્ગ |
| | | ૪ | દેવડા | ૨ | ૨૨ | બિન અનામત સામાન્ય |
| | | ૫ | ફુદેડા | ૧૨ | ૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૬ | ગવાડા | ૧૧ | ૨૩ | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | ગેરીતા | ૨૦ | ૨૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૮ | ગોવિંદપુરા-૧ | ૨૩ | ૯ | સામાન્ય સ્ત્રી |
| | | ૯ | ગોવિંદપુરા-૨ | ૧૬ | ૧૨ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૦ | હિરપુરા | ૩ | ૨૫ | અનુસૂચિતજાતિ સ્ત્રી |
| | | ૧૧ | જંત્રાલ | ૭ | ૧૯ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૨ | ખણુંસા | ૨૧ | ૧૮ | બિન અનામત સામાન્ય |
| | | ૧૩ | ખરોડ | ૬ | ૧૬ | બિન અનામત સામાન્ય |
| | | ૧૪ | કુકરવાડા-૧ | ૧૭ | ૧૪ | બિન અનામત સામાન્ય |
| | | ૧૫ | કુકરવાડા-૨ | ૨૪ | ૬ | બિન અનામત સામાન્ય |
| | | ૧૬ | લાડોલ-૧ | ૧ | ૮ | અનુસૂચિતજાતિ |
| | | ૧૭ | લાડોલ-૨ | ૨૨ | ૧૩ | બિન અનામત સામાન્ય |
| | | ૧૮ | પામોલ | ૫ | ૧૧ | બિન અનામત સામાન્ય |
| | | ૧૯ | પિલવાઈ | ૪ | ૨૧ | બિન અનામત સામાન્ય |
| | | ૨૦ | રણાસણ | ૧૮ | ૪ | બિન અનામત સામાન્ય |
| | | ૨૧ | રણશીપુર | ૧૦ | ૨ | બિન અનામત સામાન્ય |
| | | ૨૨ | સંઘપુર | ૧૩ | ૩ | બિન અનામત સામાન્ય |
| | | ૨૩ | સરદારપુર | ૯ | ૭ | બિન અનામત સામાન્ય |
| | | ૨૪ | વસાઈ-૧ | ૧૪ | ૧૭ | બિન અનામત સામાન્ય |
| | | ૨૫ | વસાઈ-૨ | ૧૫ | ૧૦ | બિન અનામત સામાન્ય |

પી. એસ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

---



INDEX

Extra No. 313 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] MONDAY, JUNE 28, 2010/ASADHA 7, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**StatutoryRules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.**

**રાજય ચૂંટણી પંચ**

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર તા.૨૮-૬-૨૦૧૦

ક્રમાંક:રાચપ-ચટણ-સમક-મનપા-સુરત-૨૦૧૦

**સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.**

૧. રાજય ચૂંટણી પંચના તા.૩-૬-૨૦૧૦ ના આદેશ ક્રમાંક: રાચપ- ચટણ- સમક- મનપા- સુરત- ૨૦૧૦ થી સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને, જાહેર જનતાને સલાહસૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦ માં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય,ગાંધીનગરને પહોંચે તે રીતે તેમ જ એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરતને મોકલવાની હતી.

૨. સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટેના સુરત શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સુચનો કરવામાં આવ્યાં છે.

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ તા.૨૩-૬-૨૦૧૦ ના રોજ સુરત કલેકટર કચેરીના સભાખંડમાં રાજય ચૂંટણી પંચે કરેલ છે.

૪. રાજય ચૂંટણી પંચને મળેલ સુચનોનો કાળજીપુર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શના અંતે તે પરામર્શમાં થયેલ સુચનોનો પણ કાળજીપુર્વક અભ્યાસ કરી મુંબઈ પ્રોવિન્શ્યિલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ અને રાજય ચૂટણી પંચે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને તા.૩-૬-૨૦૧૦ ના પ્રાથમિક આદેશમાં આંશિક ફેરફાર કરી ઉક્ત આદેશને આખરી કરવાનું પંચ મુનાસિબ માને છે.

૫. આથી રાજય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ઙ અને ૨૪૩ઃવ-ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૫ ખંડ(૩) પેટા ખંડ (ખ) તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી ) નિયમો, ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂઈએ સુરત શહેરના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસુચિ-૧ પ્રમાણે અને અનામત બેઠકોની ફાળવણી આ સાથે જોડેલ અનુસુચિ-૨ મુજબ આખરી કરવાનું ઠરાવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

પી. એસ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

**રા.ચૂં.પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મનપા-સુરત-૨૦૧૦, તા. ૨૮-૬-૨૦૧૦ ની**

**અનુસૂચિ-૧**

**સુરત મહાનગરપાલિકા, સુરત.**

**સનેઃ ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલા આંકડા આધારે સુરત મહાનગરપાલિકાની વોર્ડરચના મુજબ વોર્ડોનું વર્ણન.**

**વોર્ડ નંબર ૧- રાંદેર વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના મોજે વરીયાવના ઉત્તરે આવેલ રે.બ્લોક નં.૫૦૨ ના વાયવ્યે ખૂણેથી શરૂ કરી મોજે વરીયાવની ઉત્તરની હદે હદે (સુરત શહેરની હદે હદે) પુર્વ તરફ જતા રે.બ્લોક નં.૬૦૫ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સુરત શહેરની હદે હદે રે.બ્લોક નં.૭૭૯ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પુર્વ તરફ સુરત શહેરની હદે હદે જતાં મોજે વરીયાવના રે.બ્લોક નં.૮૩૯ ના ઈશાન ખૂંણા સુધી ત્યાંથી રે.બ્લોક નં.૮૩૯ ના પુર્વ થઈ દક્ષિણ તરફ જતાં કઠોર રોડને ક્રોસ કરી મોજે વરીયાવના રે.બ્લોક નં.૮૬૨ ના અગ્નિ ખુણા (ભરથાણા કોસાડના સીમાડા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ વળી રે.બ્લોક નં.૮૬૩/૨ની દક્ષિણ હદે હદે (સુરત શહેરની હદે હદે) પશ્ચિમ (શહેરની હદે હદે) તરફ પસાર થઈ મોજે કોસાડના ઈશાન ખૂણા થઈ ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે વરીયાવની દક્ષિણ હદે હદે પસાર થઈ રે.બ્લોક નં.૮૬૭/૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં રે.બ્લોક નં.૮૯૯/૨ ની પુર્વે હદે હદે પસાર થઈ રે.બ્લોક નં.૮૯૯/૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે વરીયાવની દક્ષિણે હદે હદે પસાર થઈ રે.બ્લોક નં.૯૦૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં રે.બ્લોક નં.૯૦૪, ૯૦૫, ૯૦૬, ૯૧૦,૯૧૧, ૯૧૨ની પુર્વે સાઈડે આવેલી રસ્તેથી (મોજે વરીયાવની હદે હદેથી ) રે.બ્લોક નં.૯૧૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રે. બ્લોક નં.૯૧૩ ના નૈઋત્ય ખૂણે થઈ દક્ષિણ તરફ વળી રે. બ્લોક નં.૧૨૩૪/૨ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રે.બ્લોક નં.૧૨૩૪ ની દક્ષિણેથી પસાર થઈ સાયણ રોડ સુધી સાયણ રોડથી અમરોલી જતાં ત્રિભેટે સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી સાયણ અમરોલી રોડને રસ્તે રસ્તે પસાર થઈ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોના પશ્ચિમે થઈ અમરોલીના સીમાડા સુધી (ખાડી સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ ખાડીએ ખાડીએ (મોજે કોસાડની દક્ષિણ હદે હદે) પસાર થઈ અમરોલી વરીયાવ રોડ ક્રોસ કરી ખાડી ફળીયાની પર્વે બાજુ સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી ખાડીએ ખાડીએ પસાર થઈ મોજે છાપરા ભાઠા ના રે.બ્લોક નં.૨૧૫ ની પર્વે હદે હદે પસાર થઈ તાપી નદીના કીનારા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં તાપી નદીને કીનારે કીનારે પસાર થઈ મોજે વરીયાવના રે.બ્લોક નં.૧૩૨૯ તથા રે. બ્લોક નં.૭૦ ની દક્ષિણેથી પસાર થઈ તાપી નદીના કિનારે કિનારે પસાર થતાં મોજે રાંદેરનાં રે. સર્વે નં. ૩૪૯ માં આવેલી (ઈકબાલનગર ઝુંપડપટ્ટી)નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ટી.પી. સ્કીમ નં.૧૪ (રાંદેર-અડાજણ) ની દક્ષિણેથી હદે હદે પસાર થઈ સુલતાનીયા - કોઝવે રોડના જંકશન (અલ્વી રો હાઉસ પાસેના જંકશન સુધી) ત્યાંથી ટી. પી. રસ્તે રસ્તે (સુલતાનીયા - કોઝવે રોડ) ઉત્તર તરફ જઈ રાજીવનગર ઝુંપડપટ્ટીની દક્ષિણે આવેલ ટી. પી. રોડનાં જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રાજીવનગર, રહેમતનગર અને ભરૂચી ભાગળની દક્ષિણેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે થઈ રાંદેર ગામતળ તરફ જતાં મુખ્ય માર્ગ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રાંદેર મેઈનરોડ (રામનગર જંકશન) નેપસાર કરી રામનગર થતાં જહાંગીરાબાદની દક્ષિણ હદેથી પસાર થઈ મોજે જહાંગીરાબાદના રે. બ્લોક નં.૭૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર દિશામાં શહેરની હદે હદે જતાં ભેંસાણ રોડ પસાર કરી જહાંગીરાબાદના રે. બ્લોક નં.૯૦ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ દિશામાં શહેરની હદે હદે જતાં રે. બ્લોક નં.૧૦૦ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં સુરત - દાંડી રોડ સુધી. ત્યાંથી પૂર્વમાં રે. બ્લોક નં.૧૦૭ અને ૧૦૮ ની ઉત્તરે આવેલ શહેરની

હદે હદે પસાર થઈ મોજે પીસાદના રે. બ્લોક નં.૩૩ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં જહાંગીરપુરાના રે. બ્લોક નં.૫૪ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ જહાંગીરપુરાનાં રે.બ્લોક નં.૮૩ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે અને મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૩, ૮૫/૨, ૮૮/૨, ૮૬ અને ૮૯ ની પશ્ચિમ હદે પસાર થઈ રે. બ્લોક નં.૮૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ વરીયાવનાં રે. બ્લોક નં.૧૪૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૧૬૨ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી રે. બ્લોક નં.૧૯૯ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૧૧ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૧૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૫૦૨ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨ : કોસાડ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના મોજે કોસાડના વાયવ્ય ખૂણે આવેલ રેવન્યુ બ્લોક નં.૫૯૮ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી મોજે કોસાડની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જતાં રે. બ્લોક નં.૫૩૧/૨ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ રે.બ્લોક નં.૫૩૦ ની પશ્ચિમ હદેથી પસાર થઈ બ્લોક નં. ૫૩૦ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ બ્લોક નં. ૫૩૦ અને ૫૨૯ ની ઉત્તરેથી પસાર થઈ મોજે કોસાડના રે. બ્લોક નં.૫૨૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ મોજે કોસાડની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ, મુંબઈ - અમદાવાદ રેલ્વે લાઈનને ક્રોસ કરી,મોજે કોસાડ તેમજ મોટા વરાછાની ઉત્તર હદે હદે પસાર થઈ પર્વ તરફ જતાં રે.બ્લોક નં.૫૫૬ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી મોટા વરાછાની પર્વ હદે હદે (શહેર ની હદે હદે) પસાર થઈ કઠોર જતા રસ્તાને ક્રોસ કરી રે.બ્લોક નં.૩૮ના અગ્નિ ખૂણા સુધી (તાપી નદીના કિનારા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે મોટા વરાછા, ઉતરાણ, અમરોલી, છાપરા ભાઠા ની દક્ષિણે થી પસાર થતી તાપી નદીને કિનારે કિનારે પસાર થઈ મોજે છાપરા ભાઠા રે.બ્લોક નં.૨૧૪ (આમ્રકુંજ સોસા.) ની પશ્ચિમ હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ આમ્રકુંજ સોસાયટી પશ્ચિમ હદે હદે પસાર થઈ ખાડી સુધી ત્યાંથી ઉત્તર તરફ ખાડીને કિનારે કિનારે પસાર થઈ અમરોલી વરીયાવ રોડ ને ક્રોસ કરી ખાડી ને કિનારે કિનારે ઉત્તર તરફ મોજે છાપરા ભાઠાના રે.બ્લોક નં.૪૩ ની ફરતે આવેલ ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે.બ્લોક નં.૪૩ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પુર્વ ખૂણા તરફ વળીને ખાડીને કિનારે કિનારે રે.બ્લોક નં.૪૩ ના પશ્ચિમ તેમજ રે.બ્લોક નં.૪૦,૪૨, ૨૭ તેમજ ૩૮ (ગાયત્રીનગર હાઉસીંગ બોર્ડ ) ના ઉત્તર દિશાની હદે થઈ રે.બ્લોક નં.૩૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી ખાડીના કિનારે કિનારે રે.બ્લોક નં.૭૧ ના ઈશાન ખૂણા (અમરોલી સાયણ રોડ) સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી અમરોલી સાયણ રોડ પરથી પસાર થઈ મોજે કોસાડના રે.બ્લોક નં.૭૪૬ના વાયવ્ય ખૂણા (વસવાડી રોડ ત્રિભેટા ) સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.બ્લોક નં.૭૪૬, ૭૪૫ ની ઉત્તર હદે હદે પસાર થઈ બ્લોક નં.૭૪૫ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી રે.બ્લોક ન.૬૮૧/૨ અને ૬૮૦/૧ ની પશ્ચિમે થઈ રે.બ્લોક નં.૬૮૦/૧ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પર્વ તરફ વળી ૬૮૦/૧ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ કોસાડની પશ્ચિમ હદે હદે પસાર થઈ મોજે કોસાડના રે.બ્લોક નં.૫૯૮ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૩ વરાછા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડ ના વાયવ્યે ખૂણે આવેલ વરાછા વોટર વર્કસની બાજુમાં આવેલી જુની ટાંકી પાળ વસાહતની ઈશાન ખૂણેથી તાપી નદી કિનારે થી શરૂ કરી પર્વ દિશામાં તાપી નદી ના કિનારે કિનારે મોજે નાના વરાછાની ઉત્તર હદે હદે પસાર થઈ મોજે સરથાણાં તથા રે.બ્લોક નં.૩,૬,૭ અને ૮ ની ઉત્તર હદે થઈ રે.બ્લોક નં.૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ ખૂણા તરફ રે.બ્લોક નં.૯ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ સરથાણાની ઉત્તરે હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ સુરત કામરેજ રોડને ક્રોસ કરી મોજે સરથાણાનાં રે. બ્લોક નં.૭૬ નાં ઈશાન ખૂણા સુધી. (મોજે સરથાણા ઈશાન ખૂણા સુધી.) ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી મોજે સરથાણાની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ પાસોદરા ગામ જતાં રસ્તાને ક્રોસ કરી રે. બ્લોક નં.૮૬ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ મોજે સરથાણાની હદે હદે ( શહેરની હદે હદે ) ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે. બ્લોક નં.૧૦૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ખાડી ક્રોસ કરી મોજે સીમાડાનાં રે. સર્વે નં.૫૫ નાં ઈશાન ખૂણે થઈ દક્ષિણ તરફ મોજે સીમાડાની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ રે. સર્વે નં.૭૪નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રે. સર્વે નં.૧૧૨ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૨૧ નાં અગ્નિ ખૂણે આવેલ સણિયાહેમાદના સીમાડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૪૨ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી સણિયાહેમાદ તરફ જતાં રસ્તાને ક્રોસ કરી મોજે પૂણાનાં રે. બ્લોક નં.૧૬૧ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં શહેરની હદે હદે પસાર થઈ પૂણાનાં રેવન્યુ બ્લોક નં.૧૫૫ નાં અગ્નિ ખૂણા સુધી.

ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે પૂણાની દક્ષિણ હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ મોજે પૂણાના રે. બ્લોક નં.૮૭ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી સારોલી-પૂણા રોડનાં રસ્તે રસ્તે થઈ કેનાલ ક્રોસ કરી રે. બ્લોક નં.૨૧, ૨૦, ૧૮, ૧૭ ની દક્ષિણે આવેલ રસ્તે થઈ રે. બ્લોક નં.૧૭ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પૂણાનાં રે. બ્લોક નં.૧૭, ૧૬, ૧૫, ૨૪, ૨૫, ૩૦, ૩૧, ૩૨ ની પશ્ચિમે (ગામતળની પૂર્વે) થઈ મોજે પૂણાનાં રે. બ્લોક નં.૪૯૮ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે રસ્તે થઈ મોજે પૂણાનાં રે. બ્લોક નં.૪૭૨ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રે. બ્લોક નં.૪૭૨ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે રસ્તે થઈ અને શિવનગર સોસાયટી, ખોડીયાર નગર સોસાયટી અને લક્ષ્મણનગર સોસાયટીની પશ્ચિમે પસાર થઈ ખાડી સુધી. (રે. બ્લોક નં.૪૫૪ નાં વાયવ્ય ખૂણા સુધી.) ત્યાંથી પૂર્વ તરફ ખાડીનાં કિનારે કિનારે જતાં રે. બ્લોક નં.૪૦૮ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી નાના વરાછાની પશ્ચિમ હદે હદે પસાર થઈ તાપી નદીને કિનારે આવેલ જુની ટાંકી પાળ વસાહતની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૪- કાપદ્રા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડનાં વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૧૫ નાં ફા. પ્લોટ નં.૯૪ નાં (પંચમુખી હનુમાન મંદિર) નાં વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ( ધરતી નગરની દક્ષિણેથી ) રામકૃષ્ણ કોલોનીના ઈશાન ખૂણા સુધી- ત્યાંથી ઉત્તર તરફ જતાં તાપી નદી સુધી. ત્યાંથી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે જતાં મોજે કાપદ્રાનાં રે. સર્વે નં.૩૫ નાં ઈશાન ખૂણા (નાનાવરાછાનો સીમાડો) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે કાપદ્રાની પૂર્વ (નાનાવરાછાની પશ્ચિમ) હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૬૨ નાં અગ્નિ ખૂણા (ખાડી) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ખાડીનાં કિનારે કિનારે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૨૯ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ફા. પ્લોટ નં.૨૯ અને ૩૧ નાં દક્ષિણ હદે હદે પસાર થઈ ફા. પ્લોટ નં.૩૧ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ખાડીનાં કિનારે કિનારે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૪૧ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ફા. પ્લોટ નં.૪૧,૪૦ અને ૩૯ ની દક્ષિણેથી પસાર થઈ મોજે કાપદ્રાનાં પશ્ચિમ તરફનાં સીમાડા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મોજે કાપદ્રાની હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૬ (કાપદ્રા) નાં ફા. પ્લોટ નં.૩૬ નાં નૈઋત્ય ખૂણા (લંબેહનુમાન રોડ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૭ (ફુલપાડા) નાં ફા. પ્લોટ નં.૭૭ (તિરૂપતી સોસાયટી-૨) નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ફા. પ્લોટ નં.૭૭, ૬૮ અને ૬૭ ની પશ્ચિમે થઈ વરાછા મેઈનરોડ (હીરાબાગ સર્કલ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૫ નાં ફા. પ્લોટ નં.૧૧૭ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ ફા. પ્લોટ નં.૧૧૭, ૪૮ અને ૩૯ (પૂર્વી સોસાયટી) ની પશ્ચિમ તરફની હદે હદે હાઈ ટેન્શન રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં પૂર્વી સોસાયટીનાં ચાર રસ્તા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૫ નાં ફા. પ્લોટ નં.૯૪ (પંચમુખી હનુમાન મંદિર) નાં વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૫- ફુલપાડા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ તીનપત્તી વડ (ટી. પી. સ્કીમ નં.૧૫, ફા. પ્લોટ નં.૯૩) ના વાયવ્ય ખૂણેથી પૂર્વ દિશા તરફ જતા તાપી નદીના કિનારાની હદે હદે મોજે ફૂલપાડાના પૂર્વ સીમાડા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૧૫ ના ફા. પ્લોટ નં.૧૨૦ ( ધરતી નગર)ના ઈશાન ખૂણા (ટી.પી. રોડ સુધી). ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ધરતીનગર ઝુંપડપટ્ટીને દક્ષિણે આવેલ ટી. પી. રોડના રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ - ૧૫ ના ફા. પ્લોટ નં.૨૯ (ઈશ્વરનગર સોસાયટી) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. ના રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૫ ના ફા. પ્લોટ નં.૫૦ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ - ૧૫ ના ફા. પ્લોટ નં.૪૯ ના (હિંમતનગર) ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં હિંમતનગર, સંતલાલ સોસાયટીની પૂર્વ હદે હદે પસાર થઈ હિરાબાગ ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં વરાછા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ ખોડીયારનગર રોડ (ગણેશ કોલોનીના નૈઋત્ય ખૂણા) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ખોડીયારનગરના રસ્તે રસ્તે પસાર થઈ કેનાલ રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં કેનાલના રસ્તે રસ્તે પસાર થઈ રતનજીનગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રતનજીનગર, ક્ષમા સોસાયટી, જેરામનગર, સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટ અને સ્વામી નારાયણ મંદિરની પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ ત્રણ પાંદડાના વડના મંદિરના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૬- અશ્વનિકુમાર વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખાણે આવેલ રેલ્વે બ્રીજ અને તાપી નદીના કિનારાના ખૂણેથી શરૂ કરી પૂર્વ દિશા તરફ તુલસીવાડીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સ્વામી નારાયણ મંદિરના પૂર્વે આવેલ ટી. પી. રસ્તે થઈ એચ. ટી.

INDEX

રોડ જંકશનને પસાર કરી કેનાલ રોડ સુધી. (ટી. પી. સ્કીમ નં.૧૫ , ફા. પ્લોટ નં.૮૯ ના અગ્નિ ખૂણા સુધી.) ત્યાંથી પશ્ચિમ તરફ કેનાલ રોડે રોડે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૫ ના ફા. પ્લોટ નં.૯૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ખોડીયારનગરના રસ્તે રસ્તે પસાર થઈ વરાછા મેઈનરોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં વરાછા મેઈનરોડના રસ્તે રસ્તે સૂર્યપૂર ગેટ રેલ્વે ગરનાળા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રેલ્વે લાઈને લાઈને પસાર થઈ તાપી નદી અને રેલ્વે બ્રીજના ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નંબર ૭- કતારગામ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે કતારગામના રે. સ. નં.૨૦૮ ના વાયવ્ય ખૂણે શરૂ કરી ૨૧૦, ૨૧૪ અને ૨૧૫ ની ઉત્તર હદે હદે (કતારગામ અને વેડ વચ્ચેનો સીમાડો) પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી અગ્નિ ખૂણા તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ રેલ્વે બ્રીજ (રેલ્વે લાઈન) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈને લાઈને પસાર થઈ સુમુલડેરીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સુમુલડેરીની દક્ષિણ હદથી પસાર થઈ દિપુના ટેકરાના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ દિપુનો ટેકરો અને શાંતિનિકેતન સોસાયટીના વચ્ચેની હદે હદે પસાર થઈ વિન્ટેક્ષ મીલના જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં કતારગામ ઝોન ઓફિસની દક્ષિણે થઈ કતારગામ મેઈનરોડ સુધી. ત્યાથં ઉત્તર તરફ જતાં કતારગામ મેઈનરોડ પસાર થઈ લક્ષ્મીનગર સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી કતારગામ - સીંગણપોર રોડ થઈ મોજે કતારગામના રે. સ. નં.૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં કતારેશ્વર મહાદેવ મંદિરની પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ લલીતા ચોકડી જંકશન તેમજ કેનાલ રોડ પસાર કરી મોજે કતારગામના રે. સ. નં.૨૦૮ ના વાયવ્ય ખૂણા સુધી. (વેડના સીમાડા સુધી) નો હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નંબર ૮- વાડીનાથ ચોક વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે સીંગણપોરના રે. સ. નં.૫૬ ના વાયવ્ય ખૂણે (સીંગણપોર રોડ પારસીવાડી જંકશન) થી શરૂ કરી પૂર્વ તરફ સીંગણપોર મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ સીંગણપોર ચાર રસ્તા જંકશન પસાર કરી વેડ રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વાળીનાથ ચોક સુધી. ત્યાંથી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ધનમોરા ચાર રસ્તા પસાર કરી લક્ષ્મીનગર સોસાયટીના ઈશાન ખૂણા સુધી. (ટી. પી. સ્કીમ નં.૧૮ ના ફા. પ્લોટ નં.૧૨૭) ત્યાંથી દક્ષિણ તરફ જતાં કતારગામ મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ ગોધાણી સંકલ પસાર કરી અનાથાશ્રમ (ટી. પી. સ્કીમ નં.૩ કતારગામ ના ફા. પ્લોટ નં.૪૫૭) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં અનાથાશ્રમની દક્ષિણેથી પસાર થઈ કતારગામ હેલ્થ સેન્ટરની ઉત્તરેથી પસાર થતા રોડે રોડે પસાર થઈ વિશાલનગર સોસાયટીના જંકશનને પસાર કરી નિર્મલાપાર્ક તથાં શ્રી હરિકૃષ્ણ સોસાયટીના દક્ષિણેથી પસાર થતાં રસ્તે રસ્તે થઈ વેડ રોડ ટી. પી. ૧૮ ના ફા. પ્લોટ નં.૩૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં વેડ રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ટૂંકીના રે. સ. નં.૨૨ (ત્રિભોવન સોસાયટી) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ મોજે ટૂંકીના રે. સ. નં.૩૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સીંગણપોર રે. સ. નં.૫૬ ના વાયવ્ય ખૂણા (પારસીવાડી જંકશન - સીંગણપોર રોડ) સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

## વોર્ડ નંબર ૯- વેડ રોડ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ડભોલીના રે. સ. નં.૧૫૦ ના વાયવ્ય ખૂણા (તાપી નદીના કિનારો) થી શરૂ કરી ઉત્તર તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે વેડના રે. સ. નં.૪૭ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે વેડની દક્ષિણ હદે - હદે પસાર થઈ મોજે વેડના રે. સ. નં.૬૪ ના નૈઋત્ય ખૂણા સુધી. (કરાડા - વેડ રોડ સુધી) ત્યાંથી દક્ષિણ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ કેનાલ રોડને ક્રોસ કરી દક્ષિણ તરફ કંતારેશ્વર મંદિરની પશ્ચિમેથી પસાર થઈ કતારગામ - સીંગણપોર જતાં ટી. પી. રોડ સુધી. (મોજે કતારગામના રે. સં. નં.૯ ના અગ્નિ ખૂણા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ વળી કતારગામ - સીંગણપોર રોડને રસ્તે રસ્તે પસાર થઈ ધનમોરા ચાર રસ્તા પસાર કરી વેડ રોડ પર આવેલ વાળીનાથ ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં સીંગણપોર ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સીંગણપોર ગામ જવાના રસ્તે રસ્તે પસાર થઈ પારસીવાડી ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે સીંગણપોરના રે. સ. નં.૬૧ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી રે. સ. નં.૬૧ ની દક્ષિણની હદે હદે પસાર થઈ નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં કોઝવે રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં જમુના પાર્ક સોસાયટી, તાપી દર્શનની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ વિયર કમ કોઝવે (તાપી નદી) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે ડભોલીના રે. સ. ૧૫૦ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૦ રાંદેર - ગોરાટ રોડ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે મોજે રાંદેરના રે. સ. નં. ૧૪૬ ના (આંબેડકર વસાહત) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ મોજે રાંદેર અને જહાંગીરાબાદની વચ્ચેની હદે હદે પસાર થઈ કેનાલ રોડને ક્રોસ કરી ગુજરાત હાઉસીંગ બોર્ડ તેમજ પંચવટીની હદે હદે પસાર થઈ રાંદેર મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી સાગર કોમ્પલેક્ષના વાયવ્ય ખૂણા સુધી. (રાંદેર ગામતળ જવાના મેઈનરોડ સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ વળી એમ.એમ.પી. સ્કુલ તરફ જતા રસ્તે રસ્તે ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ રહેમતનગર અને રાજીવનગરની દક્ષિણે આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ સુલતાનીયા ઝુપડપટ્ટીની દક્ષિણે કોઝવે રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ અલ્વી રો હાઉસના જંકશન સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ટી. પી. ૧૪ ની હદે હદે પસાર થઈ તાપી નદી બ્લોક નં.૩૫૭ પી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ બ્લોક નં.૫૬૦, ૫૬૧ થી નહેરૂબ્રીજ (રાંદેર મેઈનરોડ સુધી) તાપી નદી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ રાંદેર મેઈનરોડ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સંસ્કાર કોલોનીની ઉત્તર હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ટી. પી. રસ્તે રસ્તે અને સાંઈ આશિષની ઉત્તરે થઈ ભૂલકા ભવન મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જઈ કેદારધામ સોસાયટી અને અયોધ્યા નગરીની ઉત્તરેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે થઈ અડાજણ ગામથી પાલનપુર રોડને જોડતા ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી પાલનપોર મેઈનરોડ વૈભવની ઉત્તર હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી પાલનપોરની પૂર્વ હદ પાલનપુર જૂના જકાતનાકા - મંગલદીપ એપાર્ટમેન્ટ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે રાંદેર અને પાલનપુરની વચ્ચેના સીમાડે સીમાડે પસાર થઈ મોજે રાંદેરના રે. સ. નં. ૧૪૬ (આંબેડકર વસાહત) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૧- અડાજણ (પશ્ચિમ) વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પાલનપુરના બ્લોક નં.૧૨૨ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં મોજે પાલનપુર અને જહાંગીરાબાદની વચ્ચેની હદે હદે પસાર થઈ બ્લોક નં.૭૬ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફવળી મોજે પાલનપુરની પૂર્વ તરફની હદે હદે પસાર થઈ પાલનપુર જુના જકાતનાકા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી વૈભવનગરના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી અડાજણગામ તરફ જતા ટી. પી. રસ્તે રસ્તે થઈ રંગીલા સર્કલ પસાર કરી અડાજણ માહયાવંશી મહોલ્લાની પૂર્વ બાજુએથી પસાર થઈ અડાજણ હજીરા રોડને ક્રોસ કરી તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે પાલની પશ્ચિમ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પાલ તેમજ પાલનપુર પશ્ચિમ હદે હદે પસાર થઈ મોજે પાલનપુરના બ્લોક નં.૧૨૨ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૨- અડાજણ (પૂર્વ) વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ અયોધ્યા નગરીના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ગણેશકૃપાના ઈશાન ખૂણા (ન્યુ રાંદેર રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ દત્ત એપાર્ટમેન્ટના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી સાંઈ આશિષ સોસાયટીની ઉત્તરેથી પસાર થઈ સંસ્કાર કોલોનીના ઈશાન ખૂણે (રાંદેર મેઈન રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ રાંદેર મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ નહેરૂ પુલ સુધી. (તાપી નદીના કિનારા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ સ્વામી વિવેકાનંદ બ્રીજ, સરદાર બ્રીજ પસાર કરી બદરી નારાયણ મંદિર તરફ જતાં ટી. પી. રોડ (મેનાનગરના નૈઋત્ય ખૂણા) સુધી. ત્યાંથી ઉત્તર તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ગુજરાત ગેસ કું. થઈ અડાજણગામ માહયાવંશી મહોલ્લાની પૂર્વ બાજુથી પસાર થતા રસ્તે રસ્તે થઈ રંગીલા સર્કલ થઈ અયોધ્યા નગરીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૧૩ - મુગલીસરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ તાપી નદી પર આવેલ વિયર કમ કોઝવે રોડ (તાપી નદીનો કિનારો) થી શરૂ કરી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ નંદનવન સોસાયટીની ઉત્તરે આવેલ ટી. પી. રસ્તે રસ્તે (નવનાથના અખાડા) મોજે ટૂંકીના રે. સ. નં.૩૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રે. સ. નં.૩૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રે. સ. નં.૩૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ (તાપી ઈન્ડસ્ટ્રીઝ વિસાન ઈન્ડ. ની ઉત્તરે) વેડરોડ સુધી. (મોજે ટૂંકીના રે. સ. નં.૨૧ ના ઈશાન ખૂણા સુધી) ત્યાંથી દક્ષિણ તરફ વેડ રોડના રસ્તે રસ્તે વેડ દરવાજા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ કતારગામ દરવાજા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ડ્રેનેજ પમ્પીંગની પૂર્વે આવેલ રસ્તે થઈ ભાગળ જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મહાત્મા ગાંધી રોડ (રાજમાર્ગ) ના રસ્તે રસ્તે પસાર થઈ

INDEX

ચોકબજાર જંકશન (ગુજરાતમિત્ર સર્કલ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ગાંધીજીના પૂતળા પાસેના જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ડકકા ઓવારાના રસ્તે રસ્તે થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ વિયર કમ કોઝવે રોડ સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### વોર્ડ નંબર ૧૪ - કુબેરનગર વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ કુબેરપાર્ક સોસાયટીના (ટી. પી. સ્કીમ નં.૧૮ ના ફા. પ્લોટ નં.૩૫) વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં ધ્રુવતારક સોસાયટી, ઉદયનગર વિ.૨, હરિઓમ સોસાયટી, અંબિકાપાર્ક, કતારગામ આરોગ્ય કેન્દ્રની ઉત્તરે આવેલ ટી. પી. રસ્તે રસ્તે થઈ કતારગામ મેઈનરોડ (ટી. પી. ૩ ના ફા. પ્લોટ નં.૪૫૬ ના ઈશાન ખૂણા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં કતારગામ મેઈનરોડના રસ્તે રસ્તે થઈ કતારગામ દરવાજા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સીટી વોલની હદે હદે પસાર થઈ વેડ દરવાજા સુધી. ત્યાંથી ઉત્તર (રીંગરોડ) તરફ વેડ જવાના રસ્તે રસ્તે પસાર થઈ કુબેરપાર્ક સોસાયટીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### વોર્ડ નંબર ૧૫ - મહિધરપુરા - સૈયદપુરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં.૪૨૫(રામજી મંદિર) ની ઉત્તરે આવેલ કતારગામ મેઈનરોડના ત્રિભેટેથી શરૂ કરી પૂર્વ તરફ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ કતારગામ ઝોન ઓફિસની દક્ષિણેથી પસાર થતાં રસ્તે થઈ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૮૯/બી ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી દિપુના ટેકરાની અગ્નિ ખૂણા (લીલાબા સ્કુલનો નૈઋત્ય ખૂણે) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૩ ના ફા. પ્લોટ નં.૫૨ - એ (શાંતિનિકેતન સોસાયટી) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં શાંતિનિકેતન સોસાયટીની ઉત્તર તરફની હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં.૫૦ ની ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સુમુલડેરી રોડ (ટી. પી. રસ્તે) ની પશ્ચિમ સાઈડની હદે હદે પસાર થઈ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી સુમુલડેરી રોડ ક્રોસ કરી રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈને લાઈને પસાર થઈ સૂર્યપૂર ગરનાળુ પસાર કરી લંબે હનુમાન ગરનાળા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં દિલ્હીગેટ જંકશન પસાર કરી પીરછડી રોડના રસ્તે રસ્તે પસાર થઈ મહિધરપુરા મોટીશેરીના દક્ષિણ છેડે આવેલ નોંધ નંબર : ૬ / ૫૨૯ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મોટીશેરીના રસ્તે રસ્તે પસાર થઈ વોર્ડ નં.૬ ના નોંધ નં.૭૦૫ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ઘોડીયાબાવા મંદિરની દક્ષિણે આવેલ કામનાથરોડના રસ્તે રસ્તે પસાર થઈ જદાખાડી રોડને પસાર કરી ઘી-કંટા રોડ પર આવેલ વોર્ડ નં.૬ ના નોંધ નં.૬/૨૦૬૬ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ચારખાના ચકલા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં શ્રી સ્વામી નારાયણ મંદિરની દક્ષિણેથી પસાર થતાં રસ્તે રસ્તે થઈ સૈયદપુરા મેઈનરોડ (વોર્ડ નં.૭ ના નોંધ નંબર : ૨૯૩૮ ના નૈઋત્ય ખૂણા સુધી.) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં સૈયદપુરા પંપીંગની પૂર્વ બાજુએથી પસાર થઈ કતારગામ દરવાજા પસાર કરી કતારગામ મેઈનરોડ પર આવેલ ટી. પી. સ્કીમ નં.૩ (કતારગામ) ના ફા. પ્લોટ નં.૪૨૫ (રામજી મંદિર)ની ઉત્તરે કતારગામ મેઈનરોડના ત્રિભેટે સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### વોર્ડ નંબર ૧૬ - ત્રિકમનગર વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સૂર્યપુર ગરનાળા પાસે રેલ્વેની હદેથી શરૂ કરી વરાછા મેઈનરોડને રસ્તે રસ્તે પસાર થઈ સેન્ટ્રલ વેર હાઉસને વચ્ચેથી પસાર થતાં ટી. પી. રોડ (ટી. પી. સ્કીમ નં.૪ અશ્વનીકુમારના ફા. પ્લોટ નં.૨૦૯/બી ના ઈશાન ખૂણા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સેન્ટ્રલ વેર હાઉસની વચ્ચેથી પસાર થતાં રસ્તે રસ્તે લંબે હનુમાન રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં ચેતન ચેમ્બર્સના ઈશાન ખૂણા સુધી. ત્યાથી દક્ષિણ તરફ જતાં ચેતન ચેમ્બર્સ તથા વસંત ભીખાની વાડીની પૂર્વ તરફની હદે હદે પસાર થઈ સંત તુલસીદાસ ગાર્ડનની ઉત્તરેથી પસાર થતાં ટી.પી.રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં હેમકુંજ સોસાયટી તથા સતાધાર સોસાયટીની ઉત્તરેથી પસાર થઈ ટી.પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા.પ્લોટ નં.૫૮ (મોતીનગર) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોતીનગર અને વર્ષા સોસાયટી વિભાગ-૨ ની વચ્ચેની હદે હદે પસાર થઈ અને કમલપાર્ક સોસાયટીની પૂર્વ હદે થઈ રન્નાદે ટેક્ષટાઈલની ઉત્તર હદ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં વર્ષા સોસાયટી મેઈનરોડ (આઈ.સી.ગાંધી રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સ્વાગત એપાર્ટમેન્ટના અગ્નિ ખૂણા સુધી. (રોડ જંકશન) ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૪૭ ના (ઈશ્વરકૃપા વાડી ) ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ફા.પ્લોટ નં.૪૭ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ઈશ્વરકૃપા વાડીની દક્ષિણે આવેલ ટી. પી. રોડ ક્રોસ કરી મન મોહનનગર અને ત્રિકમનગરની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે થઈ ટી. પી. સ્કીમ ૮ (ઉમરવાડા) ની હદ સુધી. (સ્વસ્તિકનગરની પશ્ચિમ બાજુની હદ) ત્યાંથી દક્ષિણ તરફ ટી. પી. સ્કીમ નં.૮ ની હદે હદે પસાર થઈ ટી.પી સ્કીમ નં.૮ ના ફા. પ્લોટ નં.૨૧ (નવજીવન સોસાયટી) ના

અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં વિક્રમનગરની દક્ષિણે આવેલ રસ્તે થઈ દિવ્ય વસુંધરા ફ્લેટ અને આંબાવાડીની દક્ષિણેથી પસાર થતાં ખાડી રોડે થઈ નરસિંહ મંદિરની ચાલની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે થઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈને લાઈને લંબે હનુમાન ગરનાળુ પસાર કરી સૂર્યપુર ગરનાળા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### વોર્ડ નંબર ૧૭ - લાભેશ્વર ચોક - માતાવાડી વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનિકુમાર - નવાગામ) ના ફા. પ્લોટ નં.૨૦૯ એ (સેન્ટ્રલ વેર હાઉસના જંકશન) ના વાયવ્યે ખૂણેથી (વરાછા મેઈન રોડ) થી શરૂ કરી પૂર્વ તરફ વરાછા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ હીરાબાગ ચાર રસ્તા પાસે આવેલ ટી. પી. સ્કીમ નં.૧૭ (ફૂલપાડા) ના ફા. પ્લોટ નં. ૮૧ એ (ચિત્રકુટ સોસાયટી) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ચિત્રકુટ સોસાયટી અને જય ગંગેશ્વર સોસાયટીની પૂર્વ બાજુની હદે હદે પસાર થઈ લંબે હનુમાન રોડ પસાર કરી ટી.પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૧૧૦ (ભરતનગર સોસાયટી) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ભરતનગરની દક્ષિણે આવેલ ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ જગદીશનગર (ટી. પી. સ્કીમ નં.૩ - કરંજ ના ફા. પ્લોટ નં.૧૨૨) ના ઈશાન ખૂણા સુધી (સ્વામી દયાનંદ સરસ્વતી ઉદ્યાનનો વાયવ્ય ખૂણા સુધી) ત્યાંથી દક્ષિણ તરફ જતાં જગદીશનગર સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં જગદીશનગર સોસાયટી દક્ષિણ બાજુની હદે હદે પસાર થઈ વર્ષા સોસાયટી તરફ જતા ૬૦' ના ટી. પી. રોડ (આઈ. સી. ગાંધી રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વર્ષા સોસાયટી વિભાગ-૧ ના (ટી. પી. સ્કીમ નં.૩ - કરંજ ફા.પ્લોટ નં.૬૦) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ટી.પી. રસ્તે રસ્તે (એચ.ટી.રોડ) પસાર થઈ ચંપકની ચાલથી પસાર થઈ આંબાવાડીના નૈઋત્ય ખુણા સુધી ત્યાથી ઉત્તર તરફ જતા વસંત ભીખાની વાડીની પૂર્વની હદે હદે પસાર થઈ ચેતન ચેમ્બર્સના ઈસાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે લંબે હનુમાન મેઈન રોડ પસાર કરી, શ્યામનગર સોસાયટીની પશ્ચિમે આવેલ ટી.પી. રસ્તે પસાર થઈ, વરાછા મેઈન રોડ પર આવેલ ટી.પી.સ્કીમ નં. ૪ (અશ્વિનીકુમાર-નવાગામ) ના ફાઈનલ પ્લોટ નં. ૨૦૯/એ (સેન્ટ્રલ વેર હાઉસના જંકશન) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

### વોર્ડ નંબર ૧૮ - કરંજ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૩ કરંજના ફા. પ્લોટ નં.૬૧ (વર્ષા સોસાયટી વિભાગ-૨) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં આઈ.સી.ગાંધી મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ ડાહયાભાઈ પાર્કના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ડાહયાભાઈ પાર્કની ઉત્તર હદે હદે પસાર થઈ સ્વામી દયાનંદ સરસ્વતી ઉધાનની પશ્ચિમે આવેલ ૬૦' ના ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ઉદ્યાનના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં ૪૦' ના ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ સંતોષીનગર સોસાયટીની પશ્ચિમ હદે આવેલ ૬૦' ના ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ લંબે હનુમાન રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં લંબે હનુમાન રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે કરંજના પૂર્વ બાજુના સીમાડા (રચના સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે કરંજની પૂર્વ બાજુની હદે હદે પસાર થઈ ટી. પી. ૩ કરંજના ફા. પ્લોટ નં.૧૦૩ ના અગ્નિ ખૂણા સુધી. (ખાડી સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ખાડીના કિનારે કિનારે તેમજ ડ્રેનેજ પંપીંગ અને ડ્રેનેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની દક્ષિણેથી પસાર થઈ આઈ. સી. ગાંધી મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. ૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૬૨ (વર્ષા સોસાયટી વિભાગ-૨) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ફા. પ્લોટ નં.૬૨ (વર્ષા સોસાયટી વિભાગ-૨) ની દક્ષિણ હદે હદે પસાર થઈ ફા. પ્લોટ નં.૬૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વર્ષા સોસાયટી વિભાગ-૨ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૩ કરંજના ફા. પ્લોટ નં.૬૧ ના વાયવ્ય ખૂણા (એચ.ટી. રોડ) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### વોર્ડ નંબર ૧૯ - પૂણા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના ઉત્તરે આવેલ મોજે પૂણાના રે. બ્લોક નં.૪૫૬ (સમ્રાટ સોસાયટી) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જઈ રે. બ્લોક નં.૪૫૬ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ રે. બ્લોક નં.૪૫૬ ની હદે હદે પસાર થઈ ખાડી પસાર કરી રે. બ્લોક નં.૪૫૫ અને ૪૬૮ (અશોકવાટિકા અને અંકિત સોસાયટી) ની પૂર્વ હદે હદે અને અમીપાર્ક સોસાયટીની પૂર્વ આવેલ રસ્તે રસ્તે પસાર થઈ બ્લોક નં.૪૭૧ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં પૂણા ગામતળ તરફ જતાં રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ બ્લોક નં.૫૦૨ ના અગ્નિ ખૂણાથી તેમજ ગામતળની પૂર્વ તરફની હદે હદે થઈ બ્લોક નં.૮૧૦ ના અગ્નિ ખૂણા સુધી. (સારોલી તરફ જતા રસ્તા સુધી) ત્યાંથી સારોલી રોડના રસ્તે રસ્તે પસાર થઈ કેનાલ પસાર કરી, રે. બ્લોક નં.૭૬૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ - પશ્ચિમ તરફ પસાર થતી ખાડીના કિનારે કિનારે થઈ, મોજે પૂણાના બ્લોક નં.૭૪૬ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ પૂણાની દક્ષિણ તરફની હદે હદે પસાર થઈ બ્લોક નં.૭૩૦ નાં નૈઋત્ય

ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં બ્લોક નં.૭૦૫ ના અગ્નિ ખૂણા સુધી. (મોજેપૂણા - મગોબનો સીમાડો). ત્યાંથી પશ્ચિમ તરફ મોજે પૂણા અને મગોબના વચ્ચેના સીમાડાની હદે હદે પસાર થઈ, કેનાલ અને પૂણા-મગોબ રોડને પસાર કરી બ્લોક નં.૬૫૩ ના નૈઋત્ય ખૂણા સુધી. (સીતાનગર જતાં ટી. પી. રોડ સુધી). ત્યાંથી ઉત્તર તરફ ટી. પી. રોડના રસ્તે રસ્તે પસાર થઈ સીતાનગર ચાર રસ્તા સુધી. (બ્લોક નં.૫૫૧/૨ ના વાયવ્ય ખૂણા સુધી). ત્યાંથી પશ્ચિમ તરફ વળી બોમ્બે માર્કેટ તરફ જતા ટી. પી. રોડના રસ્તે રસ્તે થઈ બ્લોક નં.૫૮૦ લક્ષ્મીપાર્ક ના નૈઋત્ય ખૂણા સુધી. (મગોબના સીમાડા સુધી). ત્યાંથી ઉત્તર તરફ જતાં બ્લોક નં.૫૮૦ ના વાયવ્ય ખૂણા સુધી. (ખાડી સુધી). ત્યાંથી ઉત્તર પૂર્વ દિશામાં જતી ખાડીના કિનારે પસાર થઈ, રે. બ્લોક નં.૫૨૭ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ખાડી પસાર કરી મોજે પૂણાના રે. બ્લોક નં.૪૫૮ (સત્યનારાયણ સોસાયટી) ની પશ્ચિમ હદે હદે થઈ પૂણાની ઉત્તર હદ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં પૂણા - કાપોદ્રાની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૪૫૬ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નંબર ૨૦ - મગોબ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રેલ્વે લાઈનને અડીને ટી. પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના ફા. પ્લોટ નં.૨૯ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ દિશા તરફ ઉધરસ ભૈયાની વાડી ટાંકલી ફળીયાની ઉત્તરે આવેલ ખાડીએ ખાડીએ પસાર થઈ ગુજરાત હાઉસીંગ બોર્ડની તેમજ ખાડી મહોલ્લાના ઉત્તરથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે ટી. પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ની પૂર્વ બાજુની હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. ની હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ના ફા. પ્લોટ નં.૧૪ (સ્વસ્તિક સોસાયટી) ના વાયવ્ય ખૂણા સુધી. (૬૦' ના ટી. પી. રોડ સુધી) ત્યાંથી પૂર્વ તરફ વળી ત્રિકમનગર, પરમહંસ સોસાયટી તથા લક્ષ્મીનગર ઉત્તરેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ ૩ કરંજના ફા. પ્લોટ નં.૪૧ ની પૂર્વ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ફા. પ્લોટ નં.૪૮ (કુબેરનગર) ના વાયવ્ય ખૂણા (૬૦' ના ટી. પી. રોડ) સુધી. ત્યાંથી પૂર્વ તરફ ૬૦' ના ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ આઈ.સી.ગાંધી રોડ પસાર કરી હરીધામ સોસાયટીની ઉત્તરે આવેલ (ડ્રેનેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની દક્ષિણે) ખાડી ખાડીએ પસાર થઈ મોજે મગોબની પૂર્વ સાઈડની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે મગોબની પૂર્વ હદે હદે પસાર થઈ અર્ચના વિદ્યાલયના ઉત્તરેથી પસાર થતાં બોમ્બે માર્કેટથી પૂણા જતાં મેઈનરોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં મોજે પૂણાના સીતાનગર ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ઈશ્વરપાર્ક સોસાયટી, ચામુંડાનગર, વિક્રમનગરની પૂર્વ બાજુએથી પસાર થતાં રસ્તે રસ્તે થઈ મોજે મગોબના ઉત્તર બાજુના સીમાડા (બ્લોક નં.૬૫૨ ના અગ્નિ ખૂણા) સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં મગોબના ઉત્તર તરફના સીમાડે સીમાડે પસાર થઈ સુરત શહેરની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સુરત શહેરની હદે હદે (મોજે મગોબની પૂર્વ બાજુની હદે હદે) પસાર થઈ મોજે મગોબના દક્ષિણ તરફના સીમાડે આવેલ ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે મગોબના દક્ષિણ તરફના સીમાડે સીમાડે પસાર થઈ રે. બ્લોક નં.૧૪૫ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રે. બ્લોક નં.૧૪૫, ૧૪૪, ૧૪૦ની પશ્ચિમ હદે હદે પસાર થઈ સુરત - બારડોલી મેઈનરોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં કેનાલ પાસર કરી સુરત - બારડોલી રસ્તે રસ્તે પસાર થઈ મોજે મગોબના પશ્ચિમ બાજુના સીમાડા સુધી. (ખાડી સુધી.) ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે ઉમરવાડાની દક્ષિણ તેમજ પશ્ચિમ હદે પસાર થઈ સુરત - બારડોલી રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સહરા દરવાજા સુધી. (રેલ્વે લાઈન સુધી) ત્યાંથી ઉત્તર તરફ જતાં રેલ્વે લાઈને લાઈને ટી. પી. સ્કીમ નં.૮ ના ફા. પ્લોટ નં.૨૯ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નંબર ૨૧ - નવાપુરા - હરીપુરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સૈયદપુરા મેઈનરોડ અને પારસીવાડ રોડના જંકશન પર આવેલ સીટી સર્વે વોર્ડ નં.૫ ના નોંધ નં. ૧૮૨૫ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ સીટી સર્વે વોર્ડ નં.૫ ની ઉત્તર તરફની હદે હદે (પારસીવાડ) રોડથી ગોલવાડ ચકલા થઈ સ્વામી નારાયણ મંદિર તરફ જતા રસ્તે રસ્તે નોંધ નં.૧૯૨૪ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વૈદભાઈની શેરીના રસ્તે રસ્તે પસાર થઈ હાટ ફળીયા મેઈનરોડ (નોંધ નં.૧૧૮૨) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં જદાખાડી મેઈનરોડ પસાર કરી મોટીશેરી તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૬ ના નોંધ નં.૭૦૬ ના ઈશાન ખૂણા સુધી. (મોટીશેરી) ત્યાંથી દક્ષિણ તરફ જતાં ગલેમંડી મેઈનરોડ, ત્યાંથી પૂર્વ તરફ ગલેમંડી મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ દિલ્હીગેટ જંકશન પસાર થઈ લંબેહનુમાન ગરનાળા સુધી. (રેલ્વે લાઈન સુધી) ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈને લાઈને સહરા દરવાજા ગરનાળા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રીંગરોડ પસાર કરી નવાબનીવાડી તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૪ ના નોંધ નં.૧૯૦૦ ના અગ્નિ ખૂણા સુધી.

ત્યાંથી પશ્ચિમ તરફ મુંબઈ વડથી ખરાદી શેરી જતાં રસ્તે રસ્તે વોર્ડ નં. ૪/૩૫૭૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ભુલામોદી ચકલાથી ઝાંપાબજાર તરફના રસ્તે રસ્તે થઈ સળીયાવાળી માર્કેટ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં

વોર્ડ નં.૩ અને ૪ ની હદે હદે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૩ ના નોંધ નં.૮૯૬ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી કસાઈખાડીના રસ્તે રસ્તે થઈ ડી. કે. એમ. હોસ્પીટલ (કોટસફીલ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં કોટસફીલ મેઈનરોડના રસ્તે રસ્તે થઈ ભાગળ ચાર રસ્તા પસાર કરી કાંસકીવાડ થઈ સૈયદપુરા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૫ ના નોંધ નં.૧૮૨૫ ના વાયવ્ય ખૂણા (પારસીવાડ રોડનું જંકશન) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૨ - સોનીફળીયા - ગોપીપુરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ડક્કા ઓવારા (તાપી નદી) થી શરૂ કરી ગાંધીબાગની ઉત્તરે થઈ ગાંધીબાગ જંકશન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ચોકબજાર ચાર રસ્તા. ત્યાંથી પૂર્વ તરફ વળી રાજમાર્ગ (મહાત્મા ગાંધી રોડ) ના રસ્તે રસ્તે પસાર થઈ ભાગળ ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કોટસફીલ મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ નવસારી બજાર ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ખાડી પરના રસ્તે રસ્તે બડેખા પોલીસ ચોકીની દક્ષિણેથી પસાર થઈ વોર્ડ નં.૧ ના નોંધ નં.૨૩૨૬ ના દક્ષિણે આવેલ માછીવાડ ખાડી સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી યશ એપાર્ટમેન્ટ તથા દેના બેંક ની પૂર્વ બાજુએથી પસાર થતાં રસ્તે રસ્તે મકાઈપુલ જંકશન પસાર કરી વિવેકાનંદ બ્રિજ (તાપી નદીના કિનારે) સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી તાપી નદીના કિનારે કિનારે જતાં ગાંધીબાગના વાયવ્ય ખૂણે આવેલ ડક્કા ઓવારા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૩ - અઠવા - નાનપુરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૫ (અઠવા-ઉમરા) ના રીઝર્વેશન પ્લોટ એમ/૧ ના વાયવ્ય ખૂણેથી (ડૉ. આંબેડકર વસાહત)થી શરૂ કરી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે સરદાર બ્રિજને પસાર કરી વિવેકાનંદ બ્રિજ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા મકકાઈપુલ જંકશન (વિવેકાનંદજંકશન)પસાર કરી દેનાબેંક અને યશ એપાર્ટમેન્ટના નવા ખાડી રસ્તે રસ્તે (સ્વામી વિવેકાનંદ માર્ગ) થઈ કેવટ સર્કલ (કુવાવાડી જંકશન) પસાર કરી હબીબસા મહોલ્લાની પૂર્વ બાજુએથી પસાર થઈ કાદરનાળનું જંકશન પસાર કરી નાનપુરા પંપીંગ સ્ટેશનના પૂર્વ આવેલ રસ્તે થઈ વિજય વલ્લભ ચોક પસાર કરી દયાળજી આશ્રમની પૂર્વ બાજુના રસ્તે રસ્તે થઈ મજુરાગેટ જંકશન(રીંગરોડ)પસાર કરી ગાંધી કોલેજ અને આઈ.ટી.આઈ.ના પૂર્વ બાજુએ આવેલ રસ્તે રસ્તે થઈ ફાયર સ્ટેશન જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ઘોડદોડના રસ્તે રસ્તે ટી. પી. સ્કીમ નં. ૫(અઠવા-ઉમરા) ફા. પ્લોટ નં.૧૩૨ (યુનીયન પાર્ક) ની પૂર્વ બાજુએ ટી. પી. સ્કીમ નં.૫ ની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૫ ફા. પ્લોટ નં.૧૩૨ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ટી. પી. ૫ (અઠવા-ઉમરા) ની દક્ષિણ હદે હદે પસાર થઈ સુરત-ડુમસ રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. સ્કીમ નં.૫ (અઠવા-ઉમરા) પશ્ચિમ હદે હદે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૫ (અઠવા-ઉમરા)ના રીઝર્વેશન પ્લોટ એમ/૧ ના (ડૉ.આંબેડકર વસાહત)ના વાયવ્ય ખૂણાની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૪ સગરામપુરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સીટી સર્વે વોર્ડ નં.૧ નોંધ નં.૨૨૩૪ ના વાયવ્ય ખૂણે આવેલ કેવટ સર્કલ થી શરૂ કરી પૂર્વ તરફ ખાડી રસ્તે રસ્તે હીજડાવાડ ચાર રસ્તા થઈ તેમજ રાજશ્રી સીનેમાની ઉત્તરે આવેલ રસ્તે રસ્તે થઈ નવસારી બજાર ચાર રસ્તા પસાર કરી નમકવાલાની ગલી. (૬૦' ના રસ્તા સુધી.) ત્યાંથી ગોપીતળાવ તરફ જતાં ગોપીતળાવની ઉત્તર તરફની પાળે પાળે પસાર થઈ રાવણતાડ તરફ જતાં રસ્તા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રાવણતાડ તરફ જતાં રસ્તે રસ્તે થઈ રૂસ્તમપુરા પોલીસચોકી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં માનગેટ તરફ જતાં રસ્તે રસ્તે થઈ રીંગરોડ (માનગેટ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ મજુરાગેટ ચાર રસ્તા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં વિજય વલ્લભ જંકશન પસાર કરી ત્યાંથી કાદરશાહની નાળનું જંકશન પસાર કરી ત્યાંથી કેવટ સર્કલ (એકતા સર્કલ) પર આવેલ સીટી સર્વે વોર્ડ નં.૧ નોંધ નં.૨૨૩૪ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૫ - સલાબતપુરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે (ટાવરરોડ - ભૂલામોદી ચકલા તરફ જતાં રોડનું જંકશન) આવેલ સીટી સર્વે વોર્ડ નં.૪ ના નોંધ નં.૩૪૯૭ (મુસ્તફા હોટલ) થી શરૂ કરી પૂર્વ તરફ ભુલામોદી ચકલા તરફ જતાં સીટી સર્વે વોર્ડ નં. ૪ ના નોંધ નં. ૩૫૭૩ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં નોંધ નં. ૩૫૭૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખરાદી શેરીથી મુંબઈ વડ જતાં રસ્તે રસ્તે (સીટી સર્વે વોર્ડ નં.૪ ના નોંધ નં.૧૮૯૯, ૧૯૦૦ ના અગ્નિ ખૂણા સુધી) ત્યાંથી પૂર્વ તરફ જતાં ખાંડાકુવા થી સહરા દરવાજા (રીંગરોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ કમેલા દરવાજા પસાર કરી માનગેટ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રૂસ્તમપુરા પોલીસચોકી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રાવણતાડથી

INDEX

ગોપીતળાવની પાળ તરફના રસ્તે રસ્તે થઈ સીટી સર્વે વોર્ડ નં.૨ ના નોંધ નં.૫૦૬૮ ના દક્ષિણ છેડા સુધી. (ગોપીતળાવની દિવાલ સુધી.) ત્યાંથી ઉત્તર તરફ જતાં ગોપીતળાવની ઉત્તર તરફની ગોળાકાર પાળે પાળે થઈ નમકવાળાની ગલી (૬૦' ના રસ્તા) સુધી. ત્યાંથી નમકવાળા ગલીમાંથી પસાર થઈ કોટસફીલ મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ડી. કે. એમ. ચાર રસ્તા સુધી. ડી. કે. એમ. હોસ્પીટલથી પૂર્વ તરફ જતાં કસાઈખાડીના રસ્તે રસ્તે પસાર થઈ સીટી સર્વે વોર્ડ નં.૪ ની પશ્ચિમ હદે હદે (ટાવર તરફ જતાં રસ્તે રસ્તે) પસાર થઈ વોર્ડ નં.૪ ના નોંધ નં.૩૪૯૭ (મુસ્તફા હોટલ) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ સંપૂર્ણ વિસ્તાર.

### વોર્ડ નંબર ૨૬ - આંજણા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડમાં રીંગરોડ પર આવેલ ચેપીરોગની હોસ્પીટલના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં સહરા દરવાજા રેલ્વે ગરનાળા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈનની હદે હદે પસાર થઈ આંજણા સુએઝ ફાર્મની દક્ષિણે આવેલ કાંકરા ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં કાંકરાખાડીના કિનારે કિનારે (ટી.પી.સ્કીમ નં. ૭ આંજણાની હદે હદે) પસાર થઈ અમનનગર, રામદેવનગર અને લક્ષ્મીનગરની દક્ષિણેથી પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૭ આંજણાના ફા. પ્લોટ નં.૧૭૪ (એમ.બી.નગર) ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઈશાન ખૂણા તરફ જતા ફા. પ્લોટ નં.૧૭૪ ની પશ્ચિમ હદે હદે રસ્તે રસ્તે પસાર થઈ સાંઈનાથ સોસાયટી સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં કેનાલ રોડ પસાર કરી ટી.પી.સ્કીમ નં. ૭ (આંજણા)ની પશ્ચિમ હદે હદે રીંગરોડ (માનગેટ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ ચેપીરોગ હોસ્પીટલના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### વોર્ડ નંબર ૨૭ - ડુંભાલ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલા સહરા દરવાજા ગરનાળાથી શરૂ કરીને પૂર્વ તરફ જતા સુરત બારડલી મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ઉમરવાડા સેન્સસ વોર્ડ નં.૪૭ ની પશ્ચિમ હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે ઉમરવાડાથી હદે હદે પસાર થઈ સુરત બારડોલી રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી સુરત બારડોલી રસ્તે રસ્તે પસાર થઈ કેનાલરોડ ક્રોસ કરી મોજે ડુંભાલની પૂર્વ હદ રે. સર્વે નં.૭૭ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં હળપતિવાસની પૂર્વ બાજુએ થઈ મીઠીખાડી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ મીઠીખાડીના કિનારે કિનારે ડિમ્પલનગરની પૂર્વ બાજુએથી પસાર થઈ વિધાતા ટાઉનશીપની દક્ષિણ તરફની હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ખાડીના કિનારે કિનારે (મોજે ડુંભાલની દક્ષિણ હદે હદે) પસાર થઈ કમરૂનગરની ફરતે આવેલ ખાડી ખાડીએ પસાર થઈ લીંબાયત મેઈનરોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે લીંબાતના રે. સ. નં.૩૨ (રેલરાહતનગર) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ રેલરાહતનગરની દક્ષિણેથી પસાર થઈ મોજે ઉધનાના કાંતીનગર, નૂરેઈલાહીનગર, રાવનગર (રે. સ. નં.૭૩ થી ૬૯) ની દક્ષિણ હદે હદે પસાર થઈ સુરત - મુંબઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ સહરા દરવાજા ગરનાળા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### વોર્ડ નંબર ૨૮- પરવટ -ગોડાદરા વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પરવટ બ્લોક નં.૧૧૩ ના વાયવ્ય ખૂણે આવેલ મીઠીખાડી થી શરૂ કરી પૂર્વ તરફ મીઠીખાડીના કિનારે કિનારે પસાર થઈ તેમજ મોજે પરવટના ઉત્તરની હદે હદે પસાર થઈ સુરત શહેરની પૂર્વ બાજુની હદ સુધી. ત્યાંથી મોજે પરવટના બ્લોક નં.૬૬ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સુરત શહેરની હદે હદે પસાર થઈ કેનાલ રોડ તેમજ સુરત ભુસાવલ રેલ્વે લાઈન પસાર કરી મોજે ગોડાદરાનાં રે. બ્લોક નં.૯૪ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે ગોડાદરાના દક્ષિણના સીમાડે સીમાડે પસાર થઈ મોજે ગોડાદરાના બ્લોક નં.૧૦૪ ના નૈઋત્ય ખૂણા (મોજે ગોડાદરા) ની પશ્ચિમ તરફની હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ ડીંડોલી - ગોડાદરાના રસ્તે સ્તે પસાર થઈ સુરત - ભૂસાવલ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રેલ્વે લાઈને લાઈને પસાર થઈ મોજે ડીંડોલીના પશ્ચિમ બાજુના સીમાડા (રતનચોકના નૈઋત્ય ખૂણા) સુધી.

ત્યાંથી ઉત્તર તરફ મોજે ડીંડોલીની પશ્ચિમ તરફની હદે હદે પસાર થઈ મોજે ડીંડોલીના બ્લોક નં.૪૧૯/૧ ના વાયવ્ય ખૂણા સુધી. (મોજે ડીંડોલીની ઉત્તર હદ) ત્યાંથી પૂર્વ તરફ જતાં મોજે ડીંડોલીની ઉત્તર હદે હદે પસાર થઈ મોજે પરવટની પશ્ચિમ બાજુની હદ સુધી (મોજે પરવટના રે.બ્લોક નં.૨૧ ના નૈઋત્ય ખૂણા સુધી.) ત્યાંથી ઉત્તર તરફ જતાં મોજે પરવટની પશ્ચિમ હદે હદે પસાર થઈ કેનાલ રોડને પસાર કરી મોજે પરવટના રે. બ્લોક નં.૬ ના વાયવ્ય ખૂણા સુધી. (પરવટની ઉત્તર તરફની હદ) ત્યાંથી પૂર્વ તરફ જતાં નારાયણનગરની ઉત્તરે આવેલ ખાડીએથી મીઠીખાડીના કિનારે કિનારે પસાર થઈ મોજે પરવટના બ્લોક નં.૧૧૩ વાયવ્ય ખૂણા સુધીની હદ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૨૯ - લીંબાયત વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ઉધનાના રે. સ. નં.૭૮ ના વાયવ્ય ખૂણે (રેલ્વે લાઈનથી) પૂર્વ તરફ જતાં ગોંવિદનગર અને પ્રતાપનગરની ઉત્તરેથી પસાર થઈ લીંબાયત મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મઝદા પાર્કની ઉત્તરે આવેલ ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ મોજે લીંબાયતની ઉત્તર હદે હદે ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે. સ. નં.૧૫ અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે લીંબાયતની હદે હદે રે. સ. નં.૧૨ ના ઈશાન ખૂણા (લીંબાયતની પૂર્વ હદ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં લીંબાયતની પૂર્વ બાજુની હદે હદે પસાર થઈ કેનાલ રોડ પસાર કરી મોજે લીંબાયતના સર્વે નં.૪૮ ના (સંજયનગરના અગ્નિ ખૂણા) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે લીંબાયતની દક્ષિણ હદે હદે તેમજ સંજયનગર અને શિવાજીનગરની દક્ષિણેથી પસાર થઈ મોજે ઉધનાની પૂર્વ બાજુની હદેથી અને હનુમાન મહોલ્લાની દક્ષિણેથી પસાર થઈ રેલ્વે યાર્ડની પૂર્વ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે યાર્ડની હદે હદે રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ જઈ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ મોજે ઉધનાના રે. સ. નં.૭૮ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નંબર ૩૦ - ઉધના (ઉત્તર) વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારના સીમાંકનની વિગત**

૧૨: આથી રાજય ચૂંટણી પંચ ભારતના સંવિધાન ના અનુચ્છેદ-૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના નિયમો હેઠળ મળેલ સત્તાની રૂઈએ સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાંગધ્રા તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના તથા અનામત બેઠકોમાં વારાફરતી (રોટેશન) ફાળવણી કરવાનું મુનાસીબ માને છે તે મુજબ મતદાર મંડળની રચના અને અનામત બેઠકોની વારાફરતી (રોટેશન) ફાળવણી આ સાથેની **"અનુસૂચિ"** પ્રમાણે આખરી આદેશ કરવામાં આવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી

**પી. એસ. શાહ,**
સચિવ,
રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.

**ક્રમાંક: રાચપ-સમક-ધ્રાંગધ્રા-તા.પં.-૬૨૦૧૦, તા. ૨૭-૬-૨૦૧૦**

## અનુસૂચિ

**જિલ્લાનું નામ - સુરેન્દ્રનગર** **તાલુકા પંચાયતનું નામ - ધ્રાંગધ્રા**

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | ધ્રાંગધ્રા | ૧ | ભારદ | ૧૦ | ૧૨ | સા.શૈ.પ.વર્ગ સ્ત્રી |
| | | ૨ | ચુલી | ૧૪ | ૪ | સા.શૈ.પ. વર્ગ |
| | | ૩ | ધોળી | ૫ | ૭ | બિન અનામત સામાન્ય |
| | | ૪ | ગુજરવદી | ૪ | ૧ | બિન અનામત સામાન્ય |
| | | ૫ | હરીપર | ૨ | ૯ | અનુસૂચિત જાતિ |
| | | ૬ | કંકાવટી | ૧૫ | ૫ | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | કોઢ | ૧૨ | ૨ | સામાન્ય સ્ત્રી |
| | | ૮ | કુડા | ૧૭ | ૧૫ | સામાન્ય સ્ત્રી |

INDEX

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | ધ્રાંગધ્રા | ૯ | માલવણ | ૯ | ૬ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૦ | મેથાણ | ૮ | ૧૩ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૧ | નરાળી | ૧૩ | ૧૭ | બિન અનામત સામાન્ય |
| | | ૧૨ | નારીચાણા | ૩ | ૧૧ | બિન અનામત સામાન્ય |
| | | ૧૩ | રાજચરાડી | ૧ | ૧૪ | અનુસૂચિત જાતિ |
| | | ૧૪ | રાજસીતાપુર | ૭ | ૧૬ | બિન અનામત સામાન્ય |
| | | ૧૫ | રાવળીયાવદર | ૧૧ | ૧૦ | બિન અનામત સામાન્ય |
| | | ૧૬ | સોલડી | ૬ | ૩ | બિન અનામત સામાન્ય |
| | | ૧૭ | થળા | ૧૬ | ૮ | બિન અનામત સામાન્ય |

**પી. એસ. શાહ,**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

**રાજય ચૂંટણી પંચ**
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુન, ૨૦૧૦.

**ક્રમાંકઃ રાચપ-સમક-દસાડા (પાટડી)-તા.પં.-૨૦૧૦.**

**સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા (પાટડી) તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) ની રચના અંગેનો આખરી આદેશ.**

વંચાણમાં લીધા : (૧) રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક-રાચપ-સમક-દસાડા (પાટડી)-તાપં-૨૦૧૦, તા.૧૩-૩-૨૦૧૦

(૨) રાજય ચૂંટણી પંચના સુધારાત્મક પ્રાથમિક આદેશ ક્રમાંક-રાચપ- સમક- દસાડા (પાટડી) -તાપં-૨૦૧૦, તા.૧૧-૫-૨૦૧૦

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોની જોગવાઈ મુજબ રાજયની તાલુકા / જિલ્લા પંચાયતોના મતદાર મંડળોની રચના, મતદારયાદી તૈયાર કરાવવા તથા ચૂંટણી કરાવવા અંગેના અધિકાર રાજય ચૂંટણી પંચને વિહીત થયેલ છે.

૨. સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબના આંકડા પ્રસિધ્ધ થતા વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના અધિકાર પરત્વે રાજયની તાલુકા / જિલ્લા પંચાયતોના મતદાર મંડળોની (અનામત બેઠકો સહિત) સંખ્યા નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષિણક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| દસાડા (પાટડી) | ૨૧ | ૧ | ૨ | - | - | ૧ | ૧ | ૫ | ૧૧ |

INDEX

૩. આ મતદાર મંડળોની સંખ્યા નિયત થયા મુજબ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ ના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮ અન્વયે અનામત રખાયેલી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠકો (સ્ત્રીઓની બેઠકો સહિત) ખાસ ક્રમાંક મુજબ ફાળવણી કર્યા બાદ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ (સ્ત્રીઓની બેઠકો સહિત) બેઠકો ફાળવણી કરવા. ત્યાર બાદ બિન અનામત સ્ત્રી અને બિન અનામત બેઠકોની ફાળવણી કરવાની જોગવાઈ મુજબ રાજય ચૂંટણી પંચને મળેલી સત્તાની રૂઈએ વંચાણ-૧ વાળા તા.૧૩-૩-૨૦૧૦ ના આદેશથી સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા (પાટડી) તાલુકા પંચાયતના પ્રાદેશિક મતદાર મંડળોની અનામત બેઠક ફાળવણી સહિતનો આદેશ પ્રસિધ્ધ કરેલ.

૪. વંચાણ-૧ વાળા તા.૧૩-૩-૨૦૧૦ મતદાર મંડળોની રચનાના આદેશ કર્યા પછી પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી- ૧૦૨૦૧૦-૮૦૪-જી, તા.૧૦-૫-૨૦૧૦ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો-૨૦૧૦ પ્રસિધ્ધ કરેલ છે.આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોનો મતદાર મંડળો અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજય ચૂંટણી પંચ શકય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરી બેઠકો ફાળવણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.નિયમ-૫ ની જોગવાઈ મુજબ રાજય ચૂંટણી પંચે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકની ફાળવણી તે આખરી સ્વરૂપ આપતા પહેલા લોકો પાસેથી તે અંગેના સુચનો મંગાવશે અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૪૩ મા) ના હેતુઓ માટે માન્ય કરેલ રાજકીય પક્ષો સાથે વિચાર વિનિમય કરશે. તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

૫: પંચાયત વિભાગના તા.૧૦-૫-૨૦૧૦ ના જાહેરનામાના નિયમ-૪ ની જોગવાઈ મુજબ તથા રાજય ચૂંટણી પંચના તા.૬-૫-૨૦૧૦ ના આદેશ મુજબ નકકી કરેલા માર્ગદર્શક સિધ્ધાંતો અનુરૂપ રહીને વંચાણ (૧) વાળા તા.૧૩-૩-૨૦૧૦ ના આદેશમાંની અનુસૂચિમાં ફેરફાર કરી વંચાણ (૨) વાળા તા.૧૧-૫-૨૦૧૦ થી સુધારાત્મક પ્રાથમિક આદેશ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

૬. પ્રાથમિક આદેશ માન્ય રાજકીય પક્ષોને મોકલી આપેલ હતો તેમજ જાહેર જનતાની જાણ માટે નિર્ધારીત સ્થળોએ તેમજ સરકારી રાજયપત્રમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો તેની સામે કોઈપણ વ્યકિતને / જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત) માં રાજય ચૂંટણી પંચ ગાંધીનગરને મોકલવા જણાવેલ હતું.

૭. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજય ચૂંટણી પંચે કરેલ છે. માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે પરામર્શમાં થયેલ સૂચનો તેમજ રાજય ચૂંટણી પંચને મળેલ સૂચનોનો કાળજી પુર્વક અભ્યાસ કરી, વંચાણ-૧ વાળા તા.૧૩-૩-૨૦૧૦ તથા વંચાણ-૨ વાળા તા.૧૧-૫-૨૦૧૦ માં મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોમાં વારાફરતી ફાળવણીમાં રાજય ચૂંટણી પંચ નીચે મુજબ મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવા આખરી આદેશ કરવામાં આવે છે.

૮. સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા (પાટડી) તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના નીચે મુજબ રહેશે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | આદરીયાણા | ૧ | આદરીયાણા | ૫૦૯૧ | | | | | | |
| | | ૨ | ઝાડીયાણા | ૧૯૭૨ | | | | | | |
| | | ૩ | સલી | ૬૩૭ | | | | | | |
| | | | કુલ | ૭૭૦૦ | ૧૬૨૧ | ૨૧.૦૫ | ૩ | -- | -- | -- |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૨ | અખિયાણા | ૧ | અખિયાણા | ૨૦૭૩ | | | | | | |
| | | ૨ | દેગામ | ૧૮૮૯ | | | | | | |
| | | ૩ | પીપળી | ૧૬૯૮ | | | | | | |
| | | ૪ | માલવણ | ૧૨૪૫ | | | | | | |
| | | ૫ | ક્ચોલીયા | ૧૧૫૭ | | | | | | |
| | | | કુલ | ૮૦૬૨ | ૧૩૫૪ | ૧૬.૭૯ | ૯ | ૧૧ | ૦.૧૩ | ૪ |
| ૩ | બજાણા | ૧ | બજાણા | ૫૬૫૦ | | | | | | |
| | | ૨ | સવલાસ | ૧૯૬૨ | | | | | | |
| | | | કુલ | ૭૬૧૨ | ૧૪૮૯ | ૧૯.૫૬ | ૫ | ૮ | ૦.૧૦ | ૫ |
| ૪ | બામણવા | ૧ | બામણવા | ૧૭૮૨ | | | | | | |
| | | ૨ | વધાડા | ૧૪૭૭ | | | | | | |
| | | ૩ | મોટા ઉભડા | ૧૨૪૪ | | | | | | |
| | | ૪ | કોચાડા | ૧૨૨૫ | | | | | | |
| | | ૫ | ઘાસપુર | ૭૯૯ | | | | | | |
| | | ૬ | હાથીપુરા | ૩૩૧ | | | | | | |
| | | ૭ | અમનગર | ૨૮૬ | | | | | | |
| | | | કુલ | ૭૧૪૪ | ૧૧૭૬ | ૧૬.૪૬ | ૧૦ | -- | -- | -- |
| ૫ | દસાડા | ૧ | દસાડા | ૭૬૭૩ | | | | | | |
| | | | કુલ | ૭૬૭૩ | ૧૧૯૨ | ૧૫.૫૩ | ૧૨ | ૧૪ | ૦.૧૮ | ૩ |
| ૬ | ગવાણા | ૧ | ગવાણા | ૧૯૩૭ | | | | | | |
| | | ૨ | એછવાડા | ૧૦૯૬ | | | | | | |
| | | ૩ | એરવાડા | ૧૮૧૮ | | | | | | |
| | | ૪ | છત્રોટ | ૧૦૧૨ | | | | | | |
| | | ૫ | આલમપુરા | ૯૪૧ | | | | | | |
| | | | કુલ | ૬૮૦૪ | ૧૧૦૮ | ૧૬.૨૮ | ૧૧ | -- | -- | -- |
| ૭ | હેબતપુર | ૧ | હેબતપુર | ૧૬૬૧ | | | | | | |
| | | ૨ | ગેડીયા | ૧૬૧૩ | | | | | | |
| | | ૩ | ભડેણા | ૯૮૫ | | | | | | |
| | | ૪ | છાબલી | ૮૯૪ | | | | | | |
| | | ૫ | કામલપુર | ૮૪૫ | | | | | | |
| | | ૬ | લીંબડ | ૮૦૨ | | | | | | |
| | | ૭ | રામગ્રી | ૬૨૯ | | | | | | |
| | | | કુલ | ૭૪૨૯ | ૧૦૦૬ | ૧૩.૫૪ | ૧૫ | ૮૦ | ૧.૦૭ | ૧ |
| ૮ | જૈનાબાદ | ૧ | જૈનાબાદ | ૪૫૩૮ | | | | | | |
| | | ૨ | વિસાવડી | ૨૦૮૩ | | | | | | |
| | | ૩ | મુલાડી | ૧૦૩૭ | | | | | | |
| | | ૪ | અહેમદગઢ | ૨૬૪ | | | | | | |
| | | | કુલ | ૭૯૨૨ | ૧૫૦૧ | ૧૮.૯૪ | ૭ | -- | -- | -- |
| ૯ | જરવલા | ૧ | જરવલા | ૧૬૭૩ | | | | | | |
| | | ૨ | સડલા | ૧૩૮૪ | | | | | | |
| | | ૩ | નાના ગોરૈયા | ૧૦૪૧ | | | | | | |
| | | ૪ | નવરંગપુરા | ૮૮૯ | | | | | | |
| | | ૫ | સુરજપુરા | ૮૬૮ | | | | | | |
| | | ૬ | હરીપુરા | ૫૯૧ | | | | | | |
| | | ૭ | જોરાવર પુરા | ૩૬૪ | | | | | | |
| | | | કુલ | ૬૮૧૦ | ૯૪૬ | ૧૩.૮૯ | ૧૪ | -- | -- | -- |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧૦ | કઠાડા | ૧ | કઠાડા | ૧૭૬૬ | | | | | | |
| | | ૨ | અંબાળા | ૧૫૧૬ | | | | | | |
| | | ૩ | માલણપુર | ૧૨૮૩ | | | | | | |
| | | ૪ | ગોરીયાવડ | ૧૧૮૬ | | | | | | |
| | | ૫ | મેતાસર | ૫૩૪ | | | | | | |
| | | ૬ | રૂસ્તમગઢ | ૪૩૯ | | | | | | |
| | | ૭ | રસુલાબાદ | ૩૬૧ | | | | | | |
| | | ૮ | જગદીશણ | ૧૭૯ | | | | | | |
| | | | કુલ | ૭૨૬૪ | ૧૪૬૯ | ૨૦.૧૪ | ૪ | -- | -- | -- |
| ૧૧ | ખારાઘોડા-૧ | ૧ | ખારાઘોડા વોર્ડ નં. ૧ થી ૧૮ | ૭૫૫૮ | ૩૬૩ | ૪.૮૦ | ૨૦ | ૬૫ | ૧.૦૩ | ૨ |
| ૧૨ | ખારાઘોડા-૨ | ૧ | ખારાઘોડા વોર્ડ ૧૯ થી ૨૩ | ૩૩૬૬ | | | | | | |
| | | ૨ | ઓડુ | ૩૧૮૬ | | | | | | |
| | | | કુલ | ૬૫૫૨ | ૩૨૨ | ૪.૯૧ | ૨૧ | -- | -- | -- |
| ૧૩ | ખેરવા | ૧ | ખેરવા | ૩૧૧૫ | | | | | | |
| | | ૨ | સેડલા | ૨૧૨૩ | | | | | | |
| | | ૩ | ઝઝરી | ૮૬૭ | | | | | | |
| | | ૪ | નાગડકા | ૭૧૮ | | | | | | |
| | | ૫ | સિધ્ધસર | ૬૧૭ | | | | | | |
| | | | કુલ | ૭૪૪૦ | ૧૪૩૧ | ૧૯.૨૩ | ૬ | ૪ | ૦.૦૫ | ૬ |
| ૧૪ | મેરા | ૧ | મેરા | ૧૬૩૩ | | | | | | |
| | | ૨ | માનાવાડા | ૧૫૧૮ | | | | | | |
| | | ૩ | નાવિયાણી | ૧૪૦૫ | | | | | | |
| | | ૪ | વાલેવડા | ૧૩૫૯ | | | | | | |
| | | ૫ | ગોસાણા | ૭૪૦ | | | | | | |
| | | | કુલ | ૬૬૫૫ | ૫૬૫ | ૮.૪૮ | ૧૭ | -- | -- | -- |
| ૧૫ | મોટી મજેઠી | ૧ | મોટી મજેઠી | ૧૬૩૯ | | | | | | |
| | | ૨ | ઉપરીયાળા | ૧૫૯૩ | | | | | | |
| | | ૩ | પોરડા | ૧૫૨૭ | | | | | | |
| | | ૪ | રાજપર | ૧૦૬૨ | | | | | | |
| | | ૫ | કમાલપર | ૯૫૫ | | | | | | |
| | | ૬ | જીવણગઢ | ૭૦૦ | | | | | | |
| | | ૭ | નાની મજેઠી | ૬૬૯ | | | | | | |
| | | | કુલ | ૮૧૪૫ | ૧૩૭૬ | ૧૬.૮૯ | ૮ | -- | -- | -- |
| ૧૬ | નગવાડા | ૧ | નગવાડા | ૨૫૬૭ | | | | | | |
| | | ૨ | સાવડા | ૧૫૨૮ | | | | | | |
| | | ૩ | મીઠાગોઢા | ૧૫૦૫ | | | | | | |
| | | ૪ | ચીકાસર | ૧૩૭૪ | | | | | | |
| | | | કુલ | ૬૯૭૪ | ૧૭૦૫ | ૨૪.૪૪ | ૧ | -- | -- | -- |
| ૧૭ | સુરેલ | ૧ | સુરેલ | ૨૭૧૨ | | | | | | |
| | | ૨ | પાડીપાડા | ૧૩૩૫ | | | | | | |
| | | ૩ | રોઝવા | ૧૧૪૪ | | | | | | |
| | | ૪ | વીરાનગર | ૧૦૦૨ | | | | | | |
| | | ૫ | નવાપુરા | ૩૩૧ | | | | | | |
| | | ૬ | વચ્છ રાજપુરા | ૨૨૭ | | | | | | |
| | | | કુલ | ૬૭૫૧ | ૪૬૮ | ૬.૯૩ | ૧૯ | -- | -- | -- |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧૮ | વડગામ | ૧ | વડગામ | ૩૮૦૯ | | | | | | |
| | | ૨ | પાનવા | ૨૦૦૭ | | | | | | |
| | | ૩ | બુબવાણા | ૯૯૨ | | | | | | |
| | | ૪ | ઝેઝરા | ૬૯૯ | | | | | | |
| | | | કુલ | ૭૫૦૭ | ૧૬૬૭ | ૨૨.૨૦ | ૨ | -- | -- | -- |
| ૧૯ | વણોદ | ૧ | વણોદ | ૫૪૦૫ | | | | | | |
| | | ૨ | સુશિયા | ૧૫૫૦ | | | | | | |
| | | | કુલ | ૬૯૫૫ | ૧૦૬૬ | ૧૫.૩૨ | ૧૩ | -- | -- | -- |
| ૨૦ | ઝીંઝુવાડા-૧ | ૧ | ઝીંઝુવાડા વોર્ડ નં. ૧ થી ૧૩ | ૬૭૨૫ | ૫૪૩ | ૮.૦૭ | ૧૮ | ૨ | ૦.૦૨ | ૭ |
| ૨૧ | ઝીંઝુવાડા-૨ | ૧ | ઝીંઝુવાડા વોર્ડ નં. ૧૪ થી૧૭ | ૧૬૦૦ | | | | | | |
| | | ૨ | ધામા | ૨૦૨૯ | | | | | | |
| | | ૩ | ફતેપુર | ૧૯૯૧ | | | | | | |
| | | ૪ | ભલગામ | ૧૦૧૩ | | | | | | |
| | | | કુલ | ૬૬૩૩ | ૮૦૯ | ૧૨.૧૯ | ૧૬ | -- | -- | -- |

૯: જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) નિયમો અન્વયે વંચાણ-૨ વાળા તા.૧૧-૫-૨૦૧૦ થી સુધારાત્મક પ્રાથમિક આદેશમાં માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શ તથા વાંધા સુચનોનું કાળજીપુર્વક અભ્યાસ કરી નીચે જણાવેલ મુજબ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશન) થી બેઠકોની ફાળવણી આખરી કરવામાં આવે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **અનુસૂચિત જાતિ** | | | |
| ૧૬ | નગવાડા | ૧ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૧૮ | વડગામ | ૨ | અનુસૂચિત જાતિ |
| ૧ | આદરીયાણા | ૩ | અનુસૂચિત જાતિ |
| **અનુસૂચિત આદિજાતિ** | | | |

૧૦: અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશન) થી બેઠકોની ફાળવણી આખરી કરવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૨ | અખિયાણા | સા.શૈ.પ.વર્ગ સ્ત્રી |
| ૩ | બજાણા | સા.શૈ.પ. વર્ગ |

૧૧: અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે નિયત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે અનામત તથા બીન અનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશન) થી બેઠકોની ફાળવવા આખરી કરવામાં આવે છે.

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૪ | બામણવા | સામાન્ય સ્ત્રી |
| ૫ | દસાડા | બિન અનામત સામાન્ય |
| ૬ | ગવાણા | સામાન્ય સ્ત્રી |
| ૭ | હેબતપુર | સામાન્ય સ્ત્રી |
| ૮ | જૈનાબાદ | બિન અનામત સામાંન્ય |
| ૯ | જરવલા | સામાન્ય સ્ત્રી |
| ૧૦ | કઠાડા | સામાન્ય સ્ત્રી |
| ૧૧ | ખારા ઘોડા-૧ | બિન અનામત સામાન્ય |
| ૧૨ | ખારા ઘોડા-૨ | બિન અનામત સામાન્ય |
| ૧૩ | ખેરવા | બિન અનામત સામાન્ય |
| ૧૪ | મેરા | બિન અનામત સામાન્ય |
| ૧૫ | મોટી મજેઠી | બિન અનામત સામાન્ય |
| ૧૭ | સુરેલ | બિન અનામત સામાન્ય |
| ૧૯ | વણોદ | બિન અનામત સામાન્ય |
| ૨૦ | ઝીંઝુવાડા-૧ | બિન અનામત સામાન્ય |
| ૨૧ | ઝીંઝુવાડા-૨ | બિન અનામત સામાન્ય |

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી દરમ્યાન અગાઉની સામાન્ય ચૂંટણી સમયે નક્કી થયેલ અનામત બેઠકોની શક્ય હોય ત્યાં સુધી તે કેટેગરીમાં પુનરાવર્તન ન થાય તે ધ્યાને લઈ બેઠકો વારાફરતી (રોટેશન) ફાળવવામાં આવેલ છે.

૧૨: આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતના સંવિધાન ના અનુચ્છેદ-૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના નિયમો હેઠળ મળેલ સત્તાની રૂઈએ સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા (પાટડી) તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના તથા અનામત બેઠકોમાં વારાફરતી (રોટેશન) ફાળવણી કરવાનું મુનાસીબ માને છે તે મુજબ મતદાર મંડળની રચના અને અનામત બેઠકોની વારાફરતી (રોટેશન) ફાળવણી આ સાથેની **"અનુસૂચિ"** પ્રમાણે આખરી આદેશ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

**પી. એસ. શાહ**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

**ક્રમાંક: રાચપ-સમક-દસાડા (પાટડી)-તા.પં.-૬૨૦૧૦, તા. ૨૭-૬-૨૦૧૦**

**અનુસૂચિ**

**જિલ્લાનું નામ - સુરેન્દ્રનગર** **તાલુકા પંચાયતનું નામ - દસાડા**

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | દસાડા | ૧ | આદરીયાણા | ૩ | -- | અનુસૂચિત જાતિ |
| | | ૨ | અખિયાણા | ૯ | ૪ | સા.શૈ.પ.વર્ગ સ્ત્રી |
| | | ૩ | બજાણા | ૫ | ૫ | સા.શૈ.પ. વર્ગ |
| | | ૪ | બામણવા | ૧૦ | -- | સામાન્ય સ્ત્રી |
| | | ૫ | દસાડા | ૧૨ | ૩ | બિન અનામત સામાન્ય |

INDEX

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | દસાડા | ૬ | ગવાણા | ૧૧ | -- | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | હેબતપુર | ૧૫ | ૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૮ | જૈનાબાદ | ૭ | -- | બિન અનામત સામાન્ય |
| | | ૯ | જરવલા | ૧૪ | -- | સામાન્ય સ્ત્રી |
| | | ૧૦ | કઠાડા | ૪ | -- | સામાન્ય સ્ત્રી |
| | | ૧૧ | ખારા ઘોડા-૧ | ૨૦ | ૨ | બિન અનામત સામાન્ય |
| | | ૧૨ | ખારા ઘોડા-૨ | ૨૧ | ૬ | બિન અનામત સામાન્ય |
| | | ૧૩ | ખેરવા | ૬ | -- | બિન અનામત સામાન્ય |
| | | ૧૪ | મેરા | ૧૭ | -- | બિન અનામત સામાન્ય |
| | | ૧૫ | મોટી મજેઠી | ૮ | -- | બિન અનામત સામાન્ય |
| | | ૧૬ | નગવાડા | ૧ | -- | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| | | ૧૭ | સુરેલ | ૧૯ | -- | બિન અનામત સામાન્ય |
| | | ૧૮ | વડગામ | ૨ | -- | અનુસૂચિત જાતિ |
| | | ૧૯ | વણોદ | ૧૩ | -- | બિન અનામત સામાન્ય |
| | | ૨૦ | ઝીંઝુવાડા-૧ | ૧૮ | ૭ | બિન અનામત સામાન્ય |
| | | ૨૧ | ઝીંઝુવાડા-૨ | ૧૬ | -- | બિન અનામત સામાન્ય |

**પી. એસ. શાહ,**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

**રાજ્ય ચૂંટણી પંચ**
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુન, ૨૦૧૦.

**ક્રમાંક: રાચપ-સમક-મુળી-તા.પં.-૨૦૧૦.**

**સુરેન્દ્રનગર જિલ્લાની મુળી તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) ની રચના અંગેનો આખરી આદેશ.**

**વંચાણમાં લીધા : (૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક-રાચપ-સમક-મુળી-તાપં-૨૦૧૦, તા.૧૩-૩-૨૦૧૦**

**(૨) રાજ્ય ચૂંટણી પંચના સુધારાત્મક પ્રાથમિક આદેશ ક્રમાંક-રાચપ-સમક-મુળી-તાપં-૨૦૧૦, તા.૧૧-૫-૨૦૧૦**

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોની જોગવાઈ મુજબ રાજ્યની તાલુકા / જિલ્લા પંચાયતોના મતદાર મંડળોની રચના, મતદારયાદી તૈયાર કરાવવા તથા ચૂંટણી કરાવવા અંગેના અધિકાર રાજ્ય ચૂંટણી પંચને વિહીત થયેલ છે.

૨. સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબના આંકડા પ્રસિધ્ધ થતા વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરના અધિકાર પરત્વે રાજ્યની તાલુકા / જિલ્લા પંચાયતોના મતદાર મંડળોની (અનામત બેઠકો સહિત) સંખ્યા નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.

| તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નકકી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી માટે | બીન અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજીક અને શૈક્ષિણક રીતે પછાતવર્ગ માટે | | | |
| | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| મુળી | ૧૭ | - | ૨ | - | - | ૧ | ૧ | ૫ | ૮ |

૩. આ મતદાર મંડળોની સંખ્યા નિયત થયા મુજબ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ ના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮ અન્વયે અનામત રખાયેલી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠકો (સ્ત્રીઓની બેઠકો સહિત) ખાસ ક્રમાંક મુજબ ફાળવણી કર્યા બાદ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ (સ્ત્રીઓની બેઠકો સહિત) બેઠકો ફાળવણી કરવા. ત્યાર બાદ બિન અનામત સ્ત્રી અને બિન અનામત બેઠકોની ફાળવણી કરવાની જોગવાઈ મુજબ રાજય ચૂંટણી પંચને મળેલી સત્તાની રૂઈએ વંચાણ-૧ વાળા તા.૧૩-૩-૨૦૧૦ ના આદેશથી સુરેન્દ્રનગર જિલ્લાની મુળી તાલુકા પંચાયતના પ્રાદેશિક મતદાર મંડળોની અનામત બેઠક ફાળવણી સહિતનો આદેશ પ્રસિધ્ધ કરેલ.

૪. વંચાણ-૧ વાળા તા.૧૩-૩-૨૦૧૦ મતદાર મંડળોની રચનાના આદેશ કર્યા પછી પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી- ૧૦૨૦૧૦-૮૦૪-જી, તા.૧૦-૫-૨૦૧૦ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો-૨૦૧૦ પ્રસિધ્ધ કરેલ છે.આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોનો મતદાર મંડળો અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજય ચૂંટણી પંચ શકય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરી બેઠકો ફાળવણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.નિયમ-૫ ની જોગવાઈ મુજબ રાજય ચૂંટણી પંચે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકની ફાળવણી તે આખરી સ્વરૂપ આપતા પહેલા લોકો પાસેથી તે અંગેના સુચનો મંગાવશે અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૪૩ મા) ના હેતુઓ માટે માન્ય કરેલ રાજકીય પક્ષો સાથે વિચાર વિનિમય કરશે. તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

૫: પંચાયત વિભાગના તા.૧૦-૫-૨૦૧૦ ના જાહેરનામાના નિયમ-૪ ની જોગવાઈ મુજબ તથા રાજય ચૂંટણી પંચના તા.૬-૫-૨૦૧૦ ના આદેશ મુજબ નકકી કરેલા માર્ગદર્શક સિધ્ધાંતો અનુરૂપ રહીને વંચાણ (૧) વાળા તા.૧૩-૩-૨૦૧૦ ના આદેશમાંની અનુસૂચિમાં ફેરફાર કરી વંચાણ (૨) વાળા તા.૧૧-૫-૨૦૧૦ થી સુધારાત્મક પ્રાથમિક આદેશ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

૬. પ્રાથમિક આદેશ માન્ય રાજકીય પક્ષોને મોકલી આપેલ હતો તેમજ જાહેર જનતાની જાણ માટે નિર્ધારીત સ્થળોએ તેમજ સરકારી રાજયપત્રમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો તેની સામે કોઈપણ વ્યકિતને / જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત) માં રાજય ચૂંટણી પંચ ગાંધીનગરને મોકલવા જણાવેલ હતું.

૭. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજય ચૂંટણી પંચે કરેલ છે. માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે પરામર્શમાં થયેલ સૂચનો તેમજ રાજય ચૂંટણી પંચને મળેલ સૂચનોનો કાળજી પુર્વક અભ્યાસ કરી, વંચાણ-૧ વાળા તા.૧૩-૩-૨૦૧૦ તથા વંચાણ-૨ વાળા તા.૧૧-૫-૨૦૧૦ માં મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોમાં વારાફરતી ફાળવણીમાં રાજય ચૂંટણી પંચ નીચે મુજબ મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવા આખરી આદેશ કરવામાં આવે છે.

૮. સુરેન્દ્રનગર જિલ્લાની મુળી તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના નીચે મુજબ રહેશે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામના નામ | | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧ | દાધોલિયા | ૧ | દાધોલિયા | ૨૦૪૮ | | | | | | |
| | | ૨ | ભેટ | ૧૪૪૮ | | | | | | |
| | | ૩ | આંબરડી | ૯૫૧ | | | | | | |
| | | ૪ | નાળધ્રી | ૭૯૯ | | | | | | |
| | | ૫ | રામપર | ૭૨૨ | | | | | | |
| | | ૬ | કરશનગઢ | ૬૯ | | | | | | |
| | | | કુલ | ૬૫૭૭ | ૬૦૧ | ૯.૧૪ | ૯ | ૭ | ૦.૧૧ | ૯ |
| ૨ | દાણાવાડા | ૧ | દાણાવાડા | ૩૪૭૦ | | | | | | |
| | | ૨ | દિગસર | ૩૧૩૫ | | | | | | |
| | | | કુલ | ૬૬૦૫ | ૧૦૩૩ | ૧૫.૬૪ | ૪ | -- | -- | ૧૧ |
| ૩ | દુધઈ | ૧ | દુધઈ | ૧૭૬૩ | | | | | | |
| | | ૨ | પલાસા | ૧૬૭૨ | | | | | | |
| | | ૩ | ખાટડી | ૧૪૦૩ | | | | | | |
| | | ૪ | રામપરડા | ૬૭૩ | | | | | | |
| | | | કુલ | ૫૫૧૧ | ૪૬૯ | ૮.૫૧ | ૧૦ | -- | -- | ૧૨ |
| ૪ | ગૌતમગઢ | ૧ | ગૌતમગઢ | ૨૩૬૦ | ૩૧૯ | | | | | |
| | | ૨ | ગોદાવરી | ૨૦૦૨ | ૨૭૭ | | | | | |
| | | ૩ | કુકડા | ૧૪૪૪ | ૯૪ | | | | | |
| | | | કુલ | ૫૮૦૬ | ૬૯૦ | ૧૧.૮૮ | ૬ | -- | -- | ૧૩ |
| ૫ | ખાખરાળા | ૧ | ખાખરાળા | ૧૪૮૫ | | | | | | |
| | | ૨ | માનપર | ૧૩૭૩ | | | | | | |
| | | ૩ | ધાળીયા | ૮૮૮ | | | | | | |
| | | ૪ | નવખંભા | ૮૬૪ | | | | | | |
| | | ૫ | આસુદ્રાળી | ૭૪૪ | | | | | | |
| | | | કુલ | ૫૩૫૪ | ૨૮૬ | ૫.૩૪ | ૧૫ | -- | -- | ૧૪ |
| ૬ | લીયા | ૧ | લીયા | ૨૫૩૪ | | | | | | |
| | | ૨ | કુંતલપુર | ૨૧૫૮ | | | | | | |
| | | ૩ | ગઢડા | ૧૦૭૯ | | | | | | |
| | | | કુલ | ૫૭૭૧ | ૩૬૪ | ૬.૩૧ | ૧૪ | ૯ | ૦.૧૫ | ૮ |
| ૭ | મુળી-૧ | ૧ | મુળી | ૬૧૭૦ | | | | | | |
| | | | કુલ | ૬૧૭૦ | ૧૮ | ૦.૨૯ | ૧૭ | ૨૧ | ૦.૩૪ | ૪ |
| ૮ | મુળી-૨ | ૧ | મુળી-૨ | ૩૭૮૩ | | | | | | |
| | | ૨ | જશાપર | ૩૦૪૩ | | | | | | |
| | | | કુલ | ૬૮૨૬ | ૧૪૯૯ | ૨૧.૯૬ | ૧ | ૨૬ | ૦.૩૮ | ૩ |
| ૯ | રાણીપાટ | ૧ | રાણીપાટ | ૨૧૪૫ | | | | | | |
| | | ૨ | રાયસંગપર | ૧૬૯૯ | | | | | | |
| | | ૩ | ભવાનીગઢ | ૧૧૬૨ | | | | | | |
| | | ૪ | સાંગધ્રા | ૮૨૮ | | | | | | |
| | | ૫ | જેપર | ૪૪૦ | | | | | | |
| | | | કુલ | ૬૨૭૪ | ૪૭૪ | ૭.૫૫ | ૧૨ | -- | -- | ૧૫ |
| ૧૦ | સરા | ૧ | સરા | ૫૭૦૮ | | | | | | |
| | | ૨ | મહાદેવગઢ | ૫૦૬ | | | | | | |
| | | | કુલ | ૬૨૧૪ | ૬૬૫ | ૧૦.૭૦ | ૭ | ૧૦ | ૦.૧૬ | ૭ |
| ૧૧ | સરલા | ૧ | સરલા | ૪૧૪૭ | | | | | | |
| | | ૨ | કળમાદ | ૨૨૧૭ | | | | | | |
| | | | કુલ | ૬૩૬૪ | ૬૩૮ | ૧૦.૦૩ | ૮ | ૩૮ | ૦.૬૦ | ૨ |

INDEX

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામના નામ | | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક | વસતી | ટકા વારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫ (૩) | ૬(૧) | ૬(૨) | ૬ (૩) |
| ૧૨ | શેખપર | ૧ | શેખપર | ૨૫૩૭ | | | | | | |
| | | ૨ | લીમલી | ૨૩૩૭ | | | | | | |
| | | ૩ | ચાણપર | ૧૦૧૨ | | | | | | |
| | | | કુલ | ૫૮૮૬ | ૧૧૪૧ | ૧૯.૩૮ | ૨ | -- | -- | ૧૬ |
| ૧૩ | સોમાસર | ૧ | સોમાસર | ૧૭૬૧ | | | | | | |
| | | ૨ | નળીયા | ૧૩૭૩ | | | | | | |
| | | ૩ | સિધ્ધસર | ૯૧૭ | | | | | | |
| | | ૪ | નવાણીયા | ૮૭૩ | | | | | | |
| | | ૫ | હેમતપર | ૫૨૦ | | | | | | |
| | | | કુલ | ૫૪૪૪ | ૮૩૫ | ૧૫.૩૪ | ૫ | -- | -- | ૧૭ |
| ૧૪ | ટીકર(પર) | ૧ | ટીકર(પર) | ૨૮૯૦ | | | | | | |
| | | ૨ | પાંડવરા | ૧૪૭૨ | | | | | | |
| | | ૩ | સુજાનગઢ | ૭૬૦ | | | | | | |
| | | | કુલ | ૫૧૨૨ | ૮૮૦ | ૧૭.૧૮ | ૩ | ૨ | ૦.૦૪ | ૧૦ |
| ૧૫ | ઉમરડા | ૧ | ઉમરડા | ૩૦૨૨ | | | | | | |
| | | ૨ | ગઢાદ | ૨૦૯૩ | | | | | | |
| | | ૩ | ટીડાણા | ૬૭૬ | | | | | | |
| | | ૪ | ધર્મેન્દ્રગઢ | ૫૯૦ | | | | | | |
| | | | કુલ | ૬૩૮૧ | ૨૧૦ | ૩.૨૯ | ૧૬ | ૧૭ | ૦.૨૭ | ૫ |
| ૧૬ | વગડીયા | ૧ | વગડીયા | ૨૭૨૦ | | | | | | |
| | | ૨ | ખાખરાથળ | ૧૭૫૮ | | | | | | |
| | | ૩ | દેવપરા | ૬૪૬ | | | | | | |
| | | ૪ | ચાંદ્રેલીયા | ૫૧૦ | | | | | | |
| | | ૫ | વેલાળા (સા) | ૪૪૫ | | | | | | |
| | | | કુલ | ૬૦૭૯ | ૪૩૦ | ૭.૦૭ | ૧૩ | ૧૫ | ૦.૨૫ | ૬ |
| ૧૭ | વેલાળા(ધ્રા) | ૧ | વેલાળા (ધ્રા) | ૧૭૪૦ | | | | | | |
| | | ૨ | ખંપાળીયા | ૧૪૨૫ | | | | | | |
| | | ૩ | વડધ્રા | ૧૨૬૩ | | | | | | |
| | | ૪ | વીરપર | ૭૫૬ | | | | | | |
| | | | કુલ | ૫૧૮૪ | ૪૩૩ | ૮.૩૫ | ૧૧ | ૪૯ | ૦.૯૫ | ૧ |

૯: જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) નિયમો અન્વયે વંચાણ-૨ વાળા તા.૧૧-૫-૨૦૧૦ થી સુધારાત્મક પ્રાથમિક આદેશમાં માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શ તથા વાંધા સુચનોનું કાળજીપુર્વક અભ્યાસ કરી નીચે જણાવેલ મુજબ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશન) થી બેઠકોની ફાળવણી આખરી કરવામાં આવે છે.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અનુસૂચિત જાતિ | | | |
| ૮ | મૂળી-૨ | ૧ | અનુસૂચિત જાતિ |
| ૧૨ | શેખપર | ૨ | અનુસૂચિત જાતિ |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| બેઠકનો આ પ્રકાર નથી | | | |

INDEX

૧૦: અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશન) થી બેઠકોની ફાળવણી આખરી કરવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૧ | દાઘોલીયા | સા.શૈ.પ.વર્ગ સ્ત્રી |
| ૨ | દાણાવાડા | સા.શૈ.પ. વર્ગ |

૧૧: અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે નિયત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે અનામત તથા બીન અનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશન) થી બેઠકોની ફાળવવા આખરી કરવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૩ | દુધઈ | સામાન્ય સ્ત્રી |
| ૪ | ગૌતમગઢ | સામાન્ય સ્ત્રી |
| ૫ | ખાખરાળા | સામાન્ય સ્ત્રી |
| ૬ | લીયા | બિન અનામત સામાન્ય |
| ૭ | મુળી-૧ | સામાન્ય સ્ત્રી |
| ૯ | રાણીપાટ | સામાન્ય સ્ત્રી |
| ૧૦ | સરા | બિન અનામત સામાન્ય |
| ૧૧ | સરલા | બિન અનામત સામાન્ય |
| ૧૩ | સોમાસર | બિન અનામત સામાન્ય |
| ૧૪ | ટીકર(પર) | બિન અનામત સામાન્ય |
| ૧૫ | ઉમરડા | બિન અનામત સામાન્ય |
| ૧૬ | વગડીયા | બિન અનામત સામાન્ય |
| ૧૭ | વેલાળા-ધ્રા | બિન અનામત સામાન્ય |

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી દરમ્યાન અગાઉની સામાન્ય ચૂંટણી સમયે નક્કી થયેલ અનામત બેઠકોની શક્ય હોય ત્યાં સુધી તે કેટેગરીમાં પુનરાવર્તન ન થાય તે ધ્યાને લઈ બેઠકો વારાફરતી (રોટેશન) ફાળવવામાં આવેલ છે.

૧૨: આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતના સંવિધાન ના અનુચ્છેદ-૨૪૩-ક તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના નિયમો હેઠળ મળેલ સત્તાની રૂઈએ સુરેન્દ્રનગર જિલ્લાની મુળી તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના તથા અનામત બેઠકોમાં વારાફરતી (રોટેશન) ફાળવણી કરવાનું મુનાસીબ માને છે તે મુજબ મતદાર મંડળની રચના અને અનામત બેઠકોની વારાફરતી (રોટેશન) ફાળવણી આ સાથેની ''**અનુસૂચિ**'' પ્રમાણે આખરી આદેશ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

**પી. એસ. શાહ,**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

INDEX

ક્રમાંક: રાચપ-સમક-મુળી-તા.પં.-૬૨૦૧૦, તા. ૨૭ -૬-૨૦૧૦

અનુસૂચિ

જિલ્લાનું નામ - સુરેન્દ્રનગર તાલુકા પંચાયતનું નામ - મુળી

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | મુળી | ૧ | દાધોળીયા | ૯ | ૯ | સા.શૈ.પ સ્ત્રી |
| | | ૨ | દાણાવાડા | ૪ | ૧૧ | સા.શૈ.પ સામાન્ય |
| | | ૩ | દુધઈ | ૧૦ | ૧૨ | સામાન્ય સ્ત્રી |
| | | ૪ | ગૌતમગઢ | ૬ | ૧૩ | સામાન્ય સ્ત્રી |
| | | ૫ | ખાખરાળા | ૧૫ | ૧૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૬ | લીયા | ૧૪ | ૮ | બિન અનામત સામાન્ય |
| | | ૭ | મૂળી-૧ | ૧૭ | ૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૮ | મૂળી-૨ | ૧ | ૩ | અનુસૂચિત જાતિ |
| | | ૯ | રાણીપાટ | ૧૨ | ૧૫ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૦ | સરા | ૭ | ૭ | બિન અનામત સામાન્ય |
| | | ૧૧ | સરલા | ૮ | ૨ | બિન અનામત સામાન્ય |
| | | ૧૨ | શેખપર | ૨ | ૧૬ | અનુસૂચિત જાતિ |
| | | ૧૩ | સોમાસર | ૫ | ૧૭ | બિન અનામત સામાન્ય |
| | | ૧૪ | ટીકર(પરમાર) | ૩ | ૧૦ | બિન અનામત સામાન્ય |
| | | ૧૫ | ક્રમરઢા | ૧૬ | ૫ | બિન અનામત સામાન્ય |
| | | ૧૬ | વગડીયા | ૧૩ | ૬ | બિન અનામત સામાન્ય |
| | | ૧૭ | વેલાળા(ધ્રા) | ૧૧ | ૧ | બિન અનામત સામાન્ય |

**પી. એસ. શાહ**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 333

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] WEDNESDAY, JUNE 30, 2010/ASADHA 9, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

### રાજ્ય ચૂંટણી પંચ

**સરદાર પટેલ ભવન,**

**સચિવાલય, ગાંધીનગર. તા. ૩૦મી જૂન, ૨૦૧૦.**

**ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–મનપા–જામનગર–૨૦૧૦**

**જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.**

૧. રાજ્ય ચૂંટણી પંચના તા.૨–૬–૨૦૧૦ ના આદેશ ક્રમાંકઃ રાચપ– ચટણ– સમક– મનપા– જામનગર– ૨૦૧૦ થી જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યક્તિને , જાહેર જનતાને સલાહસૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ–૧૦ માં રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર.૯, છઠ્ઠો માળ, સચિવાલય,ગાંધીનગરને પહોંચે તે રીતે તેમ જ એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી જામનગરને મોકલવાની હતી.

૨. જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટેના જામનગર શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યક્તિઓ તથા રાજકીય પક્ષો તરફથી સુચનો કરવામાં આવ્યાં છે.

૩. આ ઉપરાંત ૧૯૫૧નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ તા. ૨૯–૬–૨૦૧૦ના રોજ જામનગર કલેકટર કચેરીના સભાખંડમાં રાજ્ય ચૂંટણી પંચે કરેલ છે.

૪. રાજ્ય ચૂંટણી પંચને મળેલ સુચનોનો કાળજીપુર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શના અંતે તે પરામર્શમાં થયેલ સુચનોનો પણ કાળજીપુર્વક અભ્યાસ કરી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ અને રાજ્ય ચૂટણી પંચે જાહેર કરેલ માપદંડની

મર્યાદામાં રહીને તા.૨–૬–૨૦૧૦ ના પ્રાથમિક આદેશની અનુસૂચિ–૧ હદના વર્ણનમાં આંશિક ફેરફાર કરી ઉક્ત આદેશને આખરી કરવાનું પંચ મુનાસિબ માને છે.

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–ડ અને ૨૪૩ઃવ–ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ ની કલમ–૫ ખંડ(૩) પેટા ખંડ (ખ) તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી ) નિયમો, ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂઈએ જામનગર શહેરના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસુચિ–૧ પ્રમાણે અને અનામત બેઠકોની ફાળવણી આ સાથે જોડેલ અનુસુચિ–૨ મુજબ આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

**પી. એસ. શાહ,**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

## અનુસૂચિ–૧

### જામનગર મહાનગરપાલિકા–જામનગર

**સને ૨૦૦૧ ની વસ્તી ગણતરીના પ્રસિધ્ધ થયેલ આંકડા આધારે જામનગર મહાનગરપાલિકાની વોર્ડ રચના મુજબ વોર્ડનું વર્ણન**

**વોર્ડ નં. ૧ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

બેડી બંદર રોડ પર આઈસ ફેકટરીની ઉત્તરેથી શરૂ કરી દક્ષિણ તરફ જતાં રેલ્વે ટ્રેકથી દક્ષિણ તરફ આવતા બેડીબંદર રોડ પર વિન્ડ મીલના વાયવ્ય ખુણેથી રેવ. સર્વે નં.૭૦ ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી દક્ષિણે થઈ રેવન્યુ સર્વે નં.૭૨ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી બેડી ગામતળ વાયવ્ય રોડની હદે હદે ઈશાન ખુણા સુધી બેડી ગામતળ આવરી લઈ રેવન્યુ સર્વે નં.૭૧ ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી નૈઋત્ય ખુણેથી બેડી બંદરરોડની હદે હદે દક્ષિણ તરફ જતાં વાલ્સુરા ચોકડી પાર કરી કેવડી નદી ઓળંગી બેડીબંદર રેલ્વે ફાટક સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રેલ્વે ટ્રેકની હદે હદે કેવળી નદી ઓળંગી ઉત્તર તરફના વિસ્તારને આવરી લઈ મનપા હદના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં મ્યુ. હદે હદે રે.સ.નં.૪૯ ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી રે.સ.ન.૪૯ આવરી લઈ મ્યુ.હદે હદે સ.નં.૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫ ને આવરી લઈ જામનગર મિનરલ પાછળની વસાહતને આવરી લઈ મ્યુ. હદે હદે રે.સ.નં.૫૯ ના નૈઋત્ય ખુણા થઈ તેને આવરી લઈ રે.સ.નં. ૬૨,૬૦, ૬૧ ને આવરી લઈ આઈસ ફેકટરી આવરી લઈ ઉત્તર સુધીનો સમાવેશ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૨ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

બેડી બંદર રોડથી પુર્વ તરફ જતાં સર્વે નંબર ૭૪ , ખારી વિસ્તાર, વિન્ડ મીલ વિસ્તાર, વાલસુરા રોડની ઉતરે થઈ કેવડી નદી ઓળંગી સર્વે નં.૨૧૬ ની પુર્વમાં થઈ ઉતર તરફ વોર્ડ નં.૩ ની હદે હદે માજોઠી નગર, સોનીયા નગર, પુનીત નગર, નંદનવન પાર્ક, સર્વે નં.૨૩૭, ૨૩૯, સીધી સ્કુલ સર્વે નં.૨૬૨ ની પુર્વમાં થઈ સર્વે નં.૨૬૫ ને આવરી લઈ સર્વે ૨૬૬ ના ઈશાન ખુણા સુધી જઈ ત્યાંથી દક્ષીણે કે.પી.શાહ વાડી આવરી લઈ ત્યાંથી રામેશ્વરનગર પુલીયા ઓળંગી ડી.પી. રોડની હદે હદે રેવન્યુ સર્વે નં.૨૧ ના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા સર્વે નં.૨૭૦ પૈકી વાયવ્ય ખુણા સુધીમાં રામેશ્વરનગર તથા પટેલવાડી વિસ્તાર તથા ટી.બી. હોસ્પીટલને આવરી લઈ ત્યાંથી દક્ષીણ તરફ જતાં રોડની હદે હદે સર્વે નં.૨૭૫ ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા ૨૭૫ ના નૈઋત્ય ખુણે થઈ ત્યાંથી ઉતર તરફ ૨૭૫ ને આવરી લઈ ત્યાંથી ૨૬૩ આવરી લઈ સુચિત વોર્ડ નં.૫ ની હદે હદે ગાંધીનગરના ઈશાન ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા ગાંધીનગરના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી સર્વે નં.૨૧૯ ઉતરે રેલ્વે ટ્રેક સુધી ત્યાંથી રેલ્વે ટ્રેકની હદે હદે પશ્ચિમ તરફ બેડી બંદર રેલ્વે ફાટક સુધી ત્યાંથી ઉતર તરફ જતા બેડી બંદર રોડની હદે હદે

INDEX

કેવડી નદી ઓળંગી ઉતર તરફ જતા વાલસુરા રોડ જંકશન ઓળંગી બેડી બંદર રોડની હદે હદે ઉતર તરફ જતા કબ્રસ્તાનને આવરી લઈ સુચિત વોર્ડ નં.૧ ની હદે હદે સર્વે નં.૧૧ ના વાયવ્ય ખુણા સઘી ત્યાંથી પુર્વ તરફ જતા સર્વે નં.૧૧ ના ઈશાન ખુણા સુધી ત્યાંથી બેડી ગામતળની દક્ષીણ હદે ગામતળ છોડી વાયવ્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તરે જતા સર્વે ૭૦ ના ઈશાન ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા સર્વે ૭૦ ના વાયવ્ય ખુણે બેડી બંદર રોડ પર આવી ઉત્તર તરફ રોડની હદે હદે રેલ્વે ટ્રેક સુધી ત્યાંથી ઉતર તરફ બેડી બંદર રોડની હદે હદે આઈસ ફેકટરીના ઈશાન ખુણા સુધી સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

**વોર્ડ નં. ૩ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

નવાગામ ઘેડ સરકારી ખરાબો સ. નં.૧૯૭ ના વાયવ્ય ખુણાથી શરૂ કરી ઈશાન તરફ જતાં સર્વે નં. ૧૭૭, ૧૭૬, ૧૭૫, ૧૭૪, ૧૭૩ ની ઉતરે થઈ વોકળો ક્રોસ કરી સર્વે નં. ૧૭૩, ખુલો વિસ્તાર ઉતરની હદે હદે સર્વે નં. ૧૭૩ ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ. નં. ૧૭૩, ૧૬૬, ૧૬૫ ની પુર્વ હદે થઈ સર્વે નં. ૧૬૪ આવરી લઈ વોકળો ક્રોસ કરી મોજે જુના નાગનાના સીમાડે સીમાડે સ. નં. ૧૬૩, ૧૬૨, ૧૬૧, ૧૫૯ ની દક્ષિણે થઈ સ. નં. ૧૫૬, ૧૦૯, ૯૮, ૯૭, ૯૪, ૯૫ ની પુર્વ દિશાએ થઈ રેલ્વે ટ્રેક ઓળંગી,ત્યાંથી પશ્ચિમે સ. નં. ૯૪, ૯૩, ૯૧, ૯૦, ૮૯, ૮૮, ૮૭, ૮૪, ૮૩ અને ૮૧ ની દક્ષિણની હદે હદે સ. નં. ૭૩ ના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જુના નાગનાના સીમાડા હદે હદે સ. નં. ૭૨, ૫૯, ૫૮, ૫૧, ૪૯, ૪૮, ૪૭, ૪૬, વાડી વિસ્તાર, સ. નં. ૩૬,૩૫,૩૪, ૩૩, ૩૨ અને ૨૭ ની પુર્વે થઈ વિનાયક પાર્ક સુધી ત્યાંથી દક્ષિણ તરફ વિનાયક પાર્કને આવરી લઈ સ. નં. ૫ ની પુર્વે થઈ વાડી વિસ્તારના અગ્નિ ખુણા સુધી ત્યાંથી નૈરૂત્ય તરફ વાડી વિસ્તાર માસ્તર સોસાયટી, સ. નં. ૧, ૨૭૬, નવાગામ ઘેડ, ગામતળ હનુમાન ચોક વિગેરે વિસ્તારને આવરી લઈ વાયવ્ય તરફ સર્વે નં. ૨૭૫, કબીરનગર, જીમખાના થઈ ઉતર તરફ વોર્ડ નં. ૨ ની હદે હદે સર્વે નં.૨૭૦ પૈકીના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ જતા ડી.પી. રોડ સ.નં.૨૧ ના ખુણા સુધી ત્યાંથી ઉતર તરફ જતા ડી.પી. રોડની હદે હદે સ.નં.૨૫૧, ૨૬૧,૨૬૦, ૨૫૯, ૨૪૫, ૨૮૬, ૨૮૫, ૨૩૬, ૨૩૫, ૨૩૩, ૨૩૨, ૨૨૯, ૨૮૭,૨૨૭, ૨૧૮ અને ૨૧૭ ને આવરી લઈ રેલ્વે ટ્રેક ઓળંગી સ. નં. ૨૧૭ ની પશ્ચિમે ઉતર હદ થઈ ઉતર તરફ જતાં સર્વે નં. ૨૧૦,૨૧૨,૨૧૩,૨૧૪, ૨૧૫ ને આવરી સ. નં. ૧૯૭ ના વાયવ્ય ખુણા સુધીની હદમાં સમાવીષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૪ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

બેડી બંદર રોડને અડીને આવેલ ભુતિયા બંગલાના વાયવ્ય ખુણેથી શરૂ કરીને પુર્વ તરફ જતા ગાંધીનગર મેઈન રોડની હદે થઈ મચ્છરનગરની દક્ષિણ દિશાએ મધ્યેથી ગ્રાફેડના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં શાંતિનગરની દક્ષિણ દિશા તરફ મનપાની હદે થી લાલબહાદુર શાસ્ત્રી સોસાયટીના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પટેલ કોલોની, પી એન્ડ ટી કોલોની વિસ્તારને આવરી લઈ મ.ન.પા. હદે મેન્ટલ હોસ્પિટલના અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ જતાં કસ્તુરબા વિકાસ ગૃહ રોડની હદે પશ્ચિમ તરફ ડો. કે. પી. શાહના બંગલા સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં જયંત સોસાયટી, પોલીસલાઈન, મેડિકલ સ્ટેડીયમની પુર્વ તરફ જે.એમ.એચ. બ્લડ બેંકથી આનંદ સોસાયટી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મ.ન.પા. હદે સોલેરીયમ થઈ આર્મી રીકયુટમેન્ટ કવાટર્સને આવરી લઈ નવાગામ ઘેડના સીમાડાની હદે, જય ભીમવાસની ઉત્તર દિશા સુધી. ત્યાંથી રેલ્વે સ્ટેશનના ઈશાન ખૂણાથી પશ્ચિમ તરફ ઈન્દીરા રોડની હદે અંબર રેલ્વે ક્રોસીગ સુધી. ત્યાંથી અંબર સિનેમા રેલ્વે ક્રોસીગથી ઉત્તર તરફ જતાં બેડી બંદર રોડની પુર્વ રોડની હદે હદે આવેલ મેડીકલ કોલેજ, ઈન્કમટેકસ ઓફિસ, મેડિકલ કેમ્પસ, જી. જી. હોસ્પિટલ, કસ્તુરબા વિકાસગૃહ, હિંમતનગર, પટેલ કોલોની વિસ્તારને આવરી લઈ ગાંધીનગર તરફ જતાં રોડ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૫ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

મ.ન.પા. હદે આવેલ રેલ્વે ટ્રેક ઉપર સ્લમ વિસ્તારના વાયવ્ય ખુણેથી શરૂ કરી પુર્વ તરફ જતા રેલ્વે ટ્રેકની હદે હદે કેવડી નદી તથા બેડી બંદર રોડ ઓળંગી રેલ્વે સ્ટેશનને આવરી લઈ ગાંધીનગરના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ દિશા જતાં મ.ન.પા. હદે ગાંધીનગર વસાહત, શાંતિનગર વસાહતની પૂર્વે થઈ ત્યાંથી નૈઋત્ય ખૂણા સુધી મોમાઈનગર અને મચ્છરનગરને આવરી લઈ ત્યાંથી શાંતિનગરના વાયવ્ય ખૂણાથી જતાં ઉપર તરફ જતાં ગાંધીનગર

INDEX

રોડ ઉપર આવેલ રિલાયન્સ બીલ્ડીગના અગ્નિ ખૂણા સુધી પશ્ચિમ તરફ જતાં ગાંધીનગર રોડની હદે ભૂતિયા બંગલાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં એન.સી.સી.ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મીલન હોટલના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી શરૂમાં સેકશન રોડ ની હદે હદે જતાં પોલીસ મુખ્ય મથકના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ જતાં પોલીસ મુખ્ય મથકને આવરી લઈ સમ્રાટ અશોકનગરની ઉત્તરે થઈ સર્વે નં.૧૯૧/૨ ની પુર્વ દિશાંમા હદે હદે સર્વે નં. ૧૯૧/૧ પૈકીને આવરી લઈ તેના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી મ્યુનિ હદે ઈશાન ખૂણા તરફ જતાં મ્યુનિ. હદે આવેલ સ્લમ વિસ્તારના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ મ્યુનિ. હદના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૬ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

વુલનમીલ ચાલીના વાયવ્ય ખુણેથી શરૂ કરી પુર્વ તરફ જતાં મ.ન.પા. હદે હાઉસીગ બોર્ડ કોલોનીને આવરી લઈ તેની ઉત્તરે મ.ન.પા. હદે ઈશાન ખૂણા તરફ જતાં યાદવ નગરની ઉત્તરે મ.ન.પા. હદે પૂર્વ તરફ જતાં યાદવનગરને આવરી લઈ રેલ્વે ટ્રેક ઓળંગી પુર્વ તરફ જતાં સોનલનગર ઝુંપડપટ્ટી વસાહત ઈશન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે ટ્રેકની સમાંતરે હદ તરફ જતાં ટી.પી. રોડની હદે દિગ્જામ સર્કલ સુધી ત્યાંથી રેલ્વે કવાર્ટરની દક્ષિણે થઈ પશ્ચિમે જતાં એરફોર્સ રોડની હદે હદે ડીફેન્સ કોલોની ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં ડીફેન્સ કોલોનીને આવરી લઈ તેના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં દિગ્જામ વુલન મીલને આવરી લઈ મ.ન.પા. હદે તેના વાયવ્ય ખુણેથી ઉત્તર તરફ જતાં વુલનમીલ ચાલીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૭ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

સોનલનગર ઝુંપડપટ્ટી વસાહતના ઈશાન ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ ટી.પી. રોડની હદે હદે જતાં સરકારી વસાહતના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં શરૂ સેકશન રોડની હદે હદે પાયલોટ બંગલાના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં સાત રસ્તા સર્કલ સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતા ઈન્દિરા માર્ગ પરની હદે હદે જનતા ફાટક સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં જનતા સોસાયટી અને સર્વોદય સોસાયટીને આવરી લઈ તેના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં શકિતનગરને આવરી લઈ ખોડીયાર કોલોનીના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં એરોડ્રામ રોડ પરની હદે હદે નિલકમલ સોસાયટીને આવરી લઈ સમર્પણ પાણીના ટાંકાની ઉત્તરે વોર્ડની હદના સર્વે નં. ૧૩૦ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા સર્વે નં. ૧૩૦થી પૂર્વમાં થઈ ટી.પી. રોડની હદે હદે સોનલનગર ઝુંપડપટ્ટીના ઈશાન ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૮ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

શરૂ સેકશન રોડની પૂર્વે આવેલ મિલન હોટલના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ જતાં એન.સી.સી. ઓફિસની દક્ષિણે બેડી બંદર રોડના જંકશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં બેડી બંદર રોડની હદે હદે પશ્ચિમ તરફનો વિસ્તાર, ડી.કે.વી. કોલેજ, ધન્વન્તરી, આયુર્વેદીક કોલેજ, હનુમાન ગેઈટ પોલીસ ચોકીને આવરી લઈ બેડી ગેઈટ સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં ટાઉનહોલ સુધી. ટાઉનહોલની દક્ષિણ તરફની ગોળાઈએથી નૈઋત્ય ખૂણા તરફ જતાં નિલકંઠ મંદિરને આવરી લઈ પશ્ચિમ તરફ જતાં મ.ન.પા. કચેરીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતા સ્ટેપ ગાર્ડન રોડની હદે હદે સરકારી વસાહતને આવરી લઈ સરકારી વસાહતના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં પ્રદર્શન ગ્રાઉન્ડની પશ્ચિમે થઈ સાત રસ્તા સર્કલ સુધી. ત્યાંથી સર્કલની દક્ષિણ ગોળાઈએથી વાયવ્ય ખૂણા તરફ જતાં પાયલોટ બંગલા સુધી. ત્યાંથી ઈશાન ખૂણા તરફ જતાં સરૂ સેકશન રોડ પરની હદે હદે આવેલ મિલન હોટલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૯ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

બેડી બંદર રોડ પર આવેલ અંબર રેલ્વે ક્રોસીગથી પુર્વ તરફ જતા વોર્ડની હદે હદે જય ભીમવાસની ઈશાન બાજુની હદે થઈ ગંજીવાડાના પુર્વ બાજુએ થઈ નાગનાથ ગેઈટ પોલીસ ચોકીના ઈશાન ખુણા સુધી ત્યાંથી ઈશાન ખુણા તરફ મ્યુ. હદે હદે રંગમતી નદી ઓળંગી ત્યાંથી મ્યુ.ની હદે હદે દક્ષીણ દીશાએ થઈ પુર્વ તરફ જતાં મ્યુ. હદે હદે ઉત્તર દિશાએ સિધ્ધનાથ મંદીરના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષીણ તરફ જતા નાગેશ્વર મંદીર સુધી ત્યાંથી મ્યુ. હદે પશ્ચિમ

દિશાએ વોરાના કબ્રસ્તાનના ઈશાન ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મ્યુ.ની હદે હદે રાજપાર્કના ઈશાન ખુણા સુધી ત્યાંથી અગ્ની ખુણા તરફ જતા મ્યુ.ની હદે હદે અક્ષરધામ સોસાયટીની ઉતરે હદે હદે રાધાકૃષ્ણ પાર્કના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી હદે હદે રવિપાર્કના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી હદે હદે શિવનગરના ખુણા સુધી ત્યાંથી હદે હદે ઈશાન ખુણા તરફ જતા મ્યુ. સ્કુલના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી રામવાડીની ઉતરે હદે હદે રેલ્વે ટ્રેક ઓળંગી રેલ્વે ટ્રેકના અગ્નિ ખુણા સુધી ત્યાંથી હદે હદે નૈઋત્ય ખુણા તરફ જતા સીન્ડીકેટ સોસાયટીના અગ્નિ ખુણા સુધી ત્યાંથી રાજકોટ રોડ પર વાયવ્ય ખુણા તરફ જતા મોહનનગરના ઈશાન ખુણા સુધી ત્યાંથી હદે હદે નૈઋત્ય ખુણા સુધી ત્યાથી દક્ષીણ દિશા તરફ જતા મ્યુ. હદે હદે નારાયણનગર, ગુલાબનગર, પોલીસ ચોકીને આવરી લઈ રાજકોટ રોડ પરની હદે હદે સુભાષબ્રીજ ઓળંગી કે.વી. રોડ થઈ પી.ડબલ્યુ ડી. ડેલાને આવરી લઈ મનુ માર્કેટના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉતર તરફ તીનબતી ચોક સુધી ત્યાંથી વાયવ્ય ખુણા તરફ થઈ ત્યાંથી ઉતરે ડી.એસ.પી. બંગલા થઈ હદે હદે અંબર રેલ્વે ક્રોસીગની હદ સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

**વોર્ડ નં. ૧૦ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

બેડી ગેઈટથી ઈશાન ખૂણા તરફ જતાં કાશી વિશ્વનાથ રોડની હદે હદે જમણી બાજુના વિસ્તરને આવરી લઈ સુભાષ બ્રીજ, રંગમતી નદી ઓળંગી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતા નદીના પૂર્વ દિશાએ મ.ન.પા. હદના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા નદી ઓળંગી સર્વે નં. ૩૦૧, ખાટકી વાડ, કોળીવાડ, મોચીસારની દક્ષિણે થઈ સુભાષ માર્કેટની દક્ષિણે વાયવ્ય ખૂણા તરફ જતા રણજીત રોડની હદે હદે ખાદી ભંડાર સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતા બેડીગેઈટ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૧ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

વિભાજી સ્કૂલના વાયવ્ય ખુણાથી ટાઉન હોલની પૂર્વમાં થઈ, પૂર્વ તરફ જતા બેડી ગેઈટ સુધી. ત્યાંથી અગ્નિ ખૂણે સ્વામીનારાયણ મંદિર થઈ રણજીત રોડની હદે હદે પૂર્વ તરફ પંજાબ બેંકને આવરી લઈ સુભાષ માર્કેટની પશ્ચિમ ગોલાઈએ થઈ નૈઋત્ય ખૂણા તરફ જતાં ગાંધી ચોક સુધી. ત્યાંથી ગાંધી ચોકને આવરી લઈ બર્ધન ચોકના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં માંડવી ટાવરની ઉત્તરે સેન્ટ્રલ બેંકની પાછળ,મહાલક્ષ્મી ચોકથી હવાઈ ચોક તરફ જતાં રોડની હદે હદે નાગર ચકલા રોડ થઈ દાવડા મેડીકલ સ્ટોર્સના ખુણા સુધી. ત્યાંથી ઉતરે જતા જમણી સાઈડનો વિસ્તાર આવરી લઈ પંચેશ્વર ટાવર થઈ ત્યાંથી લોહાણા મહાજન વાડીની પશ્ચિમ તરફ જતા જમણી બાજુનો વિસ્તાર આવરી લઈ વિભાજી સ્કુલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૨ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

હિરજી મીસ્ત્રી રોડ પર આવેલ નવાનગર સર્કલ થી શરૂ કરી પૂર્વ તરફ જતા આ રોડની હદે હદે વિજય ટીમ્બરની ઉત્તરે થઈ દિગ્વીજય પ્લોટની પશ્ચિમે થઈ સુમેર કલબ રોડ સુધી. ત્યાંથી મ.ન.પા. બાલ મંદિર, મીગ કોલોનીની પૂર્વમાં થઈ લાખોટા તળાવની પશ્ચિમ–ઉત્તરે હદે હદે જતાં ડીવાય.એસ.પી. બંગલો અને સ્ટેપ ગાર્ડનને આવરી લઈ ત્યાંથી તળાવની પૂર્વે હદે હદે પાબારી હોલ, સત્યનારાયણ મંદિર, ડીસ્ટ્રીકટ લાઈબ્રેરીની પશ્ચિમે થઈ ખંભાળીયા નાકા સુધી. ત્યાંથી પશ્ચિમે દિગ્વીજય પ્લોટ પોલીસ ચોકી તરફ જતાં રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ પોલીસ ચોકી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ૪૯–દિગ્વીજય પ્લોટ રોડના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમે ૪૯–દિગ્વીજય પ્લોટ રોડની હદે હદે થઈ હનુમાન ટેકરીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી હનુમાન ટેકરી, હિંગળાજ ચોકની પશ્ચિમે જતાં રોડની હદે હદે નવાનગર બેંકના સર્કલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૩ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

સાત રસ્તા સર્કલથી શરૂ કરી પાછલા તળાવની ઉત્તરે થઈ એસ. ટી. બસ સ્ટેન્ડ તથા વર્કશોપને આવરી લઈ સરકારી વસાહતના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં મીગ કોલોનીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં ઓશવાળ કોલોની મ.ન.પા. બાલમંદિર તથા સરદાર પટેલ સોસાયટીને આવરી લઈ તેના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ નવાનગર બેંક સર્કલ સુધી ત્યાંથી હિંગળાજ ચોક થઈ ત્યાંથી દક્ષીણ તરફ જતા હનુમાન ટેકરીના નૈઋત્ય ખુણા સુધી ગોળના ગોડાઉન/હરીભાઈની વાડી તથા જી.આઈ.ડી.સી.ને આવરી લઈ દી.પ્લોટ–૪૯ રોડની હદે હદે જોગલ હોલ સુધી ત્યાંથી દક્ષીણ તરફ જતા રે.સ.નં.૧૩૯૬ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ

INDEX

જતા રે.સ.નં.૧૩૯૮,૧૪૦૦ અને ૧૪૦૧ ને આવરી લઈ ૧૪૦૧ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા હરીયા કોલેજ રોડ રે.સ.નં.૧૪૦૫ ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી ઈન્દીરા માર્ગની હદે હદે ઉદ્યોગ નગર હુડકો, રઘુવીર સોસાયટી, આઈ.ટી.આઈ. આવરી લઈ સાત રસ્તા સર્કલ સુધી સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૪ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

ખંભાળીયા રોડ ઉપર આવેલા પી.ડબલ્યુ.ડી. સ્ટોરના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં રેલ્વે ઓળંગી, ખંભાળીયા રોડ તંબોલી પેટ્રોલ પંપ સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં પ્રગતિ પાર્કને આવરી લઈ એરોડ્રામ રોડ ની હદે હદે ખોડીયાર કોલોનીના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ખોડીયાર કોલોનીની પશ્ચિમે થઈ ગુંજરાત હાઉસીગ બોર્ડ, પોલીસ ચોકી આવરી લઈ પાંજરાપોળ વાડીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રોડની હદે હદે જનતા ફાટક સુધી. ત્યાંથી દક્ષિણે ઈન્દીરા માર્ગની હદે હદે થઈ હરીયા કોલેજ સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં રેલ્વે ટ્રેક ઓળંગી મ.ન.પા. હદે સોહમનગરને આવરી લઈ તેની પશ્ચિમે સ.નં. ૧૪૨૭ના ખેતરવાળી ખુલ્લી જગ્યાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં મ.ન.પા.ની હદે હદે સમર્પણ હોસ્પિટલની પશ્ચિમે થઈ તેને આવરી લઈ સમર્પણ હોસ્પિટલ સર્કલ સુધી ત્યાંથી ઈશાન તરફ જતાં મેહુલ સીનેમેકસ, હોટલ વિશાલ, અંધાશ્રમને આવરી લઈ પી.ડબલ્યુ.ડી.ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૫ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

ઈદ મસ્જીદ રોડ પર આવેલ જોગલ હોલની પૂર્વમાંથી શરૂ કરી પૂર્વ તરફ જતાં ઈદ મસ્જીદ રોડની હદે હદે સર્વે નં. ૧૩૮૮ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં. ૧૩૮૮, ૧૩૮૭, ૧૩૮૬ ની પૂર્વમાં થઈ ભુંડખાડની દક્ષિણે થઈ સર્વે નં. ૧૩૭૭, ૧૩૭૮, ૧૩૮૦, ૧૫૨૧, ૧૨૬૦, એમ.ઈ.એસ. કોલોનીની ઉત્તરે થઈ મ.ન.પા. સીધી સ્કૂલની દક્ષિણે સુમરા ચાલી રોડ થઈ ઢોલીયા પીર વાળા ઢાળીયા રે.સ.નં.૧૨૫૬, ૧૨૫૫, ૧૦૬૮ ને આવરી લઈ મ્યુ.કોર્પોરેશનની હદે હદે નીલકંઠ નગર, નંદનવન પાર્ક, ગુ.હાઉ.બોર્ડ, પટેલ પાર્ક, રે.સ.નં.૧૨૧૮, ૧૨૧૯, ૧૨૧૭ સરસ્વતી પાર્કને આવરી લઈ લાલપુર રોડને ઓળંગી મ્યુ. હદે હદે રે.સ.નં. ૧૨૧૩, ૧૨૨૫, ૧૨૨૬, ૧૨૨૮, ૧૨૯૦ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા રે.સ.નં.૧૨૮૭ ને આવરી લઈ રે.સ.નં.૧૨૮૦ ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા રે.સ.નં.૧૩૧૦ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉતરે રે.સ.નં.૧૩૨૧,૧૩૧૮, ૧૩૧૭ ને આવરી લઈ રે.સ.નં.૧૩૬૨ ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ રેસ.નં.૧૩૬૪/૨ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉપર તરફ રે.સ.નં.૧૩૬૪/૧ ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી ઉતરે રે.સ.નં.૧૩૯૮, ૧૩૯૭ તથા ૧૩૯૫ થી ઈદ મસ્જીદ રોડ પર આવેલા જોગલ હોલના વાયવ્ય ખુણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૬ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

દિ.પ્લોટ ૪૯ રોડ પર શંકર ટેકરી, રામનગરના વાયવ્ય ખૂણેથી શરૂ કરી આ રોડની હદે હદે પૂર્વ તરફ જતાં વલ્લભનગર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આવરી લઈ ઈદ મસ્જીદના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ઈદ મસ્જિદની દક્ષિણે થઈ અગ્નિ ખૂણે પવનચકકી તરફ જતાં રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ ૪૫, ૪૬, ૪૭ને આવરી લઈ પવનચકકી સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં જેલ રોડની હદે હદે જેલને આવરી લઈ એમ.ઈ.એસ. ગેઈટના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં રોડની હદે શંકર ટેકરી પાણીના ટાંકા સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણાં તરફ જતાં ઘોડાખાડને આવરી લઈ તેના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ભુંડખાડના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં રામનગર રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ–૪૯ના રોડ જંકશન સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૭ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

સુમેર કલબ રોડ અને દિગ્વીજય પ્લોટ–૪૯ રોડના જંકશનથી શરૂ કરી ઉત્તર તરફ જતાં સુમેર કલબ રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ પોલીસ ચોકી સુધી. ત્યાંથી પુર્વ તરફ ખંભાળીયા ગેઈટ તરફ જતાં રોડની હદે હદે ખંભાળીયા ગેઈટ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં રોડ પર આવેલ નાગરપરા, ભણશાળી જ્ઞાતિવાડીને આવરી લઈ ખોજા

નાકા સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતા રોડની હદે હદે બોડીગાર્ડના ડેલાને આવરી લઈ ખફી હોટલ સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ એમ.ઈ.એસ. કવાટર્સના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં રોડની હદે ફુલીયા હનુમાનના મંદિર સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં રોડની હદે સીધી સ્કુલને આવરી લઈ લાલપુર રોડ ઓળંગી, પ્રેમચંદ કોલોનીને આવરી લઈ તેના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં એમ.ઈ.એસ.ના ગેઈટ સુધી. ત્યાંથી ઈશાન ખૂણા તરફ સેન્ટ્રલ જેલની પુર્વ તરફ જતાં રોડની હદે હદે પવનચકકી સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રોડની હદે કમરબાઈ કાલીદાસ હરજી ભાનુશાળી બોર્ડીંગ તથા વિસા ઓશવાળ કન્યા વિધાલયને આવરી લઈ મણીબેન મેઘજીભાઈ શાહ બાલમંદિર થઈને દિગ્વીજય પ્લોટ–૪૯ ઈદ મસ્જિદ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ઈદ મસ્જિદના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પુર્વ તરફ જતાં દિગ્વીજય પ્લોટ–૪૯ રોડની હદે સુમેર કલબ રોડ તથા દિગ્વીજય પ્લોટ–૪૯ના રોડ જંકશન સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૮ ની હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર**

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૯૯, તા. ૨૮-૦૯-૯૯થી મુળ ફકરો -૧૦ રદ કરી તેના સ્થાને આ ફકરા -૧૦(૧), ૧૦(૨) તથા ૧૦(૩) મુક્યા છે.

૨. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦, તા. ૨૪-૧૦-૨૦૦૦થી શબ્દો રદ કર્યા છે.

INDEX

[3][(૪) ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા) બાબતનો આદેશ-૧૯૬૮ હેઠળ જે તે સમયે રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્તનહી તેવા પક્ષના ઉમેદવારો મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ -૭ના પેટા નિયમ-(૨) હેઠળના પરંતુક તથા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૭ના પેટા-નિયમ (૨) હેઠળના પરંતુકના હેતુ સારૂ માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખેલા ઉમેદવાર તરીકે ગણી શકશે નહી.]

(૫) રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહી તેવા રાજકીય પક્ષે ઉભા રાખેલા/ઉભા રાખવા માગતા ઉમેદવારોને અપક્ષ ઉમેદવારોની તુલનામાં મુક્ત પ્રતિક ફાળવવાની સવલતની પ્રાજ્ઞતા મળે તે માટે જ ફકરા-૪ની શરત નં. (૨) થી (૭) લાગુ પડે છે.)]

૧૧. [1][અન્ય રાજ્યમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા મેળવેલ રાજ્ય કક્ષાના પક્ષોના ઉમેદવારો માટે પ્રતિક અનામત રાખવા તથા ફાળવવા બાબત.

ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા બાબતના) આદેશ-૧૯૬૮ હેઠળ તત્સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્તપરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવા પક્ષના ઉમેદવારો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીમાં બીજા રાજ્યમાં તે પક્ષ માટે ભારતના ચૂંટણી પંચે અનામત રાખેલ પ્રતિકની માંગણી કરે ત્યારે ગુજરાત રાજ્યમાં આવા માન્યતા પ્રાપ્ત નથી તેવા રાજ્ય કક્ષાના પક્ષના ઉમેદવારોને નીચે જણાવેલ તમામ શરતો સંતોષાતી હશે તો તેવા ઉમેદવારોને અન્ય રાજ્યમાં તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરી શકાશે અને આવા અન્ય રાજ્ય માટે માન્યતા પ્રાપ્ત પક્ષ માટે અનામત રાખેલ પ્રતિક કોઈ અન્ય ઉમેદવારને ફાળવી શકાશે નહી તેવું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

(અ) રાજ્ય ચૂંટણી પંચ તરફથી ચૂંટણીની તારીખ નક્કી કરતી જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખ પછીના ત્રણ દિવસની અંદર અન્ય રાજ્યમાં માન્યતા પ્રાપ્ત રાજ્ય કક્ષાના પક્ષ તરફથી તેના માટે અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચને અરજી કરવામાં આવી હોય.

(બ) અનામત રાખેલ પ્રતિકનો બ્લોક ઉપલબ્ધ ન હોય ત્યારે બ્લોક તૈયાર કરવા માટે પૂરતો સમય હોય.

(ક) રાજ્ય ચૂંટણી પંચ પાસે અન્ય રાજ્યના માન્યતા પ્રાપ્ત રાજ્ય કક્ષાના પક્ષે રજુ કરેલ માંગણી ચૂંટણી અધિકારીને ઉમેદવારી પાછી ખેંચી લેવાના છેલ્લા દિવસે અથવા તેના અગાઉ પહોંચતી કરવા માટે પૂરતો સમય હોય.

(ડ) આવા પ્રતિકની ફાળવણી કરવા માટેની માંગણી અરજી નામંજુર કરવા માટે પૂરતાં કારણો નથી તેવો રાજ્ય ચૂંટણી પંચનો અભિપ્રાય હોય.]

[2][(૧૧-ક) ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા તથા ફાળવવા) બાબતના આદેશ-૧૯૬૮ હેઠળ જે તે સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ના હોય તેવા પક્ષના ઉમેદવારો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ -૭ના પેટા નિયમ-(૨) હેઠળ પરંતુક તથા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૭ના પેટા-નિયમ (૨) હેઠળના પરંતુકના હેતુ સારૂ માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખેલા ઉમેદવાર તરીકે ગણી શકશે નહી.

---

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ- તા. ૩૧-૦૩-૯૯થી મુળ ફકરો -૧૧ રદ કરી તેના સ્થાને આ ફકરો -૧૧ મુક્યો છે.

૨. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦, તા. ૨૪-૧૦-૨૦૦૦થી ફકરો ૧૧-ક તથા ૧૧-ખ ઉમેર્યો છે.

૩. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦, તા. ૨૪-૧૦-૨૦૦૦થી ફકરા ૧૦ માં બાબત (૪) તથા (૫) ઉમેરી છે.

INDEX

૧૧-ખ ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા તથા ફાળવવા) બાબતનો આદેશ-૧૯૬૮ હેઠળ જે તે સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવા પક્ષના ઉમેદવારોને જે તે રાજ્યમાં કેન્દ્રીય ચૂંટણી પંચે તે પક્ષના ઉમેદવારો માટે અનામત રાખેલ પ્રતિક ફાળવવાની પાત્રતા માટે ફકરા-૪ની શરત નંબર (૨) થી (૭) સંતોષવી રહેશે.]

[1][૧૨. માન્ય રાજકીય પક્ષના ઉમેદવારીપત્રોની ચકાસણી કરવા તથા નિર્ણય લેવા બાબત.

(૧) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય ઠર્યે, પક્ષના ડમી ઉમેદવારનું ઉમેદવારી પત્ર ચૂંટણી અધિકારી અમાન્ય/રદ કરશે. જો ડમી ઉમેદવારે જરૂરી સંખ્યામાં દરખાસ્ત કરનાર તથા ટેકો આપનાર મતદારો સાથે બીજું ઉમેદવારીપત્ર પણ ભર્યું હશે તો તેવા ઉમેદવારને અપક્ષ ઉમેદવાર ગણી ઉમેદવારીપત્ર ની અલગ રીતે ચકાસણી થશે.

(૨) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર અમાન્ય/રદ ઠર્યે પક્ષ દ્વારા ઉભા રાખેલા ડમી ઉમેદવારનું ઉમેદવારીપત્ર અન્ય રીતે રદ થવા પાત્ર નહી હોય તો માન્ય ઠરશે.

(૩) જો ઉમેદવારે ઉમેદવારીપત્રોના ભાગ-૧થી ૪ ભર્યા હોય પરંતુ પક્ષ તરફથી તેમના માટે નમૂનો 'ક' તથા 'ખ' રજૂ ન થાય તો, ભાગ-૨ તથા ૪ જરૂરી સંખ્યામાં દરખાસ્ત કરનાર અને ટેકો આપનાર મતદારોના સમર્થન સાથે ભર્યો હશે તો બીજી રીતે રદ થવા પાત્ર નહી હોય તો તેમનું ઉમેદવારીપત્ર અપક્ષ ઉમેદવાર તરીકે માન્ય ઠરશે.

૧૩ અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવા પક્ષના ઉમેદવારોના ઉમેદવારીપત્રોની ચકાસણી કરવા તથા નિર્ણય લેવા બાબત.

(૧) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય ઠર્યે, પક્ષના ડમી ઉમેદવારને, જો કોઈ હોય તો, અપક્ષ ઉમેદવાર ગણી ઉમેદવારીપત્રની અલગ રીતે ચકાસણી થશે અને જો ઉમેદવારીપત્ર મંજૂર થવા પાત્ર હશે તો ચૂંટણી અધિકારી તે મંજૂર કરશે.

(૨) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર અમાન્ય/રદ ઠર્યે પક્ષ દ્વારા ઉભા રાખેલા ડમી ઉમેદવારનું ઉમેદવારીપત્ર અન્ય રીતે રદ થવા પાત્ર નહી હશે તો માન્ય ઠર્યે પક્ષના ઉમેદવાર ગણવામાં આવશે.

(૩) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય ઠર્યે પછી જો તેઓ ઉમેદવારી પરત ખેંચે તેવા સમયે જો તે પક્ષના ડમી ઉમેદવાર હરીફ ઉમેદવાર હશે તો ડમી ઉમેદવાર પક્ષના ઉમેદવાર ગણાશે.

૧૪. પરિશિષ્ઠ નંબર.૧, ૨, ૩ તથા ૪ આ આદેશ સાથે સામેલ છે.

૧૫. નમૂનો-ક તથા નમૂનો-ખ આ આદેશ સાથે રાખેલ છે.]

**આદેશથી,**

**સહી/-(અવાચ્ય)**
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

---------

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦, તા. ૨૪-૧૦-૨૦૦૦થી ફકરા -૧૨, ૧૩, ૧૪ તથા ૧૫ મુક્યા છે.

પ્રતિ,

- શહેર ચૂંટણી અધિકારીઓ મહાનગરપાલિકા તમામ અને કલેકટરશ્રી રાજકોટ, અમદાવાદ, ભાવનગર, જામનગર, વડોદરા, સુરત.
- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીઓ અને કલેકટરશ્રી તમામ.

INDEX

## નમુનો--ક

### પક્ષ તરફથી અધિકૃત મહાનુભાવના નામની જાણ કરવા માટેનો પત્ર

**પ્રતિ,**

- ચૂંટણી અધિકારીશ્રી,
  મહાનગરપાલિકા/*નગરપાલિકા/*નગરપંચાયત .............................................. વોર્ડ નંબર.................. અને
  હોદ્દો ..................................

સચિવશ્રી,
રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦

**વિષય:** ..............................................................*મહાનગરપાલિકા/ *નગરપાલિકા/ *નગરપંચાયતની સામાન્ય/*પેટા/*મધ્યસત્ર ચૂંટણી..................................વર્ષ માસ .................................... માટે પક્ષના માન્ય ઉમેદવાર સંબંધી અધિકૃત મહાનુભાવના નામની જાણ કરવા બાબત.

શ્રીમાન,

રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૯૫, તા. ૧-૫-૯૫ના પેરા-૪ અન્વયે જણાવવાનું કે ............................પક્ષ એ *રાષ્ટ્રીય પક્ષ/.................................... પક્ષ છે. ઉપરોક્ત ચૂંટણીમાં વોર્ડ નંબર ............................... માંથી અમારા પક્ષના *અધિકૃત ઉમેદવાર /*ડમી ઉમેદવારના નામની જાણ કરવા માટે નીચે જણાવેલ મહાનુભાવોને અધિકૃત કરવામાં આવે છે.

| આ અંગેની જાણ કરવા માટે અધિકૃત મહાનુભાવનું નામ | અધિકૃત મહાનુભાવનો પક્ષનો હોદ્દો | મહાનગરપાલિકા/*નગરપાલિકા/ *નગર પંચાયતના વોર્ડ નંબર | આસન નં. ૧માં જણાવેલ મહાનુભાવને મહાનગરપાલિકા/*નગરપાલિકા/*નગરપંચાયતના જે વોર્ડ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય, તે વોર્ડના નંબર (નામ જો હોય તો) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | |

અધિકૃત મહાનુભાવોની સહીનાં વલણની યાદી નીચે જણાવ્યા પ્રમાણે છે.

પ્રમુખ/*ઉપપ્રમુખ/*મંત્રી

સ્થળ : ..................................

અધિકૃત મહાનુભાવની સહી

તારીખ : ..................................

પક્ષનું સીલ

*લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

નોંધ : (૧) આ પત્ર ચૂંટણી અધિકારીને ઉમેદવારીપત્ર રજૂ કરવાની છેલ્લી તારીખે બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં પહોંચતો કરવાનો રહેશે. ફેકસથી મોકલી શકાશે નહીં.

(૨) પક્ષના પ્રમુખ/*મંત્રીએ તથા પક્ષના અધિકૃત થતા મહાનુભાવે આ પત્રમાં પેન/શાહીથી સહી કરવાની રહેશે. સહીનો રબ્બર સિક્કો મારી શકાશે નહીં.

INDEX

## નમુનો--ખ

### પક્ષ તરફથી માન્ય ઉમેદવારોના નામ સૂચવતી નોટીસ

પ્રતિ

- ચૂંટણી અધિકારીશ્રી,
  મહાનગરપાલિકા/*નગરપાલિકા/*નગરપંચાયત ........................ વોર્ડ નંબર.......................................અને
  હોદ્દો.........................................
- **સચિવશ્રી,**
  રાજ્ય ચૂંટણી પંચ,
  બ્લોક નંબર : ૯, છઠ્ઠો માળ,
  નવા સચિવાલય.,
  ગાંધીનગર-૩૮૨૦૧૦

**વિષય:-** .........................................*મહાનગરપાલિકા/*નગરપાલિકા/*નગરપંચાયતની સામાન્ય/*પેટા/ *મધ્યસત્ર ચૂંટણી .................... વર્ષ માસ ...................... માટે પક્ષના માન્ય ઉમેદવાર સંબંધી અધિકૃત મહાનુભાવના નામની જાણ કરવા બાબત

શ્રીમાન,

રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૯૫, તા. ૧-૫-૯૫ના પેરા-૪ અન્વયે આથી આપને જાણ કરવાની કે ઉપરોક્ત ચૂંટણી માટે નીચે જણાવ્યા મુજબના ઉમેદવારને અમારા પક્ષ તરફથી નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે માન્ય ઉમેદવાર/*ડમી ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

| મહાનગરપાલિકા/*નગરપાલિકા/ *નગરપંચાયતના વોર્ડ નંબર નંબર | બેઠકનો ક્રમ પ્રકાર નંબર | માન્ય ઉમેદવારનું નામ | માન્ય ઉમેદવારના પતિ/પિતાનું નામ | માન્ય ઉમેદવારનું ટપાલનું સરનામું | ડમી ઉમેદવારનું નામ | ડમી ઉમેદવારના પિતા અથવા પતિનું નામ | ડમી ઉમેદવારનું ટપાલનું સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

*૨. અગાઉ *શ્રી/*શ્રીમતિ/*કુ .......................................................................................................ને
પક્ષના માન્ય ઉમેદવાર/ *શ્રી/ *શ્રીમતિ/ *કુ ...........................................................................................ને
પક્ષના ડમી ઉમેદવાર ગણવા નમૂના-ખમાં આપેલ નોટીસ આથી રદ કરવામાં આવે છે.

૩. આથી એવું પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરમાં જેઓનાં નામ દર્શાવ્યા છે તે દરેક ઉમેદવાર આ રાજકીય પક્ષના સભ્ય છે અને તેમનું નામ આ પક્ષના સભ્યોની યાદી પર યોગ્ય રીતે નોંધાયેલ છે.

આપનો વિશ્વાસુ,

અધિકૃત મહાનુભાવની સહી તથા નામ

સ્થળ : .........................................

પક્ષનું સીલ

તારીખ : .........................................

*લાગુ પડતું ન હોય તે છેંકી નાંખવું.

નોંધ : (૧) આ નોટીસ વોર્ડના ચૂંટણી અધિકારીને ઉમેદવારીપત્ર રજુ કરવાની છેલ્લી તારીખના બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં પહોંચતી કરવાની રહેશે. ફેકસથી મોકલી શકાશે નહીં.

(૨) અધિકૃત મહાનુભાવે આ નોટીસમાં પેન/શાહીથી સહી કરવાની રહેશે. સહીનો રબ્બરનો સિક્કો મારી શકાશે નહીં.

(૩) જો લાગુ પડતો ન હોય તો ફકરો ૨ છેકી નાખવો અથવા લાગુ પડતો હોય તો યોગ્ય રીતે વિગતો ભરવી.

INDEX

રાજ્ય ચૂંટણી પંચના સુધારા આદેશ ક્રમાંક : ચટણ-નપ-મનપ-પતક-૩-એ(ભાગ-૪)-૭૨૦૧૦-વશી-૧૩૭-ક
તા. -૭-૨૦૧૦ ના સુધારેલ પરિશિષ્ટ ૧ થી ૩

## પરિશિષ્ટ ૧

### રાષ્ટ્રીય કક્ષાના માન્ય રાજકીય પક્ષોની યાદી

| અનુ. નંબર | માન્ય રાષ્ટ્રીય પક્ષો | અનામત પ્રતિક |
|---|---|---|
| ૧ | બહુજન સમાજપાર્ટી | હાથી |
| ૨ | ભારતીય જનતા પક્ષ | કમળ |
| ૩ | ભારતનો સામ્યવાદી પક્ષ | કણસલાં અને દાતરડું |
| ૪ | ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) | હથોડો, દાતરડું અને તારો |
| ૫ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | હાથ |
| ૬ | નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી | ઘડિયાળ |
| ૭ | રાષ્ટ્રીય જનતા દળ | ફાનસ |

## પરિશિષ્ટ ૨

### ગુજરાત રાજ્ય માટેના રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજકીય પક્ષોની યાદી

| અનુ. નંબર | જેની મુખ્ય કચેરી ગુજરાત રાજ્યમાં છે તેવી રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજકીય પક્ષનું નામ | મુખ્ય કચેરીનું સરનામું |
|---|---|---|
| ૧. | ગુજરાત આદિજાતિ વિકાસ પક્ષ | બ્લોક નંબર : ૬/૪, એમ.એલ.એ. નિવાસ, સેકટર-૨૧, ગાંધીનગર (ગુજરાત). |
| ૨ | ગુજરાત યુવા વિકાસ પક્ષ | C/O દરબાર કૃપા ટ્રાન્સપોર્ટ, બસ સ્ટેશન પાસે, વડનગર-૩૮૪ ૩૫૫ જિલ્લો મહેસાણા (ગુજરાત). |
| ૩ | રાષ્ટ્રીય સુરાજ્ય પરિષદ | મૃદુલ ટાવર, ભોંયતળીયે, કૈલાસ સોસાયટી, એચ. કે. હાઉસ લાઈન, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ (ગુજરાત). |
| ૪ | સિંહ જનસેવા પાર્ટી | પબ્લીક લાઈબ્રેરી પાસે, વેરાવળ-૩૬૨ ૨૬૫ (ગુજરાત). |
| ૫ | રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટી | લીમડા શેરી, મકરાણી પાડા, જામનગર-૩૬૧ ૦૦૧ (ગુજરાત). |
| ૬ | ગુજરાત રાજ્ય જનતા કોંગ્રેસ | ઈન્દુભાઈ પટેલ ભવન, વસન્ત ચોક ભદ્ર, અમદાવાદ. |
| ૭ | રાષ્ટ્રીય ગુરૂજન પક્ષ | ગુરૂજન વિદ્યાભૂવન, દૂધ સાગર માર્ગ, રાજકોટ-૩, ગુજરાત. |
| ૮ | ભારતીય રાષ્ટ્રવાદી પક્ષ | ૧૨, જુના પાવર હાઉસ, રોટરી હોલની પાછળ, જેલરોડ, મહેસાણા, ગુજરાત-૩૮૪૦૦૨. |
| ૯ | જનમંગલ પક્ષ | રામ પ્રતાપ, ગીતાનગર, મેઈન રોડ, ગુરૂકુલ પાસે, રાજકોટ-૨, ગુજરાત. |
| ૧૦. | શ્રી ભારત વિકાસ પક્ષ | ૨૨૦, શ્રીજી કોમ્પ્લેક્ષ, એલીસબ્રીજ, પોસ્ટ ઓફીસ પાસે, આશ્રમરોડ, અમદાવાદ-૫, ગુજરાત. |
| ૧૧. | રાષ્ટ્રીય સિંધી કોંગ્રેસ | ૪૩૭-બી-૧, રૂબિયા હાઉસ, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર પાછળ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત. |
| ૧૨ | આદિવાસી સેના પાર્ટી | આદિવાસી સેના પાર્ટી મુ.પો. રૂપવેલ, (નિશાળ ફળીયા) તા. વાંસદા જી. નવસારી-૩૯૬૩૨૧ |
| ૧૩ | વિશ્વ હિન્દુસ્તાની સંગઠન | ૩-૧૦૫, આનંદનગર, ૧૦૦ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, વેજલપુર, અમદાવાદ. |
| ૧૪ | ન્યુ સોશ્યલિસ્ટ મુવમેન્ટ | ૧૦૪, મહારાણા પ્રતાપ કોમ્પલેક્ષ, એલીસબ્રીજ સામે, પો. એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| ૧૫ | મહાગુજરાત જનતા પાર્ટી | એ-૨૦૩, સત્યમેવ-૧, એસ. જી. રોડ, ગુજરાત હાઈકોર્ટ સામે, અમદાવાદ. |
| ૧૬ | રાષ્ટ્રીય કલ્યાણ પક્ષ | ૯૦૪, એટલાન્ટા ટાવર, ઈન્કલાબ સોસાયટી, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૦૬. |

INDEX

| અનુ. નંબર | જેની મુખ્ય કચેરી ગુજરાત રાજ્યમાં છે તેવી રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજકીય પક્ષનું નામ | મુખ્ય કચેરીનું સરનામું |
|---|---|---|
| ૧૭ | રાષ્ટ્રીય સમાજવાદી પાર્ટી (સેક્યુલર) | એ-૧૦૪, રાજશ્રી એવન્યુ, ઈન્કમટેક્ષ પાછળ, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. |
| ૧૮ | ભારતીય નેશનલ જનતાદળ | ૭૦૧-એ, ૭મો માળ, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦. |
| ૧૯ | ઈન્ડીયન પબ્લીલક પાર્ટી, | ગુજરાત હાઉસીંગ કોલોની, રૂમ નં. ૧૧૦૩, બ્લોક નં. ૭/બી, ન્યુ ડબલીયા, ભારતનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧, ગુજરાત. |
| ૨૦. | યુવા જાગૃતિ દળ, | ૩-બી, પ્રાયોશા ફ્લેટસ, જીમખાના પાસે, સેકટર-૧૯, ગાંધીનગર ૩૮૨ ૦૧૯ ગુજરાત. |

## પરિશિષ્ટ નંબર ૩

### ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી માટેના મુક્ત પ્રતિકોની યાદી

| અ.નં. | મુક્ત પ્રતિક | અ.નં. | મુક્ત પ્રતિક |
|---|---|---|---|
| ૧ | અલમારી | ૩૧ | આઈસ્ક્રીમ |
| ૨ | ફુગ્ગો | ૩૨ | ઈસ્ત્રી |
| ૩ | ટોપલી | ૩૩ | પાણીનો જગ |
| ૪ | બેટ | ૩૪ | કીટલી |
| ૫ | બેટ પકડેલ ખેલાડી | ૩૫ | પતંગ |
| ૬ | હાથબત્તી | ૩૬ | લેડી પર્સ |
| ૭ | બ્લેક બોર્ડ | ૩૭ | લેટર બોક્સ |
| ૮ | પાંઉ રોટી | ૩૮ | મકાઈ |
| ૯ | બ્રિફ કેસ | ૩૯ | નગારૂં |
| ૧૦ | પીંછી | ૪૦ | પ્રેશર કુકર |
| ૧૧ | કેક | ૪૧ | વીંટી |
| ૧૨ | કેમેરો | ૪૨ | રોડ રોલર |
| ૧૩ | મીણબત્તીઓ | ૪૩ | કરવત |
| ૧૪ | ગાજર | ૪૪ | કાતર |
| ૧૫ | સિલિંગફેન (છત પંખો) | ૪૫ | સીવવાનો સંચો |
| ૧૬ | કોટ | ૪૬ | બેડમીન્ટન રમવાનું પ્લાસ્ટિકનું ફુલ |
| ૧૭ | નાળિયેર | ૪૭ | પાટી |
| ૧૮ | ખાટલો | ૪૮ | ચમચી |
| ૧૯ | કપ-રકાબી | ૪૯ | સ્ટુલ |
| ૨૦ | ડીઝલ પંપ | ૫૦ | મેજ |
| ૨૧ | ડોલી | ૫૧ | ટેબલ લેમ્પ |
| ૨૨ | વીજળીનો થાંભલો | ૫૨ | ટેલીવિઝન |
| ૨૩ | છરી કાંટો | ૫૩ | ટેન્ટ |
| ૨૪ | ફ્રોક | ૫૪ | વાયોલીન |
| ૨૫ | કડાઈ | ૫૫ | હાથ લાકડી |
| ૨૬ | ગેસ સિલિન્ડર | ૫૬ | સીટી |
| ૨૭ | ગેસનો ચૂલો | | |
| ૨૮ | કાચનું ટમલર | | |
| ૨૯ | પેટી વાજુ | | |
| ૩૦ | હેટ | | |

---------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર..

Extra No. 344

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] THURSDAY, JULY 29, 2010/SRAVANA 7, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નં. ૯, છઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૭-૭-૨૦૧૦.

ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧(૩)-૭૨૦૧૦-વશી-૧૫૧૯-ક.

વંચાણે લીધુ : ૧. રાજ્ય ચૂંટણી પંચનો આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫, તા. ૧૭-૪-૯૫.
૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૬, તા. ૭-૧૦-૯૬.
૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૮, તા. ૩-૭-૯૮.
૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૯, તા. ૧૬-૪-૯૯.
૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૯, તા. ૧૯-૪-૯૯.
૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૯, તા. ૧-૭-૯૯.
૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ, તા. ૩૦-૧૨-૯૯.
૮. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦, તા. ૧-૨-૨૦૦૦.
૯. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦-તજપ-જન-૩૧, તા. ૧૪-૮-૨૦૦૦.
૧૦. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦, તા. ૪-૯-૨૦૦૦.
૧૧. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦, તા. ૧૭-૧૦-૨૦૦૦.
૧૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦, તા. ૨૪-૧૦-૨૦૦૦.
૧૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૩-૨૦૦૧.
૧૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૧૯-૪-૨૦૦૧.
૧૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩-૯-૨૦૦૧.
૧૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૧-૧૧-૨૦૦૧.
૧૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૪-૧-૨૦૦૨.
૧૮. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૩૦-૩-૨૦૦૨.
૧૯. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૦-૫-૨૦૦૨.

૨૦. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૨-૭-૨૦૦૨.
૨૧. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૯-૧૨-૨૦૦૨.
૨૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૩૦-૫-૨૦૦૩.
૨૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૧૯-૭-૨૦૦૩.
૨૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૧-૭-૨૦૦૩.
૨૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૪, તા. ૬-૫-૨૦૦૪.
૨૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૪, તા. ૨૧-૧૦-૨૦૦૪.
૨૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૫, તા. ૫-૫-૨૦૦૫.
૨૮. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૧૨૦૦૬-ક, તા.૨૧-૧-૨૦૦૬.
૨૯. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૮૨૦૦૬-ક, તા. ૭-૮-૨૦૦૬.
૩૦. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૪૨૦૦૭-ક, તા. ૨-૫-૨૦૦૭.
૩૧. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૧૨૨૦૦૯-ક, તા.૨૬-૧૨-૨૦૦૭.
૩૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧(૩)-૭૨૦૦૯-વશી-૧૭૦-ક, તા.૭-૭-૨૦૦૯.

**સુધારા આદેશ :**

૧. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઉપર આમુખ (૧) ની આગળ દર્શાવેલ તા.૧૭-૪-૯૫ના આદેશથી રાજ્યની જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે પ્રતિકો અનામત રાખવા તથા ફાળવવા અંગે ઠરાવ્યું છે અને તેમાં ઉપર આમુખ ૨ થી ૩૨ની આગળ દર્શાવેલ સુધારા આદેશોથી વખોત વખત સુધારો કરવામાં આવેલ છે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪માં રાજકીય પક્ષો તથા ઉમેદવારોને અનામત પ્રતિકો ફાળવવા બાબતે જોગવાઈ થયેલ ન હોઈ ઉપરોક્ત નિયમોના નિયમ-૧૧ તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(ક) હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચ ઉપર આમુખ (૧)ની આગળ દર્શાવેલ અત્રેના તા. ૧૭-૪-૧૯૯૫ના આદેશમાં નીચે પ્રમાણે વધુ સુધારો-વધારો કરે છે.

**(૧) ફકરા નં. ૧૦(૧) મુજબના પરિશિષ્ટ-૨માં અનુક્રમ નંબર : ૧૮ પછી નીચે પ્રમાણે ઉમેરો કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| ૧૯. | ઇન્ડીયન પબ્લીક પાર્ટી, | ગુજરાત હાઉસીંગ કોલોની, રૂમ નં. ૧૧૦૩, બ્લોક નં. ૭/બી, ન્યુ ડબલીયા, ભારતનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧, ગુજરાત. |
| ૨૦. | યુવા જાગૃતિ દળ, | ૩-બી, પ્રાયોશા ફ્લેટસ, જીમખાના પાસે, સેક્ટર-૧૯, ગાંધીનગર ૩૮૨ ૦૧૯ ગુજરાત. |

**(૨) ફકરા નં. ૭(૧) મુજબના પરિશિષ્ટ-૩માંથી**

(૧) અનુક્રમ નં.૩-કેળુ, નં. ૧૯-કાંસકો તથા નં. ૪૩-રેલ્વે એન્જીન પ્રતિકની નોંધ રદ કરવામાં આવે છે.

(૨) ઉપર પ્રમાણેના પ્રતિકો રદ થતાં પરિશિષ્ટ નં. ૩ માં નવેસરથી અનુક્રમ નં. ૧ થી ૫૬ના નંબર આપવામાં આવે છે.

**(૩) ફકરા નં. ૭(૨) મુજબના પરિશિષ્ટ-૪માંથી**

(૧) મુક્ત પ્રતિકોના નમુનાના અનુક્રમ નં.૩-કેળુ, નં.૧૯-કાંસકો, નં.૪૩-રેલ્વે એન્જીન પ્રતિકની નોંધ રદ કરવામાં આવે છે.

(૨) ઉપર પ્રમાણેના પ્રતિકો રદ થતાં પરિશિષ્ટ નં. ૪ માં નવેસરથી અનુક્રમ નં. ૧ થી ૫૬ના નંબર આપવામાં આવે છે.

આ આદેશ પંચાયતોની હવે પછી જાહેર થનાર ચૂંટણીઓને લાગુ પડશે.

**આદેશથી,**

**પી. એસ. શાહ,**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

------------

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નં. ૯, છઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, તા.૧૭-૦૪-૯૫.

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫.

## ૧૯૯૫ના ચૂંટણી પ્રતિકો (જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની ચૂંટણી) અનામત રાખવા અને ફાળવવા અંગેનો આદેશ

## આદેશ

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૧૧ સાથે વાંચતા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ (કે) અન્વયે મળેલી સત્તા હેઠળ રાજ્ય ચૂંટણી પંચ રાજ્યની જિલ્લા/તાલુકા અને ગ્રામ પંચાયતોની તથા સરપંચની સામાન્ય/પેટા ચૂંટણીઓ માટે હરીફ ઉમેદવારોને પ્રતિક નક્કી કરવા તથા ફાળવવા અંગે નીચે પ્રમાણે આદેશ કરે છે.

૧. આ આદેશના હેતુ સારૂ પ્રતિકોના બે પ્રકાર રહેશે. (૧) અનામત અને (૨) મુક્ત. આ આદેશમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાયં અનામત પ્રતિક એટલે એવું પ્રતિક કે જે માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર માત્રને જ ફાળવી શકાશે. મુક્ત પ્રતિક એટલે અનામત પ્રતિક સિવાયના પ્રતિક.

૨. [૧][પરિશિષ્ટ નંબર ૧ના કોલમ-૨માં જણાવેલ પક્ષોને રાષ્ટ્રીય કક્ષાના રાજકીય પક્ષો તરીકે માન્ય રાખવા તથા તે પક્ષો માટે તેની સામે કોલમ-૩માં જણાવેલ પ્રતિકોને પક્ષોના ઉમેદવારોને ફાળવવા માટે અનામત રાખવાનું નક્કી કરે છે અને પક્ષના ઉમેદવારોને તે પ્રતિક ફાળવવાના રહેશે.]

૩. (૧) ઉપરોક્ત પક્ષના ઉમેદવારોને પક્ષના નામ સામે જણાવેલ જ પ્રતિકો ફાળવવાનાં રહેશે.

(૨) આ પ્રતિકો અન્ય કોઈ ઉમેદવારોને ફાળવી શકાશે નહીં તેમજ આ પક્ષના ઉમેદવારને અન્ય કોઈ પ્રતિકો ફાળવી શકાશે નહીં.

(૩) આ પ્રતિકો અનામત પ્રતિકો તરીકે ઓળખાશે.

૪. માન્ય રાજકીય પક્ષોના ઉમેદવાર તરીકે અનામત પ્રતિક ફાળવવાની પાત્રતા માટે નીચેની શરતો સંતોષવી રહેશે.

(૧) ઉમેદવારે તેઓના ઉમેદવારી પત્રમાં તે અંગેની જાહેરાત કરવાની રહેશે.

[૩][૧-અ) ઉમેદવાર જે તે રાજકીય પક્ષનો સભ્ય હોવો જોઈશે અને તેમનું નામ પક્ષના સભ્યોની યાદી ઉપર નોંધાયેલું હોવું જોઈશે.]

(૨) [૨][રાજકીય પક્ષના ઉમેદવાર છે તે અંગેની લેખિત જાણ ચૂંટણી અધિકારીને તેમજ સચિવ, રાજ્ય ચૂંટણી પંચને ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખે બપોરના ૩.૦૦ વાગ્યા સુધી કરી હોવી જોઈશે.]

(૩) આવી જાણ કરતો પત્ર પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારોએ પાઠવ્યો હોવો જોઈએ અને પક્ષે આ પ્રકારની જાણ કરવા માટે પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારને અધિકૃત કર્યા હોવા જોઈશે.

(૪) આવી અધિકૃત વ્યક્તિનું નામ અને તેમની સહીનો નમૂનો ચૂંટણી અધિકારીને તેમજ સચિવ, રાજ્ય ચૂંટણી પંચને ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી [૪][તારીખે બપોરના ૩.૦૦ વાગ્યા સુધી] મોકલવા જોઈશે.

---

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૯૯, તા. ૩૦-૧૨-૯૯થી મૂળ ફકરો -૨ રદ કરી તેના સ્થાને આ ફકરો મુક્યો છે.

૨. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦-તજપ-જન-૩૧, તા. ૧૪-૮-૨૦૦૦થી મૂળ શરત નંબર (૨) રદ કરી તેના સ્થાને આ શરત મુકી છે.

૩. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૩-૨૦૦૧થી ઉમેરેલ છે.

૪. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૩-૨૦૦૧થી મૂળ શબ્દોના સ્થાને આ શબ્દો મુક્યા છે.

૫. જે રાજકીય પક્ષને ભારતના ચૂંટણી પંચ તરફથી રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા આપવામાં આવે તે પક્ષ માટે ભારતના ચૂંટણી પંચે અનામત રાખેલું પ્રતિક રાજ્ય કક્ષાના પક્ષ માટે અનામત રાખવાનું રહેશે.

૬. રાજ્ય કક્ષાના પક્ષ માટે અનામત રાખેલું પ્રતિક તે પક્ષના ઉમેદવારને જ ફાળવવાનું રહેશે, તે પક્ષના ઉમેદવારને અન્ય કોઇ પ્રતિક ફાળવી શકાશે નહીં, તેમજ અન્ય કોઇ ઉમેદવારને આ પ્રતિક ફાળવી શકાશે નહીં.

[૩][૬ ક. અગાઉ રાષ્ટ્રીય અથવા રાજ્યકક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત હતી તેવા અમાન્ય પક્ષે ઉભા રાખેલા ઉમેદવારને છૂટછાટ બાબતઃ

ચૂંટણીની નોટીસ/જાહેરનામાની તારીખ અગાઉ છ વર્ષથી વધુ નહીં તે રીતે રાષ્ટ્રીય અથવા કોઇ રાજ્ય/કેન્દ્ર પ્રદેશમાં રાજ્યકક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત હતી અને અત્યારે માન્યતા પ્રાપ્ત નથી તેવો રાજકીય પક્ષ, ઉમેદવાર ઉભો રાખે ત્યારે બેઠકના બીજા ઉમેદવારોને બાકાત કરીને તે પક્ષે ઉભા રાખેલા ઉમેદવારને, પક્ષ અગાઉ રાષ્ટ્રીય કે રાજ્યકક્ષાના પક્ષ તરીકે માન્ય હતો તે સમયે પક્ષનું અનામત રાખેલ પ્રતિક, આવુ પ્રતિક મુકત પ્રતિક તરીકે માન્ય ન હોય તો પણ નીચેની દરેક શરતો સંતોષાતી હશે ત્યારે, ફાળવી શકાશે.

(અ) રાજ્ય ચૂંટણી પંચ તરફથી ચૂંટણીની તારીખ નક્કી કરતી જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખ પછીના ત્રણ દિવસની અંદર તેવા પક્ષ તરફથી તેના માટે અગાઉ અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચને અરજી કરવામાં આવી હોય.

(બ) તેવા ઉમેદવારે ઉમેદવારી પત્રમાં તેઓ જે તે પક્ષે ઉભા રાખેલા ઉમેદવાર છે તેવી જાહેરાત કરી હોય અને પક્ષે ફકરા-૪ની શરત નંબર (૧) થી (૪) તથા ફકરા નંબર-૧૨ની શરત નંબર ૧ થી ૫ સંતોષી હોય.

(ક) આવા પ્રતિકની ફાળવણી કરવા માટેની માંગણી અરજી નામંજૂર કરવા માટે પૂરતાં કારણો નથી તેવો રાજ્ય ચૂંટણી પંચનો અભિપ્રાય હોય.]

[૧][૭(૧) રાજ્યની જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી માટે પરિશિષ્ટ નંબર-૩માં જણાવેલ પ્રતિકોને મુકત પ્રતિકો તરીકે નક્કી કરવામાં આવે છે.

૭(૨) પરિશિષ્ટ નંબર-૧માં જણાવેલ અનામત પ્રતિકો તથા પરિશિષ્ટ નંબર-૩માં જણાવેલ મુકત પ્રતિકોના નમૂનાઓ તથા સાઈઝ પરિશિષ્ટ નંબર-૪માં જણાવ્યા મુજબના નક્કી કરવામાં આવે છે. પરિશિષ્ટમાં જણાવેલ નમૂના પ્રમાણેના પ્રતિકો મતપત્રોમાં દર્શાવી મતપત્રો છપાવવાનાં રહેશે.]

[૨][૭(૩) અન્ય ઉમેદવારોએ પ્રતિકોની પસંદગી કરવા તથા તેઓને ફાળવણી કરવા બાબત.

(૧) બેઠકની ચૂંટણીના નીચેના સિવાયના હરકોઈ ઉમેદવાર ફકરા ૭(૧) મુજબ નકકી કરેલ મુકત પ્રતિકો પૈકી પ્રતિકોની પસંદગી કરશે અને તેવા ઉમેદવારને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૧૧ તથા ૧૮ તથા આ આદેશના ફકરા ક્રમાંક ૮ તથા ૯ ની જોગવાઈઓ પ્રમાણે મુકત પ્રતિકો પૈકી એક પ્રતિક ફાળવવાનું રહેશે.

(ક) રાષ્ટ્રીય પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર અથવા

(ખ) રાજ્ય કક્ષાના પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર અથવા

(ગ) ફકરા ક્રમાંક : ૬-ક અથવા ૧૧ મુજબના ઉમેદવાર]

૮. મુકત પ્રતિક માટે એક જ ઉમેદવારે માંગણી કરી હોય તો તેવું મુકત પ્રતિક તે ઉમેદવારને ફાળવવાનું રહેશે.

---

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-૫ફઅ-૯૯, તા. ૩૦-૧૨-૯૯ થી મૂળ ફકરો રદ કરી તેના સ્થાને આ ફકરા મુકયા છે.

૨. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-૫ફઅ-૨૦૦૧, તા. ૩૧-૩-૨૦૦૧થી ઉમેરેલ છે.

૩. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-૫ફઅ-૨૦૦૧, તા. ૩૧-૩-૨૦૦૧થી ઉમેરેલ છે.

INDEX

૯. એક જ મુક્ત પ્રતિક માટે એક કરતાં વધુ ઉમેદવારે માંગણી કરી હોય તો તે માટે નીચે જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરી ફાળવણી કરવાની રહેશે.

(૧) એક જ મુક્ત પ્રતિક માટે માંગણી કરનાર ઉમેદવારો પૈકી માન્યતા પ્રાપ્ત ન કરેલ કોઇ રાજકીય પક્ષના ઉમેદવાર હોય અને બીજા ઉમેદવારો અપક્ષ હોય તો આવું મુક્ત પ્રતિક માન્યતા પ્રાપ્ત નથી તેવા રાજકીય પક્ષના ઉમેદવારને ફાળવવાનું રહેશે.

(૨) જો ઉમેદવારો પૈકી બે કે તેથી વધુ ઉમેદવારો માન્યતા પ્રાપ્ત નહી તેવા જુદા જુદા પક્ષો તરફથી ઉભા રખાયા હોય અને બાકીના ઉમેદવારો અપક્ષ હોય તો માન્યતા પ્રાપ્ત નથી તેવા જુદા જુદા પક્ષના ઉમેદવારો વચ્ચે લૉટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લૉટમાં જે ઉમેદવારના ભાગે આ પ્રતિક આવે તેમને આવું મુક્ત પ્રતિક ફાળવવામાં આવશે અન્યને ફાળવી શકાશે નહીં.

(૩) માન્યતા પ્રાપ્ત નથી તેવા રાજકીય પક્ષોના ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર ચૂંટણી પહેલાંના ગૃહમાં સભ્ય હોય તો તેઓને તેમના ઉમેદવારી પત્રમાં માંગેલું પ્રતિક ફાળવવામાં આવશે, ગત ચૂંટણી વખતે ઉમેદવાર એ પ્રતિક પર ચૂંટણી લડ્યા હતા કે કેમ તે પરિબળ આ હેતુસારું વિચારણામાં લેવાનું નથી.

(૪) એક જ મુક્ત પ્રતિકની માંગણી કરતા વધુ ઉમેદવારો હોય અને આવા બધા જ ઉમેદવારો અપક્ષ હોય અને તે પૈકી એક અપક્ષ ઉમેદવાર અગાઉની ચૂંટણી વખતે તે પ્રતિક પર ચૂંટણી લડ્યા હોય તો તેવા ઉમેદવારને મુક્ત પ્રતિક ફાળવવાનું રહેશે.

(૫) બધા જ અપક્ષ ઉમેદવારો ગત ચૂંટણી વખતે ચૂંટાયા ન હોય અને એક જ મુક્ત પ્રતિકની માંગણી કરતાં હોય તો તેઓ વચ્ચે લૉટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લૉટમાં જેના ભાગે તે મુક્ત પ્રતિક આવે તે ઉમેદવારને ફાળવવાનું રહેશે. અન્યને ફાળવી શકાશે નહીં.

[1][૧૦(૧) ભારત સરકારના ચુંટણી પંચ તરફથી ચુંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા બાબત) આદેશ ૧૯૬૮થી રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજ્ય કક્ષાના નક્કી થયેલ રાજકીય પક્ષો પૈકી ગુજરાત રાજ્ય માટેના રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં ધરાવતા રાજ્ય કક્ષાના પક્ષોની યાદી સરનામા સાથે પરિશિષ્ટ નં.૨ મુજબ છે.

૧૦(૨) રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા પક્ષના ઉમેદવારો માટે કોઈ પ્રતિકો અનામત રખાયેલ ન હોઈ આ પક્ષોના ઉમેદવારોને અપક્ષ ઉમેદવાર તરીકે ગણી મુક્ત પ્રતિકોમાંથી ફાળવણી કરવાની રહે છે.

રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા પક્ષના ઉમેદવારોને અપક્ષ ઉમેદવારોની તુલનામાં મુક્ત પ્રતિક ફાળવવામાં કેટલીક સવલત મળે છે.

રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પાપ્ત નહીં તેવા રાજકીય પક્ષના ઉમેદવારોને માન્ય રાજકીય પક્ષોના ઉમેદવાર માટે અનામત રખાયેલ પ્રતિકો પૈકી કોઈ પ્રતિક ફાળવી શકાશે નહીં.

રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પાપ્ત નહીં તેવા પક્ષના ઉમેદવાર કોઈ એક મુક્ત પ્રતિક માટે પ્રથમ પસંદગી ધરાવતા હોય અને અન્ય અપક્ષ ઉમેદવાર પણ તે જ મુક્ત પ્રતિક માટે પસંદગી દર્શાવતા હોય તો તે મુક્ત પ્રતિક રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પાપ્ત નહીં તેવા પક્ષના ઉમેદવારને ફાળવવાનું છે. અપક્ષ ઉમેદવારને તેવું પ્રતિક ફાળવવામાં આવશે નહીં.

જો એક કરતાં વધુ ઉમેદવારોએ એક જ મુક્ત પ્રતિક માટે પ્રથમ પસંદગી દર્શાવી હોય અને આવા ઉમેદવાર પૈકી બે કે તેથી વધુ જુદા જુદા રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા રાજકીય પક્ષ તરફથી ઉભા રાખવામાં આવ્યા હોય તો તેવા મુક્ત પ્રતિક માટે આવા રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા રાજકીય પક્ષોના ઉમેદવારો વચ્ચે લૉટ ખેચી લૉટથી જે ઉમેદવારને આવું મુક્ત પ્રતિક મળે તે માટે ઉમેદવારને પ્રતિક ફાળવવાનું છે.

---

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૯૯, તા. ૩૦-૧૨-૯૯થી મૂળ ફકરો રદ કરી તેના સ્થાને આ ફકરો મુક્યો છે.

INDEX

બે કે તેથી વધુ રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા જુદા જુદા રાજકીય પક્ષોના ઉમેદવારોએ જો એક મુક્ત પ્રતિક માટે માંગણી કરી હોય અને આવા ઉમેદવાર પૈકી કોઇ એક ઉમેદવાર અગાઉની જિલ્લા/ તાલુકા/ગ્રામ પંચાયતના સભ્ય તરીકે ચુંટાયા હોય તો તેવા ઉમેદવારને તે મુક્ત પ્રતિક અગ્રતાના ધોરણે ફાળવવામાં આવશે. અર્થાત આવા કિસ્સામાં બે કે તેથી વધુ રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા રાજકીય પક્ષોના ઉમેદવાર વચ્ચે લૉટ ખેંચવાની આવશ્યકતા રહેશે નહીં. પછી તે ઉમેદવાર ભલે અગાઉની ચુંટણીમાં તે મુક્ત પ્રતિક ઉપર ચુંટાયા હોય કે ન હોય, અર્થાત તેઓ તે ચુંટણીમાં રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા રાજકીય પક્ષના ઉમેદવાર છે તે કારણે તેઓને પસંદગીની અગ્રતા મળે છે.

૧૦(૩) ભારત સરકારના કેન્દ્રીય ચુંટણી પંચ દ્વારા ચુંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા બાબત) આદેશ ૧૯૬૮ હેઠળ જે તે સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્ય માટે માન્યતા પ્રાપ્ત ન હોય તેવા રાજકીય પક્ષોને [૩][ ] ફકરા-૧૧ની શરતોને આધીન પ્રતિક ફાળવવાનું નક્કી કરવામાં આવે છે.]

[૧][૧૧. અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા મેળવેલ રાજ્ય કક્ષાના પક્ષોના ઉમેદવારો માટે પ્રતિક અનામત રાખવા તથા ફાળવવા બાબત.

ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા બાબતના) આદેશ-૧૯૬૮ હેઠળ તત્સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવા પક્ષના ઉમેદવારો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીમાં બીજા રાજ્યમાં તે પક્ષ માટે ભારતના ચૂંટણી પંચે અનામત રાખેલ પ્રતિકની માંગણી કરે ત્યારે ગુજરાત રાજ્યમાં આવા માન્યતા પ્રાપ્ત નથી તેવા રાજ્ય કક્ષાના પક્ષના ઉમેદવારોને નીચે જણાવેલ તમામ શરતો સંતોષાતી હશે તો તેવા ઉમેદવારોને અન્ય રાજ્યમાં તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરી શકાશે અને આવા અન્ય રાજ્ય માટે માન્યતા પ્રાપ્ત પક્ષ માટે અનામત રાખેલ પ્રતિક કોઈ અન્ય ઉમેદવારને ફાળવણી કરી શકાશે નહીં તેવું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

(અ) રાજ્ય ચૂંટણી પંચ તરફથી ચૂંટણીની તારીખ નક્કી કરતી જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખ પછીના ત્રણ દિવસની અંદર અન્ય રાજ્યમાં માન્યતા પ્રાપ્ત રાજ્ય કક્ષાના પક્ષ તરફથી તેના માટે અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચને અરજી કરવામાં આવી હોય.

(બ) અનામત રાખેલ પ્રતિકનો બ્લોક ઉપલબ્ધ ન હોય ત્યારે બ્લોક તૈયાર કરવા માટે પૂરતો સમય હોય.

(ક) રાજ્ય ચૂંટણી પંચ પાસે અન્ય રાજ્યના માન્યતા પ્રાપ્ત રાજ્ય કક્ષાના પક્ષે રજુ કરેલ માંગણી ચૂંટણી અધિકારીને ઉમેદવારી પાછી ખેંચી લેવાના છેલ્લા દિવસે અથવા તેના અગાઉ પહોંચતી કરવા માટે પૂરતો સમય હોય.

(ડ) આવા પ્રતિકની ફાળવણી કરવા માટેની માંગણી અરજી નામંજૂર કરવા માટે પૂરતાં કારણો નથી તેવો રાજ્ય ચૂંટણી પંચનો અભિપ્રાય હોય.]

[૨][(૧૨) ઉમેદવારના રાજકીય પક્ષે ઉભા રાખેલા ઉમેદવાર ગણાવવાની પાત્રતા માટે તેમ જ તેમના ઉમેદવારી પત્રોની ચકાસણી સંબંધે રાજ્ય ચૂંટણી પંચ નીચે પ્રમાણેની બાબતો નક્કી કરે છે.

૧. [૪][ ] ફકરા નંબર ૪ ની શરત નંબર (૩) મુજબ પક્ષના ઉમેદવાર ઉભા રાખવા માટે પક્ષના પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારને અધિકૃત કરતા મહાનુભાવનું નામ તથા સહીના વલણ, ચૂંટણી અધિકારી અને સચિવ, <u>રાજ્ય ચૂંટણી પંચને [૩][ ] નક્કી કર્યા પ્રમાણેના નમૂના-ક માં જાણ કરવાની રહેશે. નમૂનો-ક પેન/શાહીથી સહી કરેલો હોવો જોઇશે. સહીના રબ્બર સિક્કા મારેલો કે ફેક્સથી મોકલેલો નમૂનો-ક સ્વીકારવામાં આવશે નહીં.</u>

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૯૯, તા. ૧૬-૪-૯૯થી મુળ ફકરો રદ કરી તેના સ્થાને આ ફકરો મુક્યો છે.

૨. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦, તા. ૪-૯-૨૦૦૦થી ઉમેરેલ છે.

૩. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૦૩-૨૦૦૧થી શબ્દો રદ કર્યા છે.

૪. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩-૯-૨૦૦૧થી શબ્દો રદ કર્યા છે.

૨. [1][ ] ફકરા નંબર ૪ ની શરત નંબર (૨) મુજબ બેઠક માટે પક્ષના કોણ માન્ય ઉમેદવાર અને કોણ ડમી ઉમેદવાર, જો હોય તો, છે તેની ચૂંટણી અધિકારી અને સચિવ, રાજ્ય ચૂંટણી પંચને [1][ ] નક્કી કર્યા પ્રમાણે નમૂના-ખ માં જાણ કરવાની રહેશે. નમૂનો-ખ પેન/શાહીથી સહી કરેલો હોવો જોઈશે. સહીના રબ્બર સિક્કા મારેલો કે ફેક્સથી મોકલેલો નમૂનો-ખ સ્વીકારવામાં આવશે નહીં.

૩. રાજકીય પક્ષે જે મહાનુભાવોને અધિકૃત કર્યા હોય તેમની સહીનું વલણ નમૂના-'ક' માં ચૂંટણી અધિકારી તેમજ સચિવ, રાજ્ય ચૂંટણી પંચને અસલમાં ઉમેદવારીપત્રો રજૂ કરવાના છેલ્લા દિવસે ૧૫-૦૦ કલાક પહેલાં રજૂ કર્યા હોવા જોઈશે. અધિકૃત મહાનુભાવ, ચૂંટણી અધિકારી પાસે જે બેઠકોની ચૂંટણી હોય તેટલી બેઠકો માટે નમૂના-ક બેઠક દીઠ કે સંયુક્ત રીતે રજૂ કરી શકશે.

૪. રાજકીય પક્ષના ઉમેદવાર છે તે અંગેની લેખિત જાણ કરવા સંબંધિત પક્ષના અધિકૃત મહાનુભાવે બેઠક દીઠ અલગ અલગ નમૂનો-'ખ' માં પોતાની સહી કરી અસલમાં ચૂંટણી અધિકારી તેમજ સચિવ, રાજ્ય ચૂંટણી પંચને ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ ૧૫-૦૦ કલાક સુધીમાં પહોંચતો કર્યો હોવો જોઈશે.

૫. નમૂના-'ક' અને નમૂનો-'ખ' રજૂ થયા પછી રાજકીય પક્ષના અધિકૃત મહાનુભાવ જે ઉમેદવાર સંબંધી નમૂનો-'ખ' રજૂ થયો છે તેને બદલે જે બીજા ઉમેદવાર માટે નમૂનો-'ખ' રજૂ કરે તો તેઓ તેમ કરી શકે છે. પરંતુ, તે માટે નીચેની શરતો સંતોષાવી જોઈશે.

૧. ફેરફાર થયેલ ઉમેદવાર માટેના નમૂનો-'ખ' માં અસંદિગ્ધ શબ્દોમાં જણાવ્યું હોવું જોઈશે કે અગાઉના ઉમેદવાર (નામ અવશ્ય આપવું) માટે આપેલ નમૂનો-'ખ' તેઓએ રદ કર્યો છે.

૨. ફેરફાર થયેલ ઉમેદવાર માટેનો નમૂનો-'ખ' ચૂંટણી અધિકારીને ઉમેદવારીપત્ર રજૂ કરવા માટેની છેલ્લી તારીખે ૧૫-૦૦ કલાકથી મોડું નહીં તે રીતે મળ્યો હોવો જોઈશે.

૩. ફેરફાર થયેલ ઉમેદવાર માટેના નમૂનો-'ખ' માં પક્ષના અગાઉના ઉમેદવાર માટેના નમૂનો-ખ માં જે અધિકૃત મહાનુભાવે સહી કરી હશે તે અધિકૃત મહાનુભાવની જ સહી હોવી જોઈશે.

૬. [3][૧. ગ્રામ પંચાયતના વોર્ડ/સરપંચની બેઠકની ચૂંટણીમાં જો આ ફકરાની બાબત ૫ માં જણાવેલ શરતો સંતોષાતી નહીં હશે કે ચૂંટણી અધિકારી સમક્ષ એક કરતાં વધુ ઉમેદવાર માટે નમૂનો-ખ રજુ થશે તો તેવા સંજોગોમાં ચૂંટણી અધિકારી તેમની સમક્ષ જે ઉમેદવારી પત્ર પ્રથમ રજુ થયું છે અને તેવા ઉમેદવાર માટે મુદત હરોળમાં નમૂનો-ખ રજૂ થયો છે તેવા ઉમેદવારને પક્ષનો માન્ય ઉમેદવાર ગણશે અને તે સિવાયના ઉમેદવારો કે જેમની તરફેણમાં પણ પક્ષ તરફથી નમૂનો-ખ મળ્યા છે તેવા ઉમેદવારને ચૂંટણી અધિકારી તે પક્ષના ઉમેદવાર ગણાશે નહીં અને અપક્ષ ઉમેદવાર ગણી તેમના ઉમેદવારીપત્રોની ચકાસણી કરશે.

૨. જિલ્લા/તાલુકા પંચાયતની બેઠકની ચૂંટણીમાં, જો આ ફકરાની બાબત ૫ માં જણાવેલ શરતો સંતોષાતી નહીં હશે કે ચૂંટણી અધિકારી સમક્ષ એક કરતાં વધુ ઉમેદવાર માટે નમૂનો-ખ રજુ થશે તો તેવા સંજોગોમાં ચૂંટણી અધિકારી, તેમની સમક્ષ જે ઉમેદવારનું ઉમેદવારી પત્ર પ્રથમ રજુ થયું છે અને તેવા ઉમેદવાર માટે મુદત હરોળમાં નમૂનો-ખ રજૂ થયો છે તેવા ઉમેદવારને પક્ષનો માન્ય ઉમેદવાર ગણશે, અને તે સિવાયના ઉમેદવારો કે જેમની તરફેણમાં પણ પક્ષ તરફથી નમૂનો-ખ મળ્યા છે તેવા ઉમેદવારોને ચૂંટણી અધિકારી તે પક્ષના ઉમેદવાર ગણાશે નહીં અને ઉમેદવારી પત્રો અમાન્ય/રદ કરશે જો આવા ઉમેદવારે ઉમેદવારી પત્ર ભાગ-૨ માં જરૂરી સંખ્યામાં ટેકો આપનાર મતદારો સાથે ભર્યું હશે તો તેવા ઉમેદવારને અપક્ષ ઉમેદવાર ગણી ઉમેદવારી પત્રની અલગ રીતે ચકાસણી કરશે.]

---

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૦૩-૨૦૦૧થી શબ્દો રદ કર્યા છે.

૨. સુધારા આદેશ ક્રમાંક : રાચપ--પચત-પફઅ-૨૦૦૧, તા. ૩-૯-૨૦૦૧થી શબ્દો રદ કર્યા છે.

૩. સુધારા આદેશ ક્રમાંક : રાચપ--પચત-પફઅ-૨૦૦૩, તા. ૧૯-૭-૨૦૦૩થી ફકરા-૧૨ ના મૂળ પેટા ફકરા-૬, ૭, ૮, ૧૦, ૧૧ અને ૧૨ રદ કરી તેના સ્થાને નવા પેટા ફકરા મુક્યા છે.

૭. [1][૧. ગ્રામ પંચાયતના વોર્ડ/સરપંચની બેઠકની ચૂંટણીમાં જો આ ફકરાની બાબત ૫ માં જણાવેલ શરતો સંતોષાતી હશે તો ચૂંટણી અધિકારી પક્ષના મહાનુભાવે કરેલ ફેરફાર પ્રમાણેના ઉમેદવારને પક્ષના માન્ય ઉમેદવાર ગણી ઉમેદવારી પત્રોની ચકાસણી કરશે અને પક્ષે જે ઉમેદવારો નમૂનો-ખ રદ કર્યો છે તે ઉમેદવારને અપક્ષ ઉમેદવાર ગણી તેના ઉમેદવારીપત્રોની ચકાસણી કરશે અને ઉમેદવારી પત્ર મંજૂર કરવાપાત્ર હશે તો મંજૂર કરશે.

૨. જિલ્લા/તાલુકા પંચાયતની બેઠકની ચૂંટણીમાં, જો આ ફકરાની બાબત ૫ માં જણાવેલ શરતો સંતોષાતી હશે તો ચૂંટણી અધિકારી પક્ષના મહાનુભાવે કરેલ ફેરફાર પ્રમાણેના ઉમેદવારને પક્ષના માન્ય ઉમેદવાર ગણી ઉમેદવારીપત્રોની ચકાસણી કરશે અને પક્ષે જે ઉમેદવારનો નમૂનો-ખ રદ કર્યો છે તે ઉમેદવારને જો ઉમેદવારે ઉમેદવારીપત્ર ભાગ-૨ માં જરૂરી સંખ્યામાં ટેકો આપનાર મતદારોના સમર્થન સાથે ભર્યું હશે તો અપક્ષ ઉમેદવાર ગણી તેના ઉમેદવારીપત્રની ચકાસણી કરશે અને ઉમેદવારીપત્ર મંજુર કરવાપાત્ર હશે તો મંજૂર કરશે.]

૮. [1][૧. ગ્રામ પંચાયતના વોર્ડ/સરપંચની બેઠકની ચૂંટણીમાં રાજકીય પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારીપત્ર માન્ય ઠર્યે પક્ષના ડમી ઉમેદવારને, જો કોઇ હોય તો, અપક્ષ ઉમેદવાર ગણી ઉમેદવારી પત્રની અલગ રીતે ચકાસણી કરશે અને જો ઉમેદવારી પત્ર મંજુર થવા પાત્ર હશે તો ચૂંટણી અધિકારી તે મંજૂર કરશે.

૨. જિલ્લા/તાલુકા પંચાયતની બેઠકની ચૂંટણીમાં રાજકીય પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય ઠર્યે, પક્ષના ડમી ઉમેદવારનું, જો કોઇ હોય તો, ઉમેદવારી પત્ર ચૂંટણી અધિકારી અમાન્ય/રદ કરશે. જો ડમી ઉમેદવારે ભાગ-૨ માં જરૂરી સંખ્યામાં ટેકો આપનાર મતદારો સાથે ઉમેદવારી પત્ર ભર્યું હશે તો તેવા ઉમેદવારને અપક્ષ ઉમેદવાર ગણી ઉમેદવારી પત્રની અલગ રીતે ચકાસણી કરશે.]

૯. પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારીપત્ર અમાન્ય/રદ ઠર્યે, પક્ષ દ્વારા નમૂનો-ક તથા નમૂનો-ખ માં ઉમેદવારી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખે ૧૫-૦૦ કલાક સુધીમાં જાણ કરી હશે તેવા ડમી ઉમેદવારનું ઉમેદવારી પત્ર અન્ય રીત રદ થવા પાત્ર નહીં થવા પાત્ર નહીં હશે તો માન્ય ઠર્યે પક્ષના ઉમેદવાર ગણવામાં આવશે.

૧૦. [1][ગ્રામ પંચાયતના વોર્ડ/સરપંચની બેઠકની ચૂંટણીમાં રાજકીય પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય ઠર્યા પછી જો તેઓ ઉમેદવારી પરત ખેંચે તેવા સમયે જો તે પક્ષના ડમી ઉમેદવાર હરીફ ઉમેદવાર તરીકે હશે તો ડમી ઉમેદવાર તરીકે પક્ષના ઉમેદવાર ગણાશે.]

૧૧. [1][૧. ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા 'ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા તથા ફાળવવા) બાબતનો આદેશ-૧૯૬૮, હેઠળ જે તે સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ના હોય તેવા પક્ષના ઉમેદવારો, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૧૨ના પેટા નિયમ (૨) હેઠળના ત્રીજા પરંતુકના હેતુ સારૂ માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર ગણી શકાશે નહીં.

૨. ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા 'ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા તથા ફાળવવા) બાબતનો આદેશ-૧૯૬૮ હેઠળ જે તે સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવા પક્ષના ઉમેદવારોને જે તે રાજ્યમાં કેન્દ્રીય ચૂંટણી પંચે તે પક્ષના ઉમેદવારો માટે અનામત રાખેલ ફાળવવાની પાત્રતા માટે ફકરા-૧૧ની શરતો સંતોષવી રહેશે.

૩. ફકરા ૪ તથા ફકરા ૧૨ની શરત નંબર ૧ થી ૫ સંતોષાતી હશે તેવા પ્રસંગે, અન્ય રાજ્યમાં રાજ્ય કક્ષાના માન્યતા પ્રાપ્ત પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવા પક્ષના ઉમેદવારોના ઉમેદવારી પત્રોની ચકાસણી કરવા તથા નિર્ણય લેવા બાબત.

---

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-પચત-પફઅ-૨૦૦૩, તા. ૧૯-૭-૨૦૦૩થી ફકરા-૧૨ ના મૂળ પેટા ફકરા-૬, ૭, ૮, ૧૦, ૧૧ અને ૧૨ રદ કરી તેના સ્થાને નવા પેટા ફકરા મુક્યા છે.

INDEX

(૧) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય ઠર્યે, પક્ષના ડમી ઉમેદવારને, જો કોઈ હોય તો, અપક્ષ ઉમેદવાર ગણી ઉમેદવારી પત્રની અલગ રીતે ચકાસણી થશે અને જો ઉમેદવારી પત્ર મંજૂર થવા પાત્ર હશે તો ચૂંટણી અધિકારી તે મંજૂર કરશે.

(૨) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર અમાન્ય/રદ ઠર્યે, પક્ષ દ્વારા ઉભા રાખેલા ડમી ઉમેદવારનું ઉમેદવારી પત્ર અન્ય રીતે રદ થવા પાત્ર નહીં હશે તો માન્ય ઠર્યે પક્ષના ઉમેદવાર ગણવામાં આવશે.

(૩) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય ઠર્યે, પછી જો તેઓ ઉમેદવારી પરત ખેંચે તેવા સમયે જો તે પક્ષના ડમી ઉમેદવાર હરીફ ઉમેદવાર હશે તો ડમી ઉમેદવાર પક્ષના ઉમેદવાર ગણાશે.

(૪) જો આ ફકરાની બાબત ૫ માં જણાવેલ શરતો સંતોષાતી નહીં હશે કે ચૂંટણી અધિકારી સમક્ષ એક કરતાં વધુ ઉમેદવાર માટે નમૂનો-ખ રજુ થશે તો તેવા સંજોગોમાં ચૂંટણી અધિકારી, તેમની સમક્ષ જે ઉમેદવારનું ઉમેદવારી પત્ર પ્રથમ રજુ થયું છે અને તેવા ઉમેદવાર માટે મુદત હરોળમાં નમૂનો-ખ રજુ થયો છે તેવા ઉમેદવારને પક્ષનો માન્ય ઉમેદવાર ગણશે અને તે સિવાયના ઉમેદવારો કે જેમની તરફેણમાં પણ પક્ષ તરફથી નમૂના ખ માં મળ્યા છે તેવા ઉમેદવારોને ચૂંટણી અધિકારી તે પક્ષના ઉમેદવાર ગણશે નહીં.

(૫) જો આ ફકરાની બાબત ૫ માં જણાવેલ બાબતો સંતોષાતી હશે તો ચૂંટણી અધિકારી પક્ષના મહાનુભાવે કરેલ ફેરફાર પ્રમાણેના ઉમેદવારને પક્ષના માન્ય ઉમેદવાર ગણી ઉમેદવારી પત્રોની ચકાસણી કરશે અને પક્ષે જે ઉમેદવારનો નમૂનો-ખ રદ કર્યો છે તે ઉમેદવારને અપક્ષ ઉમેદવાર ગણી તેના ઉમેદવારીપત્રોની ચકાસણી કરશે અને ઉમેદવારીપત્ર મંજૂર કરવાપાત્ર હશે તો મંજૂર કરશે.]

૧૨. [૧. ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા 'ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા તથા ફાળવવા) બાબતનો આદેશ-૧૯૬૮' હેઠળ જે તે સમયે રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહીં તેવા પક્ષના ઉમેદવારો, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૧૨ના પેટા નિયમ (૨) હેઠળના પરંતુકના હેતુ સારૂ માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર ગણી શકાશે નહી.

૨. રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહી તેવા રાજકીય પક્ષે ઉભા રાખેલા/ઉભા રાખવા માંગતા ઉમેદવારોને અપક્ષ ઉમેદવારોની તુલનામાં મુકત પ્રતિક ફાળવાની સવલતની પ્રાપ્તતા મળે તે માટે ફકરા-૪ તથા આ ફકરાની શરત નંબર ૧ થી ૪ સંતોષવી રહેશે.

૩. આ ફકરાની બાબત નંબર-૫ માં જણાવેલ શરતો સંતોષાતી હશે/નહીં હશે તેવા પ્રસંગોએ ચૂંટણી અધિકારી આ ફકરાની બાબત ૧૧ ના અનુક્રમ (૪) કે (૫) પ્રમાણે કાર્યવાહી કરશે.]

[૨][૧૩. અગાઉ રાષ્ટ્રીય અથવા રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત હતી તેવા ફકરા ૬-ક મુજબના અમાન્ય પક્ષના ઉમેદવારો ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૧૨ના પેટા નિયમ (૨) હેઠળના પરંતુકના હેતુ સારૂ માન્ય રાજકીય પક્ષના ઉમેદવારો ગણી શકશે નહીં, અને ફકરા ૬-ક મુજબની શરતો સંતોષાતી હશે તેવા પ્રસંગે ચૂંટણી અધિકારી આવા પક્ષના ઉમેદવારોના ઉમેદવારી પત્રો સંબંધે આ ફકરાની બાબત ૧૧(૩) પ્રમાણે કાર્યવાહી કરશે.]

[૩][૧૩. પરિશિષ્ઠ નંબર.૧, ૨, ૩ તથા ૪ આ આદેશ સાથે સામેલ રાખવામાં આવેલ છે.]

[૪][૧૪. નમૂનો-ક તથા નમૂનો-ખ આ આદેશ સાથે સામેલ રાખેલ છે.]

**આદેશથી,**

**સહી/-**
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

---

૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-પચત-પફઅ-૨૦૦૩, તા. ૧૯-૭-૨૦૦૩થી ફકરા-૧૨ ના મૂળ પેટા ફકરા-૬, ૭, ૮, ૧૦, ૧૧ અને ૧૨ રદ કરી તેના સ્થાને નવા પેટા ફકરા મુક્યા છે.

૨. સુધારા આદેશ ક્રમાંક : રાચપ–પચત-પફઅ-૨૦૦૩, તા. ૧૯-૭-૨૦૦૩થી ઉમેરેલ છે.

૩. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૦૩-૨૦૦૧થી ઉમેરેલ છે.

૪. સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૦૩-૨૦૦૧થી ઉમેરેલ છે.

## નમુનો--ક

### પક્ષ તરફથી અધિકૃત મહાનુભાવના નામની જાણ કરવા માટેનો પત્ર

(રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંકઃ સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫, તા. ૧૭-૪-૯૫ વખતોવખત સુધાર્યા મુજબ)

**પ્રતિ,**
સચિવશ્રી,
રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર : ૯, છઠ્ઠો માળ,
નવા સચિવાલય.,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

ચૂંટણી અધિકારીશ્રી,
જિલ્લા / તાલુકા પંચાયત મતદાર વિભાગ .................................................. અને હોદ્દો ...............................

**વિષયઃ** ..............................................જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી.........................વર્ષ માટે પક્ષના માન્ય ઉમેદવાર સંબંધી અધિકૃત મહાનુભાવના નામની જાણ કરવા બાબત.

શ્રીમાન,

રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫, તા. ૧૭-૪-૯૫ના પેરા-૪ અન્વયે જણાવવાનું કે, ...........................પક્ષ એ રાષ્ટ્રીય પક્ષ છે. ઉપરોક્ત ચૂંટણીમાં ............................... મતદાર વિભાગમાંથી અમારા પક્ષના અધિકૃત ઉમેદવાર / ડમી ઉમેદવારના નામની જાણ કરવા માટે નીચે જણાવેલ મહાનુભાવોને અધિકૃત કરવામાં આવે છે.

| આ અંગેની જાણ કરવા માટે અધિકૃત મહાનુભાવનું નામ | અધિકૃત મહાનુભાવનો પક્ષનો હોદ્દો | તાલુકા/જિલ્લા પંચાયતના મતદાર વિભાગ નંબર/નામ | | | તાલુકા/જિલ્લા પંચાયતોના મતદાર વિભાગ સંબંધી આસન નંબર-૧માં જણાવેલ મહાનુભાવને જિલ્લા/તાલુકા પંચાયતના જે મતદાર વિભાગ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય તે મતદાર વિભાગનો નંબર તથા નામ |
|---|---|---|---|---|---|
| | | નંબર | નામ | બેઠકનો પ્રકાર | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૩(૩) | ૪ |
| | | | | | |

અધિકૃત મહાનુભાવોની સહીનાં વલણની યાદી નીચે જણાવ્યા પ્રમાણે છે.

પ્રમુખ/ઉપપ્રમુખ/મંત્રી

સ્થળ : ..............................

તારીખ : .......................... પક્ષનું સીલ

---

લાગુ પડતું ન હોય તે છેંકી નાંખવું.

**નોંધ :**(૧) આ પત્ર ચૂંટણી અધિકારીને ઉમેદવારી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખે બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં પહોંચતો કરવાનો રહેશે. ફેક્સથી મોકલી શકાશે નહીં.

(૨) પક્ષના પ્રમુખ/મંત્રીએ થતા પક્ષના અધિકૃત થતા મહાનુભાવે આ પત્રમાં પેન/શાહીથી સહી કરવાની રહેશે. સહીનો રબ્બર સિક્કો મારી શકાશે નહીં.

INDEX

## નમુનો--ખ

પક્ષ તરફથી માન્ય ઉમેદવારોના નામ સૂચવતી નોટીસ

(રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫, તા. ૧૭-૪-૯૫ વખતોવખત સુધાર્યા પ્રમાણે)

**પ્રતિ,**

- **સચિવશ્રી,**
  રાજ્ય ચૂંટણી પંચ,
  બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,
  નવા સચિવાલય.,
  ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

- ચૂંટણી અધિકારીશ્રી,
  જિલ્લા / તાલુકા પંચાયત મતદાર વિભાગ ................................................... અને હોદ્દો ............................

**વિષયઃ-** .............................. જિલ્લા / તાલુકા પંચાયતનાં ................ મતદાર વિભાગની સામાન્ય/ પેટા/ મધ્યસત્ર ચૂંટણી વર્ષ ...................... માટે પક્ષના માન્ય ઉમેદવાર સંબંધી નામની જાણ કરવા બાબત.

શ્રીમાન,

રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫, તા. ૧૭-૪-૯૫ના પેરા-૪ અન્વયે આથી આપને જાણ કરવાની કે ઉપરોક્ત ચૂંટણી માટે નીચે જણાવ્યા મુજબના ઉમેદવારને અમારા પક્ષ તરફથી તેમના નામ સામે જણાવેલ મતદાર મંડળ તથા તે સામે જણાવેલ બેઠક માટે માન્ય ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

| જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગના નંબર/નામ તથા બેઠકનો પ્રકાર | | | માન્ય ઉમેદવારનું નામ | માન્ય ઉમેદવારના પતિ/પિતાનું નામ | માન્ય ઉમેદવારનું ટપાલનું સરનામું | ડમી ઉમેદવારનું નામ (માન્ય ઉમેદવારનું ઉમેદવારીપત્ર ચકાસણી વખતે નામંજૂર થાય તેવા પ્રસંગે તેઓ માન્ય ઉમેદવાર ગણાશે.) | ડમી ઉમેદવારના પિતા અથવા પતિનું નામ | ડમી ઉમેદવારનું ટપાલનું સરનામું |
|---|---|---|---|---|---|---|---|---|
| નંબર | નામ | બેઠકનો પ્રકાર | | | | | | |
| ૧(૧) | ૧(૨) | ૧(૩) | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | | | |

૨. અગાઉ શ્રી / શ્રીમતી / કુ ......................................................................................................ને પક્ષના માન્ય ઉમેદવાર/ શ્રી / શ્રીમતી / કુ ..........................................................................................ને પક્ષના ડમી ઉમેદવાર ગણવા નમૂના-ખ માં આપેલ નોટીસ આથી રદ કરવામાં આવે છે.

૩. આથી એવું પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર જેઓનાં નામ દર્શાવ્યા છે તે દરેક ઉમેદવાર આ રાજકીય પક્ષના સભ્ય છે અને તેમનું નામ આ પક્ષના સભ્યોની યાદી પર યોગ્ય રીતે નોંધાયેલ છે.

આપનો વિશ્વાસુ,

સ્થળ : .................................. અધિકૃત મહાનુભાવની સહી તથા નામ

પક્ષનું સીલ

તારીખ : ..............................

લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

નોંધ :(૧) આ નોટીસ મતદાર વિભાગના ચૂંટણી અધિકારીને ઉમેદવારી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખના બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં પહોંચતી કરવાની રહેશે. ફેકસથી મોકલી શકાશે નહીં.

(૨) અધિકૃત મહાનુભાવે આ નોટીસમાં પેન/શાહીથી સહી કરવાની રહેશે. સહીનો રબ્બરનો સિક્કો મારી શકાશે નહીં.

(૩) જો લાગુ પડતો ન હોય તો ફકરો-૨ છેકી નાખવો અથવા લાગુ પડતો હોય તો યોગ્ય રીતે વિગતો ભરવી.

INDEX

રાજ્ય ચૂંટણી પંચના સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧(૩)-૭૨૦૧૦-વશી-૧૫૧૯-ક,
તા.૨૭-૭-૨૦૧૦ ના સુધારેલ પરિશિષ્ટ ૧ થી ૩

## પરિશિષ્ટ ૧

### રાષ્ટ્રીય કક્ષાના માન્ય રાજકીય પક્ષોની યાદી

| અનુ. નંબર | માન્ય રાષ્ટ્રીય પક્ષો | અનામત પ્રતિક |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | બહુજન સમાજપાર્ટી | હાથી |
| ૨ | ભારતીય જનતા પક્ષ | કમળ |
| ૩ | ભારતનો સામ્યવાદી પક્ષ | કણસલાં અને દાતરડું |
| ૪ | ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) | હથોડો, દાતરડું અને તારો |
| ૫ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | હાથ |
| ૬ | નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી | ઘડિયાળ |
| ૭ | રાષ્ટ્રીય જનતા દળ | ફાનસ |

## પરિશિષ્ટ-૨

### ગુજરાત રાજ્ય માટેના રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજકીય પક્ષોની યાદી

| અનુ. નંબર | જેની મુખ્ય કચેરી ગુજરાત રાજ્યમાં છે તેવી રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજકીય પક્ષનું નામ | મુખ્ય કચેરીનું સરનામું |
|---|---|---|
| ૧. | ગુજરાત આદિજાતિ વિકાસ પક્ષ | બ્લોક નંબર : ૬/૪, એમ.એલ.એ. નિવાસ, સેક્ટર-૨૧, ગાંધીનગર (ગુજરાત). |
| ૨ | ગુજરાત યુવા વિકાસ પક્ષ | C/O. દરબાર કૃપા ટ્રાન્સપોર્ટ, બસ સ્ટેશન પાસે, વડનગર-૩૮૪ ૩૫૫ જિલ્લો-મહેસાણા (ગુજરાત). |
| ૩ | રાષ્ટ્રીય સુરાજ્ય પરિષદ | મૃદુલ ટાવર, ભોંયતળીયે, કૈલાસ સોસાયટી, એચ. કે. હાઉસ લાઈન, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ (ગુજરાત). |
| ૪ | સિંહ જનસેવા પાર્ટી | પબ્લીક લાઈબ્રેરી પાસે, વેરાવળ-૩૬૨ ૨૬૫ (ગુજરાત). |
| ૫ | રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટી | લીમડા શેરી, મકરાણી પાડા, જામનગર-૩૬૧ ૦૦૧ (ગુજરાત). |
| ૬ | ગુજરાત રાજ્ય જનતા કોંગ્રેસ | ઈન્દુભાઈ પટેલ ભવન, વસન્ત ચોક ભદ્ર, અમદાવાદ. |
| ૭ | રાષ્ટ્રીય ગુરૂજન પક્ષ | ગુરૂજન વિદ્યાભૂવન, દૂધ સાગર માર્ગ, રાજકોટ-૩, ગુજરાત. |
| ૮ | ભારતીય રાષ્ટ્રવાદી પક્ષ | ૧૨, જુના પાવર હાઉસ, રોટરી હોલની પાછળ, જેલ રોડ, મહેસાણા, ગુજરાત-૩૮૪ ૦૦૨. |
| ૯ | જનમંગલ પક્ષ | રામ પ્રતાપ, ગીતાનગર, મેઈન રોડ, ગુરૂકુલ પાસે, રાજકોટ-૨, ગુજરાત. |
| ૧૦. | શ્રી ભારત વિકાસ પક્ષ | ૨૨૦, શ્રીજી કોમ્પ્લેક્ષ, એલીસબ્રીજ, પોસ્ટ ઓફીસ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૫, ગુજરાત. |
| ૧૧. | રાષ્ટ્રીય સિંધી કોંગ્રેસ | ૪૩૭-બી-૧, રૂબિયા હાઉસ, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ગુજરાત. |
| ૧૨ | આદિવાસી સેના પાર્ટી | આદિવાસી સેના પાર્ટી મુ.પો. રૂપવેલ, (નિશાળ ફળીયા) તા. વાંસદા, જિ. નવસારી-૩૯૬ ૩૨૧ |
| ૧૩ | વિશ્વ હિન્દુસ્તાની સંગઠન | ૩-૧૦૫, આનંદનગર, ૧૦૦ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, વેજલપુર, અમદાવાદ. |
| ૧૪ | ન્યુ સોશ્યલિસ્ટ મુવમેન્ટ | ૧૦૪, મહારાણા પ્રતાપ કોમ્પલેક્ષ, એલીસબ્રીજ સામે, પો. એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| ૧૫ | મહાગુજરાત જનતા પાર્ટી | એ-૨૦૩, સત્યમેવ-૧, એસ. જી. રોડ, ગુજરાત હાઈકોર્ટ સામે, અમદાવાદ. |
| ૧૬ | રાષ્ટ્રીય કલ્યાણ પક્ષ | ૯૦૪, એટલાન્ટા ટાવર, ઈન્કલાબ સોસાયટી, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૦૬. |

| અનુ. નંબર | જેની મુખ્ય કચેરી ગુજરાત રાજ્યમાં છે તેવી રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજકીય પક્ષનું નામ | મુખ્ય કચેરીનું સરનામું |
|---|---|---|
| ૧૭ | રાષ્ટ્રીય સમાજવાદી પાર્ટી (સેક્યુલર) | એ-૧૦૪, રાજશ્રી એવન્યુ, ઈન્કમટેક્ષ પાછળ, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. |
| ૧૮ | ભારતીય નેશનલ જનતા દળ | ૭૦૧-એ, ૭મો માળ, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર, ગુજરાત-૩૮૨ ૦૧૦. |
| ૧૯ | ઈન્ડીયન પબ્લીક પાર્ટી, | ગુજરાત હાઉસીંગ કોલોની, રૂમ નં. ૧૧૦૩, બ્લોક નં. ૭/બી, ન્યુ ડબલીયા, ભારતનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧, ગુજરાત. |
| ૨૦. | યુવા જાગૃતિ દળ, | ૩-બી, પ્રાયોશા ફ્લેટસ, જીમખાના પાસે, સેકટર-૧૯, ગાંધીનગર ૩૮૨ ૦૧૯ ગુજરાત. |

## પરિશિષ્ટ નંબર ૩

## ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી માટેના મુક્ત પ્રતિકોની યાદી

| અ.નં. | મુક્ત પ્રતિક | અ.નં. | મુક્ત પ્રતિક |
|---|---|---|---|
| ૧ | અલમારી | ૩૧ | આઈસ્ક્રીમ |
| ૨ | ફુગ્ગો | ૩૨ | ઈસ્ત્રી |
| ૩ | ટોપલી | ૩૩ | પાણીનો જગ |
| ૪ | બેટ | ૩૪ | કીટલી |
| ૫ | બેટ પકડેલ ખેલાડી | ૩૫ | પતંગ |
| ૬ | હાથબત્તી | ૩૬ | લેડી પર્સ |
| ૭ | બ્લેક બોર્ડ | ૩૭ | લેટર બોક્સ |
| ૮ | પાંઉ રોટી | ૩૮ | મકાઈ |
| ૯ | બ્રિફ કેસ | ૩૯ | નગારૂં |
| ૧૦ | પીંછી | ૪૦ | પ્રેશર કુકર |
| ૧૧ | કેક | ૪૧ | વીંટી |
| ૧૨ | કેમેરો | ૪૨ | રોડ રોલર |
| ૧૩ | મીણબત્તીઓ | ૪૩ | કરવત |
| ૧૪ | ગાજર | ૪૪ | કાતર |
| ૧૫ | સિલિંગફેન (છત પંખો) | ૪૫ | સીવવાનો સંચો |
| ૧૬ | કોટ | ૪૬ | બેડમીન્ટન રમવાનું પ્લાસ્ટિકનું ફુલ |
| ૧૭ | નાળિયેર | ૪૭ | પાટી |
| ૧૮ | ખાટલો | ૪૮ | ચમચી |
| ૧૯ | કપ-રકાબી | ૪૯ | સ્ટુલ |
| ૨૦ | ડીઝલ પંપ | ૫૦ | મેજ |
| ૨૧ | ડોલી | ૫૧ | ટેબલ લેમ્પ |
| ૨૨ | વીજળીનો થાંભલો | ૫૨ | ટેલીવિઝન |
| ૨૩ | છરી કાંટો | ૫૩ | ટેન્ટ |
| ૨૪ | ફ્રોક | ૫૪ | વાયોલીન |
| ૨૫ | કડાઈ | ૫૫ | હાથ લાકડી |
| ૨૬ | ગેસ સિલિન્ડર | ૫૬ | સીટી |
| ૨૭ | ગેસનો ચૂલો | | |
| ૨૮ | કાચનું ટમલર | | |
| ૨૯ | પેટી વાજુ | | |
| ૩૦ | હેટ | | |

---------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર..

Extra No. 345

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] THURSDAY, JULY 29, 2010/SRAVANA 7, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,**
**સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૧૦.**

**વંચાણમાં લીધા :** રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક-રાચપ-ચટણ-સ્થા-સ્વ-૧૧૨-૩૨૦૦૯-ક, તા. ૮-૪-૨૦૦૯.

**આદેશ**

